ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૯-૬-૨૦૨૧ બુધવાર

AHMEDABAD ESTABLISHED-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૨.૯૫
પાઉન્ડ	૧૦૩.૦૭
યુરો	૮૮.૮૫
સઉદી રિયાલ	૧૯.૪૫
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૦,૫૬૫
ચાંદી (૧ કિલો)	૭૧,૭૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૩૦૯ ● ૨૭ શવ્વાલ હિજરી ૧૪૪૨ ● 9 JUNE- 2021 ● PAGES 12 ● ₹ ૫.૦૦

દેશને સંબોધનના નામે વેક્સિન પોલિસી જાહેર કરી નિષ્ફળતાના બચાવના પ્રયાસ વિરૂદ્ધ વિપક્ષની પસ્તાળ

કોરોના વેક્સિન પોલિસીને વિપક્ષે આવકારી, સુપ્રીમના આદેશને શ્રેય આપ્યો

ફેબ્રુઆરીમાં પીએમ મોદીને પત્ર લખીને સમાન પોલિસી રાખવા કહેતા હતા અને આખરે ચાર મહિના બાદ હજારો લોકોના જીવ ગયા પછી સમજાયું : મમતા બેનરજી

પીએમ મોદીએ સંબોધનમાં વેક્સિન પોલિસીનો ભાર રાજ્યો પર થોપી દેવાનો લૂલો બચાવ કર્યો, હવે સુપ્રીમની ઝાટકણી બાદ આખરે નીતિ છોડવી પડી : સીતારામ યેચુરી

રાજ્યોને વેક્સિનનો યોગ્ય પુરવઠો ન પહોંચાડવા માટે પીએમ મોદી જવાબદાર, સુપ્રીમ કોર્ટના આદેશનું સ્વાગત : ઓવૈસી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૮

રાજ્યો પાસેથી વેક્સિન આપવાની જવાબદારી પરત લઈને કેન્દ્ર સરકાર પોતે હવે દેશના તમામ વયસ્કોને મફતમાં વેક્સિન આપશે તેવી વડાપ્રધાન મોદીની જાહેરાત બાદ દેશની વિપક્ષી પાર્ટીઓએ વેક્સિન પોલિસીને આવકારી છે. જોકે, તેમણે આરોપ લગાવ્યો છે કે, વડાપ્રધાને તેમની સરકારની ભેદભાવભરી નીતિને એ માટે તરછોડવી પડી છે કારણ કે, સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, સરકાર સમગ્ર દેશમાં વેક્સિન માટે એક જ પોલિસી રાખે સાથે જ સરકાર વિપક્ષના દબાણમાં પણ હોવાની વાત કરી હતી. સીપીએમના મહાસચિવ સીતારામ યેચૂરીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારો પર ભાર મુકવાની ભેદભાવભરી વેક્સિન પોલિસીનો લૂલો બચાવ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. હવે મોદીએ સુપ્રીમ કોર્ટના નિર્દેશના ભયને પગલે પોતાની નીતિ તરછોડવી પડી છે. યેચૂરીએ એવી પણ માગ કરી હતી કે, પોલિસી બદલવાનો તમામ પેપરવર્ક બધાને શેર કરવો પડશે.

વડાપ્રધાને દેશના નામે સંબોધનમાં સોમવારે જાહેરાત કરી હતી કે, કેન્દ્ર સરકાર આગામી ૨૧મી જૂનથી રાજ્યોના ૧૮ વર્ષથી મોટી ઉમરના તમામ લોકોને મફતમાં વેક્સિન આપશે. બીજી તરફ કોંગ્રેસના રાહુલ ગાંધીએ કહ્યું કે, એક સાધારણ સવાલ છે કે, જો વેક્સિન તમામ માટે મફતમાં હોય તો ખાનગી હોસ્પિટલો તેના માટે નાણા કેમ વસૂલે? કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂરે પણ ટ્વિટમાં લખ્યું કે, 'ખરાબ વિકલ્પો અપનાવ્યા પછી આખરે પીએમ મોદીએ સીધો માર્ગ અપનાવ્યો તેના માટે ખુશ છું. જો કેન્દ્ર સરકારે એક વર્ષ પહેલાં આ કર્યું હોત તો સમગ્ર દેશ છ મહિનાના કપરા કાળમાંથી પસાર થયું ન હોત. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે, તેઓ છેલ્લા ફેબ્રુઆરીથી વડાપ્રધાન મોદીને પત્ર લખીને તમામ માટે મફત વેક્સિનની માગ કરી હતી અને આખરે ભારે દબાણ બાદ આ નિર્ણય લેવાયો. તેમણે હવે અમારી વાત માનીને મોડા મોડા અમલ કર્યું છે. મમતાએ ટ્વિટમાં લખ્યું કે, મહામારી શરૂ થઈ ત્યારથી જ લોકોના કલ્યાણને પ્રાથમિકતા આપવાની જરૂર હતી. કમનસીબે પીએમ મોદીના વિલંબથી નિર્ણય લેવાને કારણે અનેક લોકોના જીવ ગયા. હવે આશા રાખીએ કે, સારી રીતે વેક્સિનેશન કાર્યક્રમ ચાલે અને આમાં કોઇ પ્રોપેગન્ડા ના થાય.' એઆઇએમઆઇએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ટ્વિટમાં કહ્યું કે, વેક્સિન પોલિસી બદલવાનો નિર્ણય સુપ્રીમના ચુકાદાને પગલે આવ્યો છે. રાજ્યો પર વેક્સિન પોલિસીનો ભાર મુકવામાં આવ્યો જેના માટે વેક્સિનના પુરવઠાની ખાતરી કરવામાં નિષ્ફળ જનાર મોદી જવાબદાર છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ રાષ્ટ્રવ્યાપી વેક્સિન પોલિસી મુદ્દે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી.

નવી વેક્સિન પોલિસીનો ખર્ચ ૫૦ હજાર કરોડ થશે; કેન્દ્રએ સુધારેલી ગાઇડલાઇન બહાર પાડી કહ્યું, વેક્સિનના બગાડથી ફાળવણી પર અસર થશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૮

નાણા મંત્રાલયના સૂત્રો પાસેથી માહિતી મળી છે કે, મોદી સરકારની નવી વેક્સિન પોલિસીનો ખર્ચ ૫૦ હજાર કરોડ રૂપિયા થશે. આ જાહેરાત ત્યારે કરવામાં આવી છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૮-૪૪ વર્ષના લોકોને મફત વેક્સિન આપવાની જાહેરાત કરવામાં આવી છે અને રાજ્યો પાસેથી જવાબદારી પરત લેવાની જાહેરાત કરાઇ છે. નાણા મંત્રાલયે કહ્યું કે યોજના માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને હાલ કેન્દ્ર પાસે નાણા છે. સૂત્રો અનુસાર અત્યારે અમને સપ્લીમેન્ટ્રી ફંડની જરૂર નથી પરંતુ અમારે શિયાળુ સત્રના બીજા તબક્કામાં જવું પડી શકે છે. સૂત્રોએ એવો પણ સંકેત આપ્યો કે, સરકાર હવે વેક્સિનની જરૂરને પૂરી કરવા માટે વિદેશથી આવી રહેલી વેક્સિનની રાહ જોશે નહીં.

સૂત્રો અનુસાર ભારત દ્વારા વેક્સિન ખરીદવાનો કાર્યક્રમ ભારત બાયોટેક, સીરમ ઇન્સ્ટીટ્યૂટ અને કંપની બાયો-ઇની આસપાસ કેન્દ્રીત રહેશે. સરકાર આ કંપનીઓની રસીઓની સપ્લાયથી સમગ્ર દેશને વેક્સિન લગાવવાની તૈયારી કરી રહી છે. અહેવાલો અનુસાર ફાઇઝર અને મોડર્ના સાથે ભારતની વાતચીત કથિત રીતે તેમની માગને કારણે અટકી ગઇ છે જે મુજબ તેઓ ઇચ્છે છે કે, રસી સાથે સંબંધિત તમામ વિવાદ અમેરિકાની કોર્ટમાં લાવવામાં આવે. મંત્રાલયના સૂત્રો અનુસાર હાલ આગામી વર્ષ જાન્યુઆરી સુધી મોડર્નાની વેક્સિન ભારતમાં આવવાની યોજના નથી. જ્યારે ભારત બાયોટેકની કોવેક્સિન, સીરમ ઇન્સ્ટીટ્યૂટની કોવિશિલ્ડ અને રશિયાની સ્પુતનિક-વીને ભારતમાં ઉપયોગને મંજૂરી મળી ગઇ છે. અધિકારીઓ અનુસાર સ્પુતનિક-વી હાલ પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નહીં થાય તેથી તેની ખરીદી શરૂ કરાઇ નથી.

નેટિઝન્સે વડાપ્રધાન મોદીની નવી રસીકરણ નીતિને સુપ્રીમ કોર્ટની ઉગ્ર આલોચના સાથે જોડતા 'Thank You Justice Chandrachud' ટ્રેન્ડ થયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જાહેરાત કરી હતી કે, એમની સરકાર ૧૮થી વધુ વયના બધા જ લોકોને મફત રસી મૂકશે. એમના સંબોધનમાં એમણે એ પણ કહ્યું હતું કે, અમારી સરકાર રસીકરણ અંગે રાજ્ય સરકારોને અપાયેલ નિયંત્રણો પરત લઈ પોતાના હસ્તક રાખી રહી છે. અમારી સરકાર કોવિડ-૧૯ની રસીઓના ૭૫ ટકા રસી મેળવશે અને બધા રાજ્યોને મફતમાં આપશે. મોદીના આ સંબોધન પછી નેટિઝન્સે સુપ્રીમ કોર્ટના જજ ડી.વાય.ચંદ્રચૂડનો આભાર માન્યો હતો. જજે આ પહેલાં કોવિડ રસીની અછત અંગે થઈ રહેલ સુનાવણીમાં નોંધપાત્ર અને આલોચનાત્મક અવલોકન કર્યું હતું. મોદીના જણાવ્યા મુજબ બાકી રહેલ ૨૫ ટકા રસીનો જથ્થો ખાનગી હોસ્પિટલો મેળવી શકશે અને પોતાની મેળે યોગ્ય ચાર્જ લઈ રસી મૂકી શકશે. મોદીની સોમવારે કરાયેલ જાહેરાત એમની સરકાર દ્વારા મે મહિનામાં રસી અંગે કરાયેલ નીતિની તદ્દન વિરૂદ્ધ છે, જેમાં મોદી સરકારે રાજ્યોને ૨૫ ટકા રસીનો જથ્થો સીધે જ ઉત્પાદકો પાસેથી મેળવવા કહ્યું હતું. સરકારના આ નિર્ણયના લીધે વિપક્ષોએ હોબાળો મચાવ્યો હતો અને કહ્યું હતું કે, મોદી સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી જવા પ્રયાસો કરી રહી છે. આ પહેલાં રસીની અછત સમયે થયેલ સુનાવણી દરમિયાન જજ ચંદ્રચૂડે નારાજગી દર્શાવી

સરકારના વકીલ મહેતાને કહ્યું હતું કે, તમે જાગો અને કોફીની મહેક જુઓ. એમણે કહ્યું કે, અમે નીતિ બદલી નથી રહ્યા અમે તમને કહી રહ્યા છીએ કે મહેરબાની કરી જાગો અને કોફીની મહેકને જુઓ અને જુઓ દેશમાં શું ચાલી રહ્યું છે. ટ્વીટર યુઝરોએ તરત પોતાની રીતે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી લખ્યું કે, મોદીએ જજ ચંદ્રચૂડની દરમિયાનગીરી પછી પોતાની રસી અંગેની નીતિ બદલી છે અને એ પછી સોશિયલ મીડિયા ઉપર 'Thank You Justice Chandrachud' ટોચ ઉપર ટ્રેન્ડ થયું હતું.

પાંચમાં ધોરણમાં ભણતી વિદ્યાર્થીનીએ કોવિડ મુદ્દાઓમાં સુપ્રીમ કોર્ટની અસરકારક દરમિયાનગીરી માટે પ્રશંસા કરતો પત્ર સી.જે.આઈ. એન. વી. રામન્નાને લખ્યો ; સી.જે.આઈ.એ સહી કરાયેલ બંધારણની નકલ મોકલાવી

(એજન્સી) નવી દિલ્હી તા ૮

કોવિડ કાળમાં સુપ્રીમ કોર્ટની અસરકારક અને જાગરૂક કાર્યવાહીની પ્રશંસા કરતો પત્ર પાંચમાં ધોરણમાં ભણતી કેરળની વિદ્યાર્થીનીએ ભારતના મુખ્ય ન્યાયાધીશ એન. વી. રામન્નાને લખ્યો છે. સી.જે.આઈ.એ પ્રત્યુતરમાં બાળકીને સહી કરાયેલ બંધારણની નકલ મોકલાવી છે.

થિસુરના કેન્દ્રીય વિદ્યાલયમાં પાંચમાં ધોરણમાં ભણતી વિદ્યાર્થીની લીદ્વીના જોસેફે દેશના અનેક લોકોનો જીવ બચાવવા બદલ સુપ્રીમ કોર્ટનો આભાર માનતો પત્ર લખ્યો છે.

એમણે લખ્યું છે કે મેં અખબારોમાં વાંચ્યું હતું કે માનનીય સુપ્રીમ કોર્ટે કોવિદના કપરા સમયમાં લોકોની કેવી રીતે રક્ષા કરી છે. મને આ વાતનો ગર્વ છે કે કોર્ટે લોકોની મુશ્કેલીઓ સમજી ઓક્સીજનના સપ્લાય માટે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા અને અનેક લોકોનો જીવ બચાવ્યો હતો.આપણા પ્રયાસોથી દેશમાં મૃત્યુ દર ખુબ ઓછો રહ્યો છે. હું એ માટે તમારો આભાર માંનુ છું. એ સાથે એમણે સી.જે.આઈ.નું પોતે દોરેલ ચિત્ર પણ મોકલ્યું છે.

સી.જે.આઈ.એ જવાબ માં લખ્યું છે કે તમારી જાગરૂકતા જોઈ મને ઘણી પ્રસન્નતા થઇ છે. કોવિડ કાળમાં દેશમાં શું થઇ રહ્યું છે એ માટે તમે ખુબ જ ચિંતા અને જાગૃતિ ધરાવો છો. મને વિશ્વાસ છે કે ભવિષ્યમાં પણ તમે આજ પ્રકારનું વલણ રાખશો. સુપ્રીમ કોર્ટે હાલમાં ઘણા જ નિર્દેશો બહાર પડ્યા હતા. જેમાં હાલમાં જ રસીના વિતરણમાં જે પ્રકારની અનિશ્ચિતતા થઇ હતી એ માટે સરકારનું ધ્યાન દોરતા સરકારને પોતાની નીતિ બદલવી પડી છે અને ૧૮ વર્ષથી વધુ વયના બધા લોકોને કેન્દ્ર દ્વારા મફત રસી આપવાની જાહેરાત કરી છે.

ઓક્સિજન સપ્લાય બંધ કરી તપાસાયું કે કેટલા દર્દી મરી જશે?

આગ્રાની પારસ હોસ્પિટલમાં ૨૬મી એપ્રિલના 'મોક ડ્રીલ'માં ૨૨નાં મોત ?

આગ્રાની પારસ હોસ્પિટલમાં ૨૬મી એપ્રિલના રોજ ૯૬ કોરોના દર્દીઓ દાખલ થયા હતા, જેમના ઓક્સિજન સપ્લાય બંધ કરીને જોયું કે કોણ મરી રહ્યું છે, પાંચ મિનિટ સપ્લાય બંધ રહેતાં ૨૨ દર્દીનાં મોત થયા હતા : વાયરલ વીડિયો

(એજન્સી) આગ્રા, તા. ૮

ઉત્તરપ્રદેશના આગ્રામાં એક હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા કોરોના કટોકટી દરમિયાન કોરોના દર્દીઓના ઓક્સિજન સપોર્ટ હટાવી કોણ જીવે છે અને કોણ મૃત્યુ પામે છે તેવો ૨૬મી એપ્રિલનો એક વીડિયો ખૂબ વાયરલ થયો છે જેની તપાસ હવે રાજ્ય સરકાર કરી રહી છે. આ ઘટનામાં ૨૨ લોકોનાં મોતનો દાવો કરવામાં આવ્યો છે. ૨૬ અને ૨૭મી એપ્રિલના રોજ બનાવાયેલો વીડિયો એવા સમયનો છે જ્યારે દેશમાં ઓક્સિજનની કટોકટી હતી તે સમયે આ વાતચીત થઇ હોવાનું મનાય છે. વીડિયોમાં એક વ્યક્તિ હોસ્પિટલના મેનેજરને કહેતા દેખાય છે કે, ૨૨ લોકોનાં મોત થયા છે. બીજી તરફ હોસ્પિટલના મેનેજર અને માલિક અરિંજય જૈન એવું કહેતા સંભળાય છે કે, 'અમને મુખ્યમંત્રી દ્વારા આદેશ અપાયો હતો કે, ઓક્સિજનનો કોઇ પુરવઠો નથી. મોટી નગર ખાલી છે. અમે પરિવારોને કહેવાનું શરૂ કર્યું. કેટલાકે અમારી વાત માની જ્યારે બીજા જવાનો ઇન્કાર કરવા લાગ્યા. હવે મોકડ્રીલ પછી જોઇએ જે સવારે સાત વાગે શરૂ કરી છે. આના વિશે કોઇને ખબર નથી. પાંચ મિનિટમાં જ ૨૨ દર્દીઓ મોતને ભેટ્યા. તેઓ પાંચ મિનિટમાં જ વાદળી પડવા લાગ્યા. આ વીડિયો ૨૮મી એપ્રિલે વાયરલ થયો હોવાનુ મનાય છે, હાલ હોસ્પિટલમાં કોરોનાના ૯૬ દર્દીઓ દાખલ છે. વાયરલ વીડિયોના દાવા અનુસાર ૯૬માંથી ૭૪ દર્દીઓ બચી ગયા હતા. આ વીડિયોનો બચાવ કરવા માટે જૈને

હોસ્પિટલ અને સરકારી તંત્ર દ્વારા દાવાને ફગાવી દેવાયો, વાયરલ વીડિયોની તપાસ કરવામાં આવશે

અત્યારસુધી ચાર વીડિયો વાયરલ કરી દીધા છે. જૈને આરોપોને નકાર્યા છે અને દાવો કર્યો છે કે, વીડિયોને તોડી મરોડી રજૂ કરાયો છે. દરમિયાન જિલ્લા અધિકારી પ્રભુ નારાયણ સિંહે કહ્યું છે કે, વીડિયો અંગે તપાસ કરવામાં આવી રહી છે. સરકારી આંકડા અનુસાર ૨૬મી એપ્રિલે હોસ્પિટલમાં માત્ર ચાર દર્દીઓના મોત થયા હતા. ૨૬ અને ૨૭મી એપ્રિલે ઓક્સિજનની ખૂબ અછત હતી. પરંતુ સરકારી તંત્રે સમગ્ર રાત્રી દરમિયાન હોસ્પિટલોને ઓક્સિજન પહોંચાડવાની કામગીરી કરી હતી. ૨૬મી એપ્રિલે શ્રી પારસ હોસ્પિટલમાં કોરોનાના ૯૬ દર્દીઓ દાખલ થયા હતા જેમાંથી ચારના મૃત્યુ થયા હતા. તેથી વાયરલ થયેલા વીડિયોની હકીકત માનવામાં આવે તેવી નથી તેમ છતાં વીડિયોની તપાસ કરાશે.

ઓક્સિજન બંધ કરી દર્દીઓને મારી નાખવાના આરોપમાં આગ્રાની પારસ હોસ્પિટલ સીઝ

ઓક્સિજનની સપ્લાય રોકીને ૨૨ દર્દીઓને મોતને ઘાટ ઉતારવા બદલ આગ્રાની પારસ હોસ્પિટલને સીઝ કરી દેવાઇ છે. હોસ્પિટલના સંચાલક અરિંજય જૈને કહ્યું હતું કે, મોકડ્રીલ દરમિયાન ૨૨ દર્દીઓને શ્વાસ રોકાવાની તકલીફ થઇ હતી જ્યારે હાથ-પગ વાદળી પડી ગયા હતા. આ ઘટનાને જોર પકડતાં યોગી આદિત્યનાથે હોસ્પિટલને સીઝ કરવાનો આદેશ આપ્યો હતો. દર્દીઓ જીવતા રહેશે કે મરી જશે તે જોવા માટે ઓક્સિજન સપ્લાય રોકી દેવામાં આવી હતી જેના કારણે ૨૨ દર્દીઓના તડપીને મોત થઇ ગયા હતા.

આગ્રાની હોસ્પિટલમાં "ઘોર અપરાધ" કરનારાઓ સામે આકરા પગલાં લો : રાહુલ ગાંધી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઓક્સિજનની અછતને કારણે આગ્રાની હોસ્પિટલ ખાતે ૨૨ લોકોના મોત બદલ જવાબદાર લોકો વિરૂદ્ધ આકરા પગલાં લેવાની માગણી કરી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આગ્રાની હોસ્પિટલના ડોક્ટરનો કથિત વીડિયો વિશેના અહેવાલને ટાંકતા તેમણે આ માગ કરી હતી જેમાં મોકડ્રીલ દરમિયાન પાંચ મિનિટમાં જ ઓક્સિજન સપ્લાય બંધ કર્યા બાદ ૨૨ લોકોના મોત થયા હોવાની કબૂલાત કરી રહ્યા છે.

યુએનના ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ માટે ભારતની પસંદગી કરાઇ

યુએન,તા.૮

ભારત સંયુક્ત રાષ્ટ્રના એક મહત્વના ઓર્ગેન આર્થિક અને સામાજિક પરિષદ (ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ) માટે પસંદ કરવામાં આવ્યુ છે. આ યુએન પ્રમુખ છ ભાગમાંથી એક છે. ભારતને વર્ષ ૨૦૨૨-૨૦૨૪ માટે પસંદ કરવામાં આવ્યો છે. ભારત હવે તેના ૫૪ સભ્યોમાંથી એક છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત ટીએસ ત્રીમૂર્તિએ તેમાં પસંદગીને લઈને તમામનો આભાર માન્યો છે. પોતાની એક ટ્વીટમાં તેમણે લખ્યુ છે કે તે તે તમામનો આભાર માને છે જેમણે ભારતના પક્ષમાં વોટ આપ્યો, આ પરિષદ સંયુક્ત રાષ્ટ્રના વિવિધ લક્ષ્યોની પ્રાપ્તિ માટે એક મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંયુક્ત રાષ્ટ્રનું એક એવુ કેન્દ્ર છે જ્યા ડિબેટ દ્વારા વિચારોની આપ-લે કરવામાં આવે છે કે આગળ વધવા અને યુએનના લક્ષ્યને પૂર્ણ કરવાનો માર્ગ નક્કી કરવામાં આવે છે. આ સંયુક્ત રાષ્ટ્રની બેઠકો અને

સમ્મેલોનો માટે પણ ઉત્તરદાયી હોય છે.

સોમવારે યોજાયેલી ચૂંટણીમાં ભારતને આ પરિષદનો સભ્ય એશિયા પ્રશાંત ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવ્યો છે જેમાં અફઘાનિસ્તાન, કઝાખિસ્તાન અને ઓમાન સામેલ છે. આફ્રિકન દેશોમાંથી મોરેશિયસ, ટ્યૂનેશિયા, તંજાનિયા, એસવાટિની અને કોટ ડી આઇવોરે, પૂર્વી યૂરોપીય દેશમાંથી કોએશિયા, ચેક રિપબ્લિક, દક્ષિણ અમેરિકા અને કેરેબિયન દેશમાંથી બેલ્જી, ચિલી અને પેરૂને તેની માટે પસંદ કરવામાં આવ્યા છે. સોમવારે એક ચૂંટણીમાં જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૨ માટે ગ્રીસ, ન્યૂઝીલેન્ડ, ડેનમાર્ક અને ઈઝરાયલને ૧ જાન્યુઆરી ૨૦૨૨થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી પસંદ કરવામાં આવ્યા છે. તમને જણાવી દઇએ કે ભારત વર્ષ ૨૦૨૧-૨૨ માટે યૂએન સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્ય તરીકે પોતાની સેવા આપી રહ્યુ છે. જ્યા સુધી ઇકોસોકની વાત છે તો તમને જણાવી દઇએ કે તેની રચના ૪૫માં કરવામાં આવી હતી. આ યુએનના છ મુખ્ય ભાગમાંથી એક છે, જેના ૫૪ સભ્યોને જનરલ એસેમ્બલી દ્વારા ત્રણ વર્ષ માટે પસંદ કરવામાં આવે છે. ક્ષેત્રિય આધાર પર તેમાં કોઇને સભ્યતા મળે છે. જેવા આફ્રિકન દેશો માટે ૧૪, એશિયન દેશો માટે ૧૧, યુરોપીય દેશો માટે ૬, દક્ષિણ અમેરિકન દેશો માટે ૧૦, કેરેબિયન અને પશ્ચિમી યુરોપ સહિત કેટલાક અન્ય ક્ષેત્રો માટે ૧૩ બેઠક છે.

બિહારના બાંકામાં મસ્જિદ નજીક શક્તિશાળી વિસ્ફોટ મદ્રેસાની ઈમારત શહીદ : મૌલવીનું મોત : ઘણાંને ઈજા

● ગેસ સિલિન્ડર કે બોમ્બ વિસ્ફોટ ઘટનાની વિસ્તૃત તપાસ બાદ જ સચ્ચાઈ જાણી શકાશે : પોલીસ ● કોરોનાના કારણે મદ્રેસો બંધ હોવાથી સદ્‌ભાગ્યે મોટી જાનહાનિ ટળી

(એજન્સી) પટણા, તા.૮

બિહારના ભાગલપુરના બાંકાની એક મસ્જિદ નજીક મંગળવારે સવારે પ્રચંડ બોમ્બ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટને કારણે મદ્રેસાની ઈમારત સંપૂર્ણ રીતે ધ્વસ્ત થઈ હતી. અડધો ડઝન લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી હતી. અને મૌલવીનું મોત થયું હતું. પોલીસે મૃતદેહને કબ્જે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, વિસ્ફોટના ઈજાગ્રસ્તોને એક ગુપ્ત સ્થળે લઈ જઈ સારવાર કરાઈ રહી હતી જે દરમ્યાન મૌલવીનું મોત થયું હતુ. રૈનિયા જોગડીહા પંચાયતની ચંદન નદી નજીક નવટોલિયા સ્થિત નૂરી મસ્જિદ ઈસ્લામપુર પરિસરની પાસે બોમ્બ વિસ્ફોટ થયો હતો. મંગળવારે સવારે થયેલો આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે, આસપાસના વિસ્તારો પણ ધ્રૂજી ઉઠયા હતા. વિસ્ફોટના કારણે મદ્રેસાની અડધી ઈમારત કાટમાળમાં ફેરવાઈ હતી. વિસ્ફોટને કારણે મદ્રેસાના મૌલવી મુહમ્મદ મોમીન સહિત પાંચ અન્ય લોકોન ઈજા પહોંચી હતી. ત્યારબાદ મૌલવીનું મોત થયું હતું. વિસ્ફોટ બાદ વિસ્તારના તમામ પુરૂષ સભ્યો નાસી ગયાનો દાવો કરવામાં

આવ્યો હતો અને મહિલાઓએ કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, કાટમાળનો અમુક ભાગ રસ્તાની બીજી તરફ જઈને પડયો હતો. કોરોનાના કારણે મદ્રેસા બંધ હોવાથી એકપણ બાળક ન હતો. જેથી સદ્‌ભાગ્યે કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. પહેલાં એવું જણાવવામાં આવ્યું હતું કે, મદ્રેસો બંધ હતો. જેથી અંદર ગરમીને કારણે ગેસ સિલિન્ડર વિસ્ફોટ થયો હશે. જો કે ત્યારબાદ બોમ્બ વિસ્ફોટ થયાની શંકા વ્યક્ત કરાઈ હતી. વિસ્ફોટ બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. અને એફએસએલની ટીમ પણ સંદિગ્ધ વિસ્ફોટ અંગે તપાસ કરી રહી છે. એકથી વધુ બોમ્બ હોવાની શકયતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે લીવ-ઈનમાં રહેતા દંપતીને રક્ષણ આપવા મંજૂરી આપી જેમની અરજી પહેલાં હાઈકોર્ટે રદ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે પંજાબ પોલીસને લીવ-ઈનમાં રહેતા દંપતીને રક્ષણ આપવા આદેશ આપ્યો હતો. આ દંપતીની અરજી આ પહેલાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે રદ કરી હતી.

સુપ્રીમ કોર્ટની નવીનસિંહની બેન્ચે કહ્યું કે, અમને કહેવાની જરૂર નથી કે આ મામલો અંગત સ્વતંત્રતા અને જીવન જીવવાના મૂળભૂત અધિકાર સાથે સંબંધ ધરાવે છે જેનાથી કોઈને પણ વંચિત રાખી શકાય નહીં, એ માટે પંજાબ પોલીસના એસ.પી.ને કાયદાની જોગવાઈ મુજબ રક્ષણ આપવું જોઈએ. પછી ભલે એ હાઈકોર્ટના નિર્ણયથી જુદો કેમ ન હોય. ૧૧મી મેએ હાઈકોર્ટે દંપતીની અરજી રદ કરી હતી, જેમાં એમણે જણાવ્યું હતું આપણા દેશની સંસ્કૃતિ મુજબ આવા સંબંધો અનૈતિક અને સામાજિક રીતે અસ્વીકાર્ય છે. જો આવા સંબંધો સ્વીકારીશું તો એ આપણા સામાજિક તાણાવાણાને છિન્ન-ભિન્ન કરી નાંખશે અને એ માટે દંપતીને રક્ષણ આપી શકાય નહીં. જો કે, સુપ્રીમ કોર્ટે આ પહેલાં જણાવ્યું હતું કે, લગ્નની માન્યતા દંપતીને અપાનાર રક્ષણનો આધાર નહીં હોઈ શકે. એ પછી પણ ઘણી બધી હાઈકોર્ટોમાં આ પ્રકારના મામલાઓ સામે આવ્યા હતા. દાખલા તરીકે અલ્હાબાદ હાઈકોર્ટે હાલમાં જ આંતરધર્મી લગ્ન કરનાર દંપતીને રક્ષણ આપ્યું હતું. એમણે નોધ્યું હતું કે, જો બે વયસ્કો એક બીજા સાથે રહે છે તો એ ગુનો બનતો નથી.

લિવ-ઈન રિલેશનમાં રહેવાના યુગલના નિર્ણય અંગે કોર્ટો કોઈ ચુકાદો ન આપી શકે : પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ

(એજન્સી) ચંદીગઢ, તા.૮

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે યુવા યુગલને રક્ષણ આપવા પરવાનગી આપી જેઓ લીવ-ઈનમાં સાથે રહેતા હતા. કોર્ટે અવલોકન કર્યું કે, જો તેઓ લગ્નના પવિત્ર બંધન વિના જ સાથે રહેવા ઈચ્છતા હોય તો કોર્ટ એમના નિર્ણયનું મુલ્યાંકન નહીં કરે. હાઈકોર્ટે પંજાબના ભટીંડાના નિવાસીઓ ૧૭ વર્ષીય યુવતી અને ૨૦ વર્ષીય યુવક દ્વારા રક્ષણ માંગતી અરજી મંજૂર કરી હતી. જેમાં એમણે રક્ષણ મેળવવા માગણી કરી હતી. કોર્ટે નોંધ્યું કે, ઉત્તર ભારતના રાજ્યો ખાસ કરી પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ઓનર કિલિંગની ઘટનાઓ વ્યાપક પ્રમાણમાં બને છે અને એવા દંપતીઓને રક્ષણ આપવાનું કાર્ય રાજ્ય સરકારોનું છે. જણાવ્યું હતું કે, તેઓ સાથે રહી લગ્ન કરવા માંગે છે પણ એમના કુટુંબીજનો લગ્નના વિરોધમાં છે અને જેમ કે તેઓ હજુ લગ્નની વય ધારણ કરતા નથી એ માટે હાલ લીવ-ઈનમાં રહેવા માંગે છે પણ એમના કુટુંબીજનોથી એમને જીવનું જોખમ છે. જેથી એમણે ભટીંડા પોલીસને રક્ષણ આપવા અરજી કરી હતી પણ એમણે કોઈ જવાબ નહીં આપતા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. હાઈકોર્ટમાં અરજી દાખલ થતા હાઈકોર્ટે સરકારને નોટિસ મોકલાવી હતી. નોટિસ મળ્યા પછી સરકાર તરફે વકીલ હાજર થયા હતા એમણે જણાવ્યું હતું કે, દંપતીએ લગ્ન કર્યા નથી અને સાથે રહેવા માંગે છે. પણ હાલમાં હાઈકોર્ટો દ્વારા વિવિધ ચુકાદાઓ આ વિષય બાબત આપવામાં આવેલ છે. જેને ધ્યાનમાં લઈ રક્ષણ આપી નહીં શકાય. વકીલે ૧૧મી મેના હાઈકોર્ટના ચુકાદાને ટાંકતા કહ્યું કે, જજ એચ.એસ. મદાને જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં લીવ-ઈનમાં રહેવું સામાજિક અને નૈતિકતા મુજબ સ્વીકાર્ય નથી. આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી શકાય નહીં એ માટે રક્ષણ માંગતી અરજી રદ કરી હતી.

જમ્મુ-કાશ્મીરનું અર્થતંત્ર ભાંગી પડવાની અણી પર છે : ઓમર અબ્દુલ્લા

સરકારની યુવા-વિરોધી નીતિઓના કારણે ખીણમાં આત્મહત્યાની ઘટનાઓ વધી છે : નેશનલ કોન્ફરન્સના નેતા

(એજન્સી) તા.૮

નેશનલ કોન્ફરન્સના ઉપપ્રમુખ ઓમર અબ્દુલ્લાએ સોમવારે કહ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં કેન્દ્રશાસિત પ્રદેશને દરેક ક્ષેત્રમાં નુકસાન પહોંચ્યું હોવાના કારણે જમ્મુ-કાશ્મીરનું અર્થતંત્ર ભાગી પડવાની તૈયારીમાં છે. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં યોજાયેલી પાર્ટીની એક બેઠકને સંબોધતા અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરમાં વધતી જતી બેરોજગારી અને યુવાનોની આત્મહત્યામાં થઈ રહેલા કથિત વધારા અંગે ચિંતા વ્યકત કરી હતી. અબ્દુલ્લાએ કહ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં પ્રવાસન, બાગાયત, ટ્રાન્સપોર્ટ તેમજ વ્યાપાર આમ દરેક ક્ષેત્રમાં નુકસાન ગયું છે. નેશનલ કોન્ફરન્સના નેતાએ કહ્યું હતું કે નોટબંધી અને ત્યાર પછી લાગુ કરવામાં આવેલા શ્રેણીબદ્ધ લોકડાઉનને પગલે જમ્મુ-કાશ્મીરનું અર્થતંત્ર પહેલાથી જ મરણપથારી પર હતું. ખીણમાં વધી રહેલા આત્મહત્યાના કેસોનો ઉલ્લેખ કરતા અબ્દુલ્લાએ કહ્યું હતું કે કાશ્મીરમાં વધી રહેલી આત્મહત્યાની ઘટનાઓ પાછળ સરકારની યુવા વિરોધી નીતિઓ જવાબદાર છે. શ્રેણીબદ્ધ લોકડાઉનના પગલે જમ્મુ-કાશ્મીરના યુવાનો માટે નોકરીની તકોમાં તીવ્ર ઘટાડો થયો છે. હજારો ડોકટરો, પેરામેડિકલ તજજ્ઞો, એન્જિનિયરો, સ્નાતકો તેમજ અનુસ્નાતકો નોકરીઓના સર્જનની રાહ જોઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોના ઘટનાક્રમે જમ્મુ-કાશ્મીરના લોકોની કમર તોડી નાખી છે. તેમજ હાલમાં ચાલી રહેલી કટોકટીએ આર્થિક સુધારાઓની બધી આશાઓ પર પાણી ફેરવી દીધું છે. જમ્મુ-કાશ્મીરના અર્થતંત્રને બેઠુ કરવા માટે તાજેતરમાં જાહેર કરવામાં આવેલું આર્થિક પેકેજ પૂરતું નથી.

હરીફ ઉમેદવારને વિધાનસભા ચૂંટણીમાંથી ખસી જવા માટે લાંચ આપવાના આરોપ બદલ ભાજપ કેરળ પ્રમુખ સામે FIR નોંધવામાં આવી

(એજન્સી) તા.૮

કેરળમાં પોલીસે સોમવારે ભાજપના રાજ્ય એકમના વડા કે. સુરેન્દ્રન વિરૂદ્ધ માંજેશ્વરમ વિધાનસભા મતક્ષેત્ર માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવા માટે અન્ય ઉમેદવારને ધમકી આપવા અને લાંચ આપવાના આરોપમાં કેસ નોંધ્યો હતો. વીજી.વી. રમેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ધ્યાનમાં લેતા મેજિસ્ટ્રેટ કોર્ટના નિર્દેશો મુજબ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે મંજેશ્વરમમાં સુરેન્દ્રના વિરૂદ્ધ ચૂંટણી લડનારા સીપીઆઈ (એમ)ના ઉમેદવાર રમેશને આ અપીલ કરી હતી. પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧ (બી) અને (ઇ) (લાંચ) હેઠળ કેસ દાખલ કર્યો હોવાનું પોલીસે ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે "વોરંટ વિના ધરપકડ થવી જોઈએ નહીં,". ઉલ્લેખનીય છે કે કેરળમાં ૬ એપ્રિલના રોજ રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજાઇ હતી. ૫ જૂને બહુજન સમાજ પાર્ટી (બીએસપી) ના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવનાર સુન્દારાએ આરોપ લગાવ્યો હતો કે તેમને શરૂઆતમાં ધમકી આપવામાં આવી હતી અને બાદમાં ભાજપ દ્વારા હરીફાઈમાંથી ખસી જવા માટે તેમને ૨.૫ લાખ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. તેમણે એવો દાવો કર્યો હતો કે યુવા મોરચાના નેતા અને સુરેન્દ્રના નજીકના સાથી સુનિલ નાઈકે તેમને પૈસા અને સ્માર્ટફોન આપ્યા હતા. સુન્દારાના આક્ષેપો અને અન્ય બે મુદ્દાઓને કારણે કેરળમાં ભાજપ બેકફૂટ પર છે. ત્રિસુર ખાતેના તાજેતરના કોડાકારા હાઈવે લૂંટના એપિસોડમાં 'હવાલા' નાણાંની લેવડદેવડના આરોપમાં ભાજપ પક્ષને નામોશીનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં તપાસ કરનારી વિશેષ તપાસ ટીમે ભાજપના સંગઠન સચિવ એમ. ગણેશન અને પાર્ટીના કાર્યાલય સચિવ ગિરીશની પૂછપરછ કરી છે. સુરેન્દ્રન પર રાષ્ટ્રીય લોકશાહી જોડાણમાં જોડાવા માટે જનથિપથ રાષ્ટ્રીય પાર્ટીના અધ્યક્ષ સી.કે. જનુને ૧૦ લાખ રૂપિયાની લાંચ રૂપે આપવાનો પણ આરોપ છે. જો કે ભાજપે આ આરોપોને નકારી કાઢ્યા છે. યક્ષગણના કલાકાર સુન્દારાએ ૨૦૧૬માં પણ ચૂંટણી લડી હતી. તેમણે ૨૦૨૧માં ફરી એક વખત ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ તે પછી ખેંચી લીધી હતી. સુરેન્દ્રન જોકે આ વર્ષે મંજેશ્વરમથી ચૂંટણી હારી ગયા હતા. આ બેઠક પર આઈયુએમએલના એ.કે.એમ. અશરફ ૬૫,૭૫૮ મતોથી જીત્યા હતા, જ્યારે સુરેન્દ્રન ૬૫,૦૧૩ મતો મેળવી શકયા હતા. વી.વી. રમેશને ૪૦,૬૩૯ મતો મળ્યા હતા. સુન્દારાએ ૨૦૧૬ની ચૂંટણીમાં ૪૬૭ મતો મેળવ્યા હતા જેમાં સુરેન્દ્રન યુજેએફના ઉમેદવાર સામે માંજેશ્વરમના ૮૯ મતોથી હારી ગયા હતા. સુંદરના ખુલાસાના આધારે કસરાગોડ પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત રમેશને આ મામલે જિલ્લા પોલીસ વડા પી.બી. રાજીવ સમક્ષ અરજી પણ કરી હતી. જોકે પોલીસે અરજદારને માહિતી આપી હતી કે કોર્ટની સંમતિથી જ આ કેસ નોંધવામાં આવી શકે છે.

મોટાપાયે ઈન્ટરનેટ ઠપ થતાં દુનિયાભરની મોટી વેબસાઈટો ડાઉન

અમેરિકા અને યુકેમાં ઈન્ટરનેટની સેવા મોટાપાયે પ્રભાવિત, સમાચાર અને સરકારી વેબસાઈટો પર સૌથી વધુ અસર દેખાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૮

દુનિયાભરમાં મોટાપાયે ઈન્ટરનેટ ઠપ્પ થતાં હાહાકાર મચી ગયો છે. અહેવાલો અનુસાર ન્યૂયોર્ક ટાઈમ્સ, સીએનએન સહિત મોટી આંતરરાષ્ટ્રીય ન્યૂઝ વેબસાઈટો અને પોર્ટલ આના કારણે ડાઉન થઈ ગયા હતા. પ્રારંભિક અહેવાલમાં કહેવાયું છે કે, એક પ્રાઈવેટ સીડીએન (કન્ટેન્ટ ડિલિવરી નેટવર્ક)માં સમસ્યા થવાને કારણે ઈન્ટરનેટમાં ટેકનિકલ ખામી સામે આવી છે. આ અંગે વધુ જાણકારી મેળવાઈ રહી છે. અહેવાલો મુજબ તમામ પોપ્યુલર વેબસાઈટો રેડિટ, સ્પોટિફાઈ, પેપલ, શોપિફાઈ જેવી ઠપ્પ થઈ ગઈ છે. ગાર્ડિયન, ન્યૂયોર્ક ટાઈમ્સ, બીબીસા અને ફાયનાન્શિયલ ટાઈમ્સ જેવી સાઈટોને પણ મુશ્કલીઓનો સામનો કરવો પડ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, લોકપ્રિય સીડીએન પ્રોવાઈડર ફાસ્ટલીમાં ખામી સર્જાવાથી આવું થયું છે. સીડીએન એટલે કે, કન્ટેન્ટ ડિલિવરી નેટવર્ક્સને ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મૂળભૂત હિસ્સો મનાય છે. ફાસ્ટલી જેવી કંપનીઓ સર્વરના ગ્લોબલ નેટવર્ક્સ દ્વારા પોતાની વેબ સેવાઓ સારી બનાવે છે. ઉદાહરણ તરીકે મીડિયા કન્ટેન્ટને તમારા સ્થાનિક સીડીએન સર્વર દ્વારા એકઠું કરી લેવાય છે અને દરેક વખતે વેબ પેજ ઓછા સમયમાં લોડ થઈ જાય છે અને વેબસાઈટ પર ભારે ટ્રાફિક થવા છતાં તેના ક્રેશ થવાનું જોખમ ઓછું થઈ જાય છે. બીબીસી અનુસાર અમેઝોન, રેડિટ, પિન્ટરેસ્ટ અને ટ્વિટચ જેવી મોટી વેબસાઈટો પણ કામ કરી શકતી નથી. બ્રિટિશ વેબસાઈટ પણ ઠપ્પ થઈ ગઈ છે. જે વેબસાઈટો પર આ મુશ્કેલી છે તેમાં એરર અને સેવા અનઉપલબ્ધ બતાવે છે. ફાસ્ટલી અનુસાર તે ગ્લોબલ કન્ટેન્ટ ડિલિવરી નેટવર્કમાં આવેલી મુશ્કેલીને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. જોકે, આ સમસ્યા કેમ આવી તેના વિશે અત્યારે કાંઈપણ કહેવું મુશ્કેલ છે. કોઈ સાયબર હુમલા અથવા અન્ય બહારની દખલને લઈને પણ ખુલાસો કરાયો નથી. ફાસ્ટલીએ બાદમાં પોતાના સ્ટેટસ પેજ પર લખ્યું કે, કેટલીક વેબસાઈટો ધીરે-ધીરે સામાન્ય થઈ રહી છે. કેમ કે સમસ્યાનું સમાધાન કરાઈ રહ્યું છે. ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સ આ ટેકનિકલ ખામીને દૂર કરવામાં લાગી ગયા છે. બીબીસીએ કહ્યું કે, ઈન્ટરનેટની આ સમસ્યા સ્થાનિક દેખાઈ રહી છે કારણ કે, માત્ર યુરોપ અને અમેરિકામાં તેની અસર દેખાઈ રહી છે. અમેઝોન વેબ સર્વિસીસ પર પણ તેની અસર દેખાઈ છે.

'બનાવટી' જાતિ-પ્રમાણપત્રો રજૂ કરવા બદલ મહારાષ્ટ્રથી પ્રથમવાર સાંસદ ચૂંટાયેલા નવનીત કૌર રાણાને રૂા.૨ લાખનો દંડ

નવનીત કૌર યુવા સ્વાભિમાની પક્ષ (વાયએસપી)ના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે આ રાજકીય પાર્ટીનું ગઠન તેમના પતિ રવિ રાણા દ્વારા કરવામાં આવ્યું છે

(એજન્સી) તા.૮

બનાવટી જાતિ પ્રમાણપત્રો જમા કરાવવા બદલ બોમ્બે હાઈકોર્ટે મંગળવારે મહારાષ્ટ્રના સાંસદ નવીનત કૌર રાણાને રૂા.૨ લાખનો દંડ ફટકાર્યો હતો. મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશની બીજી સૌથી મોટી લોકસભા બેઠક અમરાવતીથી પ્રથમવાર સાંસદ તરીકે ચૂંટાયેલા નવનીત કૌર હવે તેમની બેઠક ગુમાવી શકે છે. જો કે હાઈકોર્ટે આ અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી. સાત ભાષાઓ બોલી શકતા કૌર મહારાષ્ટ્રના આઠ મહિલા સાંસદોમાં સામેલ છે. પૂર્વ સાંસદ અને શિવસેનાના નેતા આનંદરાવ અદસુલે કૌરની ઉમેદવારીને પડકારી હતી. અરજદારે કહ્યું કે, તે લબાના જાતિથી આવે છે, જે મહારાષ્ટ્રમાં જીઝની શ્રેણીમાં નથી આવતી. આવામાં તેમણે ખોટી રીતે પોતાનું જાતિ સર્ટિફિકેટ બનાવરાવ્યું. નવનીત રાણા પર સ્કૂલના નકલી ડૉક્યુમેન્ટ્સ બતાવીને સર્ટિફિકેટ બનાવ્યું હોવાનો આરોપ છે. અમરાવતીથી સાંસદ નવનીત રાણા સંસદના સત્ર દરમિયાન સતત ચર્ચામાં રહે છે. ગત સંસદના સત્રમાં જ્યારે મહારાષ્ટ્રમાં બનેલા એન્ટેલિયા કેસને લઈને વિવાદ થયો ત્યારે

નવનીત રાણાએ કેન્દ્ર સરકારનો પક્ષ લીધો હતો અને રાજ્યની ઉદ્ધવ સરકાર પર નિશાન સાધ્યું હતું. નવનીત રાણાએ ત્યારબાદ આરોપ લગાવ્યો હતો કે તેમને શિવસેનાના નેતાઓ તરફથી ધમકી મળી હતી. નવનીત રાણાએ આ વિષયને સ્પીકર, ગૃહમંત્રી અને પ્રધાનમંત્રી સામે ઊઠાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે નવનીત રાણાએ ૨૦૧૪માં રાજનીતિમાં એન્ટ્રી કરી હતી, તેમણે એનસીપી તરફથી ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગઈ હતી. નવનીત રાણાના પતિ રવિ રાણા મહારાષ્ટ્રમાં ધારાસભ્ય છે. નવનીત રાણા યુવા સ્વાભિમાની પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. આ રાજકીય પાર્ટીનું ગઠન તેમના પતિ-રવિ રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

પંજાબનું રાજકરણ : નવજોત સિદ્ધુને નાયબ મુખ્યમંત્રી કે, પ્રદેશ પ્રમુખ ન બનાવી શકાય : કોંગ્રેસની સમિતિ સમક્ષ અમરિન્દરસિંઘની રજૂઆત

(એજન્સી) તા.૮

પંજાબના મુખ્ય પ્રધાન કેપ્ટન અમરિન્દરસિંઘે દિલ્હીમાં રાજ્યસભામાં વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગની અધ્યક્ષતાવાળી કોંગ્રેસની ત્રણ સભ્યોની કમિટીને કહ્યું હતું કે નવજોતસિંહ સિદ્ધુને નાયબ મુખ્ય પ્રધાન અથવા રાજ્ય પક્ષના વડા બનાવવામાં નહીં આવે. ગત સપ્તાહે તેમણે પેનલને એવી ખાતરી આપી હોવાનું પણ કહેવામાં આવે છે કે પંજાબની ચૂંટણી પૂર્વે, સેરીગલ-પોલીસ ફાયરિંગના કેસમાં થોડા મહિનામાં કાર્યવાહી શરૂ કરવામાં આવશે. કોંગ્રેસના હાઈકમાન્ડ દ્વારા પાર્ટીના રાજ્ય એકમમાં ઝઘડાને દૂર કરવા માટે એક પેનલની રચના કરવામાં આવી હતી. કેપ્ટન અમરિન્દરસિંઘ, જે તેમના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવા માટેની તૈયારી કરી રહ્યા છે, તેમણે કહ્યું હતું કે સિદ્ધુના ડેપ્યુટી સીએમ અથવા પીસીસી ચીફ તરીકેની રાજ્યના એકમમાં સમાવવાથી રાજ્યમાં નેતૃત્વના સમીકરણોને બદલી શકે છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે સિદ્ધુ ફરીથી મંત્રીમંડળમાં જોડાશે અને તેમના માટે એક પદ ખાલી રાખવામા આવ્યું છે. મુખ્યમંત્રીએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે સિદ્ધુને પીસીસી ચીફ બનાવી શકાતા નથી કારણ કે પાર્ટી એકમમાં અન્ય ઘણા વરિષ્ઠ નેતાઓ છે જેઓ તે પદ માટે પાત્ર છે. વળી, મુખ્યમંત્રી અને પીસીસીના વડા - બંને હોદ્દા જાટ શીખ પાસે હોય શકે નહીં, 'એમ તેમણે ન્યૂઝ ૧૮ ને જણાવ્યું હતું. હકીકતમાં કેપ્ટન અમરિન્દરસિંહે સમિતિને ધ્યાન દોર્યું હતું કે સિદ્ધુ તાજેતરમાં જ તેમની સરકાર વિરુદ્ધ નિવેદનો આપીને બળવાખોર બનવા માટેના માર્ગ પર ગયા છે. સુત્રોએ એમ પણ કહ્યું હતું કે આ હકીકત હાઇ કમાન્ડ અવગણી શકે નહીં કે કેપ્ટન અમરિન્દરસિંઘે હંમેશાં પંજાબમાં કોંગ્રેસ માટે ચૂંટણીઓ જીતી છે અને ગત લોકસભાની ચૂંટણીઓમાં ઉત્તમ પ્રદર્શન કર્યું છે. સમિતિ સમક્ષ હાજર થયેલા કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ સિદ્ધુને ટોચના બે પદ (ડેપ્યુટી સીએમ અથવા પીસીસી ચીફ) માટે સમર્થન આપ્યું હોય એવું લાગતું ન હતું, પરંતુ તેઓએ ન્યૂઝ ૧૮ ને કહ્યું હતું કે હાઈકમાન્ડ સિદ્ધુને આદરણીય પદ પર જાળવી રાખવા માટેનું વલણ ધરાવે છે. સંભવત આગામી ચૂંટણી અભિયાનમાં તેમની અગ્રણી ભૂમિકા સાથે તેઓને રાખવામા આવશે, અને તેઓને આમ આદમી પાર્ટી (આપ) તરફ પાછા જવા માટે રોકવામાં આવશે. અન્ય એક સૂત્રએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીએ કમિટીને હકીકતમાં સિદ્ધુ અને પ્રતાપસિંહ બાજવા જેવા નેતાઓ પર લગામ રાખવા કહ્યું હતું, જે પંજાબમાં વિરોધી પક્ષોની જેમ વર્તી રહ્યા હતા, જ્યારે એસ.એ.ડી., આપ અને ભાજપ જેવા પક્ષો આ રાજ્યમાં તેમની વિરુદ્ધ નબળા પડી રહ્યા છે. રાજ્યમાં એક મોટો મુદ્દો છે, જે ૨૦૧૫ ના સેરીગલ-પોલીસ ફાયરિંગ કેસોમાં કાર્યવાહીમાં વિલંબનો સંવેદનશીલ મુદ્દો છે. મુખ્યમંત્રીએ સમિતિને ખાતરી આપી હોવાનું જણાવ્યું છે કે નવી વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) કામ પર લાગી ગઈ છે અને આઠ મહિનામાં યોજાનારી પંજાબની ચૂંટણી પૂર્વે થોડા મહિનામાં આ વિશે કાર્યવાહી થઈ શકે છે. મુખ્યમંત્રીએ સમિતિને કહ્યું હતું કે તેમની સરકાર અગાઉની એસઆઈટીની આ ઘટનાની તપાસને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (એસએલપી) દાખલ કરવા પર પણ વિચારણા કરી રહી છે. સમિતિ સમક્ષ હાજર થયેલા મોટાભાગના કોંગ્રેસ નેતાઓએ જણાવ્યું હતું કે આ મામલામાં કાર્યવાહીમાં મોડું થવું એ એક મોટી ચિંતા છે અને આગામી ચૂંટણીઓમાં તે પાર્ટીને નુકસાન પહોંચાડી શકે છે, કારણ કે આ ૨૦૧૭ ની પંજાબની ચૂંટણીઓમાં ચૂંટણી પૂર્વેનું એક મોટું વચન આપવામાં આવ્યું હતું.

મેમાં બેરોજગારી દર ૧૧.૯ ટકા થયો, એપ્રિલમાં ૭.૯૭ ટકા હતો

મે માસમાં ભારતમાં આશરે ૧.૫ કરોડથી વધુ લોકો બેરોજગાર બન્યા : પ્રાઈવેટ રિસર્ચ ગ્રુપ

નવી દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરનો કહેર હવે ઓછો થઇ ગયો છે પરંતુ તેને કારણે કરવામાં આવેલા લૉકડાઉનથી દેશની અર્થવ્યવસ્થા ઠપ્પ થઇ ગઇ છે, જેને કારણે કરોડો લોકો પોતાની નોકરી ગુમાવી ચુક્યા છે. એક પ્રાઈવેટ રિસર્ચ ગ્રુપ દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર આ વર્ષે મે મહિનામાં ભારતમાં આશરે ૧.૫ કરોડથી વધુ લોકોએ પોતાની નોકરી ગુમાવી છે. જેને કારણે બેરોજગારીના દરમાં વધારો થયો છે. બીજી લહેરને કારણે ગત મહિને મેમાં બેરોજગારી દર ૧૧.૯ ટકા થઇ ગયો જ્યારે તે પહેલા એપ્રિલમાં આ ૭.૯૭ ટકા દર હતો. ગત વર્ષે કરવામાં આવેલા લૉકડાઉન બાદથી આ દર સૌથી વધુ છે. ગત વર્ષે જૂનમાં બેરોજગારી ૧૦.૧૮ ટકા હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર, કામકાજની ઉંમર વર્ગના લગભગ ૧૪.૭૩ ટકા લોકો શહેરી ક્ષેત્રોમાં અને ૧૦.૬૩ ટકા ગ્રામીણ ક્ષેત્રમાં બેરોજગાર થયા છે. ગત વર્ષએ એપ્રિલમાં કોરોના મહામારીને કારણે દેશભરમાં લગાવવામાં આવેલા લૉકડાઉન દરમિયાન સૌથી વધુ બેરોજગારી દર હતો જ્યારે તેનો દર ૨૩.૫૨ ટકા હતો. જોકે, તે બાદ તે દરમાં આગામી મહિનામાં ઘટાડો થવા લાગ્યો અને મે ૨૦૨૦માં દેશનો બેરોજગારી દર ૨૧.૭૩ ટકા પર પહોચી ગયો. સીએમઆઈઇ અનુસાર મે મહિનામાં ૩૭.૫૪૫ કરોડ લોકો પાસે રોજગાર છે, જેમાં વિવિધ પ્રકારના અનૌપચારિક કાર્યસામેલ છે. એપ્રિલમાં ૩૯.૦૭૯ કરોડ લોકોને રોજગાર મળ્યો, જેનો અર્થ એ છે કે મેમાં ૧.૫૩ કરોડથી વધુ નોકરીઓ જતી રહી. સુત્રો અનુસાર સંક્રમિત થવાનો ડર અને ખરાબ વેક્સીનેશનને કારણે કેટલાક કર્મીઓના મનમાં કામને લઈને ડર વધ્યો જેને કારણે લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટમાં ઘટાડો થયો. એલએફપીઆર કોઇ ખાસ ઉંમર-વર્ગના લોકો દ્વારા કામ કરનારા અથવા સક્રિય રીતે કામની શોધ કરી રહેલા લોકો અને તે ખાસ ઉંમર-વર્ગની કુલ જનસંખ્યાની અનુક્રમિકા છે. આ રેટમાં ખાસ કરીને ૧૫ વર્ષ અને તેથી ઉપરના લોકોને સામેલ કરવામાં આવે છે. બીજી તરફ બેરોજગારી દર સક્રિય રૂપે કામની તપાસ કરી રહેલા બેરોજગારો અને કુલ શ્રમિક બળ (લેબર ફોર્સ) વચ્ચેનો રેશિયો છે.

BPSCનું પરિણામ જાહેર કરવામાં આવ્યું, મુસ્લિમ ઉમેદવારોનું શાનદાર પ્રદર્શન, આ વખતે '૧૦૦' બન્યા અધિકારીઓ

(એજન્સી) બિહાર, તા.૮

બિહાર જાહેર સેવા પંચ (બીપીએસસી)એ રવિવારે તેનું ૬૪મું સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (સીસીઈ)નું અંતિમ પરિણામ જાહેર કર્યું હતું. મેરિટની યાદી અનુસાર, બીપીએસસી-સીસીઈની પરીક્ષામાં ઓમ પ્રકાશ ગુપ્તાએ ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. જ્યારે વિદ્યાસાગર અને અનુરાગ આનંદે અનુક્રમે બીજો અને ત્રીજો સ્થાન હાંસલ કર્યો હતો. આ વખત બીપીએસસીએ વિવિધ સરકારી વિભાગોમાં ૧૪૬૫ ખાલી જગ્યાઓને ભરવા માટે ૬૪મી સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજી હતી. જેમાંથી કુલ ૧૪૫૪ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી હતી. ૨૦૧૮માં યોજાયેલી ૬૪મી પ્રિલિમ (પ્રારંભિક) પરીક્ષામાં ૨ લાખ ૯૫ હજારથી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા. આ વખતની પરીક્ષામાં મુસ્લિમ સમુદાયના લોકોની પણ ખાસી એવી સારી કામગીરી રહી હતી. જો પરિણામને છેલ્લી સંયુક્ત પરીક્ષા (સ્પર્ધાત્મક) સાથે ભેળવીને પણ જણાવામાં આવે તો આંકડાઓમાં વૃદ્ધિ જોવા મળશે. બીપીએસસીની ગયા વર્ષે યોજાયેલી ૬૩મી પરીક્ષાઓમાં કુલ ૩૫૫ ઉમેદવારોમાંથી મુસ્લિમ ઉમેદવારોની સંખ્યા માત્ર ૨૦ હતી. એટલે કે ૫.૭ ટકા હતી. આ વર્ષે ૧.૨ ટકા ઉછાળા સાથે ૧૪૫૪ ઉમેદવારોમાંથી ૧૦૦ મુસ્લિમ ઉમેદવારો હાજર રહ્યા હતા. જે લગભગ ૬.૯ ટકા થાય છે. સૌથી વધુ મુસ્લિમ ઉમેદવારોની પસંદગી મહેસૂલ અધિકારીના વિભાગમાં થઈ છે. જેમાં આ સંખ્યા ૪૨ છે. ત્યારબાદ પુરવઠા નિરીક્ષકમાં ૧૩ ઉમેદવાર આવ્યા, તે વિભાગો જેમાં મુસ્લિમ ઉમેદવારોની પસંદગી નહોતી થઈ તેમાં જેલ અધિક્ષક, પેટા ચૂંટણી અધિકારી, રોજગાર અધિકારી (જિલ્લા), જાહેર સંબંધો અધિકારી, બિહાર વિધાનસભા, જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી, શેરડી અધિકારીનો સમાવેશ થાય છે. ૬૪મી સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થયેલા મુસ્લિમ ઉમેદવારોની યાદી નીચે પ્રમાણે છે :

બિહાર વહીવટી સેવા

● આશના ● અશ્માખાતુન

બિહાર પોલીસ સેવા (DySP)

● મોહમ્મદ આદિલ બિલાલ ● ફૈસલ રઝા ● મોહમ્મદ શાહનવાઝ અખ્તર ● અમન ● રઝિયા સુલતાના

બિહાર નાણાકીય સેવા (વાણિજ્યકર અધિકારી)

● મોહમ્મદ વસીમ

સબ-રજિસ્ટ્રાર, સંયુક્ત સબ-રજિસ્ટ્રાર

● મોહમ્મદ શાદાબ આઝમ

મદદનીશ નિયામક/સામાજિક સુરક્ષા

● મોહમ્મદ મિન્હાઝુદ્દીન

જિલ્લા ઓડિટ અધિકારી

● શેહબાઝ હુસૈન

મદદનીશ રજિસ્ટ્રાર, સહકારી સમાજ

● સફદર રહમાન ● આકિબ જાવેદ

વિભાગ અધિકારી, બિહાર વિધાનસભા

● રૂશ્દા રહેમાન

પ્રોબેશન અધિકારી, બિહાર પ્રોબેશન સેવાઓ

● મોહમ્મદ શોએબ ઝમાન ● આમિલ રઝા ● શફકત તૌફીક

મદદનીશ નિયામક, સામાજિક કલ્યાણ વિભાગ

● મોહમ્મદ ઝફર ● આફતાબ કરીમ ● મોહમ્મદ નાઝિશઅલી ● સાકિબ એહમદ

ગ્રામીણ વિકાસ અધિકારી

● સરીના આઝાદ

મજૂર અમલ અધિકારી

● કાશિફ નવાઝ ● ઝાહિદ અખ્તર અન્સારી

મહેસૂલ અધિકારી

● મોહમ્મદ સાબિહુલ હસન ● નાદિર વકાર અય્યુબી ● મોહમ્મદ અફરોઝ આલમ ● મોહમ્મદ સરફરાઝ એહમદ ● ઈનામુલ હક ● આફતાબ આલમ ● મોહમ્મદ તાબિશ હસન ● અરશદ મદની ● મોહમ્મદ અતહર જમીલ ● આમિર હુસૈન ● મોહમ્મદ આસિફ હુસૈન ● નુરૂલ આરફીન ● એમન ફાતમા ● મો. રઈસ આલમ ● મો. નૌશાદ હૈદર ● સબીહાસદફ સાદિયા ● મો. આકિબ અલાઉદ્દીન ● મો. એજાઝ આલમ ● શાદાબ આલમ ● અઝમતઅલી અન્સારી ● મો. શાહબાઝ અખ્તર ● શગુફ્તા પરવીન ● મો. જમશેદ ● ગુફરાન અનવર ● અહમદ હસન ● નજમુલ હસન ● મહફૂઝ આલમ ● મોહમ્મદ નોમાન ● મોહમ્મદ ગુફરાન મઝહરી ● સિમરન આઝાદ ● મોહમ્મદ અઝહરૂદ્દીન ● સમીના ખાતૂન ● સાદી રઉફ ● મોહમ્મદ સરવર આલમ ● શહલા બારી ● શમ્મા પરવીન ● સદફ આલમ ● ખુશ્બુ ખાતૂન ● વસીમ અકરમ ● નાજની અકરમ ● નુઝહત ● મોહમ્મદ સરફરાઝ અહમદ

પુરવઠા નિરીક્ષક

● મોહમ્મદ શાહરૂખ હુસૈન ● ખુર્શીદ અહમદ હુસૈન ● મુદસ્સિર સબા નઝમી ● આસિફ આલમ ● મોહમ્મદ તય્યબ હુસૈન ● પરવેઝ આલમ ● મોહમ્મદ ઈમ્તિયાઝ અહમદ ● સનોબર ખાનમ ● નૂરજહાં ● જહાં આરા ● ઝેબા મોમીન ● તબ્બુ ખાતૂન ● મોહમ્મદ એજાઝ અહમદ

બ્લોક SC/ST કલ્યાણ અધિકારી

● મોહમ્મદ સૈફુલ્લાહ ● મોહમ્મદ કલીમ અખ્તર ● આફતાબ આલમ ● અલાઉદ્દીન અન્સારી ● મોહમ્મદ મુશ્ફિક હુસૈન ● મોહમ્મદ કૈસર આલમ ● અતિયા અંજુમ ● મોહમ્મદ વસીમ ફિરોજ

મ્યુનિસિપલ કાર્યકારી અધિકારી

● સાનિયા સોનમ એજાઝ ● મોહિબુલ અન્સારી ● મોહમ્મદ શાહીદરઝા ખાન

બ્લોક પંચાયતરાજ અધિકારી

● મોહમ્મદ અતાઉલ હક ● શમાબાનુ ● રૂકૈયા ● ફોઝિયા ગઝલ ● સિમા ખાતૂન

બ્લોક લઘુમતી કલ્યાણ અધિકારી

● સલીમ જાવેદ ● માસૂમા ખાનમ ● અફરોઝ અખ્તર ● ખુશ્બુ આઝમ ● શરબાહ તરન્નુમ

અંતિમ ઉમેદવારોની પસંદગી મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુમાં સંયુક્ત રૂપથી પ્રાપ્ત અંકોના આધારે કરવામાં આવી હતી. અંતિમ પરીક્ષાના અસુરક્ષિત વર્ગ માટે કટ-ઓફ આંક ૫૩૫ રહ્યું જ્યારે મહિલાઓ માટે અસુરક્ષિત વર્ગનું કટ ઓફ આંક ૫૧૩ રહ્યું. પંચે પરિણામની જાહેરાત પીડીએફમાં તમામ શ્રેણીઓ માટે કટ-ઓફ એક યાદી જારી કરી છે. બીપીએસસી ૬૪મી સીસીઈ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું ગુણપત્રક જલ્દી જ પંચની સત્તાવાર વેબસાઈટ પર બહાર પાડવામાં આવશે.

મહાત્મા ગાંધીની પ્રપૌત્રીને દક્ષિણ આફ્રિકામાં ૭ વર્ષની સજા : અહેવાલ

(એજન્સી) ડરબન, તા.૮

દક્ષિણ આફ્રિકામાં રહેતા મહાત્મા ગાંધીની પૌત્ર પૌત્રીને છેતરપિંડીના આરોપ હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા હતા . ૫૬ વર્ષીય આશીષ લતા રામગોબિન ને સોમવારે ડરબનની કોર્ટે છ મિલિયન રેન્ડના ફ્રોડના કેસમાં દોષીત જણાઈ અને સાત વર્ષની જેલની સજા સંભળાવી છે. પોતાને ઉદ્યોગપતિ ગણાતા એવા લતાએ સ્થાનિક ઉદ્યોગપતિ પાસેથી ૬૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. છેતરપિંડીનો ભોગ બનેલા એસ.આર. મહારાજે જણાવ્યું કે લતાએ તેમને નફાની લાલચ આપીને તેની પાસેથી પૈસા લીધા હતા. લતા પર ઉદ્યોગપતિ એસઆર મહારાજ સાથે છેતરપિંડીનો આરોપ મુક્યો હતો. પ્રખ્યાત માનવાધિકાર કાર્યકર ઈલા ગાંધી અને દિવંગત મેવા રામગોબિંદની પુત્રી લતા રામગોબીનને ડર્બન વિશેષ વ્યાપારી ગુના અદાલતે તેની સજા અને સજા બંનેની અપીલ કરવાની મંજૂરી નકારી હતી. સોમવારે સુનાવણી દરમિયાન કોર્ટને કહેવામાં આવ્યું હતું કે લતા રામગોબીન ઓગસ્ટ ૨૦૧૫માં ન્યુ આફ્રિકા એલાયન્સના ફૂટવેર ડિસ્ટ્રિબ્યુટરના ડિરેક્ટર મહારાજને મળ્યા હતા. મહારાજની કંપની આ કંપની કપડાં, શણના વસ્ત્રો અને ફૂટવેર આયાત કરે છે, બનાવે છે અને વેચે છે. મહારાજની કંપની અન્ય કંપનીઓને પણ નફો શેરના આધારે પૈસા આપે છે. લતા રામગોબિને મહારાજને કહ્યું કે તેણીએ દક્ષિણ આફ્રિકાના હોસ્પિટલ જૂથ નેટકેર માટે શણના કાપડનાં ત્રણ કન્ટેનર આયાત કર્યા છે. જણાવીએ કે, રામગોબિન એનજીઓ 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર નોન-વાયલન્સ'માં સહભાગી વિકાસ પહેલના સંસ્થાપક અને કાર્યકારી ડાયરેક્ટર હતા. અહીં તેમણે ખુદને પર્યાવરણ, સામાજિક અને રાજનીતિક હિતો પર ધ્યાન આપનારી એક કાર્યકર્તા તરીકે ગણાવ્યા હતા. મહાત્મા ગાંધીના અનેક વંશજ માનવાધિકાર કાર્યકર્તા છે અને તમાંથી લતા રામગોબિનને પિતરાઈ ભાઈ કીર્તિ મેનન, સ્વર્ગીય સતીશ ધુપેલિયા અને ઉમા ધુપેલિયા-મેસ્ત્રી સામેલ છે. રામગોબિનની માતા ઈલા ગાંધીને વિશેષ કરીને તેના પ્રયત્નો માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર ઓળખ મળી છે. તેમણે ભારત અને દક્ષિણ આફ્રિકા બન્નેમાં રાષ્ટ્રીય સન્માન મળ્યું છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને એક વ્યક્તિએ ચ્હેરા પર થપ્પડ મારી, 'મેક્રોનની સાથે નીચે' ચીસો પાડી

મેક્રોનને થપ્પડ મારનારી વ્યક્તિની ઓળખ અને તેનું આવું કરવા પાછળનો ઈરાદો સ્પષ્ટ થઈ શક્યો ન હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મંગળવારે એક વ્યક્તિએ ચ્હેરા પર તમાચો ઝીંકી દીધો હતો. ફ્રાન્સના દક્ષિણ ભાગમાં ચાલતી વખતે લોકો મેક્રોનને જોઈ રહ્યા હતા. ત્યારે અચાનક ભીડમાંથી એક વ્યક્તિએ રાષ્ટ્રપતિને થપ્પડ મારી દીધી હતી. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો હતો. ઘટના બાદ મેક્રોનની સુરક્ષા ટીમે તુરંત પ્રતિક્રિયા આપતાં લાફો મારનારી વ્યક્તિને જમીન પર પટકી હતી. તથા મેક્રોનને તે વ્યક્તિથી દૂર લઈ ગયા હતા. આ ઘટના મામલે બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ફ્રાન્સના વડાપ્રધાન જીન કાસ્ટેક્ષે જણાવ્યું હતું કે, આ ઘટના લોકશાહી પર લાંછન સમાન છે. મેક્રોન જ્યારે દેશના દક્ષિણ ભાગમાં સ્થિત ડ્રોમ પ્રાંતની મુલાકાતે ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. મુલાકાત દરમ્યાન મેક્રોને કોરોના બાદ જીવનમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી મેળવવા પગપાળા રેસ્ટોરન્ટ માલિકો અને વિદ્યાર્થીઓની ખબર પૂછી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળ્યું હતું કે, મેક્રોન ભીડ લોકો તરફ આગળ વધી રહ્યા હતા. આ સમયે લોકોને મેટલ બેરિકેડની પાછળ ઊભા રાખવામાં આવ્યા હતા. આ સમયે મેક્રોન લીલા રંગની ટી-શર્ટ પહેરેલ અને માસ્કધારી એક વ્યક્તિ સાથે હાથ મિલાવવા જઈ રહ્યા હતા. ત્યારે આ શખ્સે તેમને લાફો ચોંટી દીધો હતો. આ સાથે આ શખ્સ એવું બોલી રહ્યો હતો કે, 'મેક્રોનીની સાથે નીચે'. મેક્રોનની સુરક્ષામાં રહેલા બે ગાર્ડ આગળ આવ્યા હતા અને આ શખ્સને ખેંચી કાઢી તેને જમીન પર પટક્યો હતો. આ ઘટના અંગે રાષ્ટ્રપતિના વહીવટકર્તાએ વધુ વિગત આપવાનો ઈન્કાર કર્યો હતો. મેક્રોનને થપ્પડ મારનારી વ્યક્તિની ઓળખ અને તેનું આવું કરવા પાછળનો ઈરાદો સ્પષ્ટ થઈ શક્યો ન હતો.

અગ્રણી કર્મશીલો અને કાર્યકરો દ્વારા સમગ્ર દેશમાં 'લક્ષદ્વીપ પ્રત્યે એકતા દિવસ' ઉજવાયો

નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વુમન (NFIW) દ્વારા આયોજિત આ વિરોધ પ્રદર્શન થકી દેશના મહાનુભાવો 'લક્ષદ્વીપના વહીવટકર્તાને પરત બોલાવો અને લક્ષદ્વીપને બચાવો' અભિયાનમાં જોડાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

નવા સુધારા અને નિયમો વિરૂદ્ધ ભૂખ હડતાળ પર ઉતરેલા લક્ષદ્વીપના લોકો પ્રત્યે સહાનુભૂતિ અને એકતા દર્શાવવા અગ્રણી કર્મશીલો અને કાર્યકરો દ્વારા સમગ્ર દેશમાં 'લક્ષદ્વીપ પ્રત્યે એકતા દિવસ' ઉજવ્યો હતો. નવી દિલ્હીમાં સંસદ ભવન નજીક રફી અહેમદ કિદવઈ માર્ગ ખાતે નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વુમન (એનએફઆઈડબ્લ્યુ) દ્વારા આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્ષેત્રના એડમિનિસ્ટ્રેટર દ્વારા લાગુ કરવામાં આવેલા નવા નિયમોને વખોડી કાઢવામાં આવ્યા હતા. તેઓ 'લક્ષદ્વીપના વહીવટકર્તાને પરત બોલાવો અને લક્ષદ્વીપને બચાવો' અભિયાનમાં જોડાયા હતા. સંસ્થાના પ્રમુખ અરૂણા રોય અને એન્નિ રાજા, તથા સંસ્થાના મહાસચિવ તેમજ તેના ૨૫ સભ્યોએ હાજર રહી આ દેખાવોને સફળ બનાવ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, અમે લક્ષદ્વીપમાં લાગુ કરવામાં આવેલા મનસ્વી નિર્ણયોની વિરૂદ્ધ છે અને ચિંતિત છે. નવા સુધારોનો વિરોધ કરવા અમે અહીં એકઠા થયા છે. હાથમાં પ્લેકાર્ડ સાથે તેઓએ જણાવ્યું હતું કે, પટેલ ભાજપના માણસ છે. તેમણે જ્યારથી લક્ષદ્વીપનો હવાલો સંભાળ્યો છે ત્યારથી ત્રણ મુસદ્દા રજૂ કર્યા છે જેના પગલે ક્ષેત્રમાં

ભારે બેચેની સર્જાઈ છે. સ્થાનિક લોકો સાથે ચર્ચા કર્યા વિના આ નિયમો લાગુ કરી દેવાયા હતા. અમે લક્ષદ્વીપના લોકોની સાથે છીએ. જે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે તેનાથી ક્ષેત્રની શાંતિ ડહોળાવાનો અને સામાજિક એકતા ખંડિત થવાનો ભય છે. એટલુ જ નહીં આ પ્રકારના નિર્ણયો સ્થાનિક લોકોના મૂળભૂત અધિકારો પ્રત્યે તરાપ સમાન છે. કેન્દ્ર શાસિત પ્રદેશમાં હિન્દુત્વની નીતિ લાદવાનું આ પગલું છે. આ વિરોધ પ્રદર્શનમાં રાજકીય અને સામાજિક કાર્યકર તથા ડીએમકેના સાંસદ કનિમોઝી, કે.પી. ફાબિયાન, આયોજન પંચના પૂર્વ સભ્ય સૈયદ હમીદ, લક્ષદ્વીપના પૂર્વ વહીવટકર્તા વજાહત હબિબુલ્લાહ, માયા રાવ, શહબનમ હાશમિ, એડવોકેટ પ્રશાંત ભૂષણ, કમલા ભસિન, ડોકટર મિરતુન નાહર, અભિનેતા દેબદાત ઘોષે, કવિ મંદ્રકાંતા સેન, ભંવરી દેવી, મેધા પાટકર, પત્રકાર શંકર રે, અનિકેત ચટ્ટોપાધ્યાય, કવિતા શ્રીવાસ્તવ, ડોકટર લાડકુમારી જૈન, સેડ્રિક પ્રકાશ અને અન્ય અગ્રણી લોકો જોડાયા હતા.

'ઈસ્લામ ધર્મમાં માનતા હોવાથી નિશાન બનાવાયા' કેનેડામાં ઈરાદાપૂર્વક મુસ્લિમ પરિવાર પર ટ્રક ચડાવાઈ

ટ્રક દ્વારા કેનેડિયન મુસ્લિમ પરિવારની હત્યા હેટ ક્રાઈમને કારણે : પોલીસ

(એજન્સી) ઓન્ટેરિયો, તા.૮

કેનેડામાં ઈરાદાપૂર્વક મુસ્લિમ પરિવાર પર ટ્રક ચડાવી દેવાઈ હતી. હેટ ક્રાઈમને કારણે ટ્રક દ્વારા મુસ્લિમ પરિવારની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ માનવીય ઘટનામાં પરિવારના ચાર સભ્યોના મોત થયા હતા. જ્યારે એક નવ વર્ષના બાળકની હાલત ગંભીર હોવાથી તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પરિવારમાં હવે માત્ર આ નવ વર્ષનો બાળક જ જીવિત બચ્યો છે. આ મામલે પોલીસે એક વર્ષીય ટ્રક ચાલકની ધરપકડ કરી તેની સામે હત્યાનો કેસ દાખલ કર્યો છે. કેનેડાના વડાપ્રધાને આ હુમલાને વખોડી કાઢયો હતો. આ ઘટના રવિવારે સાંજે કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતના લંડન શહેરમાં બની હતી. રવિવારે થયેલો આ હુમલો વર્ષ ૨૦૧૭ બાદથી મુસ્લિમો સામેનો સૌથી ભયાનક હુમલો હતો. ૨૦૧૭માં ક્યુબેકની એક મસ્જિદ પર કરવામાં આવેલા હુમલામાં છ લોકો જન્નતનશીન થયા હતા. સોમવારે પોલીસે જણાવ્યું હતું કે, હત્યારાની ઓળખ નેથેનિયલ વેલ્ટમેન તરીકે કરવામાં આવી છે. લંડન પોલીસ વિભાગના ડિટેક્ટિવ પોલ વેઈટે જણાવ્યું હતું કે, અમને એવા પુરાવા મળ્યા છે જેના આધારે એમ કહી શકાય કે, નફરતના કારણે આ પૂર્વઆયોજિત હુમલો કરવામાં આવ્યો હતો. પરિવાર મુસ્લિમ હોવાથી તેમને નિશાન બનાવવામાં આવ્યા હતા. પોલીસ અને ફરિયાદ પક્ષ આ મામલે આતંકવાદના ગુના હેઠળ ફરિયાદ દાખલ કરે તેવી શકયતા છે. પોલીસે જણાવ્યું હતું કે, હત્યારાનો કોઈ ગુનાઈત રેકોર્ડ નથી. અને તે કોઈ હેટ જૂથનો સભ્ય પણ નથી. મૃતકોમાં ૪૬ વર્ષીય સૈયદ અફઝલ, તેમના ૪૪ વર્ષીય પત્નિ મદિહા સલમાન, તેમની ૧૫ વર્ષીય પુત્રી યમન્હા અફઝલ અને સૈયદ અફઝલના ૭૪ વર્ષીય માતાનો સમાવેશ થાય છે. જ્યારે તેમના નવ વર્ષીય પુત્ર ફારા અફઝલનો આ હુમલામાં બચાવ થયો હતો. જોકે તેની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ પરિવાર ૧૪ વર્ષ અગાઉ કેનેડામાં આવી વસ્યો હતો. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું

પોલીસે ગણતરીના સમયમાં હત્યારાની ધરપકડ કરી : ત્રાસવાદની કલમો હેઠળ કાર્યવાહી સંભવ

હતું કે, આ ઘટનાના સમાચાર સાંભળી મને ખૂબ જ આઘાત લાગ્યો હતો. નફરતના નામે તેમની સામે ત્રાસવાદી કૃત્ય આચરવામાં આવ્યું છે. અમે આ પરિવારની સાથે છીએ. અમે હંમેશા પરિવારના બચેલા બાળકની પડખે રહીશું. કેનેડાના તમામ મુસ્લિમોએ એ વાત સમજવાની જરૂર છે કે, અમે તેમની સાથે છીએ. અમારા સમાજમાં ઈસ્લામોફોબિયાને કોઈ સ્થાન નથી. આ પ્રકારની નફરતપૂર્ણ કાર્યવાહી ધિક્કારપાત્ર છે. જે બંધ થવી જોઈએ. લંડન શહેરના મેયર ઈડી હોલ્ડરે પણ જણાવ્યું હતું કે, આ ઘટના સમૂહ હત્યા છે. મુસ્લિમો અને લંડન શહેર માટે આ ઘટના દુષ્કર્મ સમાન છે. ટોરન્ટોના મેયરે પણ આ ઘટનાની નિંદા કરી જણાવ્યું હતું કે, અમે મુસ્લિમોની પડખે છે. અમે આ પ્રકારની હિંસાને નકારીએ છે. કેનેડામાં ઈસ્લામોફોબિયાને કોઈ સ્થાન નથી.

કેનેડાના વડાપ્રધાન અને મેયરોએ હુમલાની નિંદા કરતાં કહ્યું; અમે દેશના મુસ્લિમોની પડખે છીએ, આ એક સમૂહ હત્યા છે અને અમારા સમાજમાં ઈસ્લામોફોબિયાને કોઈ સ્થાન નથી

કેનેડાના લોકો પરિવારના બચી ગયેલા નવ વર્ષના બાળકની સાથે છે અને તેના સાજા થવાની પ્રાર્થના કરીએ છે : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે, આ ઘટનાના સમાચાર સાંભળી મને ખૂબ જ આઘાત લાગ્યો હતો. નફરતના નામે તેમની સામે ત્રાસવાદી કૃત્ય આચરવામાં આવ્યું છે. અમે આ પરિવારની સાથે છીએ. અમે હંમેશા પરિવારના બચેલા બાળકની પડખે રહીશું. કેનેડાના તમામ મુસ્લિમોએ એ વાત સમજવાની જરૂર છે કે, અમે તેમની સાથે છીએ. અમારા સમાજમાં ઈસ્લામોફોબિયાને કોઈ સ્થાન નથી. આ પ્રકારની નફરતપૂર્ણ કાર્યવાહી ધિક્કારપાત્ર છે. જે બંધ થવી જોઈએ. લંડન શહેરના મેયર ઈડી હોલ્ડરે પણ જણાવ્યું હતું કે, આ ઘટના સમૂહ હત્યા છે. મુસ્લિમો અને લંડન શહેર માટે આ ઘટના દુષ્કર્મ સમાન છે. ટોરન્ટોના મેયરે પણ આ ઘટનાની નિંદા કરી જણાવ્યું હતું કે, અમે મુસ્લિમોની પડખે છે. અમે આ પ્રકારની હિંસાને નકારીએ છે. કેનેડામાં ઈસ્લામોફોબિયાને કોઈ સ્થાન નથી.

PM મોદી સાથે ઉદ્ધવ ઠાકરેની મુલાકાત; મરાઠા અનામત, જીએસટી વળતર મુદ્દે ચર્ચા

PM સાથે ચર્ચા અંગે સર્જાયેલી અટકળો પર ઉદ્ધવ ઠાકરેનો પૂર્ણવિરામ, રાજ્ય અંગે અનેક વિષયો પર ચર્ચા કરી વડાપ્રધાનને પત્ર સોંપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધળ ઠાકરે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દિલ્હીમાં મળ્યા હતા અને મરાઠા અનામત, મેટ્રો કાર શેડ અને જીએસટી વળતર મુદ્દે તેમની સાથે ચર્ચા કરી હતી. ઉદ્ધવ ઠાકરે સાથે મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર અને કોંગ્રેસના નેતા અશોક ચવાણ વડાપ્રધાન નિવાસ સ્થાને પહોંચ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ઉદ્ધવે જણાવ્યુ હતું કે વડાપ્રધાને અમારા દરેક મુદ્દાને ધ્યાનથી સાંભળ્યા છે અને ગંભીરતા સાથે વિચાર કરવાની વાત જણાવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યુ હતું કે વડાપ્રધાનન મોદી સાથે મરાઠા અનામત, મરાઠા આરક્ષણ, મેટ્રો શેડ, જીએસટી કલેકશન, ક્રોપ ઈન્શ્યોરન્સ, સાઈક્લોન સહિતના અન્ય મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે દ્વારા માંગ કરવામાં આવી હતી કે મરાઠી ભાષાને કેન્દ્ર તરફથી સ્ટેટસ આપવામાં આવે. ઉદ્ધવે જણાવ્યુ હતું કે દરેક વિષયો બાબતે અમે વડાપ્રધાનને પત્ર સોંપ્યો છે. મોદી સાથે મુલાકાત બાદ ઉદ્ધવ ઠાકરેની અચાનક મુલાકાત બાબતના સવાલ પર તેમણે જણાવ્યુ હતું કે જો તેઓ વડાપ્રધાન સાથે મળવા માંગે છે. તેમાં ખોટું શું છે? તેઓ કોઈ પરવેજ મુશર્રફ કે નવાઝ શરીફ તો નથી. ઉદ્ધવે વધુમાં કહ્યું હતું કે અમે ભલે તેમનાથી અલગ છીએ પરંતુ તેમની સાથે અમારા સંબંધ પહેલા પણ રહ્યા છે. મરાઠા અનામત મુદ્દે રાજ્ય સરકારના અશોક ચૌહાણે જણાવ્યુ હતું કે આનામત મામલે રાજ્યો કરતાં વધુ શક્તિ કેન્દ્ર પાસે છે, એવામાં કેન્દ્ર સરકારે આ મુદ્દે આગળ આવીને પગલાં ભરવા જોઈએ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ તમામનો પક્ષ રાખવો જોઈએ. કોરોનાની મુશ્કેલી હોય કે વેક્સિનેશન બાબત, જીએસટી કલેકશનની વાત હોય કે પછી મરાઠા અનામત પર હાલમાં જ આવેલા સુપ્રીમ કોર્ટના નિર્ણય સહિત બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. પ્રેસ કોન્ફરન્સમાં ડેપ્યુટી સીએમ અજિત પવારે જણાવ્યુ હતું કે અનામત મુદ્દો માત્ર મહારાષ્ટ્રનો જ નથી, પરંતુ દેશભરનો છે, આ ઉપરાંત જીએસટી બાબતે કહ્યું હતું કે અમારા ૨૪ હજાર કરોડ રૂપિયાનો હિસ્સો અમને મળવાનો બાકી છે, તે વહેલી તકે અમને આપવામાં આવે.

સાયરાબાનુએ હોસ્પિટલમાંથી દિલીપ કુમારનો ફોટો શેર કરી ભાવુક પોસ્ટ લખી

(એજન્સી) મુંબઈ, તા.૮

દિલીપ કુમારની તસવીર સો.મીડિયામાં શેર કરવામાં આવી હતી. આ તસવીરમાં તારીખ તથા ફોટો કયા સમયે ક્લિક કરવામાં આવ્યો તે પણ લખવામાં આવ્યો છે. તસવીરમાં દિલીપ કુમાર ઓક્સિજન સપોર્ટ વગર જોવા મળ્યા છે, આના પરથી ખ્યાલ આવે છે કે તેમની તબિયત હવે પહેલાં કરતાં સારી છે. ૯૮ વર્ષીય વરિષ્ઠ બોલિવૂડ એક્ટર દિલીપ કુમારની ૬ જૂન, રવિવારના રોજ અચાનક તબિયત ખરાબ થઈ ગઈ હતી. તેમને છેલ્લાં ઘણાં દિવસોથી શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. તેમની ઘરે જ સારવાર ચાલતી હતી. જો કે, તબિયતમાં કોઈ સુધારો ના થતાં તેમને હિંદુજા હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે. તેમનું ઓક્સિજન લેવલ ઘટી જવાને કારણે તેઓ ઓક્સિજન સપોર્ટ પર છે. હાલમાં તેઓ ડૉ. નિતિન ગોખલેની દેખરેખમાં છે. દિલીપ કુમારની હેલ્થ અપડેટ તેમના સો.મીડિયા અકાઉન્ટમાં અપડેટ કરવામાં આવી છે. આ પોસ્ટ સાયરા બાનો તથા ફૈઝલ ફારુખી અપડેટ કરે છે. સોમવાર, ૭ જૂનની સાંજે સાયરાએ પોસ્ટમાં કહ્યું હતું, છેલ્લાં કેટલાક દિવસથી મારા પ્રેમાળ પતિ યુસુફ ખાનની તબિયત ઠીક નથી. તેઓ મુંબઈની

હોસ્પિટલમાં એડમિટ છે. હું તમામનો આભાર માનવા માગું છું કે તમામે તેમના માટે દુઆ કરી. મારા પતિ, મારા કોહિનૂર, આપણા દિલીપ સાહેબની તબિયત હવે સ્થિર છે અને ડૉક્ટર્સે આશ્વાસન આપ્યું છે કે તેમને જલ્દીથી રજા આપવામાં આવશે. હું વિનંતી કરું છું કે અફવા પર વિશ્વાસ ના કરો. આ દરમિયાન હું તમને સાહેબની તબિયત માટે દુઆ કરવાનું કહી રહું છે તો હું પણ તમારા માટે કોરોનામાં સલામતીની દુઆ કરું છું.

કોરોનાના ૮૬ હજાર નવા કેસો, ભારતના દૈનિક કેસોનો આંકડો બે મહિના પછી પ્રથમવાર ૧ લાખની નીચે ગયો

કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ પણ પાંચ ટકા નીચે સરક્યો, ભારતમાં ૫ એપ્રિલના રોજ કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દેશમાં ૬૩ દિવસ બાદ સૌપ્રથમ વખત કોરોનાના કેસ એક લાખથી ઓછા નોંધાયા છે અને દૈનિક પોઝિટિવિટી રેટ ઘટીને ૪.૬૨ ટકા થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના મતે દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૪૯૮ કેસ નોંધાયા હતા જે છેલ્લા ૬૬ દિવસમાં સૌથી ઓછા છે. આ સાથે જ કોરોનાના કુલ સંક્રમિત કેસોની સંખ્યા ૨,૮૯,૯૬,૪૭૩ પર પહોંચી છે. એક દિવસમાં વધુ ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જે ૪૭ દિવસમાં સૌથી ઓછો આંક રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંક વધીને ૩,૫૧,૩૦૯ થયો હતો. અગાઉ ૨ એપ્રિલના રોજ કોરોનાના દૈનિક ૮૧,૪૬૬ કેસ નોંધાયા હતા. કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ સતત ૧૫મા દિવસે ૧૦ ટકા નીચે રહ્યો હતો. દેશમાં કોરોના સામે રાજ્યોએ લાગુ કરેલા કડક પગલાંને લીધે છેલ્લા પખવાડિયામાં નવા સંક્રમણના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ પણ ઘટીને ૫.૯૪ ટકા રહ્યો હતો. કોરોના હળવો પડતા દેશમાં સક્રિય કેસો પણ ઘટીને ૧૩,૦૩,૭૦૨ થયો હતો અને રિકવરી રેટ સુધારા સાથે ૯૪.૨૯ પર પહોંચ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૭,૯૦૭ કેસો ઘટ્યા હતા. સોમવારે ૧૮,૭૩,૪૮૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. અત્યાર સુધીમાં કુલ ૩૬,૮૨,૦૭,૫૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. સતત ૨૬માં દિવસે કોરોનાના નવા કેસોની તુલનાએ રિકવર થયેલા દર્દીઓનો આંક વધુ રહ્યો હતો. કોરોના સંક્રમણમાંથી સ્વસ્થ થયેલા

દર્દીઓની કુલ સંખ્યા ૨,૭૩,૪૧,૪૬૨ થઈ છે. કોરોનાથી મૃત્યુનો દર ૧.૨૧ ટકા નોંધાયો હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું. દેશમાં કોરોના રસીકરણ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૩,૬૧,૮૮,૭૨૬ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જેમાં તામિલનાડુમાં ૩૫૧, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૩૪૦, કેરળમાં ૨૧૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૦૩ દર્દીનો સમાવેશ થાય છે. ભારતમાં ૫ એપ્રિલના રોજ પહેલીવાર કોરોના વાયરસના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા. તે વખતે ૨૪ કલાકમાં ૧ લાખ ૩ હજાર ૮૪૪ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ અમેરિકા બાદ ભારત બીજો એવો દેશ બની ગયો હતો જ્યાં એક જ દિવસમાં કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા.

ભાજપ ઉત્તરાખંડમાં પણ 'આસામ મોડેલ'નો અમલ કરશે

(એજન્સી) તા.૮

ઉત્તરાખંડમાં ચૂંટણી યોજવા માટે એક વર્ષથી ઓછો સમય રહી ગયો છે અને આ રાજ્યમાં મુખ્ય પ્રધાનમાં ફેરફાર કરવાના ભાજપના અવિચારી પગલાએ ઘણા લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા, પરંતુ થોડા મહિનાઓ બાદ પક્ષ નવા મુખ્ય પ્રધાનના ચહેરાને બદલે સામૂહિક નેતૃત્વના આધારે આગામી વર્ષે ચૂંટણીમાં ઝંપલાવવાનું વિચારી રહ્યો છે. પક્ષના નેતાઓ આ સામૂહિક નેતૃત્વના સમર્થનમા મતદાન કર્યા પછી ચૂંટણીમાં "આસામ મોડેલ" ની ખાતરી થઈ રહી છે. આ રાજ્યમાં પણ મુખ્ય પ્રધાનનું પુનરાવર્તન થશે કે કેમ, કે આસામમાં મતદાન થયા બાદ હિંમતા બિસ્વા સરમાને સર્વાનંદ સોનોવાલની જગ્યાએ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.ઉત્તરાખંડમાં ત્રિવેન્દ્રસિંહ રાવતને હટાવીને તિરથ સિંહ રાવતને મુખ્ય પ્રધાન બનાવ્યા બાદ પાર્ટીના ધારાસભ્યો, નેતાઓ, કાર્યકરો અને વિશ્વ હિન્દુ પરિષદને તેઓ અલગ પાડવામાં સફળ થયા હતા, અનેક લોકોએ એવું કહ્યું હતું કે જો તેમણે ૨૦૧૯ ના દેવસ્થાન અધિનિયમની પાછી ખેંચવાની જાહેરાત નહી કરે તો તેઓએ

આંદોલનની ચીમકી આપી હતી. બદ્રીનાથ અને કેદારનાથ મંદિરો સહિત મોટી સંખ્યામાં હિન્દુ મંદિરોના કામને નિયંત્રિત કરવાની માંગ તેઓએ કરી હતી. તીરથસિંહ રાવતે તેમના ઘણા પૂર્વગામીઓના અયોગ્ય નિર્ણયોને રદ્દ કર્યા છે, પરંતુ તેઓ પ્રેરણાદાયક પસંદગી કે સંચાલક માનવામાં આવતા નથી. ઉત્તરાખંડમાં તાજેતરમાં યોજાયેલી કવાયતમાં, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) બી.એલ. સંતોષને પક્ષના વિવિધ નેતાઓનો ઘણો પ્રતિસાદ મળ્યો હતો અને એક વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે, ત્રિવેન્દ્રસિંહ રાવતને મુખ્યમંત્રી પદ પરથી હટાવવાથી જૂથવાદ અને ઘણા નેતાઓની નારાજગીનો અંત થયો નથી. પક્ષો સાથે જોડાયેલા અનેક નેતાઓએ સંતોષને તેમની ચિંતાઓ સ્પષ્ટ કરી હતી. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય બહુગુણાના નેતૃત્વ હેઠળ કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા નેતાઓનું જૂથ હાલમાં સક્રિય છે, અને ભાજપના અગાઉના મુખ્ય પ્રધાનોના નેતૃત્વના જૂથોના લોકો પણ તેમાં સામેલ છે. તીરથસિંહ રાવતે ત્રિવેન્દ્રસિંહ રાવત સરકારના ઘણાં અણગમતાં નિર્ણયોને રદ કરી દેવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તેઓ તેમની ટીમમાં આ જૂથના ઘણા નેતાઓને સમાવી શક્યા નથી, એમ એક સૂત્રએ જણાવ્યું હતું. પક્ષના વિભાગોએ કેન્દ્રીય નેતૃત્વને આગામી વિધાનસભાની ચૂંટણીઓની તૈયારી શરૂ કરવા માટે સામૂહિક નેતૃત્વ પર ભાર મૂકવાની સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે ભાજપે યાદ રાખવું જોઈએ કે આ તે જ રાજ્ય એકમ છે કે જે બ્રાહ્મણ અને રાજપૂત લોબી વચ્ચે ભારે ઝઘડાને કારણે ચૂંટણી હારી ગયા હતા. તેથી, મુખ્યમંત્રી પદની કોઈપણ ઘોષણા યોગ્ય નથી એવું રાજ્યના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. હિલ સ્ટેટના આ એકમને કોંગ્રેસ અથવા ભાજપ બંને માટે સંચાલન કરવું સરળ નથી.

મીરખાન મકરાણી દ્વારા ચૂંટણી કમિશનરને રજૂઆત

સવગઢ ગ્રુપ ગ્રા.પં.ના વિભાજન બાદ મતદારયાદી, વોર્ડ રચના અને સિમાંકનમાં ક્ષતિથી લોકો પરેશાન

હિંમતનગર, તા.૮

સવગઢ ગ્રુપ ગ્રામ પંચાયતના વિભાજન દરમિયાન મતદાર યાદી,વોર્ડ રચનાના અને સિમાંકનમાં થયેલ ક્ષતિ દૂર કરવા ચૂંટણી કમિશનર ગુજરાત રાજયને મીરખાન મકરાણી (અલ્પસંખ્યક અધિકાર મંચ) દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

હિંમતનગર શહેરને અડીને આવેલ સવગઢ ગ્રુપ ગ્રામ પંચાયતનું ૪ વર્ષ પહેલા વિભાજન થઇ ત્રણ પંચાયતો અસ્તિત્વમાં આવેલ.જેમાં માલીવાડા ગ્રામ પંચાયત, ઝહિરાબાદ ગ્રામ પંચાયત અને સવગઢ (પાણપુર) ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવી આ પંચાયતોના મતદાતાઓ ભૂલભરેલ સીમાંકન અને ગોટાળાવાળી મતદારયાદીના હિસાબે વોટીંગ દરમિયાન હેરાન થાય છે. પોતાના વિસ્તારનો પ્રતિનિધિ ચૂંટી સકતા નથી. સરકારી પ્રાથમિક સુવિધાઓ માટે પણ ક્યાં પંચાયત સભ્યને રજૂઆત કરવી તે તેમને ખબર નથી પડતી. વિભાજન વખતે ક્ષતિઓ દૂર કરવા તા.૧૭/૦૬/૨૦૧૭ સાબરકાંઠા જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવેલ જેનું અત્યાર સુધી કોઈ જ જવાબ મળેલ નથી.

માલીવાડા ગ્રામ પંચાયત-આ વિસ્તારમાં હુસેનાબાદ વિસ્થાપિત કોલોની આવેલ છે. જેના સીમાંકન ક્યાં આધારે કરવામાં આવેલ છે. તે ત્યાના રહીશો અત્યાર સુધી નથી સમજી શક્યા કેમકે ૧૧૬ મકાનની કોલોની બે સર્વે નંબર પર બની હોવા છતાં ૭ વોર્ડમાં તેમને વોટીંગ કરવા જવું પડે છે.(વર્ષ ૨૦૧૭ વોર્ડ રચના-વોર્ડ નં.૧-૩ વોટ, વોર્ડ નં.૨-૧૪ વોટ, વોર્ડ નં.૩-૫વોટ, વોર્ડ નં.૪- ૩૩ વોટ, વોર્ડ નં.૫-૨ વોટ, વોર્ડ નં.૬-૫૭ વોટ, વોર્ડ નં.૭-૧૫૭ વોટ, એક વોર્ડની જગ્યાએ આ વિસ્તારના મતદાતાઓને ૭ વોર્ડમાં વિભાજીત કરી નાખવામાં આવેલ છે. તેમજ એક જ ઘરમાં રહેતા લોકોના બે વોર્ડમાં નામ દાખલ કરવામાં આવેલ છે જેવી રીતે કે, પતિનું બીજા વોર્ડમાં તો પત્નીનું બીજા વોર્ડમાં પિતાનું બીજા વોર્ડમાં તો બાળકોનું બીજા વોર્ડમાં જે વોર્ડ સીમાંકનના નિયમોને વિરૂદ્ધ છે. (સદર પંચાયતના ૧૦૮ સર્વે નંબરથી ઓળખાતો વિસ્તાર માલીવાડામાં આવે છે. આ વિસ્તારમાં આશરે ૭૦થી વધુ મકાનો આવેલા છે. જેમાંથી મતદાર યાદીમાં દર્શાવ્યા પ્રમાણે વોર્ડ નં.-૧૦-૮ વોટ દર્શાવવામાં આવ્યા છે. જે પોતાના વિસ્તારથી ઘણાં દૂરના વોર્ડની મતદાર યાદીમાં નાખી દેવામાં આવ્યા છે. તેમજ સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે તેમના રહેઠાણ માલીવાડા પંચાયતમાં છે. પરંતુ વોટીગ ઝહીરાબાદ પંચાયતમાં આવે છે. વોર્ડ નં.૮-૨ વોટ લઘુમતી સમુદાયના મતદાર યાદીમાં નાખવામાં આવેલ છે.જે સવગઢ (પાણપુર) પંચાયત વિસ્તારના રહેમત નગરમાં રહે છે. તેમજ તેઓ વર્ષોથી ત્યાજ રહે છે. તો પણ તેમના નામ કયા આધારે દાખલ કરવામાં આવ્યા તે યક્ષ પ્રશ્ન છે. (સદર વિસ્તારના લોકોના નામ માલીવાડા પંચાયતના મતદાર યાદીમાં આવ્યા નથી.)

સવગઢ (પાણપુર) ગ્રામ પંચાયત-રહેમત નગર વિસ્તારમાં આવેલ ઝૂપડ પટ્ટીના ઓડ લોકોને પોતાની પંચાયત છોડી ઝહિરાબાદ ગ્રામ પંચાયતમાં વોટીગ કરવા જવું પડે છે. આજે તે રહી રહ્યા છે સવગઢ (પાણપુર) ગ્રામ પંચાયતમાં પરંતુ મતદાતા ઝહિરાબાદ ગ્રામ પંચાયતમાં હોઈ તેમને સરકારી લાભ લેવો હોયતો તકલીફ પડે છે. આ પરિવારોના નામ બીપીએલ લાભાર્થીમાં આવી ગયેલ છે. પણ તેમને પ્લોટ કઈ પંચાયત આપશે તે યક્ષ પ્રશ્ન છે.

યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ભારતીય કિસાન સંઘની ચીમકી

ટેકાના ભાવે અર્ધશિયાળુ મગની ખરીદી કરવા વાગરા મામલતદારને આવેદનપત્ર અપાયું

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૮

રાજ્ય સરકારે મગના ટેકાના ભાવ જાહેર કર્યા હતા. પરંતુ તેની નોંધણી નહીં કરાતા અને બજારમાં ઓછા ભાવથી ખરીદી થતાં જગતના તાતની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. ટેકા ના ભાવથી રાજ્ય સરકાર મગની ખરીદી કરે એ માટે ભારતીય કિસાન સંઘ એ વાગરા મામલતદારને આવેદન પાઠવ્યુ હતુ.

ભરૂચ જિલ્લામાં મગનું મબલક વાવેતર થાય છે અને એમાંયે વાગરા તાલુકામાં અર્ધ શિયાળુ મગનું ઉત્પાદન વ્યાપક પ્રમાણ થાય છે. રાજ્ય સરકારે મગના ટેકાના ભાવ ૭૧૯૬/- રૂા. જાહેર કર્યા હતા. હાલમાં ટેકાના ભાવથી ૧૪૦૦/- રૂા. ઓછા ભાવથી વેપારીઓ ખેડૂતો પાસેથી ખરીદી કરતા હોવાથી જગતના તાતને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ વાગરા મામલતદારને ખેડૂતો એ આવેદન પાઠવ્યુ હતુ. આવેદનમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર ખેડૂતોના મગની ખરીદી ટેકાના ભાવથી કરે એવી માંગ કરવામાં આવી છે. જો આ બાબતે સરકાર યોગ્ય કાર્યવાહી નહીં કરે તો ખેડૂતો આંદોલનનો માર્ગ અપનાવશે.અને તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મગની ખરીદી

માટે ખેડૂતોએ અગાઉ રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડી હતી અને સરકારે નમતુ જોખી પુનઃ અર્ધ શિયાળુ મગ ખરીદી કરી હતી. સરકારી તંત્રની બેદરકારીને પગલે ખેડૂતોને ભોગ બનવુ પડે છે. જો તંત્ર સરકારનું યોગ્ય સમયે ધ્યાન દોરે તો ખેડૂતોને કોઈ જ સમસ્યા આવે નહીં. ગમે તેમ હાલ તો ખેડૂતો પાસે હજારો કવીન્ટલ મગ ઘરમાં હોય અને ઉચિત ભાવ નહિ મળતા કોરોના કાળમાં હાડમારી ભોગવવાનો વારો આવ્યો છે.

ભરૂચ જિલ્લાના ખેડૂતો વતી ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ અજિત સિંહ રાજ દ્વારા પ્રવર્તમાન કપરા સમયમાં સરકારે નક્કી કરેલા ટેકાના ભાવે ખરીદી ચાલુ કરવા માંગ કરવામાં આવી છે. વધુમાં સદર માંગણી ખેડૂત હિતની હોય તેને તાકીદે ધ્યાને લઇ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ. અન્યથા ખેડૂતોને આંદોલનનો સહારો લેવાની ફરજ બનશે અને તેની સઘળી જવાબદારી સરકારની રહેશે તેમ જિલ્લા પ્રમુખ દ્વારા હુંકાર કરાયો છે. આવેદન પાઠવવા ટાણે ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ અજીતસિંહ રાજ, દિપકસિંહ રાજ, ઈલેશભાઈ પટેલ વાગરા, હળવતસિંહ, ઈન્દ્રજીતસિંહ પહાજ તેમજ અનેક ગામના ખેડૂતો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બિલખામાં જમીન વિવાદમાં સમાધાન ન કરતા વેપારીની હત્યાનો પ્રયાસ

ત્રણ શખ્સોએ ગાડી ચઢાવી દેવાનો પ્રયાસ કરી એક રાઉન્ડ ફાયરિંગ કર્યું

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના બિલખા ખાતે બાપ-દાદાની જમીનનો વાંધો ચાલી રહ્યો હોય જે વાંધા પ્રશ્ને ગઈકાલે મોડી સાંજનાં ખોળ-કપાસિયાના દુકાનદાર ઉપર કાર લઈને આવેલા શખ્સોએ બેઝબોલનાં ધોકા વડે હુમલો કરી તેમજ પિસ્તોલ અથવા તમંચા જેવા હથિયારથી એક રાઉન્ડ ફાયર કરી અને ગાડી માથે ચડાવી મારી નાંખવાની કોશિશ કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર લક્કી ઉર્ફે ભીમ રાઠોડભાઈ ઉદળ (ઉ.વ.૩૦) રહે.રાવતેશ્વર ધર્મ્રાલય રોડ બિલખાવાળાએ (૧) યુવરાજ અશોકભાઈ, (૨) શિવરાજ ઉર્ફે શીવો નાજભાઈ તથા (૩) એક અજાણ્યો દાઢીવાળો શખ્સ વગેરે સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં ફરિયાદીને તેના ભાઈ સાથે બાપ દાદાની જમીનનો વાંધો ચાલતો જે વાંધા અંગે ફરિયાદીને આ કામનો આરોપી નં. (૧) યુવરાજ અવાર નવાર ધાક ધમકી આપી બળજબરીથી સમાધાન કરાવવા માંગતો હોય પરંતુ ફરિયાદી આરોપી યુવરાજની વાતમાં સહમત નહીં થતા યુવરાજ અને તેના સાગરીતો આરોપી નં. (૨), (૩)ને સાથે લઈ અને ફરિયાદીની દુકાને આરોપી યુવરાજ પાસેની કાર જેની સીરીઝ ફરિયાદીને ખબર નથી. પરંતુ રજી નં.૧૧૧ વાળી કારમાં આરોપીઓ ફરિયાદીની દુકાને જઈ ફરિયાદી તથા સાહેદ મીલનભાઈ રાઠોડભાઈને ભુંડી ગાળો બોલી બેઝબોલનાં ધોકા વડે માર મારી ફરિયાદીને ડાબા પગનાં નળામાં બેઝબોલનો ધોકો મારી ફેક્ચરની ઈજાઓ કરી ઢીકાપાટુનો મુંઢ માર મારી પોતાની પાસેની પિસ્તોલ અથવા તમંચા જેવા હથિયારથી ફરિયાદીને મારી નાંખવાના ઈરાદાથી એક રાઉન્ડ ફાયરિંગ ફરિયાદી ઉપર કરતા ફરિયાદી તેમજ ફરિયાદીનાં ભાઈ મીલન રાઠોડભાઈને આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી કારને ફરિયાદી ઉપર નાંખી મારી નાંખવાની કોશિષ કરી અને આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂદ્ધ કલમ ૩૦૭, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ આર્મ્સ એક્ટ ૨૫(૧), બીએ ૨૮, ૨૯, જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. ગઈકાલે સાંજના ૫:૩૦ વાગ્યાના અરસામાં બનેલા આ બનાવ અંગે રાત્રિના ૯:૧૫ની આસપાસનો ગુનો નોંધાયો હતો. બિલખામાં ફાયરિંગ થયાનાં બનાવના અંગે ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા અને એસઓજીની ટીમ બિલખા પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરેલ છે. આ બનાવ અંગે વધુ તપાસ બિલખાનાં પીએસઆઈ એમ.જી. ધામા ચલાવી રહ્યા છે.

મોડાસા નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૪માં કરાયેલ

૧૨ કર્મચારીઓની ભરતી રદ કરવાનો પ્રાદેશિક કમિશનરે હુકમ કરતા ખળભળાટ

મોડાસા, તા.૮

રાજ્યનાનગરપાલિકા નિયામક દ્વારા સીધી ભરતીથી કર્મચારીઓની ભરતી કરવા અપાયેલી મંજૂરી બાદ મોડાસા નગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૧૪માં ૧૨ કર્મચારીઓની ભરતી કરાઇ હતી. ભરતી નિયમ વિરૂદ્ધ અને જરૂરી મંજૂરી વિના કરાઇ હોવાની વિવાદી અરજી બાદ અરવલ્લી જિલ્લા કલેકટર દ્વારા ભરતી રદ કરવાનો હુકમ કરાયો હતો. હુકમને રાજ્ય શહેરી વિકાસ વિભાગના અપીલ અધિકારીએ રદ કરી સમગ્ર ભરતી પ્રકરણ અને કલેકટરના હુકમની પુનઃ વકાસણીનો આદેશ કર્યો હતો ત્યાર બાદ વધુ એક વાર મોડાસા નગરપાલિકાએ કરેલ ૧૨ કર્મચારીઓની ભરતી સરકારના પરીપત્ર અને ઠરાવનો યોગ્ય અમલ થયો ન હોવાનું જણાવી પ્રાદેશીક કમિશર નગરપાલિકા ગાંધીનગર કમિશર અમીત પ્રકાશ યાદવે ભરતી રદ કરવાનો વટ હુકમ કરતા નગરપાલિકામાં સન્નાટો છવાઈ ગયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મોડાસા નગરપાલિકામાં ૭૭ જગ્યાઓ ભરવા વર્ષ-૨૦૧૨માં નગરપાલિકા નિયામકે આપેલી મંજૂરી આધારે જરૂરી ઠરાવ બાદ પસંદગી સમિતિ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી જે તે સમયે ફાયર ઓફિસર, ટાઉન પ્લાનર, ટેકનિકલ આસીસ્ટન્ટ,સેનેટરી ઈન્સ્પેકટર સહિત ૧૨ કર્મચારીઓની ભરતી પ્રક્રિયાને બહાલી આપવા જિલ્લા કલેકટરને દરખાસ્ત કરાઇ હતી. બે વર્ષના લાંબા સમય બાદ બહાલી નહીં મળતાં પાલિકાના તત્કાલીન પ્રમુખે પોતાની સહી દ્વારા તમામ કર્મચારીઓને નિમણૂંક આપી હતી. ભરતી ગેરકાયદે અને નિયમ વિરુદ્ધ હોવા બાબતે અધિનિયમ કલમ ૨૫૮ હેઠળ જુદી જુદી ત્રણ અપીલ અરજીઓ થતાં ભરતી પ્રકરણ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અરવલ્લીની કોર્ટમાં રજૂ કરાયું હતું. અરવલ્લી જિલ્લા કલેકટર અને ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બી.જે. ભટ્ટની કોર્ટે ૨૦૧૪માં ભરતી પ્રકીયા રદ કરી હતી ત્યાર બાદ નગરપાલિકાની ભરતીને અલગ અલગ કોર્ટમાં પડકારવામાં આવી હતી મોડાસા નગરપાલિકાએ કરેલ ૧૨ કર્મચારીઓની ભરતી સરકારના પરીપત્ર અને ઠરાવનો યોગ્ય અમલ થયો ન હોવાનું જણાવી પ્રાદેશીક કમિશ્નર નગરપાલિકા ગાંધીનગર કમિશ્નર અમીત પ્રકાશ યાદવે ભરતી રદ કરવાનો વટ હુકમ કરતા નગરપાલિકામાં સન્નાટો છવાઈ ગયો છે જો કે આ હુકમ સામે ૩૦ દિવસમાં અપીલ કરવાની જોગવાઈ હોવાનો ઉલ્લેખ હોવાથી કર્મચારીઓએ હાશકારો અનુભવી અપીલમાં જવા તૈયારીઓ હાથધરી હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી.

ફાયર બ્રિગેડે બંને બાળકોની શોધખોળ આદરી

મોડાસાના બાડેસર તળાવમાં શ્રમિક પરિવારના બે બાળકો ડૂબ્યા

તળાવ કિનારે બંને બાળકોના કપડા અને ચંપલ મળી આવતા પરિવારજનોનું હૈયાફાટ રૂદન

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૮

મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ નજીક આવેલા બાડેસર તળાવમાં નજીક ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારના બે બાળકો ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી છે. બાડેસર તળાવ નજીક રહેતો શ્રમિક પરિવાર શહેરમાં દવાખાને દવા લેવા જતા ઘરમાં રહેલા ૫ અને ૭ વર્ષના બંને બાળકો બાડેસર તળાવમાં નાહવા પડ્યા હતા શ્રમિક પરીવાર દવાખાનેથી ઘરે પરત આવતા બંને બાળકો ઘરે જોવા ન મળતા આજુબાજુ તપાસ આદરી હતી. બાડેસર તળાવની કિનારીએ બંને બાળકોના કપડાં અને ચંપલ મળી આવતા શ્રમિક પરિવારજનોએ ભારે આક્રંદ કરી મૂક્યું હતું અને બંને બાળકો પાણીમાં ડૂબી ગયા હોવાની આશંકાએ ફાયર બ્રીગેડ અને સ્થાનીક તંત્રને જાણ કરતા તાબડતોડ ફાયરબ્રિગેડ ટીમ, સ્થાનીક તરવૈયાઓ ઘટનાસ્થળે પહોંચી તળાવમાં બંને બાળકોની ભારે શોધખોળ હાથધરી હતી શ્રમિક પરિવારના બે બાળકો તળાવમાં ડૂબી ગયા હોવાની વાત વાયુવેગે ફેલાતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધી બંને લાપત્તા બાળકોનો કોઈ અતોપતો મળ્યો નથી.

ભાવનગર : પેરોલ પર છૂટાયા બાદ ફરાર થયેલ કાચા કામનો કેદી ઝડપાયો

ભાવનગર, તા.૮

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશનના બળાત્કાર, એટ્રોસીટી સહિતના ગુનામાં ભાવનગર જિલ્લા જેલમાં રહેલ કાચા કામનો કેદી નંબર-૩૬ અશ્વિન મંગાભાઈ ચકાણી (રહે. ભરતનગર ૧૨ નંબરના બસ સ્ટેન્ડ પાસે નવા બે માળીયા ભાવનગર) ભાવનગર જિલ્લા જેલમાં ઉપરોક્ત ગુન્હામાં હતો અને ગુજરાત હાઇકોર્ટના હુકમથી દિન-૦૭ ના વચગાળાના જામીન ઉપર છુટેલ અને આ કેદીને તા.૧૭/૦૪/૨૦૧૯ના કલાક ૧૨/૦૦ વાગ્યે જેલમાં પરત હાજર થવાનું હતુ પરંતુ આ કેદી જેલમાં હાજર થયેલ નહી અને ફરાર થઇ ગયેલ હતો આ કેદીને ભાવનગર કાળાનાળા ખાતેથી ઝડપી નિલમબાગ પોલીસે પરત ભાવનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

ગીર-સોમનાથ જિલ્લામાં બાગાયતી પાકોના નવીનીકણ માટે ચાર ટીમોની રચના

ઉના, તા.૮

તૌકતે વાવાઝોડાથી ઉના, ગીરગઢડા અને કોડીનાર તાલુકામાં બાગાયતી પાકોમાં ભારે નુકસાની થઇ છે. જે અન્વયે નુકસાન થયેલ બાગાયતી પાકોના નવીનીકરણ માટે ૪ ટીમની રચના કરવામાં આવી છે. તા.૩ જુનથી બાગાયત ખાતાના અધિકારીઓ સહિત આ ટીમ મારફતે વાવાઝોડાથી નુકસાન થયેલા નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં જઇ ખેડૂતોને બાગાયતી પાકોના નવિનીકરણ માટે, આંબાવાડીમાં નવ સર્જન સહિત નિર્દશન માર્ગદર્શન સાથે તાલીમ આપવામાં આવી રહી છે. તેમજ ખેડૂતોને બાગાયત ખાતાની નવિનીકરણની યોજના પ્રતિ હેકટર દીઠ રૂા.૨૦,૦૦૦/- મુજબ મળવા પાત્ર લાભ અંગે પણ માહિતગાર કરવામાં આવે છે.

વડોદરા કાઈમ બ્રાન્ચની કાર્યવાહી

મોલનો માલ બારોબાર સગેવગે કરતાં ટ્રાન્સપોર્ટ કંપનીના ત્રણ કર્મી પકડાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

મહામારી કાળમાં ગોડાઉનમાંથી સુપર માર્કેટ સુધી પહોંચાડવાનો માલ સામાન સગેવગે કરવા જતા મામલો કાઇમ બ્રાન્ચ સુધી પહોંચ્યો હતો. કાઇમ બ્રાન્ચે ગણતરીના સમયમાં ટ્રાન્સપોર્ટ કંપનીના ત્રણ કર્મીઓની ધરપકડ કરી હતી. રીલાયન્સ મોલનો સામાન ગાજરાવાડી, ઈદગાહ મેદાની સામે આવેલા મોનાલીસા એસ્ટેટમાં મુકવામાં આવ્યો હતો. એસ્ટેટમાં તેલના ડબ્બા સહિતનો સામાન મુકવામાં આવ્યો હતો. દરમિયાન શીવ શક્તિ ટ્રાન્સપોર્ટના કર્મીઓ દ્વારા ગોડાઉનમાંથી માલ ભરીને ઉંડરા ખાતે આવેલા રીલાયન્સ મોલમાં ખાલી કરવાનો હતો. પરંતુ ટ્રાન્સપોર્ટ કંપનીના કર્મીઓ દ્વારા ટેમ્પાને પુરેપુરો ખાલી નહિ કરીને પોતાના ફાયદા માટે માલ સગેવગે કરવાનો પ્રયાસ કર્યો હતો. સત્યનારાયણ ટાઉનશીપ, હરિવદન રેસીડેન્સી સામે ખુલ્લી જગ્યાઓમાં આરોપીઓ દ્વારા કારમાં માલ સગેવગે કરવાનો પ્રયાસ કરવા જતા પોલીસ ત્રાટકી હતી. પોલીસની કામગીરીમાં આઈસર ચાલક આરીફ રહીમભાઈ શેખ (રહે-ઉંડરાગામ મહાદેવવાળું ફળિયું), મજુર સંજય રમેશભાઈ સોલંકી (રહે- લીમડીવાળું ફળીયું, ઉંડરા), કાર ડ્રાઈવન સુનીલ મગનભાઈ વસાવા (રહે-લીમડીવાળું ફળિયું)ની ધરપકડ કરી હતી. પોલીસએ ચોખા, તેલ-ઘી, ઠંડાપીણા સહિત રૂા.૯.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની કામગીરીને પગલે ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

સેવાલિયા હાઈવે પર અકસ્માતમાં બે પિતરાઈ ભાઈઓનાં મોતથી અરેરાટી

નડિયાદ, તા.૮

ગળતેશ્વર તાલુકાના સેવાલીયા રહેતા વિજયભાઈરાજુભાઈ મારવાડી ઉંમર વર્ષ ૨૪ અને તેના ફોઈનો પુત્ર અજય ભાઈ તુલસીભાઈ મારવાડી ઉંમર ૨૧ કવોરી માં નોકરી કરે છે અને બાઈક પર અપડાઉન કરે છે ગઈકાલે તેઓ રાતની સમયે નોકરી પરથી છુટ્યા બાદ મોટરસાયકલ લઈને ઘરે આવતા હતા આ મોટર સાયકલ સેવાલિયા નજીક જનપથ હોટલ નજીક પસાર થઈ રહેલ હતી તે વખતે તેમના બાઈક નં. GJ 7 BP 9251 ની આગળ ડમ્પર હતું તે ડમ્પર નં. GJ 17 UU 3611ના ચાલકે પોતાનું વાહન રીવર્સ લાવી એકાએક રોડ પર લાવી દીધું હતું. જેના કારણે ઉપરોક્ત બાઈક આ ડમ્પર સાથે અથડાતાં બાઈક ચાલક વિજય અને પાછળ બેઠેલ અજય રોડ ઉપર પટકાયા હતા. પટકાયેલા આ બન્ને યુવકો હજુ કઈ સમજી કે વિચારી શકે તે પહેલાં જ સામેથી આવતી ટ્રક નં. GJ 17 UU 4798ની નીચે આવી જતાં આશરે ૩૦ ફુટ સુધી રોડ પર ઘસડાયા હતા. જેના કારણે આ બન્ને યુવકોને શરીરે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે. અકસ્માત બાદ ઉપરોક્ત ડમ્પર અને ટ્રક ચાલક વાહન મૂકી બનાવ સ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા. તો હાઈવે પર ભારે ટ્રાફિક જામ થતાં સેવાલીયા પોલીસ પણ દોડી આવી ટ્રાફિક્ને ખુલ્લો કર્યો હતો. પોલીસે બન્ને મરણજનારના વાલીવારસોને શોધવા કવાયત કરતાં બાઈક ચાલક વિજય રાજુભાઈ મારવાડી (ઉ. વ. ૨૪) અને પાછળ બેઠેલ અજય તુલસીભાઈ મારવાડી (ઉ. વ. ૨૧) હોવાનુ જાણવા મળ્યુ હતું. આ બન્ને યુવકો એકજ કુટુંબના હોવાથી અહીંયા આવેલા તેમના પરિવારના સભ્યોમાં ભારે આક્રંદ વ્યાપ્યો હતો. આ બન્ને યુવકો કવોરીમાં નોકરી કરતાં હતાં અને મોટરસાયકલ મારફતે ઘરેથી નોકરીએ અપડાઉન કરતા હોવાનું તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું છે. ઘરે આવતી વેળાએ આ અકસ્માત થતાં મારવાડી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ અકસ્માત સંદર્ભે પોલીસે સુરેશ મારવાડીની ફરિયાદના આધારે ઉપરોક્ત ડમ્પર અને ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

વર્ષા વિજ્ઞાન મંડળ અને જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા વર્ષા વિજ્ઞાન પરિસંવાદ યોજાયો

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વર્ષા વિજ્ઞાન મંડળ જૂનાગઢ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા.૦૩/૦૬/૨૦૨૧ના રોજ વર્ષા વિજ્ઞાન પરિસંવાદ-૨૦૨૧ ગુગલમીટના માધ્યમથી ઓનલાઇન યોજાઈ હતો. જેમાં ૪૦ જેટલા આગાહીકારો જોઈન્ટ થયા હતા. આ પરિસંવાદ દરમિયાન કુલપતિ ડો.વી.પી.ચોવટીયાએ જણાવેલ કે વરસાદના પૂર્વાનુમાનનું ઘણું મહત્વ છે. પૂર્વાનુમાનને લીધે ખેડૂતો પાક પસંદગી તથા પિયત વ્યવસ્થાનું આયોજન કરી શકે છે. ગત વર્ષે આગાહીકારોએ કરેલ પૂર્વાનુમાનમાં આગાહી લગભગ ૬૩ થી ૯૨ સુધી સાચી પડી હતી જે ખરેખર પ્રસંશનીય છે.

આ પ્રસંગે જેરામભાઇ ટીંબડીયા, ડો. પી.આર. કાનાણી તેમજ ડો. જે.ડી. ગુંદાલીયાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતુ. કાર્યક્રમના પ્રારંભે વિસ્તરણ શિક્ષણ નિયામક અને વર્ષા વિજ્ઞાન મંડળના પ્રમુખ ડો.એચ.એમ.ગાજીપરાએ ઉપસ્થિત રહેલ સર્વે મહાનુભાવો, અધિકારીઓ, આગાહીકારો અને ખેડૂતોનું સ્વાગત કરી જણાવ્યુ હતું કે, આગાહીકારો ખગોળ વિજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર, કસ બંધારણ, હવામાનના પરીબળો, વનસ્પતિમાં થતા ફેરફારો, પશુ-પક્ષીની ચેષ્ટા તેમજ ભડલી વાકયો વગેરેનો આધાર લઈને પોતાના પૂર્વાનુમાનો રજૂ કરતા હોય છે.

ચોમાસાનું પૂર્વાનુમાન ખેતી પાકોની યોગ્ય પસંદગી તેમજ ખેતીના આયોજનમાં ઘણું જ ઉપયોગી બની રહે છે. જયારે અંતમાં વર્ષા વિજ્ઞાન મંડળના મંત્રી ડો. જી.આર. ગોહિલએ આભાર પ્રદર્શન કર્યું હતુ.

આ પરિસંવાદ ઓનલાઇન રાખવામાં આવેલ જેમાં જુદા જુદા વિસ્તારમાંથી ૪૦ જેટલાં રસ ધરાવતા અવલોકનકારોએ ભાગ લીધેલ હતો. આ પરિસંવાદમાં નીચે મુજબ તારણો મળેલ છે. વાવણીલાયક વરસાદ જૂનનાં ચોથા અઠવાડીયામાં થાય તેવુ અનુમાન છે. જૂલાઇના ત્રીજા-ચોથા અઠવાડીયામાં અતિવૃષ્ટી થવાની શકયતા છે. ૧૬ ઓગષ્ટ બાદ વરસાદની ખેંચ વર્તાય તેવા સંજોગો છે. માવઠાની નવેમ્બરના બીજા અઠવાડીયામાં શકયતા છે. વર્ષ મધ્યમ રહેવાની શકયતા છે.

નડિયાદ : માસ્ક બાબતે પોલીસ અને દુકાનદાર વચ્ચે ઝપાઝપીનો વીડિયો વાયરલ

નડિયાદ, તા.૮

નડિયાદની એક રેડીમેડ કપડાની દુકાનમાં માસ્ક બાબતે પોલીસ સાથે ઝપાઝપીનો વીડિયો આજે વોટ્સએપ પર વાયરલ થયો છે. જેમાં પોલીસ અને વેપારી હાથા પાઈ પર આવી ગયાનું દર્શાવવામાં આવી રહ્યું છે. જેને લઈ આજે આ બાબત ટોક ઓફ ધ ટાઉન બની હતી. આ વીડિયોમાં એક દુકાનદાર સાથે પોલીસ માસ્ક ના બાબતે ઉગ્ર બોલાચાલી થતી તેમજ મારામારી પર ઉતરી આવ્યા હોવાનું પણ દેખાય છે સામે પક્ષે વેપારી દ્વારા પણ પોલીસ સાથે ઝપાઝપી ના દ્રશ્યો પણ જોવા મળે છે. આ અંગે નડિયાદ ટાઉન પી.આઈ બી. જી. પરમાર ને પુછ્યા તેઓએ જણાવ્યું છે કે આ સમગ્ર ઘટનાનો વિડિયો સાચો છે. ગતરોજ દુકાનદારે માસ્ક નહોતું પહેર્યું એટલે તે બાબતનો એક હજારનો દંડ લેવામાં આવ્યો છે જાગૃત નાગરિકો કહે છે કે આ સમગ્ર

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ જતાં પોલીસની કામગીરી સામે પણ લોકોએ આક્રોશ ઠાલવ્યો છે. નાના વેપારીઓ જણાવે છે કે હાલ માર્કેટમાં મંદી છે તેવામાં ૧ હજારનો દંડ કેટલો યોગ્ય કહેવાય ?

કોવિડ મહામારીમાં રાજ્યના ફેરિયાઓની હાલત બદતર, માસિક રૂા.૫ હજારની સહાય આપવા માંગ કરતી PIL

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાન મંત્રી સ્વનિધી યોજના હેઠળ ભંડોળ આપવામાં આવે છે પરંતુ ફેરિયાઓને લોન આપવામાં ગુજરાત સરકારની કંજૂસાઇ - અરજીમાં આક્ષેપ, સરકારને જવાબ રજૂ કરવા હાઇકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.૮

રાજ્યમાં કોરોનાની બે લહેરમાં લોકડાઉન અને આંશિક લોકડાઉનના કારણે ફેરીયાઓની હાલત બદતર થઇ ગઇ હોવાથી અને તેઓને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરતી જાહેર હિતની અરજીની સુનાવણી બાદ ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને નોટીસ કાઢીને તા. ૨૩ જૂનના રોજ વધુ સુનાવણી રાખી છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ મયુર ગોર તેમજ અન્યો દ્વારા કરવામાં આવેલી અરજીમાં ફેરીયાઓને દર મહિના રૂ. ૫ હજારની રોકડ સહાય, તેમના સંતાનોને શિક્ષણ ફી આપવામાંથી મુક્તિ અને ધંધો કરવા માટે જગ્યા આપવાની માગણી કરવામાં આવી છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે ગત માર્ચ, ૨૦૨૦થી રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉન, કર્ફ્યુ અને આંશિક લોકડાઉનના કારણે શાકભાજી અને ફળ-ફળાદી વેચતા ફેરિયાઓ સિવાય કોઇને ફેરીયાઓને ધંધો કરવા દેવામાં આવતો નથી. તેમનો ધંધો બંધ પડ્યો છે અને તેઓ ભારે આર્થિક ફટકાનો સામનો કરવો પડ્યો છે. તેમનો ધંધો બંધ હોવાથી તેઓને ભારે નિરાશા અને માનસિક તણાવનો ભોગ બન્યા હોવાથી તેઓ આત્મહત્યા કરવા સુધીનું અંતિમ પગલું ભરતા પણ ખચકાતા નથી. આથી તેઓને સરકારી રોકડ સહાય, અનાજની કિટ, મા કાર્ડમાં આરોગ્ય સુવિધા તેમજ સંતાનોને શિક્ષણ ફી માફ કરવા સુધીની સુવિધા મળવી જરૂરી છે. અરજીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં રસ્તા ઉપર ધંધો કરતા ફેરીયાઓને અનુક્રમે રૂ. ૧૫૦૦ અને રૂ. ૧૦૦૦ ની રોકડ સહાય આપવામાં આવે છે તેવો અમલ અહિ પણ કરવો જોઇએ. કેન્દ્ર સરકારે પીએમ સ્વનિધી હોયજના જાહેર કરીને તેના હેઠળ ફેરીયાઓ અને અસંગઠીત ક્ષેત્રના લોકોને લોન આપવાની જોગવાઇ કરી છે. આ યોજના હેઠળ ગુજરાતમાં ૩,૬૬, ૯૨૩ લોન અરજીઓ આવી છે પરંતુ તેમાંથી માત્ર ૧૨૧૪૨ અરજીઓ જ મંજૂર કરાઇ છે. કેન્દ્ર સરકારે રૂ. ૪૨ કરોડ મુક્ત કર્યા છે પરંતુ તેની સામે વર્ષ ૨૦૨૦મા માત્ર ૨ કરોડ રૂપિયા જ ચુકવવામાં આવ્યા છએ. તેના કારણે લાગી રહ્યું છે કે સરકાર રસ્તા ઉપર રોજ કમાઇને રોજ ખાનારા ફેરીયાઓની પરત્વે દુર્લક્ષ સેવી રહી છે. એક બાજુ રાજ્ય સરકાર ફેરીયાઓને ધંધો કરવા દેતી નથી તો બીજી બાજુ એ લોકોને સહાય આપવામાં પણ ઉદાસીનતા રાખી રહી છે. જો ફેરિયાઓને યોગ્ય સહાય નહી કરવામાં આવે તો તેઓ પારાવાર મુશ્કેલીઓ સહન કરવામા આવી રહ્યો છે તેમા વધારો થશે.

RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ કાર્યવાહી હજી સુધી શરૂ ન કરાતા વાલીઓ મૂંઝવણમાં

ઓનલાઈન શિક્ષણ શરૂ થઈ ગયું છે ત્યારે સરકાર વહેલીતકે પ્રવેશ કાર્યવાહી શરૂ કરે

અમદાવાદ,તા.૮

ગુજરાત સરકારે ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિર્ણય લઈ માસ પ્રમોશન તો આપી દીધું પરંતુ ગરીબો માટે આશીર્વાદરૂપ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ ન કરાતા ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા છે અને વહેલીતકે પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે. કોરોના મહામારી બાદ હાલ રાજ્યમાં કોરોનાના કેસો લગભગ સમાપ્ત થવાના આરે છે. આથી તંત્ર દ્વારા ધીમે-ધીમે અનલોકની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સરકારી કચેરીઓ, સિવિક સેન્ટરને પણ પુરા સ્ટાફ સાથે કામ કરવાની પરવાનગી આપી દેવામાં આવી છે. શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે હજી સુધી આરટીઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ ન કરાતા યુથ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અઝહર રાઠોડે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર પાઠવી ધોરણ ૧મા પ્રવેશ કાર્યવાહી શરૂ કરવા માંગ કરી છે. આ ઉપરાંત આરટીઈ અંતર્ગત ધોરણ ૧મા પ્રવેશ કાર્યવાહી શરૂ કરવાની માંગ કરતા વાલી અધિકાર ગ્રુપના પ્રમુખ જ્યોર્જ ડાયસે જણાવ્યું છે કે ગરીબ વિદ્યાર્થીઓના માતા-પિતા મોટા ભાગે ભાડાના મકાનમાં રહેતા હોય છે આથી ભાડાનું મકાન હોય તેમને ગુજરાત સ્ટેમ્પ એક્ટ ૧૯૫૮ મુજબ નોંધાયેલ રજિસ્ટર્ડ ભાડા કરાર તથા સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યા હોવાનો આધાર રજુ કરવા ફરજ પાડવામાં આવે છે. નોટરાઈઝ ભાડા કરાર માન્ય

સરકારે રજિસ્ટર્ડ ભાડા કરારની જીદ છોડી વાલીઓનું સંમતિપત્રક માન્ય રાખવું જોઈએ

ગણાતો નથી. આથી નોંધણી હેઠળ ભાડા કરાર માટે અન્ય દસ્તાવેજોની જેમ તેની નોંધણી માટે બેથી પાંચ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે પરંતુ ૯૯ ટકા મકાન માલિકો આવા ભાડા કરાર માટે તૈયાર થતા ન હોવાથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય છે આથી આ નિયમમાં ફેરફાર કરી હું ભાડાના મકાનમાં રહુ છું એવું સંમતિપત્રક માન્ય રાખવું જોઈએ. ઉલ્ટાનું કેટલાક સાધન સંપન્ન વાલીઓ ભાડાના મકાનમાં રહેતા હોવાના ખોટા પુરાવા રજુ કરી બાળકોના પ્રવેશ મેળવી લે છે આ અંગે પણ શિક્ષણ વિભાગે તપાસ કરી કાર્યવાહી કરવી જોઈએ.

અમદાવાદના અણિયારી ગામેથી વધુ એક બોગસ ડૉક્ટર પકડાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદ ગ્રામ્યમાંથી દર બીજા દિવસે એક બોગસ ડોક્ટર પકડાઈ રહ્યો હોવાનું સામે આવ્યું છે. છેલ્લા ૮ દિવસમાં જ ગ્રામ્ય એસઓજી દ્વારા ચાર બોગસ તબીબોને પકડી પાડ્યા હોવાનું જાણવા મળે છે. જેમાં અણીયારી ગામ ખાતે દુકાન ભાડે રાખી ક્લિનિક ચલાવતા બોગસ તબીબને પકડી તેની પાસેથી રૂ. ૩૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં બોગસ તબીબોને પકડવા માટે હાથ ધરાયેલી ઝુંબેશમાં ચાર જેટલા ડોક્ટરો પકડાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે બોગસ ડોક્ટરો

અમદાવાદ ગ્રામ્યમાંથી આઠ દિવસમાં જ ૪ બોગસ તબીબો એસઓજીના હાથે ઝડપાયા

સામે કાર્યવાહી કરવા માટે આપેલી સુચનના પગલે ગ્રામ્ય એસઓજી દ્વારા છેલ્લા આઠ દિવસથી ધમધમાટ શરૂ કરાયો છે. જેમાં વધુ એક બોગસ ડોક્ટરને એસઓજીની ટીમે પકડી પાડ્યો હોવાનું જાણવા મળે છે. એસઓજીના પીઆઈ ડી.એન.પટેલ બોગસ ડોક્ટરોને પકડવા માટે ટીમો બનાવી કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અણીયારી ગામમાં દુકાન ભાડે રાખી એક શખ્સ લોકોને ગેરકાયદેસર એલોપેથી દવાઓ આપી રહ્યો છે. બાતમીના આધારે ગ્રામ્ય એસઓજીની ટીમે અણીયારી ગામ ખાતે દુકાન ભાડે રાખી કે.જી.એન. ક્લિનિક નામથી ગેરકાયદેસર દવાખાનું રાખી ડોક્ટર તરીકેની એલોપેથીક માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર એલોપેથીક તબીબીની પ્રેક્ટીસ કરી ગેરકાયદેસર એલોપેથીક દવાઓ આપતો શખ્સ રમજાન વાળંદ (રહે-અણીયારી)ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી એસઓજીની ટીમે જુદી-જુદી કંપનીની એલોપેથીક દવાઓ તથા મેડીકલના સાધનો કુલ રૂ. ૩૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે ધી ગુજરાત રજિસ્ટર મેડીકલ પ્રેક્ટ્રીસ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૦ મુજબ સાણંદ જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કર્યો છે.

ભથ્થું, સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દાઓને લઈ

નર્સિંગ સ્ટાફની અચોક્કસ મુદતની હડતાળની ચીમકીથી સરકાર ભારે ચિંતિત

- ૧૪ જૂનથી રાજ્યની તમામ સરકારી હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ હડતાળ પર જશે
- ૧૮ હજારથી વધુ નર્સ અને નર્સિંગના વિદ્યાર્થીઓ હડતાળમાં જોડાશે

અમદાવાદ, તા.૮

રાજ્યમાં નર્સિંગ સ્ટાફે હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે ભથ્થું, સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દાને લઈ અચોક્કસ મુદતની હડતાળ પર નર્સિંગ સ્ટાફ ઉતરવા માટે તૈયારી બતાવી છે. આગામી ૧૪મી જૂથીથી રાજ્યની તમામ સરકારી હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ આ હડતાળમાં જોડાશે. જેમાં ૧૮ હજારથી વધુ નર્સ અને નર્સિંગના વિદ્યાર્થીઓ આ હડતાળમાં ભાગ લેશે. મહત્વનું છે કે નર્સિંગ સ્ટાફે પગાર ભથ્થું, સ્ટાઈપેન્ડ સહિત વિવિધ મુદ્દાઓ પર સરકારને ૨૫મી મે એ રજૂઆત કરી હતી પરંતુ હજુ સુધી એક પણ માંગણી માટે લેખિતમાં નિર્ણય ન કરાતા અંતે રાજયની તમામ સરકારી હોસ્પિટલોનો નર્સિંગ સ્ટાફ ૧૪મી જૂનથી અચોકકસ મુદતની હડતાળની ચીમકી ઉચ્ચારી છે. હાલ રાજ્યમાં કોરોના કેસ ઘટી રહ્યા છે કોરોના ઘટતા હવે હોસ્પિટલોમાં અન્ય રોગોની સારવાર અને ઓપરેશનો શરૂ થયા છે ત્યારે નર્સિંગ સ્ટાફની હડતાળથી સરકારની મુશ્કેલી વધી શકે છે. યુનાઈટેડ નર્સિસ ફોરમની ગઈ કાલે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી જેમાં સરકાર સામે ફરી એકવાર ફરી આંદોલન શરૂ કરવાની માંગ કરાઈ હતી. ઉચ્ચતર પગાર ધોરણ, ગ્રેડ પે, વિવિધ પ્રકારના એલાઉન્સિસ તેમજ નર્સિંગની વિદ્યાર્થિનીઓને સ્ટાઈપેન્ડ સહિતની વિવિધ માંગણીઓને લઈને યુનાઈટેડ નર્સીંગ ફોર્મ દ્વારા ઘણા સમયથી રજૂઆતો કરવામા આવી રહી હતી ત્યારે સરકારે કોઈ નિર્ણય ન કરતા ગત મહિને નર્સિંગ સ્ટાફ હડતાળ પર બેઠો હતો પરંતુ કોરોનાના કેસ વધવા સાથે દર્દીઓ હોસ્પિટલોમા વધુ હોવાથી અને વાવાઝોડુ પણ હોવાથી સરકારે નર્સિંગ એસો.ના હોદ્દેદારોને સમજાવ્યા હતા જે બાદ હડતાળ મોકુફ કરી દેવાઈ હતી. યુનાઈટેડ નર્સિંગ ફોરમના સેક્રેટરીએ જણાવ્યું કે સરકારે અમારી સાથે વાત કરતા અમને માનવતાના ધોરણે હડતાળ મોકુફ કરી હતી અને ત્યારબાદ ૨૫મી મેની બેઠકમાં તમામ માંગણીઓ મુદ્દે ચર્ચા કરવામા આવી હતી અને સરકાર તરફથી મોટા ભાગની માંગણી બાબતે હકારાત્મક વલણ સાથે લાભો આપવાની ખાતરી આપવામા આવી હતી.જો કે દસ દિવસ બાદ પણ સરકાર તરફથી કોઈ પણ માંગણી બાબતે લેખિત નિર્ણય ન કરાતા નર્સિંગ એસો.એ શને હડતાની ચીમકી ઉચ્ચારી છે. યુનાઈટેડ નર્સિંગ ફોરમ નર્સિંગ સ્ટાફ સાથે અન્યાય થતા હોવાનું જણાવી રહ્યું છે.

કોરોનાકાળમાં ભાન ભૂલી ભારે ભીડ એકઠી કરી

ગુજરાત યુનિ.ના સેનેટ-સિન્ડિકેટ મેમ્બરોએ સોશિયલ ડિસ્ટન્સના ઊડાવ્યા લીરેલીરાં

(એજન્સી) અમદાવાદ, તા.૮

ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં જ સેનેટ અને સિન્ડિકેટ મેમ્બરની નિમણૂંક કરવામાં આવી છે. નિમણૂંક થતાં જ આજે એબીવીપીના કાર્યકરો અને નવા નિમણૂંક પામેલા સેનેટ વેલફેર અને સિન્ડિકેટ મેમ્બર હાજર રહ્યા. યુનિવર્સિટીમાં પ્રવેશતાની સાથે જ તમામ લોકો સોશિયલ ડિસ્ટન્સનું ભાન ભૂલ્યા હતા. ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને ઉપકુલપતિની હાજરીમાં જ લોકોએ નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા. તાજેતરમાં જ શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના ૨૦ સેનેટ-વેલ્ફર અને સિન્ડિકેટ મેમ્બરની નિમણૂંક કરવામાં આવી હતી. નિમણૂંક કરાયા બાદ આજે કુલપતિ દ્વારા તમામને નિમણૂંક પત્ર આપવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશતાની સાથે જ સરસ્વતી માટેની પૂજા કરવામાં જ સભ્યો ભણ ભૂલ્યા હતા. જે બાદ એલ્યુમની રૂમમાં સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો તેમાં પણ નાના રૂમમાં અનેક લોકો ભેગા થયા હતા. નિમણૂંક થયેલા સભ્યોની સાથે એબીવીપીના કાર્યકરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નિમણૂંક પામેલ સભ્યોને કુલપતિ દ્વારા નિમણૂંક પત્ર આપવામાં આવી રહ્યા હતા. ત્યારે નિયમ પ્રમાણે ૨ ફૂટનું અંતર જાળવવાનું હોય છે તે પણ યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યા અને ઉપકુલપતિ જગદીશ ભાવસારે જાળવ્યું નહોતું.

બીયુ પરમિશનના નિયમોનું પાલન કરાવવા

મ્યુનિ.એ સિલિંગ કાર્યવાહી હાથ ધરતા વેપારીઓએ ભીખ માંગી આક્રોશ ઠાલવ્યો

જો આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ભૂખ હડતાળની ચીમકી

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીયુ પરમિશન વિનાની બિલ્ડીંગો સામે સિલિંગ કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં ૨ હજારથી વધુ મિલકતો સીલ કરવામાં આવી છે. જેના કારણે વેપારીઓમાં રોષ ફેલાયો છે. ત્યારે રાણીપ વિસ્તારના વેપારીઓએ સીલિંગ કાર્યવાહીના વિરોધમાં હાથમાં વાટકા પકડી કોર્પોરેશન પાસે દુકાનો ખોલવા ભીખ માંગી વિરોધ નોંધાવ્યો હતો. એક તરફ કોરોના મહામારીના કારણે મંદીનો માર અને બીજીતરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીયુ પરમિશન વિનાની મિલકતો સામે હાથ ધરેલી આ કાર્યવાહીના કારણે અનેક વેપારીઓની મુશ્કેલી વધી છે. રાણીપમાં દુકાનો સીલ કરવામાં આવતા વેપારીઓ સ્થાનિક ધારાસભ્ય અરવિંદ પટેલને તેમજ સ્થાનિક કાઉન્સિલર્સને રજુઆત પણ કરી ચૂકયા છે. છતાં તેઓની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. તેવામાં હવે વેપારીઓએ વિરોધનો રાહ અપનાવ્યો છે. આ અગાઉ વેપારીઓએ જો દુકાનો ખોલવામાં નહિ આવે તો આંદોલન પર ઉતરવાની ચીમકી આપી ચુક્યા છે. સ્થાનિક વેપારી જણાવે છે કે, અમે તમામ વેપારીઓ નિયમોનું પાલન કરવા તૈયાર છીએ જેમાં કોર્પોરેશન અમને સમય આપે. કોરોનાના સમયમાં સરકારે આ કપરો નિર્ણય લીધો છે. હવે અમારે ભીખ માંગવાનો વારો આવ્યો છે. અમારી રજૂઆતો કોઈ સાંભળતું નથી. સરકાર આ મુદ્દાનો ઝડપથી ઉકેલ નહિ લાવેતો અમારે ભૂખ હડતાળ પર ઉતરવું પડશે. અન્ય વેપારી જણાવે છે કે, નિયમોને સમજ્યા વગર જ આ રીતે સીલ મારી દીધા છે. અમારી બિલ્ડીંગ ૧૯૮૩માં બની હતી તે સમયે બીયુ પરમિશનનો કોઈ કાયદો ન હતો. હવે તંત્ર બીયુ પરમિશનની માંગ કરે તો એ અમે ક્યાંથી લાવીએ ? કોર્પોરેશને વચ્ચેનો રસ્તો કાઢી દુકાનો ખોલી દેવી જોઈએ. રાતોરાત આવીને સીલ મારી દીધા છે તે ક્યાંનો ન્યાય. હાલ તો અમને ભીખ માંગવા મજબુર આ સરકારે કરી દીધા છે. હજુ અમારે ઉગ્ર વિરોધ કે આંદોલન કરવા પડશે.

કોરોનાના સંક્રમણની સાથે-સાથે

અમદાવાદમાં મ્યુકરમાયકોસિસના કેસ ઘટ્યા બે માસમાં ૯૮૪ દર્દીઓની સારવાર કરાઈ

અમદાવાદ, તા.૮

અમદાવાદમાં કોરોના વાયરસનાં સંક્રમણનાં કેસની સાથે સાથે મ્યુકરમાઈકોસિસના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલમાં છેલ્લાં ૬૭ દિવસમાં મ્યુકરમાઈકોસિસના કુલ ૯૮૪ દર્દીઓ દાખલ થયા હતા. જેમાંથી ૫૫૧ દર્દીઓના શરીરમાં ફૂગ ગંભીર રીતે પ્રસરી ચૂકી હોવાથી તેમની સર્જરી કરવામાં આવી હતી. અત્યારે સિવિલમાં મ્યુકરમાઈકોસિસિના પહેલા કરતા ઓછા દર્દીઓ નોંધાઇ રહ્યાં છે. છેલ્લાં ૧૦ દિવસમાં નવાં દાખલ થતાં કેસોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે.

સિવિલમાં જે ૫૫૧ દર્દીઓની સર્જરી કરવામાં આવી તેમાંથી આશરે ૧૨ દર્દીઓની આંખ કાઢી નાંખવી પડી છે. મ્યુકરની સારવારમાં વપરાતા એમ્ફોટેરિસિન લાયફોસોમલ ઈન્જેક્શનના વિતરણ માટે સિવિલ દ્વારા હવે નિષ્ણાત તબીબોની સમિતિ રચવામાં આવી છે. આ ઉપરાંત આ ઈન્જેક્શન અમદાવાદ શહેરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર મેળવી રહેલા દર્દીઓને પણ નક્કી કરેલી પ્રક્રિયા દ્વારા પુરા પાડવામાં આવે છે. દર્દીની શારીરિક જરૂરિયાત, ફૂગનો ચેપ અને બ્લડ રિપોર્ટના વિવિધ માપદંડોના આધારે ઈન્જેક્શન અંગે નિર્ણય કરવામાં આવે છે.

બ્લેક ફંગસની સારવારમાં થનારા એન્ટી ફંગસ ઈન્ફેક્શનના ખર્ચને લઈને લોકો હેરાન થઈ રહ્યાં છે. હવે આવા દર્દીઓ અને તેમના પરિવાર માટે રાહતના સમાચાર એ છે કે, ડોક્ટરોએ એક એવી રીત શોધી છે જેનાથી ખર્ચ બે ગણો ઓછો થઈ શકે છે. કોરોના બાદ બ્લેક ફંગસ સામે લડી રહેલા દર્દીઓની સારવારના એક દિવસનો ખર્ચ લગભગ ૩૫ હજાર રુપિયા છે. જે ઓછો થઈને ફક્ત ૩૫૦ રુપિયા થઈ શકે છે. ડોક્ટરે સારવારની જે રીત શોધી છે તેમાં સાવધાનીથી દર્દીના બ્લડને ક્રિએટિનિન લેવલ પર નજર કરવાની છે. જે બાદ ઘણો ખર્ચ ઓછો થઈ જશે.

વી.એસ. હોસ્પિટલને ૧૨૦૦ બેડની ક્ષમતા સાથે પુનઃ શરૂ કરવા માંગ

હોસ્પિટલને શરૂ કરવા એનસીપી લડત ચલાવશે

અમદાવાદ,તા.૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકોએ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ વી.એસ. હોસ્પિટલ બંધ જેવી કરી દેતા આવા દર્દીઓ ખુબ જ હેરાન થઈ રહ્યા છે. આથી ૧૨૦૦ બેડની હોસ્પિટલ ફરી પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરવા એનસીપીએ માંગ કરી છે. રાજ્યપાલ, મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી, મ્યુનિસિપલ કમિશનર, મેયર તથા વિરોધપક્ષના આગેવાનોને પત્ર પાઠવી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના આગેવાનોએ જણાવ્યું છે કે વી.એસ. હોસ્પિટલમાં વર્ષોથી ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે રાજયના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓની સારવાર થતી હતી પરંતુ વહીવટી અધિકારીઓની અણઆવડત અને સત્તાધિશોના અહમના કારણે વી.એસ. હોસ્પિટલ બંધ કરવા સુધી લઈ ગયા આથી આ હોસ્પિટલને ૧૨૦૦ પથારીની ફરી શરૂ કરી અદ્યતન સાધનો સાથે કાર્યરત કરવામાં આવે તેમજ નિઃશુલ્ક કે રાહત દરે સારવાર શરૂ કરવામાં આવે. સાથે સાથે એમ.બી.બી.એસ. અને મેડિકલના ઉચ્ચ અભ્યાસ માટે અગાઉની જેમ ડોકટરોનું પોસ્ટીંગ કરવામાં આવે જેથી દર્દીઓને મેડિકલ સારવાર મળી રહે અને તબીબી વિદ્યાર્થીઓને જરૂરી અનુભવ મળી શકે વી.એસ. હોસ્પિટલને પહેલાની જેમ જ બજેટ ફાળવવા માટે એનસીપી લડત ચલાવશે.

મ્યુનિ. દ્વારા ફતેહવાડીમાં આવેલ ૧૧૦ રહેણાંક અને ૩૯ ધંધાકીય એકમોના ગેરકાયદે બાંધકામ તોડવાનું શરૂ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સરખેજ ફતેહવાડી વિસ્તારમાં કેનાલ પાસે આવેલ સફવાન પાર્કમાં આવેલ રો-હાઉસ અને ડુપ્લેક્ષના તથા દુકાનોના ગેરકાયદે બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું. મ્યુનિ. દ્વારા કુલ ૧૧૦ રહેણાંક તથા ૩૯ વાણિજ્ય યુનિટને નોટિસો પાઠવ્યા બાદ સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ બંદોબસ્ત હેઠળ મંગળવારના રોજ આ બાંધકામો તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

રાજ્ય સરકારની મહત્ત્વની જાહેરાત

ITI અને નર્સિંગના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન માત્ર ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧થી ૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કર્યા બાદ આજરોજ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આઈટીઆઈ અને નર્સિંગના ફાઈનલ યર સિવાયના વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં ધોરણ ૧થી ૯ અને ધોરણ ૧૦ અને ૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. તે ઉપરાંત રિપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન ન ન અપાતા વિવાદ વધ્યો છે. પરંતુ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં ITI અને નર્સિંગના અભ્યાસક્રમમાં ફાઈનલ યરની પરિક્ષા લેવાશે તે સિવાયના વર્ષના નર્સિંગના વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતુ માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉનાળુ વેકેશન પૂરું થયા બાદ ગઈકાલથી શાળા-કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો આરંભ થઇ ચૂક્યો છે. ધો.૧થી ૧૨ની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા આશરે ૧.૨૭ કરોડ વિદ્યાર્થીનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે, જેમાં કોરોના મહામારીને કારણે પ્રત્યક્ષ શિક્ષણકાર્યને બદલે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. સતત બીજા વર્ષે ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ થયું છે, આથી આ વર્ષે પણ શાળા પ્રવેશોત્સવ ઊજવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, કોર કમિટીમાં મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે ધોરણ-૧૦ (એસ.એસ.સી)ની પરીક્ષામાં બેસનારા રિપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા કોરોનાના કેસોમાં ઘટાડો થયા બાદ જરૂરી સમીક્ષા કરીને યોજવામાં આવશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આવા રિપિટર વિદ્યાર્થીઓને અગાઉના વર્ષોમાં રેગ્યુલર (નિયમિત) વિદ્યાર્થી તરીકે ધોરણ-૧૦માં પરીક્ષાની તક આપવામાં આવેલી છે પરંતુ તેઓ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી શક્યા નથી. આ ઉપરાંત આઈટીઆઈ અને નર્સિંગના અભ્યાસક્રમમાં ફાઈનલ વર્ષની પરિક્ષા લેવામાં આવશે. એ સિવાયના તમામ વર્ષના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ-વાલીઓ ભારે મૂંઝવણમાં

ધોરણ-૧૦ના રિઝલ્ટ વિના જ ૧૭ જૂનથી ડિપ્લોમામાં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરાશે !!

અમદાવાદ, તા.૮

ધોરણ ૧૦માં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનની જાહેરાત બાદ માર્કશીટ અપાઈ ન હોવાથી તેમજ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ અંગેના નિયમોની હજી સુધી જાહેરાત ન કરવામાં આવી નથી. છતાં ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટેના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવા એડમિશન કમિટી દ્વારા ૧૭મી નક્કી કરવામાં આવી છે. લાખો વિદ્યાર્થીઓ-વાલીઓ અને કોલેજ સંચાલકો ભારે મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાઈ ગયા છે.

ડિપ્લોમા પ્રવેશ કમિટીએ આ અંગે વિવિધ ડિપ્લોમા ઈજનેરી કોલેજોના પ્રિન્સિપાલને પત્ર લખીને આ સમગ્ર બાબતે જાણ કરશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા માટેની જાહેરાત સરકારે કરી હતી. જેમાં આઠ લાખથી વધુ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો લાભ મળવાનો છે. જો કે આ વિદ્યાર્થીઓના પરિણામ પછી પ્રવેશના નિયમોની જાહેરાત બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી જ નથી. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે એસીપીડીસી (એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ) તરફથી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટેની કાર્યવાહીનો ૧૭ જૂનથી પ્રારંભ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા વેબસાઈટ પર મુકવામાં આવશે. એસીપીડીસીના મેમ્બર સેક્રેટરીએ ડિપ્લોમા ઈજનેરી કોલેજોના આચાર્યોને પત્ર લખીને જાણ કરશે. ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીના પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા વર્ષ ૨૦૨૧ અન્વયે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ડિપ્લોમા ઈજનેરીની વેબસાઈટમાં મૂકવામાં આવશે. દરેક સંસ્થાએ પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર, વાલીઓને યોગ્ય માહિતી મળી રહે તે હેતુસર સોશિયલ ડિસ્ટન્સ, ફેસ માસ્ક કવર સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

ગુજરાતમાં પેથોલોજી લેબોરેટરી સંચાલકોનું ફુલેકુ ફેરવતા ભેજાબાજો, આર્મીના નામે સાયબર ફ્રોડ

કોવિડના ટેસ્ટ કરાવવાનું કહીને ઓનલાઇન ટ્રાન્સફર કરવાના નામે રૂા.૧૦ હજારથી લઇને દોઢ લાખ સુધીની છેતરપિંડી થતા આવા તત્વોને નશ્યત કરવા માટે પેથોલોજીસ્ટ એસોસિએશને રાજ્યના પોલીસ વડાને લખ્યો પત્ર

અમદાવાદ, તા.૯

ગુજરાતના પેથોલોજી લેબોરેટરી ચલાવતા સંચાલકો સાથે છેતપપિંડી કરતી અલગ-અલગ ગેંગ સક્રિય થતા અને આર્મીના જવાનોને કોવિડ અંગેના ટેસ્ટ કરાવવાના નામે લાખો રૂપિયાની સાયબર છેતરપિંડી કરવાના કિસ્સાઓ વધતા રાજ્યના પોલીસ વડાને ફરિયાદ કરવામાં આવી છે. આ અંગે ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ્સ એન્ડ માઇક્રોબાયોલોજીસ્ટના પ્રમુખ ડો. રાજેન્દ્ર લાલાણી દ્વારા ગાંધીનગર ખાતે ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસને ફરિયાદ કરીને આરોપીઓને ઝબ્બે કરવા માટે માગણી કરવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત થતી જાણકારી મુજબ રાજ્યના વિવિધ શહેરો કે જેવા કે રાજકોટ, આણંદ, ગાંધીધામ, મહેસાણા ખાતે પેથોલોજી લેબોરેટરી ઉપર ફોન કરીને અજાણ્યા શખસો દ્વારા કહેવામાં આવે છે કે આર્મીના જવાનોને કોવીડને લગતા બ્લડ ટેસ્ટ કરાવવાના છે. આથ તમારે આર્મી કેમ્પ ખાતે આવવું પડશે. તેના માટે એવું જણાવવામાં આવે છે કે ૨૦ થી વધુ જવાનો હોવાથી અને આર્મીનું કામ હોવાથી ક્વોટેશન આપવું પડશે એમ કહીને ભાવ મંગાવવામાં આવે છે. તેઓને સીઆરપી, ડી ડાઈમર અને સીબીસીનો ટેસ્ટ પેટે પૈસા નક્કી કર્યા બાદ લેબોરટરીના માણસોનું આધાર કાર્ડ અને બીજી વિગતો માગવામાં આવે છે. ત્યારબાદ ગુગલ પે કે એમેઝોન પે મારફતે પૈસા ટ્રાન્સફર કરવાની વાત કરવામાં આવે છે. ત્યારબાદ ટ્રાયલ માટે દસ કે પંદર રૂપિયા ટ્રાન્સફર કરીને મોબાઈલની લિંક મોકલવામાં આવે છે અને તે ખોલવાનો આગ્રહ કરવામાં આવે છે. ત્યારબાદ લિંક ખોલ્યાની ગણતરીની સેંકડમાં જ જે તે કર્મચારી કે લેબોરેટરીના સંચાલકના ખાતામાંથી બારોબાર પૈસા ટ્રાન્સફર થાય છે. જેના કારણે દસ પંદર હજાર રૂપિયાથી લઇને દોઢ લાખ રૂપિયા સુધીની છેતરપિંડી કરવામાં આવી છે. આ અંગે જણાવતા ડો. લાલાણીએ કહ્યું હતું કે, ગુજરાત બહારની આ ગેંગ પાસે પેથોલોજી લેબોરેટરીના નંબરો અને ડેટા ક્યાંથી આવ્યા તે આશ્ચર્યજનક વાત છે અને સમગ્ર ગુજરાતમાં એક જ સરખી મોડસ ઓપરેન્ડીથી આ છેતરપિંડીને અંજામ આપવામાં આવે છે. આ અગે અમે રાજકોટ પોલીસને તો ફરિયાદ કરી જ છે આ ઉપરાંત રાજ્યના પોલસ વડાને પણ આજે ફરિયાદ કરીને આવા તત્વોને રોકવા માટે અરજ કરી છે. બીજી બાજુ અમે પણ અમારા હોદ્દેદારોને આવો કોઇ કોલ આવે તો લેવડ દેવડ નહિ કરવા માટે સૂચના જારી કરી દીધી છે. આ ગેંગના સભ્યો જે કોઇ લેબોરેટરીમાંથી વધુ પુછપરછ કરવામાં આવે તો લશ્કરના ગણવેશમાં હોય તેવા શક્શોના આઇડેન્ટીટી કાર્ડ અને બીજા દસ્તાવજો પણ રાખવામાં આવે છે કે જેથી કરીને કોઇને તેમના ઉપર શંકા ના જાય. આમ નાની મોટી રકમ મળીને લાખોની રકમની ઉચાપત થઇ જતા લેબોરેટરી સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વર્ષ ૨૦૨૧ની હજયાત્રા અંગે ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે : સઉદીના મંત્રી

(એજન્સી) જેદ્દાહ, તા.૮

સઉદી અરબના કાર્યકારી સૂચના અને પ્રસારણમંત્રી ડો.માજિદ અલ-કસાબીએ કહ્યું હતું કે, આગામી થોડા દિવસોમાં સઉદી સરકાર આ વર્ષની હજયાત્રા અંગે સત્તાવાર જાહેરાત કરશે. હાલમાં સરકાર કોવિડ-૧૯ના કારણે હજયાત્રા સામે ઊભા થનારા સંભવિત પડકારોની સમીક્ષા કરી રહી છે. આ સમીક્ષા પૂરી થયા પછી આ વર્ષની હજયાત્રા અંગે કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં આવશે. રવિવારે રિયાધ ખાતે અકે પત્રકાર પરિષદ સંબોધતા અલ-કસાબીએ કહ્યું હતું કે, સઉદી વહીવટીતંત્ર આ મહામારી દરમ્યાન હજયાત્રાના આયોજન અંગે ચર્ચા કરી રહ્યો છે. તેમજ ટૂંક સમયમાં હજ અને ઉમરાહ મંત્રી તેમજ સ્વાસ્થ્ય મંત્રી આ અંગે જાહેરાત કરશે. તેમણે કહ્યું હતું કે, વાયરસના જુદા-જુદા વેરિઅન્ટ્સના કારણે આ મહત્ત્વનું છે કે, વાયરસના ફેલાવા અને તેનાથી થનારા સંભવિત નુકસાન અંગે યોગ્ય સમીક્ષા જરૂરી છે. અલ-કસાબીએ કહ્યું હતું કે, અમે નથી ઈચ્છતાં કે આ વર્ષની હજ સઉદી અરબ તેમજ સમગ્ર મુસ્લિમ વિશ્વમાં વાયરસના ફેલાવાનો કેન્દ્રબિંદુ બને. બીજી તરફ સઉદીનો હજ અને ઉમરાહ મંત્રાલય પણ આ અસામાન્ય સંજોગોમાં હજ અને ઉમરાહ માટે સઉદી સરકાર તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાઓને વધુ સારી બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. હજ અને ઉમરાહ મંત્રાલયના અંદર સેક્રેટરી હિશામ અબ્દુલમોનેમ સઈદે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, શ્રદ્ધાળુઓ હજ અને ઉમરાહ સરળતાથી કરી શકે તે માટે હજ-ઉમરાહ મંત્રાલય, આંતરિક બાળકોનું મંત્રાલય, સ્વાસ્થ્ય મંત્રાલય તેમજ બંને ગ્રાન્ડ મસ્જિદોની જનરલ પ્રેસિડન્સી સાથે મળી કામ કરી રહ્યા છે.

ઈઝરાયેલના કટ્ટરવાદી યહુદી જૂથે મુસ્લિમ વિસ્તારોમાંથી પસાર થનારી વિવાદિત કૂચ રદ કરી

(એજન્સી) તા.૮

૧૨	૧૪૦૨૨૧૧૯	હોમ લોન	૧. શ્રી દિલીપભાઈ ઘુસાભાઈસોદાવાડિયા ૨. શ્રીમતી હંસાબેન દિલીપભાઈ સોદાવાડિયા	૨૦-૦૫-૨૦૨૧	ભા.રૂા. ૧૩૧૪૪૬૩૪.૪૩/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ પ્રિમાઈસિસ પ્લોટ નં.૧૧ ક્ષેત્રફળ ૪૯૨ ચો.ફૂટ એટલે કે ૪૫.૭૦ ચો.મી., બિન વહેંચાયેલ શેરની રોડની જમીન,કુલ ક્ષેત્રફળ ૫૯.૪૧ ચો.મી. 'સાઈ દર્શન રેસિડેન્સી'માં સ્થિત મુ. રેવન્યુ સર્વે નં.૨૦૪, ૨૦૫-બી ક્ષેત્રફળ ૨૪૭૯૨ ચો.મી. મોજે, ગામ, કપોદ્રા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, ગુજરાત અને નીચે મુજબની ખૂંટ : **પૂર્વ : પલોટ નં. ૧૬, પશ્ચિમ : સોસાયટી રોડ, ઉત્તર : પ્લોટ નં.૧૨, દક્ષિણ : પ્લોટ નં.૧૦**
૧૩	૨૭૪૧૧૯૫૫ અને ૩૪૩૫૧૪૩૭	મિલકત સામે લોન	૧. ફહિમખાન મો.સલીમ પઠાણ ૨. આદિલખાન સલીમખાન પઠાણ ૩. મો.સલીમખાન પઠાણ	૨૦-૦૪-૨૦૨૧	ભા.રૂા. ૨૦૩૩૩૮૬૫.૪૩/-	સ્થાવર રહેણાંક મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રૂમ નં.૪૮(મ્યુનિ.સેન્સસ નં.૧૯૪૩/૪, વોર્ડ શહેર કોટડા) લગભગ ક્ષેત્રફળ ૪૦.૩૩ ચો.વાર, બાંધકામ જમીનના ફાઈનલ પ્લોટ નં.૧૯૪ ટીપીએસ નં.૧૬, રેવન્યુ સર્વે નં.૬૬ પૈકી સ્થિત અને ઊભેલ મુ. મોજે/ગામ/શહેર/જિ. અમદાવાદ અને નીચે મુજબની ખૂંટ : **દક્ષિણ : અન્ય યુનિટ, ઉત્તર : આંતરિક રોડ અને મ્યુનિ.સેસ. નં.૧૯૪૨/૨૫, પૂર્વ : મ્યુનિ. સેસ નં.૧૯૪૩/૩, પશ્ચિમ : મ્યુનિ. સેસ નં.૧૯૪૩/૩**
૧૪	૨૯૯૬૧૪૨૮	મિલકત સામે લોન	૧. શ્રી ફુલાભાઈ રબારી ૨. શ્રીમતી ભાનુબેન રબારી	૧૦-૦૫-૨૦૨૧	ભા.રૂા. ૫૮૨૩૦૩.૧૯/-	ગામતળ પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ મોજે સમસાવાડ, તા.વડોદરા, રબારીવાસ, કાવ્યરોહન પાસે ઊભેલ, જમીન બેરીંગ મિલકત નં. ૨૦૫ ક્ષેત્રફળ ૧૩૫૦ ચો.ફીટ મુ. રજિ.જિ. અને સબ જિ. વડોદરા અને નીચે મુજબની ખૂંટ : **પૂર્વ : ગોપાલભાઈ નાગજીભાઈ રબારીનું ઘર, પશ્ચિમ : લાલજીભાઈ મુલજીભાઈનું ઘર, ઉત્તર : પબ્લિક રોડ, દક્ષિણ : શંકરભાઈ જેસંગભાઈનું ખેતર**
૧૫	૨૦૪૪૮૭૬૬	મિલકત સામે લોન	૧. ગોવર્ધનભાઈ પાઈપ અને સ્ટીલ ૨. શ્રીમતી દિવ્યાબેન એસ. પોકિયા ૩.શ્રી શૈલેષભાઈ વલ્લભભાઈ પોકિયા	૧૭-૦૪-૨૦૨૧	ભા.રૂા. ૭૭૯૭૫૬૭.૩૩/-	મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકના ઘરની મિલકતનો જમીન વિસ્તાર ૮૦-૧૩ ચો.મી. એટલે કે ૯૫-૮૪ ચો.વાર પ્લોટ નં.૨૨૪, 'સુખ સાગર' વિસ્તાર તરીકે જાણીતી, સ્થિત મુ. માવડી, રેવન્યુ સર્વે નં.૩૦/પી/૧-૨-૩ સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૪ અને નીચે મુજબની ખૂંટ : **ઉત્તરઃ પલોટ નં.૨૩, દક્ષિણઃ ૯-૦૦ મી. રોડ, પૂર્વ : ૭-૫૦ મી. રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૨૧૩**
૧૬	૧૬૨૩૫૨૧૨	મિલકત સામે લોન	૧. શ્રી હર્ષદ સી. ચૌહાણ ૨. શ્રીમતી ધારા ભૂપેન્દ્રભાઈ પટેલ	૨૦-૦૫-૨૦૨૧	ભા.રૂા. ૧૪૫૮૭૭૨.૭૩/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ક્ષેત્રફળ ૪૧.૬૭ચો.મી., સિટી સર્વે નં.૧૧૦૫/એ અને મિલકત ક્ષેત્રફળ ૪૮.૧૧ ચો.મી., સિટી સર્વે નં. ૧૧૦૫/બી ગામની સીમ ગોરવા, રજિ.જિ. વડોદરા સબ જિ. વડોદરા અને ખૂંટ : સી.એસ.નં.૧૧૦૫/એની ખૂંટ : **પૂર્વ : નાવેરૂનો પાછળનો ભાગ, પશ્ચિમ : રોડ, ઉત્તર : છોડેલ ૧ મી. રોડ, સકરીબેન સોમાભાઈનું ઘર, દક્ષિણ : ભીખાભાઈ રેવાનદાસનું ઘર** **સીએસ નં.૧૧૦૫/બીની ખૂંટ : પૂર્વ : કોમન દીવાલ, પશ્ચિમ : રોડ, ઉત્તર : સિટી સર્વે નં.૧૧૦૬, દક્ષિણ : સિટી સર્વે નં.૧૧૦૪**
૧૭	૨૨૯૮૧૪૬૦	મિલકત સામે લોન	૧.ઝહીરઅબ્બાસ યાકુબભાઈ સાલેહ ૨.અસ્મતફાતેમા ઝહીર અબ્બાસ સાલેહ ૩.જેનબબેન યાકુબભાઈ સાલેહ ૪.યાકુબભાઈ યુસુફભાઈ સાલેહ ૫.સાલેહ ઝહીર અબ્બાસ યાકુબભાઈ ૬.સાલેહ જેનબબેન યાકુબ ૭.સાલેહ યાકુબ યુસુફભાઈ	૧૦-૦૫-૨૦૨૧	ભા.રૂા. ૪૬૦૫૧૮.૭૯/-	જમીનના મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ સાથે તેની ઉપર ઊભેલ માળખું રહેણાંકની મિલકત ગ્રામ પંચાયતની બહાર મિલકત નં.૬૩૧ (જૂની મિલકત નં.૪૭૪/૬) કુલ ક્ષેત્રફળ ૬૦-૩૮-૭૦ ચો.મી., ૬૫૦-૦૦ ચો.ફીટ એટલે કે અને બિલ્ટ અપ ૪૫-૦૦ ચો.મી. સ્થિત પિરોજપુરાની સીમ ખાતે તા. વડગામ, જિ. બનાસકાંઠા, રાજ્ય ગુજરાત અને નીચે મુજબની ખૂંટ : **પૂર્વ : સોસાયટીનો રોડ, ઉત્તર : સાલેહ હસનઅલી યુસુફભાઈના ઘરની સાથેની દીવાલ, પશ્ચિમ : નાવોલી, દક્ષિણ : અબ્દુલ્લાહ સેલીયાના ઘરની સાથેની દીવાલ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમા આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમા આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફસ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમા આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીક જાણીતી)

તા.૦૯-૦૬-૨૦૨૧
સ્થળ : અમદાવાદ

યુપી ગુમાવવાની શક્યતા હોવા છતાં યોગીને વળગી રહેવા જેની મજબૂરી છે એવો ભાજપ હવે કોમી ધ્રુવીકરણનો આશ્રય લઈ રહ્યો છે

ઉ.પ્ર.ના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને ઉથલાવી નહીં શકાતા ભાજપ પાસે માત્ર એક વિકલ્પ એ હોવાનું જણાય છે કે હિંદુ અને મુસ્લિમ ધ્રુવીકરણ ઊભું થાય અને આગામી વર્ષે વિધાનસભા ચૂંટણીમાં તેની તરફેણમાં કામ કરે

(એજન્સી) તા.૮

ઉ.પ્ર.ના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સ્વયં મુશ્કેલીમાં હોવા છતાં હવે ગૌરક્ષાનો મામલાએ વેગ પકડ્યો છે અને એવા અહેવાલો વહેતા થયાં છે કે વિધાનસભાની ચૂંટણી જ્યારે માત્ર ૮ મહિના જ દૂર છે ત્યારે આ પ્રકારની ઘટનાઓ વધુ પ્રકાશમાં આવશે જેના કારણે કોમી ધ્રુવીકરણ સર્જાશે જે પરંપરાગત રીતે ભાજપને અને ખાસ કરીને યુપીની ઉગ્રવાદી હિંદુ યુવાવાહિનીના સુપ્રિમો યોગી આદિત્યનાથને મદદ કરશે. યોગી આદિત્યનાથે રાજ્યમાં ઝડપથી કોવિડને કાબૂમાં લીધો હોવાના જે દાવા કર્યા છે તેના જવાબમાં ગંગામાં વહેતી કોવિડ અસરગ્રસ્તોની સેંકડો લાશો અને ગંગાના કિનારે દફનાવી દેવામાં આવેલ લાશોના વિઝ્યુલ્સ વહેતા થયાં છે. અત્યારે યોગીની તરફેણમાં કોઈ પણ પાસુ કામ કરતું જણાતું નથી. પરંતુ હિંદુત્વ કાર્ડ અને કોમી ધ્રુવીકરણે ભાજપને ૨૦૧૩ના મુઝફ્ફરનગરના મુસ્લિમ વિરોધી નરસંહારથી સારો એવો ફાયદો થયો છે. યોગી આદિત્યનાથ સામે જબરદસ્ત નારાજગી જણાય છે એટલી હદે કે પક્ષે ગત સમાહે પોતાના મહામંત્રી (સંગઠન) બી એલ સંતોષને લખનૌ મોકલ્યાં હતાં. આ એક મહત્વનું પદ છે જે શાસક પક્ષ

આરએસએસના નેતા માટે અનામત રાખે છે. સંતોષ યુપીના કેટલાય પ્રધાનો, બે નાયબ મુખ્ય પ્રધાનો અને પક્ષના અન્ય અલગ સભ્યોને જુદી જુદી રીતે મળ્યાં હતાં પરંતુ મુખ્ય પ્રધાનને આ બેઠકોથી દૂર રાખવામાં આવ્યાં હતાં તેના પરથી એક સ્પષ્ટ સંદેશ પ્રાપ્ત થયો છે કે યોગીજી હવે ભાજપ હાઇકમાન્ડનો વિશ્વાસ ધરાવતાં નથી. એ પણ સ્પષ્ટ છે કે ભારતના સૌથી મોટા અને સૌથી મહત્વપૂર્ણ રાજ્યની ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પૂર્વે ભાજપ ગુંચવાડામાં છે અને ભાજપનું ઘર વિભાજિત છે. યુપીમાં યોગીના ચાર વર્ષના શાસન માટે જો કોઈ શબ્દો પ્રયોજવા હોય તો એવું કહી શકાય કે આ એક નિરંકુશ ઠાકુરવાદ હતો જેમાં યોગીના તરંગો અનુસાર કાયદો અને વ્યવસ્થાતંત્ર કામ કરતું હતું. જો કે યુપીમાં હારવાની શક્યતા હોવા છતાં ભાજપ હાઇ કમાન્ડને યોગીને વળગી રહેવું પડ્યું છે અને આ સંજોગોમાં ભાજપ કોમવાદી ચરુ ઉકળતો રાખવાની પ્રયુક્તિનો આશ્રય લઈ રહ્યો છે. ઉ.પ્ર.ના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને ઉથલાવી નહીં શકાતાં ભાજપ પાસે માત્ર એક વિકલ્પ એ હોવાનું જણાય છે કે હિંદુ અને મુસ્લિમ ધ્રુવીકરણ ઊભુ થાય અને આગામી વર્ષે વિધાનસભા ચૂંટણીમાં તેની તરફેણમાં કામ કરે.

કોવિડ વોરીઅરની ડાયરી : છેવટે મેં મારી અને મારા છોકરાઓની સંભાળ લેવાનો નિર્ણય કર્યો

ઈશ્વર કૃપાથી અમે અમારા પરિવાર સાથે હતા અને અમને લાગણીશીલ અને માનસિક બંને રીતે પરિવારનો જબરદસ્ત સધિયારો પ્રાપ્ત થયો

(એજન્સી) તા.૮

૨૧, એપ્રિલે મને શરીરમાં હળવો તાવ અને દુઃખાવો શરૂ થયો હતો. આગલે દિવસે મને ઊંઘ આવી ન હતી એટલે શરીર દુઃખતું હશે એવું મેં માન્યું હતું પરંતુ મારા પતિ ખૂબ જ સતર્ક છે અને તેમણે મારું ટેમ્પરેચર ચેક કર્યું તો ૯૮.૮ ડિગ્રી હતું. આથી હું આઈસોલેટ થઈ ગઈ અને ત્યારબાદ મારા શરીરનું તાપમાન વધવા લાગ્યું. મારું નાક પણ બંધ થવા લાગ્યું અને ઉધરસ પણ ચાલુ થઈ ગઈ. બે દિવસ બાદ અમે લેબ આટેન્ડન્ટને ઘરે બોલાવીને કોવિડ ટેસ્ટ કરાવ્યો તો પોઝિટીવ આવ્યો. ઈશ્વર કૃપાથી અમે અમારા પરિવાર સાથે હતાં અને તેથી લાગણીશીલ રીતે અને માનસિક રીતે સારો એવો સધિયારો પ્રાપ્ત થયો. મારા તબીબે બ્લડ ટેસ્ટથી લઈને છાતીનો એક્સ-રે અને સિટીસ્કેન સુધીના કેટલાય ટેસ્ટ કરવાનાની સલાહ આપી. મેં એઝીથ્રો, ડોલો, ફેબીફ્લુ, એઝિથ્રોલ, વિટામિન સી, ઝિંક વગેરે દવાઓ લેવાનું શરૂ કર્યું અને મને ઉધરસ બહુ હોવાથી હું નેબ્યુલાઈઝર કે ઈનહેલરનો ઉપયોગ કરતી હતી. થોડા દિવસ બાદ મારો ત્રણ વર્ષનો પુત્ર પણ સંક્રમિત થયો અને એકાદ અઠવાડિયા બાદ મારા પતિ પણ કોવિડ પોઝિટીવ આવ્યાં. અમારું ૮ સભ્યોનો પરિવાર છે. આ ઉપરાંત ચાર કેર ટેકર છે. આમ કુલ ૧૨ સભ્યોમાંથી ૬ સભ્યો એક જ અઠવાડિયામાં કોરોના સંક્રમિત થયાં હતાં. સદ્નસીબે અમારા માતા-પિતાની તબિયત સારી હતી. મારા સાસુ ખાસ કરીને મારા ભોજનનું ધ્યાન રાખતાં હતા. મારા સસરા અમારા માટે દવા અને અન્ય જરુરી વ્યવસ્થા સંભાળતા હતાં. સદ્નસીબે મે સ્વાદ અને સુગંધ ગુમાવી ન હતી. હું ઘરે રાંધેલ હાઈપ્રોટીન ખોરાક લેતી હતી અને મસાલેદાર ખોરાક લેવાનું બંધ કર્યું હતું. હું પૌઆ, ઈડલી, દાળ, સબજી, રોટી સલાડ અને નાળિયેરનું પાણી લેતી હતી. હું બેથી ૩ લિટર ગરમ પાણી લેતી હતી. દિવસ દરમિયાન ગ્રીન ટી અને નિયમિત ઉકાળો લેતી હતી અમારા માટે આ એક પડકારજનક સમય હતો. હું અને મારા પુત્ર અને મારા પતિ પણ આઈસોલેટ થઈ ગયાં હતાં. મેં મારી અને મારા છોકરાઓની સંભાળ લેવાનું શરુ કર્યું. દિવસ

દરમિયાન અમે સમયસર યોગા, શ્વાસની કસરતો, સમયસર ભોજન અને દવાઓ વગેરેનું સમયસર સેવન કરતાં હતાં. આઈસોલેશનમાંથી બહાર આવતાં અને મારો રિપોર્ટ નેગેટીવ આવતાં ૨૦ દિવસ થયાં હતાં. કોરોનામાંથી રીકવર થયાં બાદ મારી ભૂખ મરી ગઈ હતી. મને એવું લાગે છે કે આવા કપરા સમયમાં તમારે તમારા કુટુંબનો સધિયારો ખાસ જરુરી હોય છે અને મારા સાસુ-સસરા ખરેખર મને મદદરુપ થયાં હતાં.

- વેટા રાસ્ત્રા

(લેખક દિલ્હી સ્થિત પીઆર પ્રોફેશનલ્સ છે)

ખરેખર એન્કાઉન્ટરમાં કે પછી કસ્ટડીમાં મોત ? : ત્રાલના SOG કેમ્પ ખાતે મોહમ્મદ અમીન મલિકને ખરેખર શું થયું હતું ?

જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર મલિક એક સક્રિય આતંકી હતો કે જેણે પૂછપરછ દરમિયાન પોલીસની રાઈફલ છીનવીને અંધાધૂંધ ગોળીબાર કરતાં એન્કાઉન્ટરમાં તે ઠાર મરાયો હતો. જ્યારે પરિવારનું કહેવું છે કે મલિક ત્રાસવાદી નહીં પણ એક શ્રમિક હતો કે જેણે પૂછપરછ માટે સ્વૈચ્છિક રીતે શરણાગતિ સ્વીકારી હતી

(એજન્સી) તા.૮

જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર મોહમ્મદ અમીન મલિક એક સક્રિય આતંકી હતો અને જૂન, ૨-૩ની રાત્રે તેણે પોલીસકર્મી પાસેથી એકે ૪૭ આંચકીને આડેધડ ગોળીબાર શરુ કરી દેતાં રાત્રે એન્કાઉન્ટરમાં તે માર્યો ગયો હતો. આ એન્કાઉન્ટર પૂરું થયાં બાદ પોલીસના પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું હતું કે ત્રાલના અબ્દુલ મલિકના પુત્ર મોહમ્મદ અમીન મલિક એક સક્રિય આતંકી હતો અને ત્રાલના ૨૪ કોમ્પોનન્ટ કોમ્પેલક્ષ ખાતે અવન્તિપોરા પોલીસ ૧૮૦ બટાલિયન સીઆરપીએફ અને ૪૨ આરઆર આર્મી દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલ રાત્રી ઓપરેશનમાં તે માર્યો ગયો હતો. પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે માલિકની ૩૦, મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તેની પાસેથી શસ્ત્રો, દારુગોળો અને વિસ્ફોટકો સહિત વાંધાજનક સામગ્રી મળી હતી જેમાં એક બિનલાયસન્સધારી ૧૨ બોર્ડની એક ગન હતી. તેને ત્રાલ પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો ત્યાં કાયદાની સંબંધિત કલમ હેઠળ એફઆઈઆર નં.૪૮-૨૦૨૧ દાખલ કરવામાં આવી હતી. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ આતંકી પોલીસ રિમાન્ડ પર હતો અને ૨, જૂન ૨૦૨૧ના રોજ વધુ પૂછપરછ માટે ત્રાલ પોલીસ સ્ટેશનથી પોલીસ કમ્પોનન્ટ ત્રાલ ખાતે લઈ જવાયો હતો અને ત્યાં પૂછપરછ દરમિયાન તેણે કોન્સ્ટેબલ અમજદ ખાનની સર્વિસ રાઈફલ એ કે ૪૭ છિનવી લઈને પોલીસકરર્મીઓને મારી નાખવાના ઈરાદા સાથે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. મલિકે અમજદખાનને

ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. તેને શરણે આવવા અપીલ કરવામા આવી હતી, પરંતુ તેણે પોલીસ પાર્ટી પર ગોળીબાર ચાલુ રાખ્યાં હતાં. આખરે તે એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો પરંતુ મલિકના પરિવારજનો અલગ જ વાત કરે છે. અહમદના જણાવ્યા પ્રમાણે પોલીસે મલિકની ધરપકડ અંગેની વાત ઊપજાવી કાઢી છે તે એક જૂઠાણું છે. વાસ્તવમાં અમે પરિવારજનો તેને પોલીસ સ્ટેશન લઈ ગયાં હતાં કારણ કે તેમણે તેની પૂછપરછ કરવાની હતી. પોલીસ છાવણીમાં શું થયું તેની અમને ખબર નથી એવું અહમદે જણાવ્યું હતું. પરંતુ મલિક ત્રાસવાદી ન હતો તે એક શ્રમિક હતો. મલિકના મૃતદેહને પોલીસ લઈ ગઈ હતી અને અજાણ્યાં સ્થળે દફનાવી દીધો હતો. આમ પોલીસનો આક્ષેપ છે કે મલિકનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું હતું.

ટીવી ડિબેટ : ભાજપના પ્રવક્તાઓને તેમની જ ભાષામાં વળતો જવાબ આપવો જરૂરી છે : સુપ્રિયા શ્રીનાટે

ટીવી એન્કર્સ એકાએક ભાષાની મર્યાદાની વાત કઈ રીતે કરે છે ? શું આ મર્યાદા માત્ર વિરોધ પક્ષના પ્રવક્તાએ જ જાળવવાની હોય છે ? : સુપ્રિયા શ્રીનાટે

(એજન્સી) તા.૮

ટીવી પર તેઓ કોંગ્રેસના સૌથી શક્તિશાળી પ્રવક્તા છે. સુપ્રિયા શ્રીનાટે એક લાઈવ ડિબેટમાં ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા અને કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનાટે એકબીજા સામે ભીડાઈ ગયાં હતાં અને આ દરમિયાન સુપ્રિયાએ સંબિત પાત્રાને 'દો કૌડીકા નાલીકા કીડા' એવા શબ્દો સુનાવ્યાં હતાં. આથી ભાજપના સમર્થકો રોષે ભરાયાં હતાં અને કોંગ્રેસની સંસ્કૃતિ અંગે તેજાબી નિવેદનો કરીને જે ભાષાનો ઉપયોગ કર્યો તેની ઝાટકણી કાઢી હતી. જ્યારે કોંગ્રેસના સમર્થકોએ સંબિત પાત્રાને તેની ભાષામાં જવાબ આપવા બદલ સુપ્રિયાને ભિરદાવ્યાં હતાં. આ વર્ષે માર્ચ મહિનામાં સુપ્રિયા શ્રીનાટેએ એક વીડિયોમાં નિવેદન કરીને એવી ચેતવણી આપી હતી કે જો ભાજપના સભ્યો કોંગ્રેસના નેતાઓ કે રાહુલ ગાંધી સામે અપશબ્દોની ભાષાનો ઉપયોગ કરશે તો હું પણ તેમને તેમની ભાષામાં જ જવાબ આપીશ. તેનો વળતો જવાબ એ રણનીતિનો એક ભાગ હોવાનું જોવામાં આવે છે. અશિષ્ટ ભાષા એ રાજકીય કોમ્યુનિકેશનમાં ભાજપ દ્વારા હરીફોને હાસ્યાસ્પદ ચીતરવા માટે એક શક્તિશાળી શસ્ત્ર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે તેના કારણે સમર્થકોનું નૈતિક બળ વધે છે અને હરીફો ઉઘાડા પડી જાય છે. આ અંગે એક વાતચીતમાં સુપ્રિયાને જ્યારે પૂછવામાં આવ્યું કે જેવા સાથે તેવાની રણનીતિ પાછળની ઉશ્કેરણી માટેનું કારણ શું છે ? ત્યારે સુપ્રિયા શ્રીનાટેએ જણાવ્યું હતું કે જ્યારે હું ગરીમાપૂર્ણ રીતે ટીવી ડિબેટમાં ભાગ લેતી હોઉં અને ત્યારે જો સામો પક્ષ અપશબ્દોનો ઉપયોગ કરે તો અમારી પાસે બીજો વિકલ્પ જ શું રહે ? સુપ્રિયાએ જણાવ્યું કે રાહુલ ગાંધી તેમના નિશાન પર છે કારણ કે રાહુલ ગાંધી તેમને અવારનવાર ઊંચાનીચા કરી નાખે છે. રાહુલ ગાંધી એવા પ્રશ્નો પૂછે છે કે તેનો કોઈ જવાબ તેમની પાસે હોતો નથી. આથી ભાજપના પ્રવક્તાઓને પણ તેમની જ ભાષામાં જવાબ આપવો જરુરી છે. મીડિયા અંગે વાત કરતાં સુપ્રિયાએ જણાવ્યું હતું કે મુખ્ય ધારાના મીડિયાએ વિશ્વસનીયતા ગુમાવી દીધી છે તેથી કેટલાક પત્રકારો ડિજિટલ મીડિયા તરફ વળ્યાં છે. સંબિત પાત્રા અંગે વાત કરતા સુપ્રિયાએ જણાવ્યું હતું કે હું કોઈ એક પ્રવક્તા સામે નથી, પરંતુ આ તેમની રાજનીતિની એક લાક્ષણિકતા છે. પરંતુ આ બધું બંધ થવું જોઈએ કારણ કે આપણે બધાં જાહેર સેવામાં છીએ.

પશ્ચિમના માહિતી વર્ચસ્વને પડકારવા ચીન અને પાકિસ્તાન હવે સાથે મળીને મીડિયા હાઉસ લોન્ચ કરવાની તૈયારીમાં

(એજન્સી) તા.૮

પાકિસ્તાન અને ચીને મળીને એક ટેલિવિઝન ચેનલ અને મીડિયા હાઉસ લોન્ચ કરવાની યોજના ઘડી છે. આ યોજનાનો હેતુ માહિતી પર વર્ચસ્વ હાંસલ કરવાનો હોવાનું જણાવાય છે કે જેના દ્વારા આ બંને દેશ પશ્ચિમી દેશોના મીડિયાના બદલે એક વિકલ્પ આપી શકે છે. અહેવાલો અનુસાર પાકિસ્તાન અને ચીન બંને કતારના અલજઝીરા અને રશિયાના આરટી નેટવર્કની પેટર્ન પર એક મીડિયા હાઉસ ઊભું કરવા માગે છે. આ માટે તે આંતરરાષ્ટ્રીય લોકપ્રિય પત્રકારોની પસંદગી કરવા માગે છે. તેનું ફોકસ ચીન કરનાર છે એવી માહિતી ભારતીય સુરક્ષા એજન્સીઓને હાથ લાગી છે. અહેવાલ અનુસાર ભારતીય સુરક્ષા એજન્સીઓને એવી માહિતી મળી છે કે મીડિયા હાઉસ શરુ કરવાના વિચાર પાછળ ચીનનું ભેજું છે અને તેની પાસે આ માટે નાણા પણ છે. જ્યારે પાકિસ્તાન માટે તેની આંતરિક સ્થિતિમાં આ પ્રકારનું સંગઠન એક સારી તક પૂરી પાડી શકે છે. અહેવાલો અનુસાર બંને દેશો અલ-જઝીરા અને આર્ટકિન દરજ્જાનું મીડિયા હાઉસ શરુ કરવા માગે છે. માહિતગાર સૂત્રના જણાવ્યા અનુસાર નેરેટીવ આગળ વધારવા માટે તેની જરુર છે અને આવું સંગઠન પાકિસ્તાનમાં સ્થાપિત કરી શકાય છે કે જેનો ખર્ચ ચીન ભોગવશે. પરંતુ હેતુ બંનેના સધાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આવો જ એક પ્રયાસ બે વર્ષ પહેલા પાકિસ્તાન દ્વારા તુર્કી અને મલેશિયા સાથે મળીને એક અંગ્રેજી ચેનલ લોન્ચ કરવાની કોશિશ થઈ હતી. પરંતુ આ કોશિશ નિષ્ફળ ગયાં બાદ હવે ફરીથી શરુ કરવામાં આવી રહી છે. ચેનલનો હેતુ ઈસ્લામને યોગ્ય તરીકે રજૂ કરવાનો અને ઈસ્લામોફોબિયાના પડકારોનો સામનો કરવાનો છે. પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાનખાને આ પ્રોજેક્ટમાં ઘણો રસ લીધો હતો અને તુર્કીના રાષ્ટ્રપતિ રેચેપ તૈયબ અર્દોગન અને મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમદ સાથે પણ આ સંદર્ભમાં તેઓ વાતચીત કરી ચૂક્યાં છે. એક સૂત્રના જણાવ્યા પ્રમાણે મીડિયા હાઉસ સ્થાપવાના વર્તમાન પ્રોજેક્ટ પાછળનો હેતુ પાકિસ્તાનની કહેવાતી સાચી ઈમેજ પ્રોજેક્ટ કરવાનો છે. દસ્તાવેજોમાં જો કે કન્ટેન્ટના સંદર્ભમાં ચીનનો કોઈ સીધો ઉલ્લેખ નથી.

અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા હવે મોદી સરકારે રૂપિયાના અવમૂલ્યનની કડવી ગોળી ગળવી જોઈએ

રૂપિયાના રાષ્ટ્રવાદે નિકાસને વિપરીત રીતે પ્રભાવિત કરી છે. રૂપિયાના ડેપ્રેશિએશન એટલે કે રૂપિયાના અવમૂલ્યનથી જામીનગીરી પર નિર્ધારીત રીટર્ન્સ મેળવતા લોકોને નિઃશંકપણે નુકસાન થશે પરંતુ વર્તમાન આર્થિક કટોકટીમાંથી બહાર આવવું હોય તો રૂપિયાના અવમૂલ્યનની કડવી ગોળી મોદી સરકારે ગળવી જ પડશે

ભારતનું ક્રેડિટ રેટીંગ અત્યારે સૌથી ઓછા ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ પર છે. હાલની કટોકટીભરી સ્થિતિમાં અર્થતંત્રમાં જો કોઈ ઉજળુ પાસુ હોય તો તે નિકાસ બજારનું છે. મહામારીને કારણે ભારતની જીડીપી જેટલી પ્રભાવિત થઈ છે એટલી વૈશ્વિક જીડીપી પ્રભાવિત થઈ નથી અને ભારતના અર્થતંત્ર કરતાં વૈશ્વિક અર્થતંત્ર સંગીન રીતે પુનર્જીવિત થઈ રહ્યું છે અને તેથી આપણે વિદેશી માર્કેટને ટેપ કરવાની તક ઝડપી લેવી જોઈએ.

જો કે છેલ્લા એક દાયકામાં વિયેટનામ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનની તુલનાએ ભારતની નિકાસ વૃદ્ધિ નિરાશાજનક રહી છે જે તેના ગ્રાફ પરથી સમજી શકાશે. નિકાસમાં રૂપિયાના મૂલ્યનું મહત્વ હોય છે પરંતુ ભારતીય રૂપિયાનું અવમૂલ્યન થતાં હવે મોદી સરકારે મજબૂરીથી પણ તેના પરિણામોનો સામનો કરવો પડશે.

અત્રે દર્શાવેલ ટેબલ પરથી છેલ્લા બે દાયકામાં ડોલર સામે ચાર કરન્સીના ચડાવ ઉતાર જોવા મળે છે

કરન્સી	૨૦૦૧માં મૂલ્ય	વર્તમાન મૂલ્ય	ડેપ્રેશિએશન
વિયેટનામ ડોંગ	૧૪૩૨૫	૨૩૦૪૩	૧.૬૦
બાંગ્લાદેશ ટકા	૫૫	૮૫	૧.૫૫
પાકિસ્તાન રૂપિયો	૭૫	૧૫૫	૨.૦૭
ભારતીય રૂપિયો	૫૧	૭૩	૧.૪૩

ઉપરના ચાર્ટ પરથી જોઈ શકાય છે કે આપણા સ્પર્ધક રાષ્ટ્રોએ તેમની કરન્સી પોતાના નિકાસ ક્ષેત્રની નફાકારકતા જાળવવા માટે તુલનાત્મક રીતે તેનું મૂલ્ય જાળવ્યું છે. જ્યારે આપણે ભારતીય રૂપિયાને આપણા સ્પર્ધક કરતાં વધુ એપ્રેશિએટ થવા દીધો છે જેના કારણે આપણી નિકાસ અને તેની વૃદ્ધિની નફાકારકતા પ્રભાવિત થઈ છે. જો આપણે ૨૦૧૪થી મોદી શાસન હેઠળના છેલ્લા સાત વર્ષની ગણતરીએ ધ્યાનમાં લઈએ તો રૂપિયાના રાષ્ટ્રવાદને કારણે આપણા સ્પર્ધકોની તુલનાએ ભારતીય રૂપિયાનું મૂલ્ય વધુ રહ્યું હતું અને તેને કારણે નિકાસની વૃદ્ધિ શૂન્ય થઈ છે.

આપણા રૂપિયાનું ઓવર વેલ્યુએશન થવાનું કારણ એ છે કે આપણે જે કરજ લીધું છે તેના કારણે આપણું રિઝર્વ વધ્યું છે અને તેના પગલે રૂપિયાનું ઓવર વેલ્યુએશન થયું છે. ભારતીય અર્થતંત્ર કરતાં વૈશ્વિક વ્યાપાર વધુ ઝડપથી રીકવર થઈ રહ્યો છે. આપણે તેને તકમાં પલ્ટાવી શકીએ છીએ અને આ માટે ઓવર વેલ્યુએશનને કરેક્ટ કરવા માટે ભારતીય રૂપિયાનું વિદેશી મૂલ્ય ૨૦ ટકા એડજેસ્ટ કરવું પડે. ભારતીય રૂપિયાનું ૨૦ ટકા ડેપ્રેશિએશન (અવમૂલ્યન)થી અનાજ, કપાસ, સિન્થેટીક ટેક્સટાઈલ, એન્જિનીયર ગુડ્ઝ, ઓટોમોબાઈલ્સ અને સોફ્ટવેર



સર્વિસની નિકાસને વધુ પ્રોત્સાહન મળશે અને એ રીતે નિકાસ નફાકારક બનશે. આમ મોદી સરકારે રૂપિયાનું ડેપ્રેશિએશન મજબૂરીથી પણ સ્વીકારવું પડશે અને તો જ નિકાસમાં વૃદ્ધિ થશે અને તેની નફાકારતાને કારણે અર્થતંત્રમાં રીકવરી આવશે. અલબત રૂપિયાના ૨૦ ટકા ડેપ્રેશિએશનને કારણે નિર્ધારીત આવકની જામીનગીરીના ધારકોને નુકસાન થશે પરંતુ આ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા હોય તો નિકાસ વધારવી પડે અને નિકાસ માટે રૂપિયાનું ડેપ્રેશિએશન જરુરી છે. રૂપિયાના ડેપ્રેશિએશન દ્વારા સ્ટીલ, સિમેન્ટ જેવી ચીજવસ્તુઓ પર લાદવામાં આવતી સંરક્ષણવાદી ઈમ્પોર્ટ ડ્યુટીઝને સમેટી લેવા માટે પણ તેનો ઉપયોગ કરી શકાય.

૨૦ ટકા ડેપ્રેશિએશનની પરોક્ષ અસર સરકારના આંતરિક દેવાની ખરી કિંમતમાં ૧૮ ટકા જેટલો ઘટાડો કરશે. બેંકો, પેન્શન ફંડ, ઈન્સ્યોરન્સ કંપની અને કેટલીક ફિક્સ ડિપોઝીટ ધારકો જેવી જામીનગીરી પર રૂપિયાના ૨૦ ટકા ડેપ્રેશિએશનની નુકસાનકારક અસરો થશે. પરંતુ નિકાસને ફાઈનાન્સ કરવા માટે આંતરીક કરજને લાગેવળગે છે ત્યાં સુધી આપણે હવે આખરી તબક્કે આવી ગયાં છીએ અને આ જાળમાંથી બચવા માટે સરકારે તાત્કાલિક ધોરણે કરન્સી ડેપ્રેશિએશનની કડવી ગોળીને સક્રિય રીતે ગળ્યાં વગર છૂટકો નથી.

બીજું આ કડવી ગોળીથી ૨૦૨૪ની ચૂંટણીના સમય સુધીમાં અર્થતંત્રનો વિકાસ થશે અને તેના પગલે મોદીની સત્તા વાપસીની તક પણ વધી જશે. આથી મેદીએ હવે આ અપ્રિય વસ્તુ કરવી પડશે અને તેના દ્વારા વાસ્તવિક સુધારા સુધી પહોંચવું પડશે. અગાઉ પણ આપણે આવું સફળતાપૂર્વક કર્યું હતું અને અત્યારે પણ વર્તમાન સંકટને નિવારવા માટે રૂપિયાના ડેપ્રેશિએશનનો આશ્રય લઈ શકાય.

- સોનાલી રાનાડ (સૌ. : નેશનલ હેરાલ્ડ ઇન્ડિયા.કોમ)

ભૂતકાળમાં સુરત જિ.પ.ની સામાન્ય સભામાં

શાસક અને વિપક્ષના સભ્યોએ તંત્ર ઉપર ગાજ વરસાવી બોગસ ઊંટવૈદ્યોની યાદી રજૂ કરી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

ગુજરાતમાં કોરોના મહામારીમાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો હોવાની માહિતી સામે આવી રહી છે. જેના કારણે લોકોમાં ડરનો માહોલ બન્યો છે. રાજ્યના ડીજીપીએ નકલી ડોકટરોને શોધી કાઢવાના આદેશો કર્યા છે જિલ્લા તંત્રએ બે-ત્રણ મુન્નાભાઈ એમબીબીએસ સામે કાર્યવાહી કરી છે જો કે આ કાર્યવાહી સુરત જિલ્લામાં પાશેરામાં પૂણી સમાન હોવાનું કહેવાય છે ભૂતકાળમાં જિલ્લા પંચાયત સામાન્ય સભામાં શાસક અને વિપક્ષના સદસ્યોએ જ તંત્ર ઉપર ગાજ વરસાવી બોગસ ઊંટવૈધ વેધોની યાદી રજૂ કરી હતી છતાં પણ તંત્ર દ્વારા જિલ્લામાં ઠોસ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું કહેવાય છે.

વિગતો મુજબ કોરોના કાળમાં સૌથી વધુ બોગસ ડોક્ટરો ગ્રામ્ય વિસ્તારમાં સક્રિય થયા હતા ડીજીપીના આદેશને પગલે છેલ્લા બે માસથી રાજ્યવ્યાપી ડ્રાઈવ યોજવામાં આવી રહી છે જેમાં નકલી ઊંટવૈધો વિરૂદ્ધ ગુના પણ નોંધવામાં આવ્યા છે. મોટાભાગના કિસ્સામાં બીજા રાજ્યમાંથી નકલી ડોક્ટરો ગુજરાતમાં આવી કોઈપણ ડિગ્રી વગર જ દવાખાના ખોલી નાખીને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની સારવાર કરી રહ્યા છે. વધુમાં જિલ્લાના મોટા બોરસરા, કોસંબા, નાના બોરસરા, પીપોદરા, સિયાલજ, કીમ ચોકડી, માંડવી તાલુકાના કરંજ, હરિયાલ તથા ચોર્યાસી તાલુકામાં અનઅધિકૃત રીતે પ્રેક્ટિસ કરતા બોગસ તબીબોની સંખ્યા વધારે છે આ ઉપરાંત ઓલપાડ તાલુકાના સાયણ દેલાડ જેવા ઘણા ગામોમાં બોગસ તબીબો લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા આચરતા હોવાની ભૂતકાળમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શાસક પક્ષ તેમજ વિપક્ષના સદસ્યોએ આવા બોગસ તબીબોની રજૂઆત કરી હતી.

વળી ચોર્યાસી તાલુકામાં અનઅધિકૃત રીતે પ્રેક્ટિસ કરતા ૩૦ બોગસ તબીબોનું લિસ્ટ પણ રજૂ કરવામાં આવ્યું હતું જેની તપાસ કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસરોને સૂચના આપી તાલુકા કક્ષાએ રજિસ્ટર નિભાવી માહિતી ભરવા સૂચવ્યું હતું છતાં પણ બોગસ તબીબો સામે કાર્યવાહી તંત્ર દ્વારા યોગ્ય રીતે કરવામાં ન આવી હોવાનાં આક્ષેપો ભૂતકાળમાં સામાન્ય સભામાં કરવામાં આવ્યા હતા. હવે રાજ્યના ડીજીપીના આદેશને લઈને તંત્ર દ્વારા આવા ઊટવૈધોની સામે ઠોસ કાર્યવાહી કરી જિલ્લાના નિર્દોષ અલ્પશિક્ષિત લોકોના આરોગ્ય સામે થતા ગંભીર ચેડા અટકાવાય તે જરૂરી છે. પલસાણા અને કડોદરા વિસ્તારમાં તંત્ર દ્વારા બેથી ત્રણ જેટલા ઊંટવૈધો સામે કામ કાર્યવાહી કરવામાં આવી છે.

સામાન્ય સભામાં બોગસ તબીબ બનીને અનોખો વિરોધ પણ કરાયો હતો

જિલ્લામાં ઠેર-ઠેર બોગસ તબીબોના હાટડાઓ બંધ કરાવવા માટે મુખ્યમંત્રી સુધી રજૂઆત કરનાર પૂર્વ સદસ્ય અને દર્શન નાયક દ્વારા સામાન્ય સભામાં ભૂતકાળમાં બોગસ તબીબ બનીને અનોખો વિરોધ પણ કરવામાં આવ્યો હતો. છતાં સામાન્ય સભામાં શાસક પક્ષના પ્રમુખ અને પદાધિકારીઓએ આ બોગસ તબીબો સામે કાર્યવાહી કરવામાં આવી નથી.

સુનિલ છેત્રીએ તોડ્યો મેસ્સીનો રેકોર્ડ

સર્વકાલીન રેકોર્ડમાં ટોપટેનમાં પહોંચવાથી ભારતીય કપ્તાન છેત્રી એક ગોલ દૂર

દોહા,તા.૮

ભારતીય ફૂટબોલ ટીમના જાદુઈ સ્ટ્રાઈકર સુનિલ છેત્રી આર્જેન્ટીના સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીને પાછળ પાડી હાઈએસ્ટ ગોલ કરનારા સક્રિય ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. ૩૬ વર્ષીય છેત્રીએ ફિફા વિશ્વકપ ૨૦૨૨ અને એએફટી એશિયાકપ ૨૦૨૩ની સંયુક્ત ક્વોલિફાઈંગ મેચમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ ભારત તરફથી બંને ગોલ કર્યા. આ રીતે તેમના કુલ આંતરરાષ્ટ્રીય ગોલની સંખ્યા ૭૪ થઈ ગઈ છે. વિશ્વકપ ક્વોલીફાયરમાં ભારતની છેલ્લા ૬ વર્ષમાં પહેલી જીતના હીરો છેત્રી હાઈએસ્ટ ગોલ કરનારા સક્રિય ખેલાડીઓની યાદીમાં ફક્ત પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (૧૦૩)થી પાછળ છે. છેત્રી બાર્સિલોનાના સ્ટાર મેસ્સીથી બે અને યુએઈના અલી મબખૌતથી એક ગોલ આગળ છે. મબખૌત ૭૩ ગોલ સાથે ત્રીજા સ્થાને છે. મેસ્સીએ ગત ગુરૂવારે ચિલી વિરૂદ્ધ વિશ્વકપ ક્વોલીફાયર મેચમાં પોતાનો ૭૨મો આંતરરાષ્ટ્રીય ગોલ કર્યો હતો. જ્યારે મબખૌતે મલેશિયા વિરૂદ્ધ પોતાના ગોલની સંખ્યા વધારી હતી. છેત્રીએ સોમવારે જાસિમ બિન હમીદ સ્ટેડિયમમાં ૭૯મી મિનિટમા પ્રથમ ગોલ કર્યો અને પછી ઈન્જરી ટાઈમ્સે બીજો ગોલ કરી ભારતનો વિજય સુનિશ્ચિત કર્યો. ભારતીય કપ્તાન હાઈએસ્ટ ગોલ કરનારા ખેલાડીઓની સર્વકાલીન યાદીમાં ટોપ ટેનમાં પહોંચવાથી ફક્ત એક ગોલ પાછળ છે. તે હંગેરીના સૈંડો કોકસિસ, જાપાનના કુનિશિગે કમામોતો અને કુવૈતના બાશર અબ્દુલ્લાહથી એક ગોલ પાછળ છે. આ ત્રણેયએ સમાન ૭૫ ગોલ કર્યા છે. ટીમની જીત અને છેત્રીના રેકોર્ડ પર ખુશી વ્યક્ત કરતા અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘના અધ્યક્ષ પ્રફુલ્લ પટેલે કપ્તાનની આગળ વધીને નેતૃત્વ કરવાની પ્રશંસા કરી છે. આ જીતથી ભારત સાત મેચોમાં ૬ પોઈન્ટ સાથે ગ્રુપ-ઈમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ભારતની આગામી મેચ ૧૫ જૂને અફઘાનિસ્તાન સામે છે.

વિઝડન કોમના ખુલાસા બાદ ઈસીબીએ તપાસ શરૂ કરી

રોબિન્સન બાદ ઈંગ્લેન્ડનો વધુ એક ખેલાડી વંશીય ટિપ્પણીઓમાં ફસાયો

કિશોરાવસ્થામાં વંશીય ટિપ્પણીઓ કરનાર ઈંગ્લેન્ડની હાલની ટીમના ખેલાડીના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી

લંડન,તા.૮

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) હાલની ટીમના એક અન્ય ખેલાડીની કિશોરાવસ્થામાં ટ્વીટર ઉપર કરેલી વંશીય ટિપ્પણીઓ માટે તપાસ કરી રહ્યું છે. આ પહેલા તે આ જ કારણે ઓલી રોબિન્સનને સસ્પેન્ડ કરી ચૂક્યું છે. આ ખેલાડીની જૂની ટ્વીટને વિઝડન કોમએ ઉજાગર કરી છે. આમાં ક્રિકેટરની ઓળખનો ખુલાસો કરવામાં આવ્યો નથી કારણ કે તે સમયે તે ૧૬ વર્ષની ઉંમર સુધી પહોંચ્યો ન હતો. વેબસાઈટે ખેલાડીનું નામ જાહેર કર્યા વિના તે ટ્વીટના સ્કીનશોટ પોસ્ટ કર્યા છે. જેમાં વંશીય ટિપ્પણી કરવામાં આવી છે. ઈસીબી હવે આ મામલાની તપાસ કરી રહ્યું છે. વેબસાઈટ અનુસાર ઈસીબીના પ્રવક્તાએ કહ્યું કે અમારા ધ્યાનમાં લાવવામાં આવ્યું છે કે ઈંગ્લેન્ડના એક ખેલાડીએ પોતાના સ્પેશિયલ મીડિયા એકાઉન્ટ પર આપત્તિજનક સામગ્રી પોસ્ટ કરી હતી. અમે આ મામલાની તપાસ કરી રહ્યા છે અને યોગ્ય સમયે ટિપ્પણી કરીશું. આ આપત્તિજનક પોસ્ટનો ખુલાસો રોબિન્સનને સસ્પેન્ડ કરવાના થોડા કલાકો બાદ કરવામાં આવ્યો છે. રોબિન્સને ૨૦૧૨માં અને ૨૦૧૩માં વંશીય ટ્વીટ કરી હતી. જેની તપાસ ચાલી રહી છે.

ભરત મિસ્ત્રીના ઉઠમણામાં અનેક રોકાણકારોના લાખો રૂપિયા ફસાયા

ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણના બહાને શ્રી સિક્યુરીટીના સંચાલકનું લાખોનું ઉઠામણ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૮

અડાજણ પાટીયા સુંદર ચેમ્બર્સમાં શ્રી સિક્યુરીટીના નામે ઓફિસ ધરાવતા ભરત મિસ્ત્રીએ ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરવાની લોભામણી સ્કીમ આપી અનેક લોકો પાસેથી લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યા બાદ ઓફિસનશ્ચે તાળા મારી ફરાર થઈ જતા રોકાણકારો દોડતા થયા હતા. ઠગાઈનો ભોગ બનેલા પૈકી એક રોકાણકારે નાણાની ઉઘરાણી કરતા ભરત મિસ્ત્રીએ તેને તમારા ત્રાસથી દુનિયા છોડીને જઈ રહ્યો છું હોવાનો મેસેજ કર્યો હતો. પોલીસે રોકાણકારની ફરિયાદને આધારે રૂપિયા ૧૩.૭૫ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે જો કે અનેક લોકો ઠગાઈનો ભોગ બન્યા હોવાથી તપાસમાં ઠગાઈનો આંકડો વધે તેવી શકયતા નકારી શકાય નહી. અડાજણ બદરીનારાયણ મંદિરની પાછળ ભગવાનપાર્ક સોસાયટીમાં રહેતા નેહુલ ભરત ટેલર (ઉ.વ.૩૧) ઘરેથી જ હોલીડે પેકેજનું કામ કરે છે. નેહુલનો પાંચ વર્ષ પહેલા ભરત હરજીવન મિસ્ત્રી (રહે, આવકાર સોસાયટી રામનગર રાંદેર)સાથે મિત્રાતા થઈ હતી, દરમિયાન ગત તા ૨૦ માર્ચ ૨૦૧૮ ના રોજ ભરતે નેહુલને પોતે અડાજણ પાટીયા સુંદર ચેમ્બર્સ પંજાબ નેશનલ બેંકની ઉપર ઓફિસ રાખી ફોરેક્ષ ટ્રેડીંગનું કામ કરૂ છું જેમાં રોકાણ કરવાથી સારૂ વળતર મળશે તેવી લોભામણી સ્કીમની લાલચ આપી હતી. ભરત મિસ્ત્રીની લોભામણી સ્કીમમાં આવી નેહુલ ટેલરે રૂા.૨.૨૫ લાખ, માતાના નામે રૂા.૧.૫૦ લાખ, મામા ભરત ટેલરના નામે રૂા.૪ લાખ અને મામાના મિત્રના મલ્લીકાર્જુન કોતુરના નામે રૂા.૪.૫૦ લાખ મળી કુલ રૂા.૧૩.૭૫ લાખનું રોકાણ કર્યુ હતું. ભરતે વર્તમાન પત્રોમાં જાહેરાત આપી હતી કે ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરશો તો નાણા ક્યાંય ડુબશે નહી લોભામણી જાહેરાત આપી હોવાથી તેની સ્કીમમાં નેહુલ ટેલશ્વર ઉપરાંત વિરેન્દ્ર ધનેશ કાપડીયા, ગણપત ગોવિંદ ગોહીલ, વિકીકુમાર બિપીન જાગડીયા, કૃણાલ કિશોર પટેલ, હિરલકુમારા રાજનીકાંત નાવિક, જનકકુમાર નરેશચંદ્ર ગાંધી, કૈલાશ સવજી રાખોલીયા, સુરેન્દ્રકુમાર બલદેવ મીસ્ત્રી, અબ્દુલ સલીમ અબ્દુલ મજીક બત્તીવાલા, દિપકકુમાર શરદચંદ્ર ભાવસારે પણ લાકો રૂપિયાનું રોકાણ કયું હતું. જાકે એક વર્ષ બાદ ભરત મિસ્ત્રીએ પૈસા નહી આપતા નેહુલ ટેલરે ઉઘરાણી કરતા શરૂઆતમાં ખોટા વાયદાઓ આપ્યા બાદ ઓફિસને તાળા મારી રફુચક્કર થઈ ગયો હતો. ભરત મિસ્ત્રીએ ઉઠમણું કરતા નેહુલ સહિતના રોકાણકારો દોડતા થયા હતા. બનાવ અંગે પોલીસે નેહુલ ટેલરની ફરિયાદને આધારે ભરત મિસ્ત્રી સામે રૂપિયા ૧૩.૭૫ લાખની ઠગાઈનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે પરંતુ ઠગાઈનો ભોગ અનેક રોકાણકારો બન્યા હોવાથી આંકડો વધી શકે છે.

શ્રીલંકા સામે ભારતનો કાર્યક્રમ જાહેર : જુલાઈમાં ત્રણ ટી-૨૦ અને ત્રણ વન-ડે મેચ રમશે

નવી દિલ્હી, તા.૮

ભારતીય ટીમના શ્રીલંકા ટૂરનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. બંને ટીમો ૩ વનડે મેચની શ્રેણી રમશે. આ મેચ ૧૩, ૧૬ અને ૧૮ જુલાઈના રોજ યોજાશે. ત્યારપછી ૨૧, ૨૩ અને ૨૫ જુલાઈના રોજ ૩ ટી-૨૦ મેચની શ્રેણી રમશે. નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)એ ડાયરેક્ટર રાહુલ દ્રવિડ કોચ તરીકે ભારતીય ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસમાં જોડાઈ શકે છે. આ બંને શ્રેણીમાં ઈંગ્લેન્ડ ટૂરમાં પસંદગી પામ્યો હોય તેવા ખેલાડીઓ ભાગ લેશે નહીં. કારણ કે ભારતીય ટીમ ૧૮ જૂનના રોજ ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભાગ લેશે, જેના માટે મુખ્ય ટીમ ઈંગ્લેન્ડમાં ચુસ્ત બાયો-બબલ અંતર્ગત રહેશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ બાદ ભારતીય ટીમના ખેલાડીઓની એજ ટીમ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૫ ટેસ્ટ મેચની શ્રેણી માટે પણ પ્રેક્ટિસ આરંભી દેશે. બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું, અમે સીનિયર પુરુષ ટીમ માટે જુલાઈમાં વ્હાઈટ બોલની શ્રેણીની યોજના તૈયાર કરી છે. ભારતીય ટીમ શ્રીલંકામાં વન-ડે અને ટી-૨૦ મેચ રમશે. આ બંને શ્રેણી માટે અમે અલગ જ ટીમની પસંદગી કરવા જઈ રહ્યા છીએ. જેમાં મુખ્ય હેડ કોચ રવિ શાસ્ત્રી અને ટીમ ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. ટીમમાં શિખર ધવન, પૃથ્વી શૉ, મનીષ પાંડે, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, સંજૂ સેમસન અને ઈશાન કિશન જેવા ખેલાડીઓ સામેલ થઈ શકે છે. આના સિવાય દેવદત્ત પડિકલ અને ઋતુરાજ ગાયકવાડને પણ તક મળી શકે છે. બોલર્સમાં કુલદીપ યાદવ, વરૂણ ચક્રવર્તી, ભુવનેશ્વર કુમાર, ચેતન સાકરિયા, દીપક ચાહર, ખલીલ અહેમદ અને નવદીપ સૈનીને તક મળી શકે છે.

છાપીના રજોસણા ગામે બોગસ ડૉક્ટર ઝડપાયો

છાપી, તા.૮

વડગામ તાલુકાના રજોસણા ગામમાંથી કોઈ પણ જાતની ડીગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા ઉઘાડપગા તબીબને છાપી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

છાપી પીએસઆઈ એસ.ડી.ચૌધરી રાઈટર વિરેન્દ્રસિંહ, યાજ્ઞિકભાઈ તેમજ મહેન્દ્રભાઈ પેટ્રોલિંગમાં હતલિ. તે દરમિયાન બાતમી મળી હતી કે રજોસણા ગામે એક ઈસમ ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરે છે જેથી બાતમી આધારે છાપી પાસે આવેલ રજોસણા ગામે પોલીસે રેડ કરતા અમન મસ્જિદની એક દુકાનમાં મેડિકલની આડમાં કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર એલોપેથિક દવાઓ આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો મુન્નાભાઈ એમબીબીએસને પોલીસે ઝડપી પાડ્યો હતો પોલીસે આ બાબતે છાપી મેડિકલ ઓફિસર દીપકભાઈ જનસારીને સાથે રાખી દવાઓની ઓળખ કરવા સાથે મેડિકલ ઈન્સ્ટમેન્ટ સહિત કુલ રૂા.૫૮૯૪નો મુદ્દામાલ જપ્ત કરી માનવ જિંદગી સાથે ખીલવાડ કરતા ઉઘાડપગા ડોકટર તાસુફ અયુબ માંકણોજિયા વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી હતી.

ઈન્દોરના વેપારી સાથે ફ્લેટના નામે સુરતમાં ૮૦ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૮

ઈન્દોરના ડાયફ્રુટ તેમજ કરિયાણાના વેપારી સાથે સુરતમાં પ્રોપટીમાં ઈન્વેસ્ટ કરવાને બહાને રૂપિયા ૮૦.૪૨ લાખની છેતરપિંડી થઈ હતી. પોલીસે વેપારીની ફરિયાદને આધારે પ્રોજેકટના બિલ્ડર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સચીન જીઆઈડીસી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશના ઈન્દોરના માણેકબાગ રોડ અશોકા કોલોનીમાં રહેતા ફૈસલ ઈબ્રાહીમ સુપેડીવાલા (ઉ.વ.૫૦) ઈન્દોરમાં સીયાગંજમાં જવાહરમાર્ગ ગણપતિ પ્લાઝામાં મેગ્લોર ટ્રેડીંગ કોર્પોરેશનના નામથી ડ્રાઈફ્રુટ (કાજુ) તથા કરીયાણાનો વેપાર ધંધો કરે છે. ફૈસલ સુપેડીવાલાને સન ૨૦૧૨માં જમીન મકાનની દલાલીનું કામ કરતા તેના મિત્ર ગુલાલ ઉસ્માન પોઠીયાવાલા (રહે, રાંદેર ગોરાડ રોડ પલ હાઈટ્સ) ફોન કરી સુરતમાં ઉન ખાતે ગોલ્ડન પાર્ક નામથી પ્રોજેકટ ચાલુ થવાનો છે એક ફ્લેટની કિંમત રૂપિયા ૧૦ લાખ છે તમારે ઈન્વેસ્ટ કરવા માટે સારો મોકો છે તેવુ કહ્યાં હતું. ફૈસલે તેના મિત્ર ગુલાલના કહેવાથી પ્રફુલ સવજી નાવડીયા (રહે, સાધના સોસાયટી વરાછા) અને જીતેશ રાજેન્દ્ર કદમ (રહે, ઠાકોરદીપ સોસાયટી વસંત વિહાર પાસે ઉધના મગદલ્લા રોડ)ના પ્રોજેક્ટમાં ૧૨ બુક કરાવ્યા હતા અને સન ૨૦૧૨થી ૨૦૧૩ દરમ્યાન તમામ ફલેટના ટુકડે-ટુકડે કરી કુલ રૂપિયા ૮૭,૪૨,૦૦૦ ચુકવી આપ્યા હતા જેમાંથી ડી બ્લોકના સાત ફ્લેટના કબજા રસીદ અને વેચાણ કરાર પણ બનાવ્યા હતા જયારે બાકીની સી બ્લોકના પાંચ ફ્લેટના કાગળીયા બનાવવા માટે અવાર નવાર કહેવા છતાંયે જીતેશ કદમ ગલ્લા તલ્લા કરતા હતા. દરમ્યાન આરોપીઓએ ફૈસલને વેચાણ કરેલા ડી બ્લોકના સાત ફ્લેટ બારોબાર અન્ય વ્યકિતને વેચાણ કરી કબજા પણ સોપી દીધો હોવાનું બહાર આવ્યું હતું. તે અંગેની ફૈસલને તેના મિત્ર ગુલાલ મારફતે જાણ થતા તેઓ સુરત આવ્યા હતા. જીતેશ કદમ સાથે મીટિંગ કરતા તેઓએ રૂપિયા ૭ લાખ પરત આપ્યા હતા અને બાકીના પૈસા કે તેના બદલામા ફ્લેટ આપવાની વાત કરી હતી. જો કે સમય જતા જીતેશ ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા અને પ્રફુલ નાવડીયાને વાત કરતા તેઓએ પ્રોજેકટ જીતેશને સોપીં દીધો છે. જેથી તમારે તેની સાથે વાત કરવાની કહી હાથ ઉંચા કરી એકબીજાને ખો આપી બાકી નિકળતા રૂપિયા ૮૦,૪૨,૦૦૦ કે ફ્લેટ નહી આપી છેતરપિંડી કરી હતી. બનાવ અંગે પોલીસે ફૈસલ સુપેડીવાલાની ફરિયાદ લઈ જમીન માલીક પ્રફુલ સવજી નાવડીયા અને ડેવલોપર અને માલીક જીતેશ રાજેન્દ્ર કદમ સામે ગુને દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સુરત : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે રાજકીય કવાયતને અંતિમ ઓપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યો માટે આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસે શહેર ભાજપ દ્વારા ૧૦ કાર્યકર્તાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ચાર માજી કોર્પોરેટરો, એક મહિલા રીપીટ તથા પાંચ નવા કાર્યકર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પસંદગી કરાયેલા તમામ સભ્યો આજે બપોરે ૩ કલાકે પાર્ટીના મેન્ડેટ સાથે મેયર અને રીટનિંગ ઓફિસર હેમાલીબેન બોઘાવાળા સમક્ષ નામાંકન પત્ર ભરશે એવું ભાજપના સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતુ.

સૂત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ કે, શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ સભ્યોની પસંદગી કરવા માટે આજે ઉમેદવારી પત્રો ભરવા માટેનો અંતિમ દિવસ છે. ૧૫ સભ્યો પૈકી ૧૦ સભ્યો ભાજપના, ૦૨ સભ્યો આપ પાર્ટીના અને ૩ સભ્યો સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવશે. શહેર ભાજપ દ્વારા જેઓના સત્તાવાર નામોની પસંદગી કરવામાં આવી છે. તેમના નામો આ પ્રમાણે છે. માજી કોર્પોરેટર સ્વાતીબેન સોસા, માજી કોર્પોરેટર યશોધર દેસાઈ, માજી કોર્પોરેટર વિનોદ ગજેરા, માજી કોર્પોરેટર સંજય કેશવ પાટીલ, રીપીટ નિરંજના જાની, નવા રાજેન્દ્ર કાપડીયા, (માજી કોર્પોરેટર-કિશોરી કાપડીયાના પતિ), રંજના ગોસ્વામી, રાજેન્દ્ર ઈશ્વર પટેલ, શુભમ ઉપાધ્યાય, વરાછાના અરવિંદ કાકડીયા. આ ઉપરાંત આમ આદમી પાર્ટીમાંથી રાકેશ હીરપરા (વોર્ડ-૩) તથા વોર્ડ નંબર ૧૦ રમેશ પરમારની પસંદગી કરવામાં આવી છે. આ તમામ ઉમેદવારો બપોરે ૩ કલાકે મેયર પાસે પોતાના ઉમેદવારી પત્રો ભરવા જશે. ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે અને બપોરે ૩ થી ૬ સુધી જ ફોર્મ સ્વીકારશે.

જાહેર નિવિદા નંબર : એસકે-૭ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા (માર્ગ અને મકાન) વિભાગ, આયોજન ભવન કમ્પાઉન્ડ, આર.ટી.ઓ. ઓફિસની સામે, નડીઆદ ફોન નંબર ૦૨૬૮-૨૫૬૬૪૦૪ ફેકસ ૦૨૬૮-૨૫૬૩૫૯૮ તરફથી નીચે જણાવેલ વિગતો મુજબના ટાયર-ટ્યુબ તથા ફ્લેપના ભાવો અત્રેની કચેરીને તારીખ ૧૭-૬-૨૦૨૧ સુધીમાં RPADથી ઉપરોક્ત સરનામે મળી જાય તે રીતે ઓથોરાઈઝડ ડીલર પાસેથી લેટરપેડ ઉપર ભાવો મંગાવવામાં આવે છે.

MRF તથા Ceat

1. 1000 x 20 ટાયર ફ્રન્ટ........૧ નંગ
2. 1000 x 20 ટાયર ટીઅર.......૧ નંગ
3. 1000 x 20 ટ્યુબ............૧ નંગ
4. 1000 x 20 ફ્લેપ............૧ નંગ

માહિતી/નડિ/૧૪૧/૨૦૨૧-૨૨

એસવીસી કો-ઑપરેટિવ બૅંક લિ. (મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બૅંક) સ્થાપના : ૧૯૦૬

હમસે હૈ પૉસિબલ

રિટેલ બૅંકિંગ | કૉર્પોરેટ બૅંકિંગ | ઇંટરનેશનલ બૅંકિંગ

વસૂલાત વિભાગ,

એસવીસી ટાવર, જવાહરલાલ નહેરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૫૫.

ફોન નં.૭૧૯૯૯૯૭૫/૭૯૧/૯૮૯.

વેચાણ માટે જાહેર નોટિસ

''મિલકત જ્યાં છે તે અને જે કંઈ પણ છે તે ધોરણે'' વેચાણ

(મિલકત સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકત મેળવેલ)

દેણદાર/મોર્ગેજરનું નામ :	તા. ૩૦.૦૪.૨૦૨૧ના બાકી રકમ
મેસર્સ એવરફ્લો ટેક્નો ટેક્સ લિમિટેડ અગાઉની મેસર્સ સ્કિયોન સ્પિનર્સ પ્રાઈવેટ લિમિટેડ (મુખ્ય દેણદાર/મોર્ગેજર) શ્રી રાકેશકુમાર પારસમલજી જૈન (ડિરેક્ટર/ગરેન્ટર) શ્રી હિતેશકુમાર સુરેશકુમાર જૈન (ડિરેક્ટર ગેરેન્ટર) શ્રીમતી રિંકુ અમિત શેઠ (ડિરેક્ટર/ગેરેન્ટર) શ્રી સુંદરલાલ સંવરલાલ બાગરીયા (ડિરેક્ટર) શ્રી પિંકેશ પી. જૈન (ગેરેન્ટર) મેસર્સ ઓરા સ્પિનવેલ લિમિટેડ અગાઉની મેસર્સ એવરફ્લો ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ લિમિટેડ તરીકે ઓળખાય છે. (કોર્પોરેટ ગેરેન્ટર)	રૂા.૫૩,૯૨,૩૯,૪૭૭.૦૯ (ફક્ત રૂપિયા ત્રેપન કરોડ બાણું લાખ ઓગણ ચાલીસ હજાર ચારસો સિત્યોતેર નવ પૈસા) ૩૦.૦૪.૨૦૨૧ મુજબ સાથે વ્યાજ સુધી ૦૧-૦૫-૨૦૨૧ના કોષ્ટકમાં સૂચવ્યા મુજબ ચુકવણીની તારીખ સુધી અહીં ઉપર છે.

મિલકતનું સ્થળ અને વિગત	અનામત રકમ (લાખમાં)	નિરીક્ષણની તારીખ અને સમય	અર્નેસ્ટ મની ડિપોઝીટ (લાખમાં)	ટેન્ડર ખુલવાની અને હરાજીની તારીખ અને સમય
૧. રજિસ્ટર્ડ મોર્ગેજ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ બિન કૃષિ જમીન ધરાવતા હોવાથી: એ) પ્લોટ નંબર ૧-બી, ૧૭૩૮ ચોરસ મીટરનું ક્ષેત્રફળ બી) પ્લોટ નંબર ૧-સી, ૨૨૭૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ સી) પ્લોટ નંબર ૧-ડી, ૨૦૯૭ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ડી) પ્લોટ નંબર ૧-ઇ, ૧૯૫૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ કુલ ક્ષેત્રફળ ૮૦૫૫ ચોરસ મીટરનું, બધા સાથે મળીને સર્વે નં. ૭૭૫ ગામ મોટાપોંધા, તા. કપરાડા, જિ.વલસાડ, રાજ્ય ગુજરાત-૩૯૬૨૦૧ ઈ) ઈન્ડસ્ટ્રીલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + પહેલો માળ, ૧૫૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, ઉપરોક્ત પ્લોટ નંબર ૧-બી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને એફ) ઈન્ડસ્ટ્રીલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + બે માળ, ૧૬૩૨૬ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, જેમાં ઉપરોક્ત પ્લોટ નંબર ૧-સી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને જી) બીજા કોઈ પણ બાંધકામ ઉપરના પ્લોટ નંબર ૧-બી, ૧-સી, ૧-ડી અને ૧-ઈ પર બાંધવામાં આવશે. અને નીચે પ્રમાણે બંધાયેલા: પૂર્વ તરફ: સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-ડી પશ્ચિમ તરફ : સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-એ દક્ષિણ તરફ : ઓઝર રોડ ઉત્તર તરફ : સર્વે નંબર ૭૭૫ નો પ્લોટ નંબર ૨ **કુલ નિર્માણ ક્ષેત્ર : ૬૮૫૮ ચોરસ મીટર**	૯૦૦.૦૦	૨૫.૦૬.૨૦૨૧ સવારના ૧૧:૩૦ થી બપોરના ૨:૩૦	૯૦.૦૦	૦૭.૦૭.૨૦૨૧ સવારના ૧૧:૦૦
૨. મશીનરી જેમાં (૧માં ૨) ૫ TFO કમ રિવાઈન્ડિંગ મશીનો બિન ઉપયોગ હાલતમાં	૮૦.૦૦	૨૫.૦૬.૨૦૨૧ સવારના ૧૧:૩૦થી બપોરના ૦૨:૩૦	૮.૦૦	૦૭.૦૭.૨૦૨૧ સવારના ૧૧:૦૦

શરતો અને નિયમો

(૧) વેચાણ આ જાહેરાત અને નિયત ટેન્ડર ફોર્મમાં સામેલ શરતો અને જાહેરખબરની શરતોને આધીન છે. ઉપરોક્ત મિલ્કતો અને ટેન્ડર ફોર્મની વધુ વિગતો ઉપર દર્શાવેલ સરનામાં ની વાપી બ્રાંચ અથવા બેંકની કોર્પોરેટ ઓફિસ ખાતેથી મેળવી શકાશે.
(૨) ઈચ્છુક બિડરોએ દરેક મિલકત માટે મહોરબંધ ટેન્ડર ફક્ત **અલગ સીલ ટેન્ડર** ફોર્મમાં જ રજૂ કરવા જોઈએ. સીલબંધ કવર સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર સાથે **રૂા.૧૦૦૦/-** દરેક, બિન-પરતપાત્ર ટેન્ડર ફી અને **''એસવીસી કો-ઓપરેટિવ બેંક લિમિટેડ''**ની તરફેણ, અનુસૂચિત બેંક પર સ્થાવર અને સ્થાવર સ્થાળાંતરીત રકમના ૧૦%ની અર્નેસટ મની ડિપોઝિટ માટે અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર છે. મુંબઈ ખાતે સાંજે ૫:૩૦ વાગ્યે, મુંબઈ ખાતે કોર્પોરેટ ઓફિસમાં રાખેલ 'ટેન્ડર બોક્સ'માં **૦૬/૦૭/૨૦૨૧**ના રોજ અથવા તે પહેલાં જમા કરાવી દેવું.
(૩) ઉપર દર્શાવેલ કાર્યક્રમ અનુસાર ટેન્ડરો મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસ ખાતે ખોલવામાં આવશે.
(૪) સંબંધિત ટેન્ડર કરનારાઓ/બાંહેધરીઓ/સલામતીના માલિકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓ ટેન્ડર ખોલતા સમયે હાજર રહી શકે છે. બેંકના અધિકૃત અધિકારી મિલકત માટેના સૌથી વધુ વેચાણ મૂલ્યની અનુભૂતિ માટે બોલીધારકો વચ્ચે આંતર-બોલી કરીને વાટાઘાટોના સંદર્ભમાં નિર્ણય સહિત વેચાણના આચારની સંપૂર્ણ વિવેક હશે. તેથી, તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતે અથવા તેમના યોગ્ય અધિકારીઓ દ્વારા રજૂ થાય.
(૫) સફળ બોલીદાતાએ કન્વેન્સ માટે ચૂકવવાપાત્ર ચાર્જ/ફી જેમ કે સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, ટી.ડી.એસ. પ્રોપર્ટી ડીલની રકમ વગેરે પર ૧% જેટલી લાગુ પડે છે. સફળ બોલી લગાવનાર, જો કોઈ હોય તો તમામ કાયદાકીય લેણાં અને વીજળી ચાર્જ, પાણી ચાર્જ અને જાળવણી ખર્ચ અને બાકીની સેવાઓ, જો કોઈ હોય તો, તે માટે તમામ બાકીની ચૂકવણી પણ કરશે. વેચાણ માટે અપાતી સુરક્ષિત સંપત્તિ/સ્થાવર/જંગમ મિલકતોના સંદર્ભમાં બેંક (સુરક્ષિત સદ્ધર લેણદાર) કોઈપણ પરવાનગી/લાઇસન્સ વગેરે મેળવવા માટે કોઈ જવાબદારી લેતી નથી.
(૬) મશીનરી પર લાગુ પડતું જીએસટી ખરીદદારે બેંક પાસે જમા કરવાનું રહેશે.
(૭) કોઈપણ કારણ રજૂ કર્યા વિના બધી ઓફર સ્વીકારવા અથવા નકારવાનો બેંકનો અધિકાર છે અને જો તમામ ઓફર નકારી કાઢવામાં આવે તો, કોઈ પણ ટેન્ડર કરનાર/બોલીધારકો સાથે વાટાઘાટો કરવા અથવા તેની સાથે ખાનગી વાટાઘાટો દ્વારા સંપત્તિ(ઓ) વેચવાનો કોઈપણ ટેન્ડર કરનાર/બિડરો અથવા અન્ય પક્ષ/પક્ષોનો અધિકાર નથી.
(૮) દેણદારો/ગેરેન્ટરો/મોર્ગેજરોને અહીં નિયમિત ૬ (૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની શરતોની નોંધ લેવાશે કે સુરક્ષિત/ઉપરોક્ત સંપત્તિઓ આ નૉટિસ અનુસાર વેચવામાં આવશે. જે માંગની નોટિસ મુજબ બાકી રકમની ભરપાઈ થઈ નથી.
(૯) દેણદારો/ગેરંટરો/મોર્ટેજનરોનું ધ્યાન દોરવાનું કે સુરક્ષિત સંપત્તિને છૂટા કરવા માટે ઉપલબ્ધ સમયને ધ્યાનમાં રાખીને કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ અનુસાર પરત મેળવી શકે છે.
(૧૦) એસ.વી.સી. સહકારી બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ અગાઉ શામરાવવિઠ્ઠલ સહકારી બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે, સરફેસી અધિનિયમની નીચેની મિલકતો ૧૩/૪ નો ભૌતિક કબજો લીધો છે.
(૧૧) વિવાદો, જો કોઈ હોય તો, તે ફક્ત મુંબઈ કોર્ટ્સના અધિકારક્ષેત્રમાં જ રહેશે.
(૧૨) **વેચાણની સૂચના અમારી વેબસાઇટઃ** https://www.svcbank.com/Home/Notice-Of-Sale **પર પણ પ્રદર્શિત થાય છે.**

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૯/૦૬/૨૦૨૧

અધિકૃત અધિકારી

જેક સિસ્ટમનો ઉપયોગ તેમજ કંપનીની જેમ હિસાબ રાખતો હાઈટેક બુટલેગર ઝડપાયો

બંસી મારવાડીની પૂછપરછમાં કેટલાક ભ્રષ્ટ પોલીસ પણ મદદગારી કરતા હોવાનું ખુલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

કોલ સેન્ટરમાં ઉપયોગમાં લેવાતી જેક ટેકનોલોજીનો ઉપયોગ કરી દારૂનો ધંધો કરતા ગુજરાતના સૌથી મોટા બુટલેગર બંસી મારવાડીને પોલીસે ઝડપી પાડતા મોટું રેકેટ બહાર આવે તેવી શક્યતા છે. બંસી મારવાડી કેટલાક ભ્રષ્ટ પોલીસ જવાનોની પણ મદદ લઈ દારૂનું નેટવર્ક ચલાવતો હતો. દારૂના વેપારના આવક અને ખર્ચના હિસાબો પણ રાખતો હતો. આથી ક્યાંથી દારૂ લાવ્યો ? કોને વેચ્યો ? કોને કેટલી રકમ આપી ? તેની વિગતો મેળવવી આસાન બનશે.

આજથી ત્રણ દાયકા અગાઉ જે રીતે ગુજરાતમાં દારૂનો વેપાર થતો હતો તેવો જ વેપાર ફરી ગુજરાતમાં શરૂ થયો છે પણ આ વખતે જૂની સ્ટાઈલથી નહીં પણ ટેક્નોલોજીના ઉપયોગ સાથે રીતસર કંપની ફોર્મેટમાં હિસાબ-કિતાબ રાખીને દારૂનો વેપાર થતો હોવાનું અમદાવાદના સૌથી મોટા દારૂના ડીલર બંસીની ધરપકડમાં ખુલ્યું છે. તે દારૂનો ધંધા કરવા માટે કોલ સેન્ટરમાં વપરાતી 'જેક' ટેક્નોલોજી વાપરતો હતો. એટલું જ નહીં, ધંધાના હિસાબો પણ કંપની ફોર્મેટમાં રાખતો હતો.

આ સમગ્ર તપાસ સાથે સંકળાયેલા ડીસીપી અચલ ત્યાગીએ જણાવ્યું છે કે, બુટલેગર દ્વારા કંપની ફોર્મેટ મુજબ હિસાબ રાખવામાં આવતો હતો. આવક-જાવકના હિસાબ અને ખરીદીની સાથે હાઈટેક ટેક્નોલોજીના ઉપયોગ પણ આ દારૂના વેપારમાં સામેલ છે.

કોલ સેન્ટરમાં વપરાતી જેક ટેકનોલોજીથી ફોન નંબર કોઈ ટ્રેસ કરી ન શકે ઉપરાંત બંસી કંપનીની જેમ આવક-જાવકના હિસાબો પણ રાખતો હતો

ગુજરાતમાં હાલ વિનોદ સિંધી સૌથી મોટો દારૂનો ડીલર છે. પણ અગાઉ કમલેશ ભૈયા સાથે સંકળાયેલો બંસી મારવાડીને હાલ મોટો બુટલેગર બનવા તરફ આગળ વધી રહ્યો છે અને તેને કેટલાક બેઈમાન પોલીસવાળા મદદ પણ કરી રહ્યા હતા. આ બધાની વચ્ચે બંસીને ૧૧ લક્ઝુરિયસ કાર સાથે ડીસીપી ઝોન ૫ની ટીમે ઝડપી લીધો છે. તેની પૂછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સામાન્ય ટપોરીથી તે અમદાવાદમાં દારૂના માફિયા બની ગયો અને તેણે પૂર્વ વિસ્તારમાં કન્સ્ટ્રક્શન સાઇટ પણ ઉભી કરી હતી.

બંસી મારવાડીની ધરપકડ બાદ પોલીસને જાણવા મળ્યું કે, બંસી અમદાવાદમાં એક માત્ર દારૂનો ડીલર હતો. તે વિનોદ સિંધી પાસેથી દારૂ ખરીદતો હતો અને અમદાવાદના અલગ અલગ લોકો મારફતે દારૂ સપ્લાય કરતો હતો. બંસી એક કંપની ફોર્મેટની જેમ દારૂનો વેપાર ચલાવતો હતો. જેનો વ્યવસ્થિત હિસાબ પણ લખતો હતો. જેમાં આવક ખર્ચ સહિતના હિસાબો પોલીસને મળ્યા છે. જેમાં દારૂ માટે ખરીદેલી ગાડીઓના હિસાબ તેની સાથે દારૂ પકડાય અને પછી કોઈ વાહન છોડીને જવું પડે તે ખર્ચનો પણ ઉલ્લેખ છે. તેણે કોને કેટલા રૂપિયા ચૂકવ્યા દરેક બાબતનો હિસાબ પોલીસને નામ સહિત મળ્યા છે, જે હવે પોલીસની તપાસમાં બહાર આવશે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, બંસી અને તેના સાગરિતો સીધા કોલ કરવાના બદલે voip સિસ્ટમનો ઉપયોગ કરતા હતા. તેની સાથે તેઓ કોલ સેન્ટરમાં જે રીતે વિદેશના નાગરિકને છેતરવા માટે જેક (ટેક્નોલોજી)નો ઉપયોગ કરે છે તેનો ઉપયોગ શરૂ કરી દીધો હતો. જેનાથી તેઓ કોઈને ફોન કરે તો અમેરિકા, કેનેડા, સિંગાપુરના નંબર ડિસ્પ્લે થતાં હતા. તેમજ કોઈ ટ્રેસ કરી શકતા ન હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસે જ્યારે બંસીની પૂછપરછ કરી રહી હતી, ત્યારે તે કઈ રીતે નાના ટપોરીથી હોલસેલ દારૂનો ડીલર બન્યો તે વિગત પણ જાણવા મળી છે અને તેણે કેટલાક બેઈમાન પોલીસ વિશે પણ પોલીસ સમક્ષ વિગતો જણાવી છે. બંસીની સાથે અમદાવાદમાં સંકળાયેલા કે સીધા કે આડકતરી રીતે તેને મદદ કરતા હતા. ૨૦ જેટલા લોકોના નામ તપાસ કરતી ટીમે ખોલી દીધા છે અને તેની સાથે તેના મળેલા હિસાબે અનેક લોકોની રાતની ઊંઘ ઉડાડી દીધી છે.

સુનિલ છેત્રીએ તોડ્યો મેસ્સીનો રેકોર્ડ

સર્વકાલીન રેકોર્ડમાં ટોપટેનમાં પહોંચવાથી ભારતીય કપ્તાન છેત્રી એક ગોલ દૂર

દોહા,તા.૮

ભારતીય ફૂટબોલ ટીમના જાદુઈ સ્ટ્રાઈકર સુનિલ છેત્રી આર્જેન્ટીના સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીને પાછળ પાડી હાઈએસ્ટ ગોલ કરનારા સક્રિય ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. ૩૬ વર્ષીય છેત્રીએ ફિફા વિશ્વકપ ૨૦૨૨ અને એએફસી એશિયાકપ ૨૦૨૩ની સંયુક્ત ક્વોલિફાઈંગ મેચમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ ભારત તરફથી બંને ગોલ કર્યા. આ રીતે તેમના કુલ આંતરરાષ્ટ્રીય ગોલની સંખ્યા ૭૪ થઈ ગઈ છે. વિશ્વકપ ક્વોલીફાયરમાં ભારતની છેલ્લા ૬ વર્ષમાં પહેલી જીતના હીરો છેત્રી હાઈએસ્ટ ગોલ કરનારા સક્રિય ખેલાડીઓની યાદીમાં ફક્ત પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (૧૦૩)થી પાછળ છે. છેત્રી બાર્સિલોનાના સ્ટાર મેસ્સીથી બે અને યુએઈના અલી મબખૌતથી એક ગોલ આગળ છે. મબખૌત ૭૩ ગોલ સાથે ત્રીજા સ્થાને છે. મેસ્સીએ ગત ગુરૂવારે ચિલી વિરૂદ્ધ વિશ્વકપ ક્વોલીફાયર મેચમાં પોતાનો ૭૨મો આંતરરાષ્ટ્રીય ગોલ કર્યો હતો. જ્યારે મબખૌતે મલેશિયા વિરૂદ્ધ પોતાના ગોલની સંખ્યા વધારી હતી. છેત્રીએ સોમવારે જાસિમ બિન હમીદ સ્ટેડિયમમાં ૭૯મી મિનિટમા પ્રથમ ગોલ કર્યો અને પછી ઈન્જરી ટાઈમ્સે બીજો ગોલ કરી ભારતનો વિજય સુનિશ્ચિત કર્યો. ભારતીય કપ્તાન હાઈએસ્ટ ગોલ કરનારા ખેલાડીઓની સર્વકાલીન યાદીમાં ટોપ ટેનમાં પહોંચવાથી ફક્ત એક ગોલ પાછળ છે. તે હંગેરીના સૈંડો કોકસિસ, જાપાનના કુનિશિગે કમામોતો અને કુવૈતના બાશર અબ્દુલ્લાહથી એક ગોલ પાછળ છે. આ ત્રણેયએ સમાન ૭૫ ગોલ કર્યા છે. ટીમની જીત અને છેત્રીના રેકોર્ડ પર ખુશી વ્યક્ત કરતા અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘના અધ્યક્ષ પ્રફુલ્લ પટેલે કપ્તાનની આગળ વધીને નેતૃત્વ કરવાની પ્રશંસા કરી છે. આ જીતથી ભારત સાત મેચોમાં ૬ પોઈન્ટ સાથે ગ્રુપ-ઈમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ભારતની આગામી મેચ ૧૫ જૂને અફઘાનિસ્તાન સામે છે.

વિઝડન કોમના ખુલાસા બાદ ઈસીબીએ તપાસ શરૂ કરી

રોબિન્સન બાદ ઈંગ્લેન્ડનો વધુ એક ખેલાડી વંશીય ટિપ્પણીઓમાં ફસાયો

કિશોરાવસ્થામાં વંશીય ટિપ્પણીઓ કરનાર ઈંગ્લેન્ડની હાલની ટીમના ખેલાડીના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી

લંડન,તા.૮

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) હાલની ટીમના એક અન્ય ખેલાડીની કિશોરાવસ્થામાં ટ્વીટર ઉપર કરેલી વંશીય ટિપ્પણીઓ માટે તપાસ કરી રહ્યું છે. આ પહેલા તે આ જ કારણે ઓલી રોબિન્સનને સસ્પેન્ડ કરી ચૂક્યું છે. આ ખેલાડીની જૂની ટ્વીટને વિઝડન કોમએ ઉજાગર કરી છે. આમાં ક્રિકેટરની ઓળખનો ખુલાસો કરવામાં આવ્યો નથી કારણ કે તે સમયે તે ૧૬ વર્ષની ઉંમર સુધી પહોંચ્યો ન હતો. વેબસાઈટે ખેલાડીનું નામ જાહેર કર્યા વિના તે ટ્વીટના સ્ક્રીનશોટ પોસ્ટ કર્યા છે. જેમાં વંશીય ટિપ્પણી કરવામાં આવી છે. ઈસીબી હવે આ મામલાની તપાસ કરી રહ્યું છે. વેબસાઈટ અનુસાર ઈસીબીના પ્રવક્તાએ કહ્યું કે અમારા ધ્યાનમાં લાવવામાં આવ્યું છે કે ઈંગ્લેન્ડના એક ખેલાડીએ પોતાના સ્પેશિયલ મીડિયા એકાઉન્ટ પર આપત્તિજનક સામગ્રી પોસ્ટ કરી હતી. અમે આ મામલાની તપાસ કરી રહ્યા છે અને યોગ્ય સમયે ટિપ્પણી કરીશું. આ આપત્તિજનક પોસ્ટનો ખુલાસો રોબિન્સનને સસ્પેન્ડ કરવાના થોડા કલાકો બાદ કરવામાં આવ્યો છે. રોબિન્સને ૨૦૧૨માં અને ૨૦૧૩માં વંશીય ટ્વીટ કરી હતી. જેની તપાસ ચાલી રહી છે.

રાજ્યમાં નવી ૨૫ શાળાઓને મંજૂરી, ૧૦૩ સંસ્થાઓની અરજી નામંજૂર

માધ્યમિકની ૪ અને ઉચ્ચતર માધ્યમિકની ૨૧ શાળાઓને મંજૂરી અપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં નવી ૨૫ શાળાઓને મંજૂરી આપી હોવાનું જાણવા મળે છે. જ્યારે ૧૦૩ સ્કૂલો શરૂ કરવા માટે સંસ્થા દ્વારા કરવામાં આવેલી અરજી નામંજૂર કરી હોવાનું જાણવા મળે છે. ૧૨૮ જેટલી સંસ્થાઓની શાળા શરૂ કરવા માટેની બોર્ડ સમક્ષ કરવામાં આવેલી અરજીની સુનાવણી બાદ બોર્ડ દ્વારા મંજુરી અને નામંજુરી અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં આ શાળાઓને પ્રોવિઝનલ મંજુરી આપવામાં આવી છે. આગામી દિવસોમાં શાળાઓની અરજીના આધારે સ્થળ તપાસ કરી અહેવાલ સુપરત કર્યા બાદ અંતિમ મંજુરી આપવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવી હતી. જેમાં અનેક સંસ્થાઓએ શાળા શરૂ કરવા માટે બોર્ડ સમક્ષ અરજી કરી હતી. આ અરજીઓ પૈકી પ્રથમ તબક્કામાં ૧૨૮ જેટલી સંસ્થાઓની અરજી પર સુનાવણી હાથ ધરી બોર્ડ દ્વારા મંજુરી અંગેના નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં રાજયમાં માધ્યમિક સ્કૂલો એટલે કે ધોરણ-૯ અને ૧૦ની સ્કૂલો શરૂ કરવા માટે આવેલી અરજીઓ પૈકી પ્રથમ તબક્કામાં ૨૮ જેટલી અરજી પર સુનાવણી કરાઈ હતી. જેમાં રાજકોટ, જામનગર, પંચમહાલ અને બનાસકાંઠાની ૧-૧ શાળાઓ મળી કુલ ૪ શાળાઓને મંજૂરી અપાઈ હતી. જ્યારે ૨૪ જેટલી સંસ્થાઓની અરજીઓ નામંજૂર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ જ રીતે ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે પણ બોર્ડ સમક્ષ આ વખતે મોટા પ્રમાણમાં અરજીઓ આવી હતી. ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે આવેલી અરજીઓ પૈકી પ્રથમ તબક્કામાં ૧૦૦ જેટલી સંસ્થાઓની અરજીઓ પર સુનાવણી હાથ ધરી નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની અરજીઓ પૈકી ૨૧ જેટલી સ્કૂલોની અરજીઓ મંજુર કરવામાં આવી હતી. જ્યારે ૭૯ જેટલી સંસ્થાઓની અરજીઓ નામંજુર કરવામાં આવી હતી. જે સ્કૂલોની અરજીઓ મંજુર થઈ છે તેમાં અમદાવાદ શહેર ૫, પંચમહાલ ૨, બનાસકાંઠા ૨, ખેડા ૨, દેવભૂમિ દ્વારકા ૧, જામનગર ૧, વડોદરા ૨ અને ગાંધીનગરમાં ૬ શાળાઓનો સમાવેશ થાય છે.

શ્રીલંકા સામે ભારતનો કાર્યક્રમ જાહેર

જુલાઈમાં ત્રણ ટી-૨૦ અને ત્રણ વન-ડે મેચ રમશે

નવી દિલ્હી, તા.૮

ભારતીય ટીમના શ્રીલંકા ટૂરનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. બંને ટીમો ૩ વનડે મેચની શ્રેણી રમશે. આ મેચ ૧૩, ૧૬ અને ૧૮ જુલાઈના રોજ યોજાશે. ત્યારપછી ૨૧, ૨૩ અને ૨૫ જુલાઈના રોજ ૩ ટી-૨૦ મેચની શ્રેણી રમશે. નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)એ ડાયરેક્ટર રાહુલ દ્રવિડ કોચ તરીકે ભારતીય ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસમાં જોડાઈ શકે છે. આ બંને શ્રેણીમાં ઈંગ્લેન્ડ ટૂરમાં પસંદગી પામ્યો હોય તેવા ખેલાડીઓ ભાગ લેશે નહીં. કારણ કે ભારતીય ટીમ ૧૮ જૂનના રોજ ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભાગ લેશે, જેના માટે મુખ્ય ટીમ ઈંગ્લેન્ડમાં ચુસ્ત બાયો-બબલ અંતર્ગત રહેશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ બાદ ભારતીય ટીમના ખેલાડીઓની એજ ટીમ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૫ ટેસ્ટ મેચની શ્રેણી માટે પણ પ્રેક્ટિસ આરંભી દેશે. બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું, અમે સીનિયર પુરુષ ટીમ માટે જુલાઈમાં વ્હાઈટ બોલની શ્રેણીની યોજના તૈયાર કરી છે. ભારતીય ટીમ શ્રીલંકામાં વન-ડે અને ટી-૨૦ મેચ રમશે. આ બંને શ્રેણી માટે અમે અલગ જ ટીમની પસંદગી કરવા જઈ રહ્યા છીએ. જેમાં મુખ્ય હેડ કોચ રવિ શાસ્ત્રી અને ટીમ ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. ટીમમાં શિખર ધવન, પૃથ્વી શૉ, મનીષ પાંડે, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, સંજૂ સેમસન અને ઈશાન કિશન જેવા ખેલાડીઓ સામેલ થઈ શકે છે. આના સિવાય દેવદત્ત પડિકલ અને ઋતુરાજ ગાયકવાડને પણ તક મળી શકે છે. બોલર્સમાં કુલદીપ યાદવ, વરૂણ ચક્રવર્તી, ભુવનેશ્વર કુમાર, ચેતન સાકરિયા, દીપક ચાહર, ખલીલ અહેમદ અને નવદીપ સૈનીને તક મળી શકે છે.

જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલ ચૌહાણ રંજનાબેન તે લાલસાહેબ જગનાથ ચૌહાણની વિધવા રહે. ૨૩, અક્ષરધામ સોસાયટી, જામફળવાડી, સી.ટી.એમ. રામોલ રોડ, અમદાવાદ ગુજરાત-૩૮૨૪૪૯નાઓની સૂચનાથી લાગતા વળગતા સૌને જણાવવાનું કે, અમારા અસીલના બે પુત્રો પૈકી નાનો પુત્ર નામે રવીનંદનસિંહ ઉર્ફે ગુંજન લાલસાહેબ ચૌહાણનાઓ અપરણીત છે અને અમારા અસીલની સાથે હાલમાં રહે છે અને છેલ્લા ઘણાં સમયથી અમારા અસીલના કહ્યામાં નથી અને તેઓ મન ફાવે તેમ વર્તન કરતાં હોઈ જેથી અમારા અસીલે તેમની સાથેના તમામ પ્રકારના સંબંધોનો અંત લાવેલ છે અને તેઓને તેમની તમામ સ્થાવર, જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. જેથી કોઈપણ વ્યક્તિએ અમારા અસીલના પુત્રની સાથે નાણાંકીય કે અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહીં તેમ છતાં કોઈ તેવું કરશે તો તેની અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહીં. જેથી તમામ લાગતા વળગતાઓએ, સંબંધીઓએ, મિત્રોએ જેની ગંભીર નોંધ લેશો.

અમદાવાદ
તા.૯/૦૬/૨૦૨૧
મારી સૂચના અને ફરમાઈશથી
ચૌહાણ રંજનાબેન એલ.

દિનાબેન એચ.મહેતા, એડવોકેટ
મારી મારફતે
એ-૧ શિવમ એપાર્ટમેન્ટ, ધોળેશ્વર મહાદેવની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩,
મો.નં.૮૩૨૦૨૪૯૪૦૪

બેંકોનું રૂ.૨૬૫૦ કરોડનું ફુલેકુ ફેરવનાર ભટનાગર બંધુઓએ જામીન લંબાવવા અને ગુજરાત બહાર જવા કરી અરજી

અમદાવાદ, તા.૮

વડોદરા સ્થિત ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (ડીપીઆઈએલ) નામની કંપનીના સંચાલક અમીત ભટનાગર અને સુમીત ભટનાગરે ગુજરાત હાઈકોર્ટમાં જુદી જુદી અરજીઓ કરીને તેમને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા વચગાળના જામીનની મુદત લંબાવવા માટે અરજી કરી છે. એટલું જ નહિ તા. ૧૩ જુલાઇ, ૨૦૨૦ના રોજ આપવામાં આવલા જામીનના આદેશમાં ગુજરાત બહાર જવું નહિ તેવી શરત હળવી કરવા માટે પણ દાદ માગતા કોર્ટે સીબીઆઇને જવાબ રજૂ કરવાનો સમય આપીને તા. ૧૪ જૂનના રોજ વધુ સુનાવણી રાખી છે.

કેસની વિગતો મુજબ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનને મળેલી ફરિયાદ મુજબ વડોદરા સ્થિત ડીપીઆઇએલ કંપની દ્વારા જુદી જુદી ૧૩ બેંકો પાસેથી લોન મેળવીને તેને પાછી નહિ ભરીને અથવા તો મળેલું ફંડ અન્યત્ર ડાયવર્ટ કરીને કંપનીના સંચાલકો પ્રમોટરો દ્વારા કુલ રૂ. ૨૬૫૦ કરોડનું કૌભાંડ આચરવામનાં આવ્યું હતું. અમદાવાદ બેંક ઓફ ઇન્ડિયાના કોર્પોરેટ બ્રાન્ચના ડીજીએમ રાજેશ હરીરામાનીએ સીબીઆઇમાં કરેલી ફરીયાદના આધારે વડોદરા સ્થિત માયફેર લેઝર લિમિટેડ, રાજેશ નિમકર (ડિરેક્ટર), માધુરીલતા સુરેશ ભટનાગર (ડિરેક્ટર), મોના એ ભટનાગર (ડિરેક્ટર), રીચા એ ભટનાગર (ડિરેક્ટર), નમો નારાયણ ભટનાગર (ડિરેક્ટર), સંગ્રામ જયરાજ બારોટ (ડિરેક્ટર), નોર્થવે સ્પેસિસ લિમિટેડ, અજાણ્યા પબ્લિક સર્વન્ટ અને પ્રાઈવેટ વ્યક્તિની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન વર્ષ ૨૦૧૮માં સીબીઆઇએ તપાસ કરીને અમીત ભટનાગર અને સુમીત ભટનાગરની ધરપકડ કરી હતી અને જેલભેગા કર્યા હતા. ત્યારબાદ કોરોનાની સ્થિતીને અનુલક્ષીને તેઓને ૧૩ જુલાઇ, ૨૦૨૦ના રોજ વચગાળાના જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સમયાંતરે જેમના વચગાળાના જામીનની મુદત લંબાવવામાં આવતી હતી. આ મુદત તા. ૧૨ જૂનના રોજ પૂર્ણ થતી હોવાથી અમીત અને સુમીત ભટનાગરે જામીન બંલાવવા માટે અને ગુજરાતની બહાર જવા માટે અરજી કરી હતી. દરમીયાન સીબીઆઈના વકીલ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, કોરોનાના કારણે આ કેસની તપાસ હાલમાં બંધ છે અને ભટનાગર બંધુઓને ગુજરાત બહાર જવાની અરજ અંગે સીબીઆઈ જવાબ રજૂ કરવા માગતી હોવાથી મુદત આપવી જોઇએ. આથી કોર્ટે મુદત આપીને તા. ૧૪ જૂનના રોજ વધુ સુનાવણી રાખી હતી. દરમિયાન બન્ને આરોપીઓ વચગાળાના જામીન તા. ૧૬ જૂન સુધી લંબાવવામાં આવ્યા હતા. દેશની વિવિધ બાર બેંકોમાંથી રૂપિયા ૨૬૫૪ કરોડનું ધિરાણ મેળવીને ઉઠમણું કરનારા વડોદરાના અમિત ભટનાગર, સુમિત ભટનાગર સહિત ૨૧ જણા સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં પણ ફરિયાદ કરી હતી. ડાયમંડ પાવર ઈન્ફ્રા.લિ. કંપનીના સ્થાપક, મેનેજિંગ ડિરેક્ટર અને જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર દ્વારા બેંક અધિકારીઓ સાથે કાવતરૂ રચીને અન્ય શખ્સો દ્વારા ખોટા દસ્તાવેજો અને રેકોર્ડ્સની બનાવી ૨૬૫૪.૪૦ કરોડ મેળવવામાં આવ્યા હતા. આ કંપની કેબલ્સ અને અન્ય ઈલેક્ટ્રિકલ સાધનોના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. આ બેંકોમાં બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા, ICICI બેંક, અલ્હાબાદ બેંક, એક્સિસ બેંક, દેના બેંક, SBI, IOB, IFCI અને અન્ય નાણાકીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જોકે આરોપીઓ તરફથી કોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે કેસની તપાસ પૂરી થઈ ગઈ છે અને રકમ રૂ. ૫૦ કરોડથી પણ નીચે છે અને ખોટી રીતે વધુ રકમ બતાવીને તેમને કેસમાં ફસાવવામાં આવ્યા છે.

શ્રમિકોની ઓનલાઈન નોંધણી માટે મોબાઈલ એપ્લિકેશન લોન્ચ

અમદાવાદ,તા.૮

મુખ્યમંત્રી રૂપાણીએ અસંગઠિત ક્ષેત્ર -અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરના શ્રમિકો, બાંધકામ શ્રમિકોની ઓનલાઈન નોંધણી માટેના પોર્ટલ ઈ-નિર્માણ અને મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ ગાંધીનગરમાં કર્યું છે. રાજયના શ્રમ રોજગાર વિભાગ દ્વારા ૨૦૧૫ના વર્ષથી અસંગઠિત ક્ષેત્રના કામદારોની નોંધણી કરી "યુ વિન કાર્ડ" આપવાની યોજનામાં ૯.૨૦ લાખ અસંગઠિત કામદારો નોંધાયા છે. શ્રમયોગીઓને પોતાનો રોજ એટલે કે કામનો દિવસ પાડીને, કામ છોડીને આવા યુ-વિન કાર્ડ અંગેની નોંધણી માટે સરકારી કચેરીએ જવું ન પડે તેવો આ નવતર અભિગમ અપનાવીને ઓનલાઈન અને પોર્ટલ પર તેમજ કોમન સર્વિસ સેન્ટર દ્વારા આવા અસંગઠિત શ્રમિકોની નોંધણી સરળ બનાવી છે. અસંગઠિત ક્ષેત્રના કામદારોની હવે તેમના કાર્ય વિસ્તાર કે રહેઠાણના સ્થળે જ કેમ્પ યોજીને કોમન સર્વિસ સેન્ટર દ્વારા નોંધણી થશે આવા કામદારોને તેમની ઓળખના આધારકાર્ડ, બેંક ખાતાની વિગતો, મોબાઈલ નંબર, રેશનકાર્ડ અથવા આવક પ્રમાણપત્ર જેવા જરૂરી પુરાવા અને દસ્તાવેજોના આધારે ચકાસણી કરીને સ્થળ પર જ ઓનલાઈન યુ-વીન કાર્ડ કોમન સર્વિસ સેન્ટર દ્વારા વિના મૂલ્યે આપવામાં આવશે.

જુહાપુરામાં કોરોનાથી બચવાના ઉપાયો અને વેક્સિન લેવા જાગૃતિ ઊભી કરવા એક્શનએઈડ દ્વારા અભિયાન યોજાયું



અમદાવાદ શહેરમાં કોરોનાની વેક્સિન લેવા ચાલી રહેલા જનજાગૃતિ અભિયાન અંતર્ગત એક્શનએઈડ એસોસિએશન દ્વારા જુહાપુરા બી-વોર્ડમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એક્શનએઈડના નસીમબેન, પરવીનબેન, હાજરાબેન, અમીના નૂરજહાં દિવાન સાથે સંસ્થાના કીર્તિદાન ભગવતીબેન જોડાયા હતા. આ અભિયાનમાં કોરોના વાયરસથી બચવાના ઉપાયો અને વેક્સિન લેવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત પત્રિકા, પોસ્ટર દ્વારા માહિતી આપી લોકોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડો.જીવરાજભાઈ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા)અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬

વિષય : "મસ્જિદ તયબા વકફ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી અન્સારી મોહમ્મદ ફહીમ મોહમ્મદ હારુન મુ.અમદાવાદ જી.અમદાવાદ નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ /સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા)અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

જિલ્લો અને તાલુકો	ગામ/મુ.પો/ઠે.	મિલ્કતનો પ્રકાર	સર્વે નં/મિલ્કત નં.	ચો.મી.
તા.અમદાવાદ જી.અમદાવાદ	મુ.પો.અમદાવાદ	મસ્જીદ (કોમન પ્લોટ)	ટી પી નં.૧૦ ફાયનલ પ્લોટ નં.૮૩/એ+૮૩/બી	૩૨૦.૧૨

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા)અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઇ આ સંબંધે કોઇ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધાસૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફને વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા)અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

એસવ્હીસી કો-ઑપરેટિવ્હ બૅંક લિ.

(મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બૅંક) સ્થાપના : ૧૯૦૬
હમસે હૈ પૉસિબલ
રિટેલ બૅંકિંગ | કૉર્પોરેટ બૅંકિંગ | ઇંટરનૅશનલ બૅંકિંગ

વસૂલાત વિભાગ,
એસવીસી ટાવર, જવાહરલાલ નહેરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૫૫.
ફોન નં.૭૧૯૯૯૯૭૫/૭૯૧/૯૮૯.

વેચાણ માટે જાહેર નોટિસ

''મિલકત જ્યાં છે તે અને જે કંઈ પણ છે તે ધોરણે'' વેચાણ
(મિલકત સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકત મેળવેલ)

દેણદાર/મોર્ગેજરનું નામ :	તા. ૩૦.૦૪.૨૦૨૧ના બાકી રકમ
મેસર્સ એવરફ્લો ટેક્નો ટેક્સ લિમિટેડ અગાઉની મેસર્સ સ્કિયોન સ્પિનર્સ પ્રાઈવેટ લિમિટેડ **(મુખ્ય દેણદાર/મોર્ગેજર)** શ્રી રાકેશકુમાર પારસમલજી જૈન **(ડિરેક્ટર/ગરેન્ટર)** શ્રી હિતેશકુમાર સુરેશકુમાર જૈન **(ડિરેક્ટર ગેરેન્ટર)** શ્રીમતી રિંકુ અમિત શેઠ **(ડિરેક્ટર/ગેરેન્ટર)** શ્રી સુંદરલાલ સંવરલાલ બાગરીયા **(ડિરેક્ટર)** શ્રી પિંકેશ પી. જૈન **(ગેરેન્ટર)** મેસર્સ ઓરા સ્પિનવેલ લિમિટેડ અગાઉની મેસર્સ એવરફ્લો ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ લિમિટેડ તરીકે ઓળખાય છે. **(કોર્પોરેટ ગેરેન્ટર)**	**રૂ.૫૩,૯૨,૩૯,૪૭૭.૦૯ (ફક્ત રૂપિયા ત્રેપન કરોડ બાણું લાખ ઓગણ ચાલીસ હજાર ચારસો સિત્યોતેર નવ પૈસા) ૩૦.૦૪.૨૦૨૧ મુજબ સાથે વ્યાજ સુધી ૦૧-૦૫-૨૦૨૧ના કોષ્ટકમાં સૂચવ્યા મુજબ ચુકવણીની તારીખ સુધી અહીં ઉપર છે.**

મિલકતનું સ્થળ અને વિગત	અનામત રકમ (લાખમાં)	નિરીક્ષણની તારીખ અને સમય	અર્નેસ્ટ મની ડિપોઝીટ (લાખમાં)	ટેન્ડર ખુલવાની અને હરાજીની તારીખ અને સમય
૧. રજિસ્ટર્ડ મોર્ગેજ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ બિન કૃષિ જમીન ધરાવતા હોવાથી: એ) પ્લોટ નંબર ૧- બી, ૧૭૩૮ ચોરસ મીટરનું ક્ષેત્રફળ બી) પ્લોટ નંબર ૧- સી, ૨૨૭૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ સી) પ્લોટ નંબર ૧- ડી, ૨૦૯૭ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ડી) પ્લોટ નંબર ૧- ઇ, ૧૯૫૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ કુલ ક્ષેત્રફળ ૮૦૫૫ ચોરસ મીટરનું, બધા સાથે મળીને સર્વે નં. ૭૭૫ ગામ મોટાપોંધા, તા. કપરાડા, જિ.વલસાડ, રાજ્ય ગુજરાત-૩૯૬૨૦૧ ઈ) ઈન્ડસ્ટ્રીલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + પહેલો માળ, ૧૫૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, ઉપરોક્ત પ્લોટ નંબર ૧- બી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને એફ) ઈન્ડસ્ટ્રીલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + બે માળ, ૧૬૩૨૬ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, જેમાં ઉપરોક્ત પ્લોટ નંબર ૧- સી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને જી) બીજા કોઈ પણ બાંધકામ ઉપરના પ્લોટ નંબર ૧-બી, ૧-સી, ૧-ડી અને ૧-ઈ પર બાંધવામાં આવશે. અને નીચે પ્રમાણે બંધાયેલા: પૂર્વ તરફ: સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-ડી પશ્ચિમ તરફ : સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-એ દક્ષિણ તરફ : ઓઝર રોડ ઉત્તર તરફ : સર્વે નંબર ૭૭૫ નો પ્લોટ નંબર ૨ **કુલ નિર્માણ ક્ષેત્ર : ૬૮૫૮ ચોરસ મીટર**	૯૦૦.૦૦	૨૫.૦૬.૨૦૨૧ સવારના ૧૧:૩૦ થી બપોરના ૨:૩૦	૯૦.૦૦	૦૭.૦૭.૨૦૨૧ સવારના ૧૧:૦૦
૨. મશીનરી જેમાં (૧માં ૨) ૫ TFO કમ રિવાઈન્ડિંગ મશીનો બિન ઉપયોગ હાલતમાં	૮૦.૦૦	૨૫.૦૬.૨૦૨૧ સવારના ૧૧:૩૦થી બપોરના ૦૨:૩૦	૮.૦૦	૦૭.૦૭.૨૦૨૧ સવારના ૧૧:૦૦

શરતો અને નિયમો

(૧) વેચાણ આ જાહેરાત અને નિયત ટેન્ડર ફોર્મમાં સામેલ શરતો અને જાહેરખબરની શરતોને આધીન છે. ઉપરોક્ત મિલ્કતો અને ટેન્ડર ફોર્મની વધુ વિગતો ઉપર દર્શાવેલ સરનામાં ની વાપી બ્રાંચ અથવા બેંકની કોર્પોરેટ ઓફિસ ખાતેથી મેળવી શકાશે.
(૨) ઈચ્છુક બિડરોએ દરેક મિલકત માટે મહોરબંધ ટેન્ડર ફક્ત **અલગ સીલ ટેન્ડર** ફોર્મમાં જ રજૂ કરવા જોઈએ. સીલબંધ કવર સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર સાથે **રૂા.૧૦૦૦/ -** દરેક, બિન-પરતપાત્ર ટેન્ડર ફી અને **"એસવીસી કો-ઓપરેટિવ બેંક લિમિટેડ"**ની તરફેણ, અનુસૂચિત બેંક પર સ્થાવર અને સ્થાવર સ્થાળાંતરીત રકમના ૧૦%ની અર્નેસટ મની ડિપોઝિટ માટે અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર છે. મુંબઈ ખાતે સાંજે ૫:૩૦ વાગ્યે, મુંબઈ ખાતે કોર્પોરેટ ઓફિસમાં રાખેલ 'ટેન્ડર બોક્સ'માં **૦૬/૦૭/૨૦૨૧**ના રોજ અથવા તે પહેલાં જમા કરાવી દેવું.
(૩) ઉપર દર્શાવેલ કાર્યક્રમ અનુસાર ટેન્ડરો મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસ ખાતે ખોલવામાં આવશે.
(૪) સંબંધિત ટેન્ડર કરનારાઓ/બાંહેધરીઓ/સલામતીના માલિકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓ ટેન્ડર ખોલતા સમયે હાજર રહી શકે છે. બેંકના અધિકૃત અધિકારી મિલકત માટેના સૌથી વધુ વેચાણ મૂલ્યની અનુભૂતિ માટે બોલીધારકો વચ્ચે આંતર-બોલી કરીને વાટાઘાટોના સંદર્ભમાં નિર્ણય સહિત વેચાણના આચારની સંપૂર્ણ વિવેક હશે. તેથી, તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતે અથવા તેમના યોગ્ય અધિકારીઓ દ્વારા રજૂ થાય.
(૫) સફળ બોલીદાતાએ કન્વેન્સ માટે ચૂકવવાપાત્ર ચાર્જ/ફી જેમ કે સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, ટી.ડી.એસ. પ્રોપર્ટી ડીલની રકમ વગેરે પર ૧% જેટલી લાગુ પડે છે. સફળ બોલી લગાવનાર, જો કોઈ હોય તો તમામ કાયદાકીય લેણાં અને વીજળી ચાર્જ, પાણી ચાર્જ અને જાળવણી ખર્ચ અને બાકીની સેવાઓ, જો કોઈ હોય તો, તે માટે તમામ બાકીની ચૂકવણી પણ કરશે. વેચાણ માટે અપાતી સુરક્ષિત સંપત્તિ/સ્થાવર/જંગમ મિલકતોના સંદર્ભમાં બેંક (સુરક્ષિત સદ્ધર લેણદાર) કોઈપણ પરવાનગી/લાઈસન્સ વગેરે મેળવવા માટે કોઈ જવાબદારી લેતી નથી.
(૬) મશીનરી પર લાગુ પડતું જીએસટી ખરીદદારે બેંક પાસે જમા કરવાનું રહેશે.
(૭) કોઈપણ કારણ રજૂ કર્યા વિના બધી ઓફર સ્વીકારવા અથવા નકારવાનો બેંકનો અધિકાર છે અને જો તમામ ઓફર નકારી કાઢવામાં આવે તો, કોઈ પણ ટેન્ડર કરનાર/બોલીધારકો સાથે વાટાઘાટો કરવા અથવા તેની સાથે ખાનગી વાટાઘાટો દ્વારા સંપત્તિ(ઓ) વેચવાનો કોઈપણ ટેન્ડર કરનાર/બિડરો અથવા અન્ય પક્ષ/પક્ષોનો અધિકાર નથી.
(૮) દેણદારો/ગેરેન્ટરો/મોર્ગેજરોને અહીં નિયમિત ૬ (૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની શરતોની નોંધ લેવાશે કે સુરક્ષિત/ઉપરોક્ત સંપત્તિઓ આ નોટિસ અનુસાર વેચવામાં આવશે. જે માંગની નોટિસ મુજબ બાકી રકમની ભરપાઈ થઈ નથી.
(૯) દેણદારો/ગેરેન્ટરો/મોર્ટેજનરોનું ધ્યાન દોરવાનું કે સુરક્ષિત સંપત્તિને છૂટા કરવા માટે ઉપલબ્ધ સમયને ધ્યાનમાં રાખીને કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ અનુસાર પરત મેળવી શકે છે.
(૧૦) એસ.વી.સી. સહકારી બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ અગાઉ શામરાવવિઠ્ઠલ સહકારી બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે, સરફેસી અધિનિયમની નીચેની મિલકતો ૧૩/૪ નો ભૌતિક કબજો લીધો છે.
(૧૧) વિવાદો, જો કોઈ હોય તો, તે ફક્ત મુંબઈ કોર્ટ્સના અધિકારક્ષેત્રમાં જ રહેશે.
(૧૨) **વેચાણની સૂચના અમારી વેબસાઇટ: https://www.svcbank.com/Home/Notice-Of-Sale પર પણ પ્રદર્શિત થાય છે.**

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૯/૦૬/૨૦૨૧

અધિકૃત અધિકારી

‘એક વ્યક્તિ, એક હોદ્દો’ : TMC માટે મમતા બેનરજીની નવી નીતિ

રાજ્ય સરકારથી પાર્ટી સંગઠન સ્તર સુધી સરળ કામગીરી માટે નવો નિયમ ઘડાયો : TMCના નેતા પાર્થા ચેટરજી

(એજન્સી) કોલકાતા, તા.૮

તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પોતાની પાર્ટી માટે નવી નીતિ જાહેર કરી હતી. જે હેઠળ એક વ્યક્તિ એક પદ જ ભોગવી શકશે. અને આ કાર્યકાળ નિર્ધારિત સમય માટે જ હશે. પાંચ જૂનથી મમતા દ્વારા એક પછી એક પાર્ટી સંગઠનની બેઠક યોજાઈ રહી છે. ટીએમસીના મહાસચિવ પાર્થા ચેટરજીએ મીડિયાને જણાવ્યું હતું કે, કારોબારી સમિતિએ આ અંગે સંમતિ દર્શાવી હતી. સમિતિએ સંમતિ દર્શાવી હતી કે, પાર્ટીમાં એક વ્યક્તિ એક જ પદ ભોગવી શકશે. પાર્ટીમાં સરળ સંચાલન માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંગઠન સ્તરેથી આ નિયમનો અમલ શરૂ થશે. તેમજ રાજ્ય સરકાર સ્તરે પણ લાગુ પડશે. નવા નિયમ

હેઠળ રાજ્યના મંત્રીઓ જિલ્લા પ્રમુખ અને ત્યારબાદ સરકારમાં કોઈ પદ મેળવી શકશે નહીં. તેમની પાસે કોઈપણ એક જ પદ રહેશે. નવા નિયમ હેઠળ મમતા પણ પોતાની ભૂમિકા બદલી શકે છે. કેમ કે, તેઓ પાર્ટીના પ્રમુખ અને મુખ્યમંત્રી બે હોદ્દા ધરાવે છે. બેઠકમાં પાર્ટીના નેતા અને મમતાના ભત્રીજા અભિષેક બેનરજીને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ બનાવવાના નિર્ણય પર પણ મંજૂરીની મ્હોર મારવામાં આવી હતી. આ બેઠકમાં રાજકીય વ્યૂહ રચનાકાર પ્રશાંત ભૂષણ પણ હાજર રહ્યાં હતા. વિધાનસભા ચૂંટણી દરમ્યાન પ્રશાંત કિશોની પાર્ટીનો રાજકીય વ્યૂહ ઘડવા નિમણુક કરવામાં આવી હતી. અભિષેક બેનરજીએ જણાવ્યું હતું કે, તેઓ પાર્ટી જે જવાબદારી સોંપે તે મુજબ કામ કરવા તૈયાર છે. તેમણે જણાવ્યું હતું કે, હું મમતા બેનરજીના આદેશ મુજબ કાર્ય કરીશ. મને જે નવી ભૂમિકા મળી છે તેને હું સારી નિભાવીશ. અભિષેક બેનરજીને હંમેશા મમતા બેનરજીના અનુગામી તરીકે જોવામાં આવે છે.

ટ્વીટર પર નાઈજીરિયાનો પ્રતિબંધ બૂમરેંગ પુરવાર થઇ શકે છે

નાઈજીરિયા દ્વારા ટ્વીટર પર મૂકવામાં આવેલ પ્રતિબંધ દેશના અર્થતંત્ર અને લોકતંત્ર બંનેને નુકસાન પહોંચાડી શકે છે

(એજન્સી) તા.૮

અચોક્કસ મુદ્દત માટે ટ્વીટરને સસ્પેન્ડ કરવાનો નાઈજીરિયાનો નિર્ણય સરકાર માટે બુમરેંગ પુરવાર થઇ શકે છે અને ખાસ કરીને દેશને ટેકનોલોજી સેક્ટરમાં તેના નવા મૂડીરોકાણના સંદર્ભમાં આર્થિક નુકસાન થઇ શકે છે. નાઈઝીરીયન સરકારે ૪, જૂનના રોજ ટ્વીટર પર પ્રતિબંધ મૂક્યો હતો. સત્તાવાર અખબારી યાદીમાં નાઈજીરિયાના કોર્પોરેટ અસ્તિત્વને ખતરો હોવાનું ટાંકીને અસ્પષ્ટ ખુલાસો કરવામાં આવ્યો હતો. નાઈજીરિયામાં જો કે બહુ ઓછા લોકો ટ્વીટરનો ઉપયોગ કરે છે. તેમાં ખાસ કરીને વસ્તીના સૌથી વાચાળ અને રાજકીય રીતે સક્રિય વર્ગનો સમાવેશ થાય છે. ઘણા યુવાન લોકોએ પણ સરકાર વિરોધી દેખાવનું આયોજન કરવા માટે ટ્વીટર અને અન્ય સોશિયલ મીડિયાનો તાજેતરમાં ઉપયોગ કર્યો છે. નાઈજીરિયા ટેકનોલોજી સ્ટાર્ટઅપ બિઝનેસ માટે ચોમેરથી મૂડીરોકાણને આકર્ષે છે. આથી આ પ્રતિબંધ તેમના દરજ્જાને નુકસાન પહોંચાડી શકે છે. સરકારે પ્રતિબંધ માટેનું સંભવિત મુખ્ય કારણ છૂપાવવાનો પ્રયાસ

કર્યો છે. થોડા દિવસો પહેલા ટ્વીટરે રાષ્ટ્રપતિ મુહમ્મદુ બુહારીની એક પોસ્ટ હટાવી દીધી હતી. આ પોસ્ટમાં પ્રાદેશિક અલગતાવાદીઓને સજા આપવાની ધમકી આપવામાં આવી હતી. ટ્વીટરે એવો દાવો કર્યો હતો કે આ સંદેશાએ નિયમોનો ભંગ કર્યો છે. ટ્વીટરના આ પગલાંથી નાઈઝીરિયન સરકારમાં ઘણા લોકો રોષે ભરાયાં હતાં. માહિતી અને સંસ્કૃતિ પ્રધાન લાઈ મોહમદે બેવડા ધોરણોની ટીકા કરીને એવી ફરિયાદ કરી હતી કે ટ્વીટરે અલગતાવાદી નેતાઓના સંદેશા ડિલીટ કર્યા નથી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ટ્વીટરે પોલીસ પાશવતા વિરુદ્ધ ૨૦૨૦ની એન સાર્સ ચળવળને સમર્થન આપ્યું હતું. ટ્વીટર પર પ્રતિબંધ અમલમાં આવ્યાં બાદ એમપીએનગ્લોબકોમ એરટેલનાઇનમોબાઇલ જેવા સ્થાનિક મોબાઇલ નેટવર્ક પર સાઇટને બ્લોક કરવામાં આવી હતી. આમ નાઈજીરિયા દ્વારા ટ્વીટર પર મૂકવામાં આવેલ પ્રતિબંધ બુમરેંગ પુરવાર થઇ શકે છે અને તેના કારણે નાઈજીરિયાના અર્થતંત્ર અને લોકતંત્ર બંનેને નુકસાન થઇ શકે છે.

વાવાઝોડા વખતે મોતને ભેટેલા પશુઓના મીટ પીરસનારી હોટલો પર દરોડા પાડો : અધિકારીઓને મમતાનો નિર્દેશ

(એજન્સી) કોલકાતા, તા.૮

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓને આદેશ આપ્યો હતો કે, રાજ્યમાં દેખરેખ વધારવામાં આવે અને વાવાઝોડા યાસ વખતે મોતને ભેટેલા પશુઓના શબ વેચનારી હોટલો અને રેસ્ટોરન્ટો પર દરોડા પાડવામાં આવે. મમતાએ જણાવ્યું હતું કે, કેટલાક એવા લોકો છે, જેઓ મૃત્યુ પામેલા પશુઓનું મીટ હોટલો અને રેસ્ટોરન્ટોને વેચી રહ્યાં છે. ત્યારબાદ આ મીટ ભોજન તરીકે ગ્રાહકોને પીરસાય છે. આ અગાઉ અમે એક આવા જ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જેથી નવેસરથી આદેશ આપવામાં આવે છે કે, આવા સ્થળો અને જ્યાં આવા મૃત પશુઓનો સંગ્રહ કરવામાં આવે છે તે જગ્યાઓને શોધી કાઢવામાં આવે. મમતા બેનરજીએ વારંવારના વાવાઝોડાથી થતાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં લોકોને કુદરતી આફતથી લોકોના જાન જતાં અટકાવવા માટે મમતા બેનરજી દ્વારા ગત સપ્તાહે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. જે કુદરતી ઢબે કાર્ય કરશે.

પોતાની જ નીતિઓને બદલી શ્રેય લેવાનો મોદી સરકારનો નિષ્ફળ પ્રયાસ

૧૮થી વધુ ઉંમરના તમામને વિનામૂલ્યે વેક્સિન, રાજ્યોએ હવે વેક્સિન ખરીદવી નહીં પડે : વડાપ્રધાને અગાઉની નીતિ આંશિક રીતે પાછી ખેંચી

(એજન્સી) તા.૮

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૭, જૂનના રોજ રાષ્ટ્રજોગ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ૧૮ વર્ષથી વધુ વયના તમામને કેન્દ્ર દ્વારા વિનામૂલ્યે વેક્સિનના ડોઝ આપવામાં આવશે. આ સાથે મોદીએ ૧૮થી ૪૫ વર્ષની વયજૂથના લોકો માટે રાજ્ય સરકારોએ વેક્સિન ઉત્પાદકો પાસેથી વેક્સિનની સીધી ખરીદી કરવી પડશે એવી પોતાની જ સરકારની નીતિને પાછી ખેંચીને જણાવ્યું હતું કે હવે કેન્દ્ર સરકાર જ વેક્સિનની ખરીદી કરશે અને રાજ્યોને પૂરી પાડશે. ૧૯, એપ્રિલે કેન્દ્રએ એવી જાહેરાત કરી હતી કે ૧, મેથી ૪૫ વર્ષથી વધુ વયના લોકોને વિનામૂલ્યે વેક્સિનેશન માટે વિતરણ કરવા સારું ૫૦ ટકા વેક્સિન તે ખરીદશે જ્યારે બાકીના લોકો માટે રાજ્ય સરકાર તેમજ ખાનગી સંસ્થાઓએ ઉત્પાદકો પાસેથી વેક્સિનની સીધી ખરીદી કરવી પડશે. આ પગલાંની ભારે આલોચના થઇ હતી. ખાસ કરીને સુપ્રીમ કોર્ટે તેની ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે આ નીતિ આપખુદી અને અતાર્કિક છે. સોમવારે ટેલિવિઝન પર હિંદી ભાષામાં રાષ્ટ્રજોગ પ્રવચન કરતાં કેન્દ્રએ વેક્સિન માટે રાજ્યોને એક બીજા સાથે સ્પર્ધા કરતાં છોડી દીધાં છે. તેઓ જે પોતાની સરકાર સામે આક્ષેપ થયો હતો તેનો જવાબ આપવાનો પ્રયાસ એવું કહીને કર્યો હતો કે રાજ્યો દેખિતી રીતે આવું ઈચ્છતાં

હતાં. તેમણે જણાવ્યું હતું કે બંધારણમાં આરોગ્ય એ રાજ્યનો વિષય છે. આથી વેક્સિનેશન અંગેની ૨૫ ટકા કામગીરી રાજ્ય સરકારોએ કરેલી વિનંતીના પ્રતિસાદરુપે રાજ્ય સરકારોને આપવાનો નિર્ણય કર્યો હતો. સરકાર હવે આગામી બે સપ્તાહમાં ૨૧, જૂનથી શરૂ થનાર તમામ માટે વિનામૂલ્યે વેક્સિનેશન પૂર્વે નવી ગાઇડ લાઇન્સ ઇસ્યૂ કરશે. કોઇપણ રાજ્યએ હવે વેક્સિન માટે પૈસા ખર્ચવા નહીં પડે એવું પણ મોદીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે લોકો ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લેવા માગતાં હોય તો ત્યાં લઇ શકશે. ખાનગી હોસ્પિટલોને કુલ ઉત્પાદિત વેક્સિનનો ૨૫ ટકા હિસ્સો મળશે પરંતુ તેઓ વેક્સિન આપવા માટે સર્વિસ ચાર્જ તરીકે માત્ર રૂા.૧૨૫ જ લઇ શકશે. મોદીની આ જાહેરાત પર ભારતના બે મુખ્ય વેક્સિન ઉત્પાદકો સીરમ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયા અને ભારત બાયોટેક હજુ સુધી કોઇ પ્રતિસાદ આપ્યો નથી. મોદીએ એવું પણ જણાવ્યું હતું કે ત્રણ વધુ વેક્સિન અત્યારે ટ્રાયલના અગ્રીમ તબક્કામાં છે અને આ ઉપરાંત બાળકોની વેક્સિન માટે પણ બે ટ્રાયલ ચાલી રહી છે. આ ઉપરાંત નેઝલ વેક્સિન માટે પણ સંશોધન ચાલી રહ્યું છે.

રાજસ્થાનના જાલોર જિલ્લામાં બની દર્દનાક ઘટના

આકરા તાપમાં મુસાફરી કરી રહેલ ૬ વર્ષની બાળકીને પાણી ના મળતાં મોતને ભેટી

જાલોર,તા.૮

સૌથી મોટા લોકતંત્ર ભારત દુનિયાના આધુનિક દેશોની સાથે વિકાસની દોડ લગાવી રહ્યું છે. આધુનિકતાના તમામ દાવાઓની વચ્ચે હજુ પણ એવી કેટલીય ઘટનાઓ સામે આવી છે જે શરમથી માથું ઝૂકાવી દે છે. રાજસ્થાનના જાલોર જિલ્લામાં કંઇક આવી જ ઘટના બની છે જ્યાં આકરા તાપમાં મુસાફરી કરી રહેલ એક ૬ વર્ષની બાળકીને પાણી ના મળતા મોત થઇ ગયું. બાળકી પોતાની નાની સાથે હતી તે પણ બેહોશ થઇ ગઇ હતી. આ કેસ રાજસ્થાનના જાલૌર જિલ્લાના રાનીવાડા વિસ્તારનો છે. જ્યાં રવિવારના રોજ રેતના ઢગલામાં એક બાળકીનું મોત થઇ ગયું. બાળકી પોતાની નાની સાથે હતી અહીં ૪૫ ડિગ્રીનું તાપમાન હતું અને ધગધગતી ગરમી સફર કરી રહ્યા હતા. જ્યારે ગામવાળાઓને આની ખબર પડી તો પોલીસને સૂચિત કર્યા. પોલીસ સ્થળ પર પહોંચી, વૃદ્ધને પાણી પીવડાવ્યું અને હોસ્પિટલમાં દાખલ કર્યા. તેઓ માસૂમના મૃતદેહને હોસ્પિટલ લઇ ગયા ત્યાં તેનું પોસ્ટમોર્ટમ થયું અને મોતનું કારણ પાણી ના મળવાનું જ નીકળ્યું. કહેવાય છે કે ૬૦ વર્ષના સુખી દેવી પોતાની ભાણી અંજલિની સાથે સિરોહીની પાસે રાયપુરથી બપોરે રાણીવાડા વિસ્તારના ડુંગરિમાં આવેલા પોતાના ઘરે આવી રહ્યા હતા. કોરોના કાળના લીધે વાહનોની અવરજવર બંધ હોવાના લીધે કોઇ સાધન મળતું નહોતું. આથી તેઓ ભાણીને લઇ ચાલતા જ પોતાના ગામ જઇ રહ્યા હતા. અંદાજે ૨૦થી ૨૫ કિલોમીટરનું અંતર કાપ્યા બાદ બંને ખૂબ થાકી ગયા હતા.

વેક્સિનેશન પાસપોર્ટ શું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતે આ વિચારનો શા માટે વિરોધ કર્યો છે

વિદેશોમાં અભ્યાસ કરવા માટે જવા માંગતા વિદ્યાર્થીઓને ૧૮-૪૪ વય જૂથમાં રસીકરણ માટે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે કારણ કે વિદેશી યુનિવર્સિટીઓ કેમ્પસ ફરી શરૂ થવા સાથે પોતાના વર્ગમાં ભાગ લેવા માટે રસીકરણ ફરજિયાત કર્યું છે. આ એક વેક્સિનેશન પાસપોર્ટ કહેવાય છે જેનો ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ કર્યો છે અને ડબ્લ્યુએચઓ કહે છે કે આ તબક્કે તેનો ઉપયોગ ટાળવો જોઈએ.

વેક્સિનેશન પાસપોર્ટ શું છે ?

જો તમે રોગચાળા દરમિયાન, ઘરેલું અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે ઉડાન ભરી ગયા હો, તો તમારે કોવિડ -૧૯ ના નકારાત્મક પરીક્ષણ પરિણામની આવશ્યકતાઓને પૂર્ણ કરવી પડી શકે છે અને આરોગ્ય સેતુ જેવી કોવિડ -૧૯ ટ્રેકર એપ્લિકેશન જેવુ છે. આ કામ પર જવા માટેના ’પાસપોર્ટ’ ના વિચાર સિવાય બીજું કંઈ નથી, આ એક દસ્તાવેજ છે જે જુદા જુદા અધિકારક્ષેત્રો અને સાઇટ્સની મુસાફરી અને પ્રવેશ માટેની તમારી યોગ્યતાને સ્થાપિત કરે છે. હકીકતમાં, રસીકરણ પાસપોર્ટ પણ, એક એવા ખ્યાલથી કંઇ નવું નથી કારણ કે તમે જે દેશોની મુલાકાત લો છો અથવા દાખલ થાવ છો તે પહેલાં ચોક્કસ રોગો સામે તમને ઈનોક્યુલેટ કરે તેવી માંગ માટે આ જાણીતું છે. જ્યારે મુસાફરી આવશ્યક કાર્યો સુધી મર્યાદિત હોય અને મોટાભાગના સ્થળો કેટલાક પ્રતિબંધો હેઠળ હોય ત્યારે આવા દસ્તાવેજોની જરૂરિયાતનો જવાબ અન્ય ઉકેલો દ્વારા આપી શકાય છે, જ્યારે ફરજિયાત દસ્તાવેજો માટે સામાન્ય રીતે યોગ્ય સિસ્ટમની જરૂર પડશે અને તેના માટે અલગ ધોરણો ન હોવા જોઈએ કારક કે તે ભેદભાવપૂર્ણ બની શકે છે અને બધા દ્વારા અમલમાં મૂકી શકાય તેવું નથી.

વેક્સિનેશન પાસપોર્ટ પર કેમ કોઈ સહમતી થતી નથી ?

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષ વર્ધનને ૭૭ આરોગ્ય પ્રધાનોની કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારતને આમંત્રણ આપવામાં આવ્યું છે પણ વિકાસશીલ વિશ્વના લોકો માટે વેક્સિનેશન પાસપોર્ટ ભેદભાવપૂર્ણ હશે કારણ કે આવા દેશો શ્રીમંત દેશો કરતાં અત્યાર સુધી તેની વસ્તીના ઘણા ઓછા હિસ્સાને રસી અપાવવામાં સક્ષમ છે. યુ.એસ. ના ૪૦% વસ્તીના પ્રમાણના સરખામણી કરો તો ભારતમાં માત્ર ૩% લોકોએ સંપૂર્ણ રસીકરણ મેળવ્યું છે, જેમને બંને ડોઝ મળ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુએચઓ) એ વધુ ધ્યાન દોર્યું છે કે, ઈમરજન્સી અધિકૃતતા હેઠળ હાલમાં વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવામાં આવતી રસીઓ દ્વારા કેટલું મજબૂત અને કેવા પ્રકારનું રક્ષણ પૂરું પાડવામાં આવે છે તેની કોઈ ખાતરી નથી.આ વર્ષે ફેબ્રુઆરીમાં આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે કોવિડ-૧૯ રસીકરણના પુરાવા પર ’વચગાળાના પોઝિશન પેપર’ માં, યુએન એજન્સીએ કહ્યું હતું કે "રાષ્ટ્રીય સત્તાવાળાઓ અને કન્વેન્સ ઓપરેટરોએ પ્રસ્થાન અથવા પ્રવેશ માટેની શરત તરીકે

આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે COVID-19 રસીકરણના પુરાવાની જરૂરિયાતો રજૂ કરવી જોઈએ નહીં, જો કે ટ્રાન્સમિશન ઘટાડવામાં રસીકરણની અસરકારકતા અંગે હજી પણ મહત્વપૂર્ણ સંકેતો અને અસરો અજાણી છે". ડબ્લ્યુએચઓએ એમ પણ જણાવ્યું હતું કે આવા પાસપોર્ટ ચાલુ કરવાથી નાના અને ગરીબ દેશોની રસીકરણ ડ્રાઇવ્સ પર પણ અસર પડે છે. તેમણે કહ્યું છે કે "આવા દેશોમાં રસીની મર્યાદિત ઉપલબ્ધતા છે તે ધ્યાનમાં લેતા, મુસાફરોને રસીકરણ માટે પ્રાધાન્ય આપવાથી ગંભીર COVID-19 રોગના ઉચ્ચ જોખમમાં માનવામાં આવતી પ્રાધાન્યતાની વસ્તી માટે રસીનો અપૂરતો પુરવઠો થઈ શકે છે,". બીજું એક પરિબળ એ છે કે માસ્કિંગ, સામાજિક અંતર અને વારંવાર સેનિટેશન એ કોવિડ -૧૯ સામેની પહેલી સાવચેતી રહે છે, ડબ્લ્યુએચઓએ સૂચવ્યું હતું કે રસી પાસપોર્ટ લોકોને જરૂરી કામ કરવાથી રોકી શકે છે. લંડન સ્થિત વ્યવસાયિક દૈનિક ફાઇનાન્શિયલ ટાઈમ્સે ગયા અઠવાડિયે અહેવાલ આપ્યો હતો કે "યુ.એસ.ની સેંકડો યુનિવર્સિટીઓ અને કોલેજોએ વિદ્યાર્થીઓન માટે સંપૂર્ણ રસીકરણ ફરજિયાત બનાવ્યું છે જો તેઓ કેમ્પસમાં રહેવા માંગતા હોય તો. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ધાર્મિક અથવા તબીબી આધારો પર છૂટ આપવામાં આવી છે અને કેટલીક યુનિવર્સિટીઓ તેમના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કેમ્પસની વિશેષ શિબિરોમાં રસી પૂરી પાડશે, જ્યારે અન્ય લોકોને યુ.એસ.માં પ્રવેશ થતાં જ રસીકરણ આપવામાં આવશે. આ અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે હાર્વર્ડ અને કોલમ્બિયા યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓને રસીકરણના પ્રમાણપત્રો ઓનલાઇન અપલોડ કરવા જણાવ્યું છે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશને પોતાની એપ્લિકેશન બનાવી છે જેનો પણ આવો સમાન હેતુ છે. ઈયુ ના અહેવાલ મુજબ તેઓ ડિજિટલ ગ્રીન સર્ટિફિકેટની તૈયારી કરી રહ્યા છે જે રસીકરણ અને COVID-19 પરીક્ષણ/ચેપના ઇતિહાસનો રેકોર્ડ આવશ્યકરૂપે પ્રદાન કરશે. ઇઝરાઇલે પણ એક ’ગ્રીન પાસ’ બનાવ્યું છે, જે કોરોનાવાયરસના દર્દીઓને અને સંપૂર્ણ રસી અપાયેલા લોકો માટે વિવિધ સ્થળોએ પ્રવેશ માટે પરવાનગી આપે છે.

ભારતમાં કોરોનાનું નવું રૂપ, બ્રિટન અને બ્રાઝિલથી આવેલા લોકોમાં B.1.1.28.2 સ્ટ્રેન જોવા મળ્યો

પૂણે,તા.૮

ભારતમાં કોરોનાની કંટ્રોલ થતી સ્થિતિ વચ્ચે ડરામણા સમાચાર સામે આવી રહ્યા છે. પુણેની નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીએ કોરોના વાયરસની જીનોમ સિક્વન્સિંગમાં નવા વેરિયન્ટને શોધ્યો છે. રિપોર્ટ પ્રમાણે આ વેરિયન્ટ બ્રિટન અને બ્રાઝિલથી ભારત આવેલા લોકોમાં જોવા મળ્યો છે. ઇન્સ્ટિટ્યુટે આને બી.૧.૧.૨૮.૨ નામ આપ્યું છે. આ ભારતમાં જોવા મળતા ડેલ્ટા વેરિયન્ટની માફક જ ગંભીર છે. આનાથી સંક્રમિત લોકોમાં કોરોનાના ગંભીર લક્ષણો જોવા મળી શકે છે. વેરિયન્ટની સ્ટડી બાદ સામે આવ્યું કે આ લોકોને ગંભીર રીતે બીમાર કરી શકે છે. આ વેરિયન્ટની વિરુદ્ધ વેક્સિન અસરદાર છે અથવા નહીં તેના માટે સ્ક્રીનિંગની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. એનઆઇવીની આ સ્ટડી મેંઈટૈદ્દમાં ઑનલાઇન પબ્લિશ થઈ છે. તો આ જ ઇન્સ્ટિટ્યુટની બીજી એક સ્ટડીમાં જોવા મળ્યું કે સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિન આ વેરિયન્ટ સામે પણ અસરકારક છે અને વેક્સિનના ૨ ડોઝથી જે એન્ટિબોડી બને છે તેનાથી આ વેરિયન્ટને ન્યુટ્રિલાઇઝ કરી શકાય છે. હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે બી.૧.૨૮.૨ વેરિયન્ટથી સંક્રમિત થવા પર વ્યક્તિનું વજન ઓછું થવા લાગે છે. આના સંક્રમણના ઝડપથી ફેલાવા પર ફેફસા ડેમેજ થઈ જાય છે.



આ વેરિયન્ટ ફેફસામાં ઘા અને તેમાં ભારે નુકસાનનું કારણ બની શકે છે. સ્ટડીમાં કોવિડ જીનોમ સર્વિલાન્સની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો છે, જેથી કોરોનાના નવા-નવા વેરિયન્ટ્સ વિશે જલદીથી જલદી જાણી શકાય. જીનોમ સિક્વન્સિંગ લેબ એવા મ્યુટેન્ટ્સની શોધ કરી રહ્યું છે જે કોરોના સંક્રમણમાં અચાનક આવનારા ઉછાળા પાછળ કારણ હોય છે.

ફેક્ટ ચેક : શું તમે ડુંગળી પર મ્યુકરમાઈકોસિસ કે બ્લેક ફંગસ જોયા છે ?

(એજન્સી) તા.૮

કોરોના વાયરસ બાદ આવેલ બ્લેક ફંગસની બિમારી લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. તેને લઈને ઘણા તર્ક વિતર્ક પણ થઇ રહ્યાં છે. બ્લેક બાદ વ્હાઇટ અને યલો એમ અલગ અલગ ફંગસ આવ્યા છે. જેને લઈને લોકો ભારે ચિંતામાં છે. બ્લેક ફંગસની બિમારીનો ખર્ચો પણ ખુબ થાય છે માટે તેને લઇને લોકો વધારે સતર્ક બન્યા છે. બ્લેક ફંગસની બિમારીને લઇને ઘણા તર્કો છે પરંતુ સોશ્યલ મિડીયા પર એક પોસ્ટ વાયરલ થઇ રહી છે જેમાં કહેવામાં આવી રહ્યું છે કે બ્લેક ફંગસ ઘરમાં રહેલી વસ્તુઓથી જ થાય છે. પોસ્ટમાં સાફ એવું કહેવામાં આવ્યુ છે કે ફ્રીજમાં રાખેલી ડુંગળીઓથી બ્લેક ફંગસ થાય છે. સોશ્યલ મિડીયા પર વાયરલ થઇ રહેલી આ પોસ્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે ઘરેલૂ બ્લેક

ફંગસથી સાવધાન રહો. ઘણીવાર તમે ડુંગળી ખરીદો છો તેના પર એક કાળી પરત જોઇ શકાય છે. જે બ્લેક ફંગસનું કારણ બન્યુ છે. જો તેને નજર અંદાજ કરવામાં આવશે તો આ ફંગસ આરામથી ફ્રીજમાં રાખેલ વસ્તુઓ થકી તમારા શરીરની અંદર જતુ રહેશે. ઇન્ટરનેશનલ સેન્ટર ફોર જેનેટિક એન્જીનીયરિંગ એન્ડ બાયોટેક્નોલોજીના વૈજ્ઞાનિક નસીમે કહ્યું કે, ફ્રીજની અંદર ભીનાશ હોય છે એટલે ત્યાં કેટલાક બેક્ટેરિયા, યીસ્ટ બની શકે છે. એક રિપોર્ટ અનુસાર ફ્રીજમાં મળનારો બ્લેક ફંગસ સ્ટેચીબોટ્રીસ ચાર્ટરમ છે. જો ફ્રીજમાં આ પ્રકારનું કંઇ દેખાય તો તેને હટાવી લેવુ જોઇએ. મ્યૂકરમાઇકોસિસને પહેલા જાઈગોમાઈકોસિસના નામથી ઓળખવામાં આવતુ હતુ. આ એક ગંભીર પરંતુ દુર્લભ ફંગલ સંક્રમણ છે. આ વાતાવરણમાં રહે છે અને તે લોકોને પ્રભાવિત કરે છે જેને પહેલાથી જ હેલ્થ પ્રોબ્લેમ હોય. કારણકે તેમનામાં બિમારીથી લડવાની ક્ષમતા ઓછી હોય છે. એક્સપર્ટનું સોશ્યલ મિડીયા પર વાયરલ થયેલી આ પોસ્ટ માટે કહેવું છે કે ફ્રીજમાં રાખેલી ડુંગળી પર બ્લેક લેયર નામની ફૂગ હોય છે તે મ્યૂકરમાઇકોસિસ નથી હોતું. તસવીર સાથે કરવામાં આવી રહેલો આ દાવો ખોટો છે.

કોરોનાકાળમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે તવાઈ

સિદ્ધપુર પંથકમાંથી ડિગ્રી વિનાના ત્રણ બોગસ ડૉક્ટર ઝડપાયા

માત્ર ધોરણ-૧૨ પાસ ઈસમો શહેર અને બિલિયા તથા નેદ્રા ગામે મેડિકલ પ્રેક્ટિસ કરતા હતા

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૮

સિદ્ધપુર શહેર અને તાલુકાના બિલિયા અને નેદ્રા ગામેથી સિદ્ધપુર પોલીસે ડિગ્રી વિનાના ત્રણ બોગસ તબીબોને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. રાધનપુરના ઓધવનગર, સરસ્વતીના ખલીપુર અને સમીના બાસ્પા ગામેથી એસ.ઓ.જી. પોલીસે પાંચ દિવસમાં ત્રણ બોગસ ઊંટવૈદ્ય પકડ્યા બાદ ગતરોજ સિદ્ધપુર પોલીસે સિદ્ધપુર શહેર, નેદ્રા અને બિલિયા ગામેથી વધુ ત્રણ બોગસ તબીબોને એલોપેથિક દવાઓ સાથે પકડી લીધા હતા. આ નકલી ડૉક્ટરો માત્ર ધોરણ-૧૦ અને ૧૨ સુધીનો જ અભ્યાસ કર્યો હોવા છતાં તેઓ દર્દીઓને એલોપેથિક દવા આપી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા હતા. છતા આરોગ્ય તંત્ર કેમ ચૂપ હતું તેવા સવાલો ઊભા થયા છે. સિદ્ધપુર શહેરમાંથી હિતેન્દ્ર દશરથભાઈ ચૌહાણને પકડી લીધો હતો. તેણે ધોરણ-૧૨ સુધીનો જ અભ્યાસ કર્યો હોવા છતાં બીમાર લોકોને તપાસી અનુમાન આધારે એલોપેથિક દવા અને ઈન્જેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હતો.

જ્યારે બિલિયા ગામેથી ખુશાલ સોમાભાઈ પ્રજાપતિને પકડી લીધો હતો. તે પણ ધોરણ-૧૦ પાસ હતો. ઉપરાંત નેદ્રા ગામેથી વસંતકુમાર રામબાબુ ગુપ્તા ઝડપાયો હતો, તે પણ માત્ર ધો.૧૨ પાસ હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો હતો. આ ત્રણેય બોગસ ડોક્ટર પાસેથી ઈન્જેક્શન, દવાઓ સહિત રૂા.૩૪,૩૪૮નો જથ્થો જપ્ત કર્યો હતો. તેમની સામે સિદ્ધપુર પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, તેવું સિદ્ધપુરના પી.આઈ. ચિરાગ ગોસાઈએ જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું જોર ઘટ્યું : ૭ નવા કેસ નોંધાયા, એકનું મોત

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લામાં આજે નવા ૭ દર્દીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે હિંમતનગર પંથકમાં કોરોનાને કારણે એક વ્યક્તિનું મોત થયું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૦૫૦ પોઝિટિવ કેસ પૈકી ૬૭૪૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતા ડિસ્ચાર્જ કરાયા છે, તથા અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોનાએ ૧૫૨ દર્દીઓનો ભોગ લીધો છે.

અત્યાર સુધીમાં હિંમતનગરના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા કુલ ૩૬૭૧ પોઝિટિવ દર્દીઓ પૈકી ૩૫૩૯ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે અને હિંમતનગર પંથકમાં અત્યાર સુધીમાં ૭૩ દર્દીઓના કોરોનાને કારણે મરણ થયા છે. જિલ્લામાં શહેરી વિસ્તારમાં ૨૦ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૪ મળી કુલ ૧૫૪ કેસો એક્ટિવ રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૧૮થી ૪૪ વર્ષના ૩૪૮૨ વ્યક્તિઓ તેમજ ૪૫ વર્ષથી વધુ વયના ૧૧૨૯ વ્યક્તિઓ મળી કુલ ૪૬૧૧ વ્યક્તિઓને રસી આપવામાં આવી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

થરાદ પંથકમાં ડોક્ટરનાં પ્રિસ્ક્રિપ્શન વગર દવાનું વેચાણ કરતો યુવક ઝબ્બે

ડીસા, તા.૮

થરાદ પંથકમાં મેડિકલ સ્ટોર્સમાં ગેરકાયદેસર દવાનો જથ્થો રાખી ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ કરતો ઇસમ ઝડપાયો છે. એએસપી પૂજા યાદવની ટીમે ચોક્કસ બાતમી આધારે કાર્યવાહી કરતાં પંથકના આવા મેડીકલ સ્ટોર્સ ધારકોમાં ફફડાટ ફેલાયો છે. થરાદના માંગરોળ ગામે હાઈવે રોડની બાજુમાં આવેલ ચૌધરી મેડીકલ સ્ટોર્સમાંથી ગેરકાયદેસર પ્રતિબંધિત દવાઓનો જથ્થો ઝડપાયો છે. સૂત્રોએ જણાવ્યું હતુ કે, કોરોના કાળમાં થરાદ પંથકમાં પ્રતિબંધિત દવાઓનો જથ્થો ઝડપાતાં પંથકના મેડિકલ સ્ટોર્સધારકોમાં ભયનો માહોલ સર્જાયો છે. પોલીસે વિનોદ ધીરજભાઇ ચૌધરી (ઉ.વ.૨૫, રહે.રાજકોટ, તા.થરાદ)ને ઝડપી પાડ્યો છે. આ સાથે દવાઓ સહિત રૂા.૧,૫૩૬નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

જૂનાગઢ શહેર-જિલ્લામાં કોરોનાના ૫૧ કેસો નોંધાયા

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ શહેર અને જિલ્લામાં ગઈકાલે કોરોનાના ૫૧ કેસ નોંધાયા છે. જેમાં જૂનાગઢ શહેરમાં ૯, જૂનાગઢ ગ્રામ્ય ૩, કેશોદ ૫, ભેંસાણ ૨, માળિયા હાટીના ૮, માણાવદર ૫, મેંદરડા ૫, માંગરોળ ૭, વંથલી ૩, વિસાવદર ૪નો સમાવેશ થાય છે. જ્યારે ડિસ્ચાર્જ ૧૧૪ લોકો થયા છે. જેમાં જૂનાગઢ શહેરના ૧૯, જૂનાગઢ ગ્રામ્ય ૧૭, કેશોદ ૨૭, ભેંસાણ ૧૪, માળિયા હાટીના ૧૦, માણાવદર ૬, મેંદરડા ૦, માંગરોળ ૨૦, વંથલી ૧, વિસાવદર ૦નો સમાવેશ થાય છે. જ્યારે કોરોનાથી એકપણ મૃત્યુ નોંધાયેલ નથી.

ભાવનગર જિલ્લામાં મ્યુકરના નવા પાંચ કેસ

ભાવનગર,તા.૮

રાજ્યમાં કોરોનાના કેર ઓછો થયો ત્યાં જ મ્યુકરમાઈકોસિસ બીમારી કાળો કેર વર્તાવી રહી છે. ભાવનગર જિલ્લામાં આજરોજ મ્યુકરના વધુ પાંચ કેસ નોંધાયા હતા. આ સાથે જિલ્લામાં કુલ ૧૨૫ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં આ ૧૨૫ દર્દીઓ પૈકી ૧૧૫ કન્ફર્મ કેસ, ૭ સસ્પેન્ટેડ કેસ અને ૩ નેગેટીવ કેસ નોંધાયા છે. તો અત્યાર સુધીમાં કાળા ફંગસના ૧૨ દર્દીઓ મોતને ભેટયા છે.

ભૂજના પ્રબોધ મુનવરને પેરાલીગલ વોલેન્ટીયરની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર એનાયત

ભૂજ, તા.૮

કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલત ભૂજ-કચ્છના પેરાલીગલ વોલેન્ટીયર તરીકે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન કરેલ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ પ્રબોધ એચ. મુનવરને કચ્છ જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ આઈ.ડી. પટેલના હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ. તેઓએ મુનવરની દરેક કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ અને સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી.એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ભૂજ ખાતે માનવજ્યોતને દાતાઓ દ્વારા ઓક્સિજન કોન્સન્ટ્રેટરો અર્પણ

ભૂજ, તા.૮

માનવસેવા, જીવદયા, પર્યાવરણ અને વ્યસનમુક્તિ ક્ષેત્રે કામ કરતી ભૂજની માનવજ્યોત સંસ્થાને અમેરિકા સ્થિત કચ્છી દાતા અને સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટના મનુ રવિલાલ શાહ અને રીકાબેન શાહ તરફથી ૩ અને ભાર્ગવ ગઢાઈ પરિવાર ભૂજ દ્વારા-૧ મળી ૪ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનો સર્વ મંગલ આરોગ્ય ધામ-ભૂજ મધ્યે મધુ સંઘવી અને ડૉ. આલાપ અંતાણીના હસ્તે માનવજ્યોતને અર્પણ કરાયા હતા. સંસ્થાના પ્રબોધ મુનવર, સુરેશ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજાએ દાતાઓનો આભાર માન્યો હતો.

ફ્રિડમ ડે કેર સેન્ટર દ્વારા

ધોળકામાં તબીબો, પત્રકારો સહિતના કોરોના વોરિયર્સનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૮

ધોળકાની એકમાત્ર દિવ્યાંગ બાળકો માટે કાર્ય કરતી સંસ્થા ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ ડે કેર સેન્ટર (મનોદિવ્યાંગ, સેરેબ્રલ પાલ્સિ, ઓટિઝ્મ બાળકોની શાળા) દસ વર્ષ પૂર્ણ કરી અગિયારમાં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહી છે. ત્યારે આટલા વર્ષોની સંસ્થાની પ્રવૃત્તિઓ અને અત્યાર સુધીની આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીની સિદ્ધિ દર્શાવતું સોવેનિયરનો વિમોચન સાથે જ કોરોના (કોવિડ-૧૯) વાયરસની વૈશ્વિક મહામારીમાં માનવજાતની રક્ષા માટે ખડેપગે યોગદાન આપનાર કોરોના વોરિયરનો સન્માન સમારંભ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન ભરતભાઈ બી.પટેલ (મેનેજિંગ ડાયરેક્ટર-વોટરમેન ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.મોરૈયા) અતિથિ વિશેષ ડૉ.આબીદ મોમીન તથા ગિરીશભાઈ સોની (વિમર્શ જવેલર્સ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો તથા સંસ્થાના પ્રમુખ ભાવિન પરમાર, મંત્રી હરીશભાઈ પરમાર તથા સંસ્થાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના અપાવનાર વિદ્યાર્થિની મિસ્ત્રી સાક્ષી દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવી હતી, મહાનુભાવોના હસ્તે સોવેનિયર વિમોચન કરવામાં આવ્યું હતું. કોરોના યોદ્ધા ડૉ.આબીદ જી. મોમીન, મુસ્લિમ યંગ યુનિયન ધોળકા, નરેશગીરી જી. ગોસ્વામી, કાળુભાઈ ચાવડા, અરવિંદભાઈ ઠાકોર સ્થાનિક પત્રકારો, ઈદ્રીશ શેખ, લિયાકતભાઈ મન્સુરી, હિમાંજલભાઈ ત્રિવેદી (સામાજિક કાર્યકર), કાળીદાસભાઈ પરમાર (હ્યુમન રાઈટ્સ), બબીતા દ્વિવેદ (ચાઈલ્ડ સાયકોલોજિસ્ટ), દિપક ગોહેલ (સાયકોલોજિસ્ટ)નું પુષ્પગુચ્છ અને સર્ટિફિકેટ અર્પણ કરી કોરોના યોદ્ધાઓનો રૂણ સ્વીકાર સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.

શહેરા તાલુકામાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે આચાર્યોની મીટિંગ મળી

શહેરા, તા.૮

સમગ્ર શિક્ષા, શહેરાના બી.આર.સી.કૉ.ઓર્ડીનેટર ડૉ.કલ્પેશ આર.પરમારના માર્ગદર્શન હેઠળ આજરોજ શહેરા તાલુકાના ૨૨ ક્લસ્ટરની ૨૨ ક્લસ્ટર શાળાઓમાં તમામ આચાર્યઓની માર્ગદર્શન મીટીંગ યોજવામાં આવી. જેમાં નવા શૈક્ષણિક સત્ર દરમિયાન કરવાની થતી કામગીરીના તમામ એજન્ડાને ધ્યાનમાં રાખી સી.આર.સી.કો.ઓર્ડીનેટરોની અધ્યક્ષતામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. તમામ આચાર્યઓ દ્વારા પોતાને મૂંઝવતા પ્રશ્નોની પ્રશ્નોત્તરી કરી સ્થળ ઉપર જ તેનું સમાધાન કરવામાં આવ્યું હતું. તેમજ બી.આર.સી.કૉ.ઓર્ડીનેટરના નવતર પ્રયોગ "ચાલો શ્વાસ રોપીએ" અંતર્ગત આજરોજ પ્રતીક રૂપે દરેક ક્લસ્ટરની શાળાઓમાં વડ, લીમડો કે પીપળાના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વડોદરાના સંજયનગર સ્થિત

મંદિરે ધાર્મિક વિધિ માટે એકઠા થયેલા ૧૮ લોકોની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

(તસવીર : અતિક શેખ, વડોદરા બ્યુરો)

વડોદરા શહેરના સંજયનગર સ્થિત ભરવાડ વાસમાં આવેલા જોગણી માતાના મંદિરમાં ધાર્મિક વિધિ માટે એકઠા થયેલા ૧૮ લોકોની કોવિડ-૧૯ની ગાઈડલાઈનના ભંગ બદલ પોલીસે ધરપકડ કરી હતી.

વડોદરાના ખોડિયારનગર રોડ પર આવેલા વુડાના મકાનમાં રહેતા બબાભાઈ મણિલાલ દેવીપૂજક સંજયનગર ભરવાડ માસમાં આવેલા જોગણી માતાના મંદિરના ભુવા છે. તેઓ અને તેમના સમાજના લોકો રીતિ-રિવાજ મુજબ ચૈત્રી માસમાં નિવેધ કરે છે. ચૈત્રી માસના બે દિવસ બાકી રહ્યા હોવાથી સમાજના લોકો ભેગા થયા હતા અને ધાર્મિક વિધિ માટે ચર્ચા વિચારણા કરી રહ્યા હતા. તે સમયે જેસીંગભાઈ ભરવાડ અને તેમના ભાઈ ડાયાભાઈ ભરવાડ મંદિરે આવી પહોંચ્યા હતા. અને ભુવાને જણાવ્યું કે ઘરમાં બહુ તકલીફ પડે છે. કોઈ ઉપાય બતાવો જેથી ભુવાએ જણાવ્યું હતું કે, તમે જોગણી માતા અને મેલડી માતા નડતરરૂપ છે. ચૈત્રી આઠમના દિવસે માતાને નિવેદ ધરાવશો તો તમારી સમસ્યા દૂર થઈ જશે. ભુવાના જણાવ્યા પ્રમાણે ભરવાડ બંધુઓએ ભુવાને જણાવ્યું કે, તમે માતાની વિધિ પતાવી દેજો. જે ખર્ચ થશે તે અમે આપી દઈશું. આમંત્રણ મળતા સમાજના શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા ભરવાડ બંધુઓના જણાવ્યા પ્રમાણે ભૂવા બાબાભાઇ દેવીપૂજકે આજે વહેલી સવારે નિવેધ માટે આયોજન કર્યું હતું અને આ વિધિમાં સમાજના લોકોને પધારવા માટે જણાવ્યું હતું. ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા માટે આમંત્રણ મળતા સમાજના શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા હતા.

દરમિયાન આ અંગેની જાણ વારસિયા પોલીસને થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને માસ્ક પહેર્યા વગર તેમજ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ ધાર્મિક વિધિમાં હાજર રહેલા ભુવા સહિત ૧૮ની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં

૧૦૦ વર્ષ જૂની વડોદરાની નાણાવટી ચાલ પણ તૂટશે : રહીશો દ્વારા વળતરની માંગ

વડોદરા, તા.૮

વડોદરા શહેરના રેલ્વે સ્ટેશનની આસપાસમાંથી બુલેટ ટ્રેનનો ટ્રેક પણ પસાર થવાનો છે અત્યારે હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા જમીન સંપાદનની કાર્યવાહી ચાલી રહી છે જેમાં પંડ્યા બ્રિજ પાસે આવેલી ૧૦૦ વર્ષ જૂની નાણાવટીની ચાલના રહીશોને પુરતું વળતર મળે તેની માગણી સાથે આજે દેખાવો કર્યા હતા.

આજે પંડ્યા બ્રિજ પાસે આવેલી સો વર્ષ જૂની નાણાવટી ચાલ પણ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં સંપાદન કરવાની થાય છે નાણાવટી ચાલ રહીશોને યોગ્ય વળતર મળે તે માટે અને તાજેતરમાં તેઓને નોટિસ આપી છે જેને ધ્યાનમાં રાખી કેટલાક લોકોએ મકાન ખાલી પણ કરી દીધા છે તે મુદ્દે સ્થાનિક રહીશોએ આજે દેખાવો કરી માંગણી કરી હતી કે સો વર્ષ જૂની નાણાવટી ચાલની જમીન સંપાદન બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે કરવામાં આવી રહી છે તેમાં કોઈ વિરોધ નથી પરંતુ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા તમામ રહીશોને યોગ્ય વળતર આપે અને તેઓ સાથે જે એમઓયુ કરવાનો છે તે માટે અધિકારીઓ અને રહીશોનો એક સંયુક્ત કેમ્પ રાખવામાં આવે જેનાથી રહીશોને સરળતા રહેશે.

સમીના બાસ્પા ગામે ટ્રેલરની અડફેટે મોત નિપજ્યું

બહેનના લગ્ન નિમિત્તે વતન આવતા ભાઈનું અકસ્માતમાં મોત

ડીસા, તા.૮

સમી તાલુકાના બાસ્પા ગામે અકસ્માતની દર્દનાક ઘટના સામે આવતાં પંથકમાં શોકનો માહોલ સર્જાયો છે. અમદાવાદથી બહેનના લગ્ન હોઇ ઘરે આવતા ભાઇને કાળ ભરખી જતાં પરીજનો માથે આભ ફાટ્યુ છે. મૂળ દિયોદરના ધ્રાંડવડા ગામનો યુવક બહેનના લગ્ન હોઇ અમદાવાદથી વતનમાં આવતો હતો. આ દરમ્યાન બાસ્પા ગામ નજીક બેફામ સ્પિડે આવતાં ટ્રેલરે અડફેટે લેતાં આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ. સમગ્ર મામલે મૃતકના પિતાએ ટ્રેલર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. પાટણ જિલ્લાના સમી તાલુકાના બાસ્પા નજીક અકસ્માતની ઘટનામાં આશાસ્પદ યુવકનું મોત થયુ છે. મૂળ દિયોદર તાલુકાના ધ્રાંડવડા ગામનો ભાવિનભાઈ રાવતભાઈ લુદરીયા (પરમાર) બહેનના લગ્ન હોઇ અમદાવાદથી વતનમાં આવવા વહેલી સવારે બાઇક લઇને નિકળ્યો હતો. આ દરમ્યાન સમી તાલુકાના બાસ્પા ગામ નજીક બેફામ ટ્રેલરે બાઇકને ટક્કર મારતાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ હતુ.સૂત્રોએ જણાવ્યું હતુ કે, બહેનના લગ્ન હોઇ ભાઇ વતનમાં આવતો હોઇ ખુશીના માહોલ વચ્ચે અકસ્માતના સમાચારથી દુઃખનું મોજું ફરી વળ્યું હતુ. આ તરફ ઘટનાની જાણ થતાં મૃતકના પિતા સહિતના તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સમગ્ર મામલે મૃતકના પિતાએ ટ્રેલર ચાલક સામે સમી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સમી પોલીસે ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચની હોસ્પિટલમાં

કોરોનાના કારણે મહિલાનું નસ્ટ થયેલ : બે ફૂટનું આંતરડું બહાર કઢાયું

ભરૂચ, તા.૮

આજરોજ ભરૂચની ઝિલ સર્જિકલ અને મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે એક મહિલા હિનાબેન શાહ ઉંમર ૫૨ અને ભરૂચનાં જ રહેવાસી તારીખ ૨૭ના રોજ હોસ્પિટલ ખાતે પેટનો દુખાવો લઈને ડોક્ટર પાસે ગયા હતા. ત્યારે ડોક્ટર દ્વારા કરવામાં આવતા ચેકઅપ દરમ્યામ ક્યાંક એમનું આંતરડું ગુંચવાતું હોય તેમ ડોક્ટર દ્વારા જણાવામાં આવ્યું હતું. ત્યાર બાદ એક્સ-રે અને સોનોગ્રાફી કરવામાં આવી અને એક દિવસ સુધી રાહ જોવામાં આવી કદાચ કોઈ કારણોસર આંતરડું કામ કરતું થઈ જાય પરંતુ તકલીફ ચાલુ જ રહી. હીનાબેન કોરોના મહામારીનો સામનો કરીને ઉભા થયા હતા. જેથી ૨૯મી મેના રોજ તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું, ત્યારે ઓપરેશન દરમિયમ ખ્યાલ આવ્યો કે તેમના પેટમાં મેઝેન્ટ્રિક થોમ્બોસીઝ અને ઇન્ટરસ્ટાઇન ગેંગરે જેવી વર્ષરુઓ જોવા મળી હતી જેથી બે ફૂટ જેટલું આંતરડુ કાઢી નાખવામાં આવ્યું હતું. હોસ્પિટલનાં ડોકટરે વધારે જણાવ્યું હતું કે ભરૂચ ખાતે આ પહેલો કેસ જોવા મળ્યો હતો. જે કોવિડ-૧૯ની ગંભીર બીમારી પછી થયો છે જેથી તેમનુ નાનું આંતરડુ સડી ગયું હતું જેમે કારણે આંતરડું કાઢવાની ફરજ પડી હતી. હાલ હીનાબેન ઓપરેશનનાં ૫ માં દિવસે રિકવર થઈ રહ્યા છે.

પાલારા ખાસ જેલના અધિક્ષક રાજેન્દ્રસિંહ એ.રાવનું સારી કામગીરી બદલ સન્માન

ભૂજ સ્થિત પાલારા ખાસ જેલના અધિક્ષક રાજેન્દ્રસિંહ એ.રાવની સારી કામગીરી બદલ ઓલ ઈન્ડિયા પત્રકાર એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ એ.એ.હાલા દ્વારા ફૂલ-હારથી સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. તેમજ સન્માનપત્ર આપવામાં આવેલ હતું. આ સન્માન કાર્યક્રમમાં ઝહીર સમેજા, અલીમામદ સમા, હાજીઅલી નવાઝી, હિમાંશુ ગોર, જહાંગીરખાન હાજર રહેલ હતા. તેમજ આ સન્માન કાર્યક્રમમાં રાજેન્દ્રસિંહ એ.રાવની કામગીરીની સરાહના કરવામાં આવી હતી અને ભવિષ્યમાં પણ તેઓ આવા ખંતથી અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરતા રહે તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

ગીર-સોમનાથ જિલ્લામાં ૧૮થી ૪૪ વર્ષના યુવાઓને રસી મૂકવાની કામગીરી શરૂ

ઉના, તા.૮

ગીર-સોમનાથ જિલ્લામાં ૧૮ વર્ષથી ૪૪ વયના યુવાનોને વેકસીન આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કરેલ છે. જે અંતર્ગત ગીર-સોમનાથમાં વેરાવળ સહિત જિલ્લામાં કુલ ૨૦ જગ્યાએ નિઃશુલ્ક રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કોવીશિલ્ડ વેકસીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોવિંદપરા, આજોઠા, ધાવા, આકોલવાડી, ધામળેજ, દેલવાડા અને પેટા આરોગ્ય કેન્દ્ર સિંધાજ, અડવી ઉપરાંત ખારવા સમાજ વાડી વેરાવળ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ વેરાવળ, સાગરપુત્ર ફાઉન્ડેશન સોમનાથ હોલ, વેરાવળ, કોમ્યુનીટી હોલ, બોરવાવ, કશ્યપ ચિકિત્સાલય, તાલાળા, નગરપાલિકા સુત્રાપાડા, પ્રાથમિક શાળા પ્રાચી, પ્રાથમિક શાળા પિપળી, નગરપાલિકા બાલમંદીર કોડીનાર, અભિનવ સ્કુલ, ગીરગઢડા શ્રીજી સ્કુલ ઉના ખાતે આપવામાં આવશે. વેકસીન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ઓનલાઈન રજીસ્ટેશન કરવા માટે https://selfregistration.cowin.gov.in આ લિંક ઓપન કરી રજિસ્ટ્રેશન પોર્ટલ પર જઈ રજિસ્ટ્રેશન નો વિકલ્પ પસંદ કરો. તમારો મોબાઈલ નંબર આપીને ગેટ OTP પર ક્લિક કરો. તમારા મોબાઈલ નંબર પર OTP આવશે, જે ૧૮૦ સેકન્ડમાં સબમિટ કરવાનો રહેશે. OTP સબમિટ કરતા જ નવું પેજ ખુલશે, જેમાં તમારી વિગતો ભરવાની રહેશે. ફોટો આઈડી માટે આધાર ઉપરાંત ડ્રાઈવિંગ લાઇસન્સ, પાનકાર્ડ, પાસપોર્ટ, પેન્શન પાસબુક, એનપીઆર સ્માર્ટ કાર્ડ કે વોટર આઈડી પણ માન્ય રહેશે. તેમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી આઈડી નંબર આપો. નામ, જાતિ, જન્મ તારીખ જણાવવાની રહેશે. ત્યારબાદ નજીકનું કોવિડ વેક્સિનેશન સેન્ટર પસંદ કરવાનો વિકલ્પ મળશે અને સેન્ટર સિલેક્ટ કર્યા બાદ તમને અનુકુળ સમય નો સ્લોટ પસંદ કરી શકો છો.

અંકલેશ્વર તાલુકાના માંડવા ગામે

દારૂના નશામાં ત્રણ મિત્રો બાખડ્યા : એકની ઘાતકી હત્યા

હુમલાખોર બે ભાઈઓને પણ ઈજા થતાં સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર તાલુકાના માંડવા ગામે દારૂના નશામાં ૩ મિત્રો બાખડતાં એકની હત્યા થઈ ગઈ હતી. જ્યારે હુમલાખોર બે ભાઈને પણ ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

બનાવની મળતી માહિતી અનુસાર અંકલેશ્વરના માંડવા ગામે રીક્ષા સ્ટેન્ડ નજીક ત્રણ મિત્રો દારૂના નશામાં હતા તે દરમિયાન કોઇ કારણોસર ત્રણે વચ્ચે મારામારીની ઘટના બની હતી જેમાં બે સગા ભાઈ નામે રાજેશભાઈ રમેશભાઈ પટેલ (ઉ.વ ૩૫) તથા તેનો ભાઈ સુરેશભાઈ રમેશભાઈ પટેલ (ઉ.વ.૩૪)એ અનિલ રણછોડભાઈ પટેલ ઉપર ચપ્પુ વડે હુમલો કરતાં અનિલભાઈને છાતી અને પેટના ભાગે ગંભીર ઈજા થતા તેને લોહીલુહાણ અવસ્થામાં સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબોએ તેને મૃતક જાહેર કર્યો હતો જેના પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું

જો કે હુમલાખોર બંને ભાઈ ને પણ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાના કારણે તેઓને પણ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા સિવિલ હોસ્પિટલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસને પણ બોલાવવાની ફરજ પડી હતી ઈજાગ્રસ્તોને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવતા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દારૂની દુર્ગંધથી અને તબીબો પણ ભારે ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

પોતે મરી જવાની બીક બતાવી

વડિયાની યુવતીને મુંબઈ લઈ જઈ યુવકે દુષ્કર્મ આચર્યું

અમરેલી, તા.૮

વડિયામાં સતગુરૂ નગર વિસ્તારમાં રહેતી એક ૨૪ વર્ષીય યુવતીને ગત તા.૨૭/૧૦/૨૦૨૦ના રોજ વડિયા ગામમાં જ રહેતો યશવંત મહેન્દ્રભાઈ મકવાણા નામના યુવકે પોતે મરવાની બીક બતાવી યુવતીને ભોળવી મોટરસાયકલમાં ગોંડલ બસ સ્ટેન્ડે લઈ ગયો અને ત્યાંથી બાઈક મૂકી ચોટીલા લઇ ગયો. ત્યારબાદ ત્યાં ગેસ્ટહાઉસમાં રાત્રિ રોકાણ કરી સવારે અમદાવાદથી મુંબઈ લઇ ગયો હતો.

દરમ્યાન મુંબઈ ઉતરીને વહેલી સવારે રીક્ષા ચાલકને ભાડાનું મકાન ક્યાં મળશે તેમ પૂછી રીક્ષા ચાલકે તેઓને નાલા સુપારા લઇ ગયો હતો અને ત્યાં ૩૫૦૦ રૂપિયામાં રૂમ ભાડે રાખી યુવક સ્ટીલની ફેક્ટરીમાં કામે લાગ્યો હતો અને તે દરમ્યાન યશવંતે વારંવાર યુવતીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરેલ હતું. યશવંત જ્યારે કામે જતો હતો ત્યારે રૂમ બહારથી બંધ કરી જતો હતો અને ગત તા.૨/૬/૨૦ના રોજ યશવંત પોતાનો મોબાઇલ ઘરે ભૂલી જતા તેમાંથી યુવતીએ તેના પરિવારને ફોન કરી જાણ કરી હતી અને પરિવાર ગત તા ૫/૬/૨૧ના રોજ તેણીને મુંબઈથી તેડી લાવેલ હતો આ અંગે યુવતીએ યશવંત મકવાણા સામે વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

જૂનાગઢમાં ઝેરી દવા પી લેતા યુવકનું અને ગળે ફાંસો ખાતા વૃદ્ધનું મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૮

જૂનાગઢમાં સૈયદવાડા વિસ્તારમાં રહેતા અસલમભાઈ યુસુફભાઈ મકરાણી (ઉ.વ.૨૨)એ કોઈપણ કારણોસર ઝેરી દવા પી લેતા તેમને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયાનું ફરજ ઉપરના ડોક્ટરે જાહેર કરતા એ-ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહેલ છે. જ્યારે બીજા બનાવમાં જૂનાગઢમાં સક્કરબાગ પાસે રહેતા ભુપતભાઈ ઝીણાભાઈ સોલંકી (ઉ.વ.૬૫)એ કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લેતા જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર દમ્યાન તેમનું મૃત્યુ થયાનું ફરજ ઉપરના તબીબે જાહેર કરેલ છે.

જૂનાગઢમાં સરકારી અને ખાનગી ઓફિસો ૧૦૦ ટકા કર્મીઓ સાથે કાર્યરત

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ શહેર-જિલ્લામાં સરકારી, અર્ધસરકારી, ખાનગી ઓફિસો હવે ૧૦૦ ટકા કર્મચારીઓ સાથે કાર્યરત થઈ ગઈ છે. કોવિડ-૧૯ના સંક્રમણને પગલે જૂનાગઢ જિલ્લામાં તા.૪ જૂનથી તા. ૧૧ જૂન માટે કેટલાક નિયંત્રણો મૂકાયા હતા. જે મુજબ સરકારી, અર્ધસરકારી, બોર્ડ, ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦ ટકા સુધી સુનિશ્ચિત કરવા આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારે હાલ છેલ્લા દિવસોથી કોરોના સંક્રમણમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.

જે અન્વયે નવા જાહેરનામા મુજબ આ નિયંત્રણ દૂર કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક, ફાઈનાન્સ બેંક સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેક્શન સેવાઓ, બેંકોનું ક્લિયરીંગ હાઉસ, સીડીએમ રિપેરર્સ, સ્ટોક એક્સચેન્જ, સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓની તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસો તા.૭/૬/૨૦૨૧થી ૧૦૦ ટકા કર્મચારીઓ સાથે કાર્યરત થઈ ગઈ છે.

સંતરામપુર તાલુકાના ૧૨૫ જેટલા

જીઆરડી જવાનોની કફોડી હાલત ત્રણ મહિનાથી પગાર ચૂકવાયો નથી

સંતરામપુર, તા.૮

સંતરામપુર તાલુકામાં ફરજ બજાવતા જીઆરડી જવાનોને લગભગ ૩ મહિનાથી વેતન નહીં મળતા જવાનોમાં રોષ ફેલાયેલ છે.

પ્રાપ્ત થયેલ માહિતી મુજબ સંતરામપુર તાલુકામાં લગભગ ૧૨૫ જેટલા જીઆરડી જવાનો કોરોના કાળના કપરા સમયે પણ ફરજ બજાવી રહ્યા છે. કોરોના જેવા સમયમાં વાહનવ્યવહારની સુવિધાનો અભાવ હોવા છતાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા જવાનો પગપાળા આવીને પણ પોતાની ફરજ નિભાવતા હોય છે પરંતુ તેઓને છેલ્લા કેટલાક મહિનાથી પગાર નિયમિત ન મળતો હોવાની બૂમ ઉઠવા પામી છે. લગભગ માર્ચ, એપ્રિલ, મે મહિનાનું મહેનતાણું હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી. સાંબાંધિત અધિકારી દ્વારા તેમને ત્વરિત પગાર ચૂકવણી કરાય તેવી જીઆરડી જવાનોની લાગણી અને માગણી છે.

જાહેર નોટિસ
નગર રચના યોજના નં.૩૭ (દાણીલીમડા-નોર્થ) (સેક્ટર-૩) (પ્રથમ ફેરફાર)
અંતિમ યોજના

હું નગર રચના અધિકારી, નગર રચના યોજના નં.૩૭ (દાણીલીમડા-નોર્થ) (સેક્ટર-૩) (પ્રથમ ફેરફાર) યોજના વિસ્તારના તમામ જમીન માલિકો હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને આથી જણાવું છું કે, અત્રેથી અંતિમ યોજનામાં ઉપલબ્ધ રેકર્ડના આધારે મૂળખંડની કિંમત તથા અંતિમખંડની અવિકસીત તથા વિકસીત કિંમતો નક્કી કરી કામચલાઉ મૂલ્યાંકનની દરખાસ્ત તૈયાર કરેલ છે. જે અન્વયે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં કચેરી સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાયના દિવસે દસ્તાવેજી પુરાવા સાથે નીચેના સરનામે આપશ્રી અથવા આપના પ્રતિનિધિ હાજર રહી ઉપરોકત યોજનાની કામચલાઉ મૂલ્યાંકનની દરખાસ્તની સમજણ મેળવી જવા તેમજ તે અન્વયે કોઈ રજૂઆત હોય તો આધાર-પુરાવા સહ લેખિત રજૂઆત કરવા વિનંતી કરવામાં આવે છે.

નગર રચના અધિકારી
(પ્રવર નગર નિયોજક)
અમદાવાદ નગર રચના યોજના
એકમ-૨, અમદાવાદ.

કચેરીનું હાલનું સરનામું :
પ્રવર નગર નિયોજકની કચેરી, અમદાવાદ નગર રચના યોજના એકમ-૨
ત્રીજો માળ, ઓફિસ નં.૩૧૭થી ૩૨૨, મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ, નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
-ક્રમાંક/સંમાનિ/અમદ/૨૭૦

જમ્મુ-કાશ્મીરનું નાનકડું ગામ તેની પુખ્ત વસ્તીનું ૧૦૦ ટકા રસીકરણ કરનાર ભારતનું પ્રથમ ગામ બન્યું

(એજન્સી) તા.૮

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં આવેલું એક નાનકડું ગામડું બધા પુખ્ત લોકોનું રસીકરણ કરનાર ભારતનું પ્રથમ ગામડું બન્યું છે. આનો યશ અહીંના સ્વાસ્થ્યકર્મીઓને જાય છે. વેયાન નામના ગામડામાં પુખ્ત વયના ૩૬૨ લોકો છે. સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે, આ ગામડું બાંદીપોરા જિલ્લાના મુખ્ય મથકથી ૨૮ કિમી દૂર આવેલું છે. પરંતુ ત્યાં વાહનો માટે પાકો માર્ગ ન હોવાના કારણે ૧૮ કિમી જેટલું પગપાળા ચાલીને ત્યાં પહોંચવું પડે છે.'' તેમણે જણાવ્યું હતું કે, બધા ગામના રહીશોનું રસીકરણ કરવાનું કામ ઘણું અઘરૂં હતું કારણ કે વિચરતું જીવન ગામના આ લોકો તેમના પશુધનને ચરાવવા માટે દૂર-દૂર સુધી ચાલ્યા જાય છે. બાંદીપોરાના ચીફ મેડિકલ ઓફિસર બશીર અહેમદ ખાને કહ્યું હતું કે, આ ગામમાં ઈન્ટરનેટની સુવિધા ન હોવાથી અહીંના રહીશો માટે રસી માટે નોંધણી કરાવવી શક્ય ન હતી. આ ગામના રસીકરણને ‘‘જમ્મુ-કાશ્મીર'' મોડેલ હેઠળ આવરી લેવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રશાસિત પ્રદેશની સમગ્ર પુખ્ત વસ્તીનું ઝડપી રસીકરણ કરવા માટે ૧૦ મુદ્દાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં ૪૫થી વધુ વર્ષની વયજૂથના ૭૦ ટકા લોકોનું રસીકરણ થઈ ગયું છે.

બ્લેક ફંગસની સારવારમાં વપરાતી એમ્ફોટેરિસિનને રૂા.૫૦,૦૦૦માં વેચવાનો પ્રયત્ન કરનાર હૈદરાબાદના ૨ ડૉક્ટરો ટાસ્કફોર્સના હાથે ઝડપાયા

(એજન્સી) તા.૮

બ્લેક ફંગસની સારવાર માટે વપરાતા એમ્ફોટેરિસિનના ઈન્જેકશનોનો ગેરકાયદેસર વેચાણ કરવા બદલ હૈદરાબાદ ટાસ્કફોર્સે સોમવારે બે ડૉક્ટરો સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી. હૈદરાબાદ પોલીસની નોર્થ ઝોન ટાસ્કફોર્સે આરોપીઓ પાસેથી ૬ વાયલ, ચાર મોબાઈલ ફોન અને રૂા.૨૯,૬૦૦ જપ્ત કર્યા હતા. આરોપીઓની ઓળખાણ ડૉ. દુબી રમેશકુમાર (ઉ.વ.૩૫), ડૉ. લિંગાલા રાઘવેન્દ્ર (ઉ.વ.૩૭), જલ્લુ શ્રીકાંત (ઉ.વ.૩૦) અને અસદ (ઉ.વ.૨૩) તરીકે થઈ હતી જ્યારે પાંચમો આરોપી વુતલા સૈદુલુ હજી ફરાર છે. ટાસ્કફોર્સના ડીસીપી પી. રાધાક્રિષ્ન રાવે કહ્યું હતું કે, ‘‘આ પાંચેય આરોપીઓ ગેંગ બનાવીને કામ કરતા હતા તેમજ એક ઈન્જેકશનના રૂા.૫૦,૦૦૦ વસૂલતા હતા. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી દેશમાં એમ્ફોટેરિસિનના ઈન્જેકશનોની અછતના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે.

મફત રસી અને ભોજન પૂરું પાડવા માટે ભારત સરકારને ૧૧ અબજ ડોલરનો વધારાનો ખર્ચ થશે : અહેવાલ

(એજન્સી) તા.૮

મંગળવારે પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ કોરોના વાગરસની જીવલેણ લહેરના કારણે ચિંતાજનક પરિસ્થિતિમાં મૂકાયેલા લાખો લોકોને મફતમાં રસી અને અનાજ આપવા માટે ભારતે વધુ ૧૧ અબજ ડોલર (રૂા.૮૦૦ અબજ) ખર્ચવા પડશે. આ અહેવાલમાં સૂત્રોને ટાંકી જણાવવામાં આવ્યું હતું કે, વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ બીજા સૌથી મોટા દેશની સરકારને નવેમ્બર સુધી ગરીબોને મફત ભોજન આપવા માટે વધારાના ૭૦૦ અબજ ખર્ચવા પડશે. જો કે સરકાર આ માટે ભંડોળ એકત્ર કરવા બોન્ડ બહાર નહીં પાડે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પહેલાં જ રિઝર્વ બેંક પાસેથી ડિવિડન્ટ પેટે ૯૯૧.૨ અબજ રૂપિયા લઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદીએ સોમવારે જાહેરાત કરી હતી કે, ભારત સરકાર ૧૮ વર્ષથી વધુ ઉંમરના બધા નાગરિકોને મફતમાં રસી આપશે.

મેહુલ ચોક્સી સંબંધો માટે હોટેલમાં રોકાણ અને ફ્લાઈટ ટિકિટની વ્યવસ્થા કરતો હતો, હું માત્ર મિત્રતા રાખવા માંગતી હતી : બાર્બરા જેરેબિકા

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

મેહૂલ ચોક્સીની ગર્લફ્રેન્ડ ગણાતી બાર્બરા જેરેબિકાએ એક એક્સક્લુઝિવ ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, ભાગેડુ હીરા વેપારીએ તેના માટે હોટેલો બૂક કરાવી હતી અને હંમેશા ફ્લાઈટ ટિકિટ બૂક કરાવતો હતો, તે માત્ર તેને એક મિત્ર તરીકે જોતી હતી અને ખાતરી કરતી હતી કે, તેમના સંબંધો માત્ર કામ પૂરતા રહે. જેબેરિકાએ કહ્યું કે, મેહૂલ ચોક્સી સાથે કોફી પીવા, સાંજે વોક કરવા અને ડીનર કરવા જતી હતી. તેણે કહ્યું કે, તે પણ મારા ઘરે આવતો હતો. હું હંમેશા આ સંબંધો મિત્રતા બિઝનેસ સુધી મર્યાદિત રાખતી હતી પરંતુ તે હંમેશા મારા હોટેલોમાં રોકાણનું બૂકિંગ કરાવતો હતો અને ફ્લાઈટની ટિકિટો બૂક કરાવતો હતો. જો કે, મેં તેની ઓફરો ઠુકરાવી હતી કારણ કે, આ અપેક્ષામાં પરિણમશે અને બાદમાં સંબંધોમાં ગેરસમજ થશે. તેણે ઉમેર્યું કે, બાબતો ત્યારે બદલાઈ જ્યારે તે જાણતો હતો કે, હું પ્રોપર્ટી સંબંધિત કામમાં છું ત્યારથી મારી સાથે બિઝનેસની ઓફર કરતો રહેતો હતો. ૩૩ મિનિટના ઈન્ટરવ્યૂમાં બાર્બરાએ કહ્યું કે, તે એન્ટિગુઆમાં બુટિક હોટેલો અને ક્લબ સ્થાપવા માંગતો હતો અને તેમાં તેણે નાણા રોક્યા હતા, તેથી તે મને બિઝનેસમાં રૂચિ જગાડતો હતો. ભાગેડુ હીરા વેપારીએ પોતાની ઓળખ રાજ તરીકે આપી હતી અને તે વ્હોટ્સએપ અને સિગ્નલ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને અલગ-અલગ નંબરોથી મેસેજ કરતો હતો. હું હંમેશા આ બાબતોને મજાકમાં લેતી હતી અને તે સમયે શંકા જેવું લાગ્યું ન હતું. તેણે છ મહિનામાં છથી આઠ નંબરો બદલ્યા હતા, તે હંમેશા મને રાજ તરીકે ઓળખ આપતો. આઈલેન્ડ અને વિવિધ સ્ટાફના લોકો પણ તેને રાજ તરીકે સંબોધતા, તેનું ખરૂં નામ કોઈપણ જાણતું ન હતું.

લંડનના એક વકીલે મેહુલ ચોક્સીનું એન્ટિગુઆથી અપહરણ કરનાર યુકેના ચાર રહેવાસીઓ સામે સ્કોટલેન્ડ યાર્ડમાં ફરિયાદ કરી

એન્ટિગુઆથી બાર્બરા, ગુરદિપ બાથ, ગુરજીતસિંહ ભંડાલ અને ગુરમિતસિંહે મેહુલ ચોક્સી પર ટોર્ચર અને અપહરણ કરીને એક જહાજમાં ડોમિનિકા અપહરણ કરી ગયા હતા

(એજન્સી) તા.૮

એન્ટિગુઆના સુરક્ષિત એવા આશ્રયસ્થાનથી મેહુલ ચોક્સી અદ્રશ્ય થવાનું રહસ્ય એ ડોમિનિકામાં દ્રશ્યમાન થવાના રહસ્યના તાર બ્રિટન સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું છે. ૭ જૂનના રોજ વહેલી સવારે ચોક્સીના પરિવારને મદદ કરી રહેલ માનવ અધિકાર વકીલ માઈકલ પોલાકના વડપણ હેઠળના કાનૂની સહાય સંગઠન-જસ્ટિસ એબ્રોડે ભારતીય મૂળના હીરાના વેપારી મેહુલ ચોક્સીનું કેરેબિયન ટાપુથી અપહરણ કરનાર યુનાઈટેડ કિંગ્ડમના (યુકે) ચાર રહેવાસીઓ સામે બ્રિટિશ પોલીસના વોર ક્રાઈમ યુનિટને ફરિયાદ સુપરત કરી છે.

૮ જૂને સ્કોટલેન્ડ યાર્ડના વોર ક્રાઈમ્સ યુનિટ ખાતેના ડિટેક્ટિવ સાર્જન્ટ એડમિના કેલિસ્ટરે આ ફરિયાદ મળી હોવાની વાતને સમર્થન આપ્યું છે અને જણાવ્યું હતું કે, આક્ષેપોની સમીક્ષા કરવા માટે એક અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે.

આ ફરિયાદમાં જણાવાયું હતું કે, ૨૩ મેના રોજ હંગેરિયન નાગરીક અને યુકે નિવાસી બાર્બરા જેરેબિકા ટાપુની સામેની બાજુએ મેહુલ ચોક્સીને લલચાવીને બોલાવ્યો હતો કે જ્યાં મેહુલ ચોક્સી પર અનેક લોકોના એક મોટા જૂથે હુમલો કર્યો હતો, તેની મારપીટ કરવામાં આવી હતી અને તેના માથા પર એક બેગ દાબી દેવામાં આવી હતી ત્યાર બાદ તેને એક નાનકડી નૌકા દ્વારા મોટી નૌકામાં લઈ જવાયો હતો અને મોટી નૌકા દ્વારા તેને ડોમિનિકા પહોંચાડવામાં આવ્યો હતો.

ફરિયાદમાં એવું પણ જણાવાયું છે કે, મેહુલ ચોક્સીને ઈલેક્ટ્રીક શોક આપવામાં આવ્યો હતો, છરી બતાવીને ધમકી આપવામાં આવી હતી અને બળજબરીપૂર્વક એન્ટિગુઆથી તેને ડોમિનિકા લઈ જવાયો હતો. આ ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, બાર્બરા જેરેબિકા ઉપરાંત એવા પુરાવા છે કે, મેહુલ ચોક્સીના ટોર્ચર અને કિડનેપમાં યુકેના ચાર નિવાસીઓ સંડોવાયેલા છે જેમાં ગુરદિપ બાથ (સેન્ટ કીટ્સ એન્ડ નેવી નેશનલ અને યુકેના રહેવાસી), ગુરજીતસિંહ ભંડાલ (બ્રિટીશ નાગરિક અને યુકેના રહેવાસી) અને ગુરમિતસિંહ (ભારતીય નાગરીક અને યુકેના નિવાસી)નો સમાવેશ થાય છે.

બ્રિટનના યુનિવર્સલ જ્યુરીશડીક્શન કાયદા હેઠળ વિદેશમાં પણ ગંભીર અપરાધ કરનાર વ્યક્તિને ઝડપી લઈને તેની સામે યુકેમાં કાનૂની કાર્યવાહી કરી શકાય છે. જો તેમણે અપરાધ કર્યો હશે અને તે પુરવાર થશે તો કડક પગલા લેવામાં આવશે. જો કે, ગુરદિપ બાથને રાજદ્વારી રક્ષણ (ઈમ્યુનિટી) પ્રાપ્ત થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૨ વર્ષના ચોક્સીએ નવે.૨૦૧૭માં એન્ટિગુઆ એન્ડ બાર્બુડા ટાપુની તેના સિટીઝન બાય ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ હેઠળ નાગરીકતા મેળવી હતી. ત્યાર પછીના વર્ષે પંજાબ નેશનલ બેંક સાથે રૂા.૧૩,૫૦૦ કરોડની છેતરપિંડી કરવા બદલ મેહુલ ચોક્સી સામે ભારતમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલો ઈન્ટરપોલને સોંપવામાં આવ્યો હતો ત્યાર બાદ ઈન્ટરપોલે તેની ધરપકડ માટે રેડ નોટિસ જારી કરી હતી પરંતુ આ તબક્કે મેહુલ ચોક્સી એન્ટિગુઆનો નાગરીક હોવાથી ચોક્સીને તેના પ્રત્યર્પણ સામે રક્ષણ પ્રાપ્ત થયું હતું. સિવાયકે ન્યાયતંત્ર અન્ય કોઈ ચુકાદો આપે.

ચોક્સીએ ૩૦ મે ૨૦૧૮ના રોજ ભારતીય નાગરીકતા છોડી દીધી હતી. ૩ ઓગસ્ટે ભારતે એન્ટિગુઆથી તેના પ્રત્યર્પણની માગણી કરી હતી. ૧૨ નવે.૨૦૧૮ના રોજ ચોક્સીએ તેની કાયદેસરતા પડકારી હતી. ૧૪ ઓક્ટો.૨૦૧૯ના રોજ એન્ટિગુઆના પ્રમુખે ચોક્સીની નાગરીકતા રદ કરવા નોટિસ આપી હતી. ૯ જાન્યુ.એ ચોક્સીએ આ પરીપત્રની કાયદેસરતાને પડકારતી અરજી દાખલ કરી હતી. ૧૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ એન્ટિગુઆમાં જસ્ટિસ મારીસા રોબર્ટ્સને આ કેસ ચલાવવા આ કેસ આગળ ચલાવવા આદેશ કર્યો હતો અને ત્યાર બાદ પ્રત્યર્પણની કાર્યવાહી ચાલનાર હતી.

એન્ટિગુઆ માટે અપીલની ફાઈનલ કોર્ટ લંડનમાં બ્રિટીશ ક્વિન એલીઝાબેથની પ્રાઈવી કાઉન્સિલ છે કારણ કે, તેઓ હજુ પણ આ ટાપુના વડા છે. ૬ નવે.૨૦૧૮ના રોજ એન્ટિગુઆમાં આ અપીલ કેરેબિયન કોર્ટ ઓફ જસ્ટિસમાં ચલાવવા માટે રેફરેન્ડમ યોજવામાં આવ્યો હતો પરંતુ તેમાં નિષ્ફળતા મળી હતી કારણ કે, ૫૨ ટકા મતદારોએ દરખાસ્તને ફગાવી દીધી હતી અને મંજૂર કરવા માટે ૬૬ ટકા બહુમતીની જરૂર હતી. આથી પ્રાઈવી કાઉન્સિલ દ્વારા ફાઈનલ અપીલની સુનાવણી પહેલા ૬ વર્ષ જેટલો સમય લાગે તેમ હતો. ચોક્સીની પત્ની પ્રિતીએ એન્ટિગુઆથી જણાવ્યું હતું કે મારા પતિ ત્રણ વર્ષમાં આ ટાપુ છોડીને ગયા નથી. આ દુનિયામાં એન્ટિગુઆ તેમના માટે સૌથી સુરક્ષીત સ્થળ છે.

લંડનના વકીલ માઈકલ પોલાકે ફરિયાદમાં એવું જણાવ્યું હતું કે, ૨૫ મેના રોજ એક જહાજ ડોમિનિકામાં પ્રવેશ્યું હતું જેમાં ગુરજીત ભંડાલ અને ગુરમિતસિંહ સવાર હતર. ત્યાર બાદ ૨૮ મેના રોજ બાર્બરા, ગુજીતસિંહ ભંડાલ અને ગુરમિતસિંહ વહેલી સવારે ૮:૩૦ કલાકે ડોમિનિકા છોડી દીધું હતું. આ અંગે ડોમિનિકાના એરપોર્ટ પર તેમના પાસપોર્ટમાં એન્ટ્રી પણ થઈ હતી. (સૌ.:- ધવીક.ઈન)

કાનપુરમાં ભયાનક દુર્ઘટના : લક્ઝરી સાથે બે વાહન અથડાતાં ૧૭નાં મોત : બસ અમદાવાદ આવી રહી હતી

અકસ્માત એટલો ગમખ્વાર હતો કે વાહનોના કચ્ચરઘાણ વળી ગયા હતા. વાહનો ઓળખવા પણ મુશ્કેલ બન્યા હતા. તસવીર જોતા દુર્ઘટના કેટલી ભયાનક હતી તેનો ખ્યાલ આવે છે.

(એજન્સી) કાનપુર, તા.૮

ઉત્તરપ્રદેશના કાનપુરના સચેન્ડીમાં મંગળવારે એક મોટી દુર્ઘટના ઘટી છે, જેમાં લગભગ ૧૭ લોકોનાં મોત થયા હોવાના સમાચાર મળી રહ્યા છે, તો ૩૦ જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૧૬ની સ્થિતિ

૩૦ને ઈજા, ૧૬ની હાલત ગંભીર

ગંભીર ગણાવવામાં આવી રહી છે. તેઓને હોસ્પિટલ પહોંચાડવા માટે એમ્બ્યુલન્સ પણ ઓછી પડી છે. ઈજાગ્રસ્તોને લોડરની મદદથી જ હોસ્પિટલ મોકલવામાં આવી રહ્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે હાલ અનેક લોકો દબાઈ ગયા હોવાની માહિતી મળી રહી છે જેને કાઢવાના પ્રયાસો થઈ રહ્યા છે. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. બસ કાનપુરથી અમદાવાદ જઈ રહી હતી, જેમાં લગભગ ૪૫ લોકો સવાર હતા. કાનપુરથી ૧૦ કિલોમીટર દૂર જેવી બસ કિસાન નગર પહોંચી કે પાછળથી એક DCMએ ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન સામેથી આવી રહેલા બીજા ટેમ્પ વચ્ચે ફસાઈ ગઈ અને આ દુર્ઘટના ઘટી હતી. ટેમ્પોમાં સવાર તમામ લોકોનાં મોત થયા હોવાના સમાચાર છે.

દિલ્હી હાઈકોર્ટે રમખાણોના આરોપી આસિફ ઈકબાલના જામીન પરીક્ષામાં હાજર રહેવા માટે મંજૂર કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દિલ્હી હાઈકોર્ટે ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણોના આરોપી આસિફ ઈકબાલ તન્હાના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા, જેથી તે પોતાની બી.એ.ની બાકી રહેલ પરીક્ષાઓમાં હાજર રહી શકે. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ૧૩મી જૂનથી ૨૬મી જૂન સુધી વચગાળાના જામીન અંગે આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી કે, જામીનનો આ સમયગાળો એમની જ્યુડિશિયલ કસ્ટડી તરીકે ગણવામાં આવશે. તન્હાએ બે અઠવાડિયા માટે વચગાળાના જમીન માટે અરજી દાખલ કરી હતી જેથી તેઓ બી.એ.ની અંતિમ પરીક્ષા આપી શકે. પરીક્ષાઓ ઓપન બૂક ફોર્મેટમાં ઓનલાઈન લેવાની છે. હાઈકોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, તન્હાને પરીક્ષા આપવા માટે વાંચવું પડશે અને એ સાથે એમને લેપટોપ, ઈન્ટરનેટ કનેક્શનની જરૂર પણ રહેશે. જામીન દરમિયાન તન્હા સાથે બે કોન્સ્ટેબલો રહેશે. એમનો ખર્ચ અને તન્હાનો પોતાનો ખર્ચ જાતે ભોગવવો પડશે, જેના માટે એમણે જેલના અધિક્ષક સમક્ષ ૫૦ હજાર રૂપિયા જમા કરાવવાના રહેશે અને ૧૫ દિવસો પછી જે રકમ બાકી રહેશે એ પાછી આપવાની રહેશે.

હવામાં ખતરનાક સ્તરે પહોંચેલ કાર્બન ડાયોક્સાઈડ : ઈન્ડસ્ટ્રીયલ યુગની શરૂઆતના પહેલાંના સમય કરતાં ૫૦ ટકા વધુ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

હવામાં વૈશ્વિક હીટ-ટ્રેપિંગ કાર્બન ડાયોક્સાઈડનું વાર્ષિક સ્તર અન્ય ખતરનાક માઈલસ્ટોન પર પહોંચ્યું છે. જે ઈન્ડસ્ટ્રીયલ યુગની શરૂઆતના પહેલાંના સમય કરતાં ૫૦ ટકા વધુ છે. એટલું જ નહીં તેમાં વૃદ્ધિ થવાનો દર પણ ઝડપી છે, એવું વૈજ્ઞાનિકો દ્વારા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિયર એડમિનિસ્ટ્રેટરે જણાવ્યું હતું કે, મે માસમાં દર લાખે કાર્બન ડાયોક્સાઈડનો ભાગ ૪૧૯.૧૩ હતો. જે ગત વર્ષના મે માસ કરતાં ૧.૮૨ ટકા વધુ છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ યુગની શરૂઆતના પહેલાંના સમય કરતાં ૫૦ ટકા વધુ છે. દર લાખે આ ભાગ ૨૮૦ના સ્તર જેટલો છે, એમ એનઓએએના પર્યાવરણ વૈજ્ઞાનિક પીટર ટાન્સે જણાવ્યું હતું. ઉત્તરી ગોળાર્ધમાં ફૂલોના છોડના જીવન પહેલાં કાર્બન ડાયોક્સાઈડનું સ્તર દર મે મહિનામાં ટોચ પર પહોંચે છે. વાતરવરણી બહારના કેટલાક કાર્બનને ચૂસે છે અને ફૂલો તથા પાંદડાના બીજમાં ઉતરે છે. કારણ કે, પરિવહન અને વીજળી માટે કોલસો, તેલ અને કુદરતી ગેસમાંથી સળગતાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન પ્લાન્ટ્સ જે લઈ શકે છે તેના કરતાં વધુ છે. દર વર્ષે ગ્રીનહાઉસ ગેસના સ્તરોને નવા રેકોર્ડમાં ધકેલી દે છે.

ડૉક્ટરોની સંસ્થાને રામદેવની પ્રતિક્રિયા : નિવેદન પાછું ખેંચી લેવાયું, નોટિસનો કોઈ આધાર નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

યોગગુરૂ રામદેવે એલોપેથી દવાઓ અને ડૉક્ટરો વિરૂદ્ધ પોતાના નિવેદન મુદ્દે મેડિકલ પ્રોફેશનલ એસોસિએશન દ્વારા આપવામાં આવેલી નોટિસનો જવાબ આપતા કહ્યું છે કે, અધકચરી માહિતીના આધારે મોકલાયેલી નોટિસનો કોઈ આધાર નથી અને આ એક કલાક લાંબી ચાલેલી બેઠકનો વીડિયો છે. પોતાની પ્રતિક્રિયામાં રામદેવે કહ્યું કે, તેમની ટિપ્પણી સંદર્ભ બહારથી લેવાઈ છે અને પ્રાયોગિક થેરાપીના ઉપયોગ સામે સામાન્ય સવાલને માન્યતા અપાઈ મોટો હોબાળો કરાયો છે. તેમણે કહ્યું કે, પ્રાયોગિક થેરાપીના ઉપયોગ સામે મેડિકલ નિષ્ણાતોએ પણ ચિંતા વ્યક્ત કરી છે અને બાદમાં તેમાંથી ઘણાએ સારવારના પ્રોટોકોલમાંથી હટી ગયા હતા. દવાઓના કોઈપણ શિષ્ત વિરૂદ્ધ તેમને ફરિયાદ નથી. તમારા દ્વારા મોકલાયેલી નોટિસ અધકચરી અને અધૂરી માહિતીવાળી છે તેથી તેનો આધાર નથી. તેથી તમને સલાહ આપવામાં આવે છે કે, નોટિસ પરત ખેંચી લો. રામદેવને ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન્સ દ્વારા નોટિસ પાઠવાઈ હતી. રામદેવે કેન્દ્રીયમંત્રી હર્ષવર્ધન દ્વારા ટકોર કરાયા બાદ ગયા મહિને પોતાનું નિવેદન પરત લીધું હતું.

રામ મંદિર માટે ભંડોળ ભેગુ કરવા દરમિયાન થયેલ કોમી સંઘર્ષ બાબત હાઈકોર્ટે જારી કરેલ નોટિસ મ.પ્ર. સરકારને મળી

(એજન્સી) ભોપાલ, તા.૮

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે રાજ્ય સરકારને નોટિસ જારી કરી ૬ અઠવાડિયાઓમાં જવાબ દાખલ કરવા કહ્યું છે. સરકાર સામે આક્ષેપો મૂકાયા છે કે, ઈન્દોર, ઉજ્જૈન અને મંદસૌરમાં કોમી રમખાણો થયા હતા, જેમાં રાજ્ય સરકારે રમખાણો અટકાવવા બેદરકારી દાખવી હતી. રમખાણોનું કારણ અયોધ્યા ખાતે નિર્માણાધીન રામ મંદિર માટે ભંડોળ ભેગુ કરવા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જે દરમિયાન નાણાકીય યોગદાન નહીં આપવા બદલ સંઘર્ષ થયું હતું. હાઈકોર્ટ અરજદાર રાજ્યસભાના સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ દ્વારા દાખલ થયેલ અરજીની સુનાવણી કરી રહી હતી. દિગ્વિજયસિંહે અરજીમાં માગણી કરી હતી કે, રાજ્ય સરકારને આદેશો આપવામાં આવે કે, તેઓ રાજ્યમાં કોમી હિંસા રોકવા સુપ્રીમ કોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન્સનું પાલન કરે. સુપ્રીમ કોર્ટે ટોળાકીય હિંસા, કોમી હિંસા અને મોબ લિંચિંગ અંગે ગાઈડલાઈન્સ જારી કરાયેલ છે. દિગ્વિજયસિંહ તરફે અરજી દાખલ કરનાર વકીલે જણાવ્યું હતું કે, અમે અયોધ્યા ખાતે નિર્માણ થઈ રહેલ રામ મંદિરના બાંધકામને સમર્થન કરીએ છીએ. જો કે, મંદિર નિર્માણ માટે જે ભંડોળ ભેગુ કરવામાં આવે છે એની પ્રક્રિયા યોગ્ય નથી. યોગદાન લોકો પોતાની શ્રદ્ધા મુજબ આપશે. એના માટે કોઈને બળજબરી કરી શકાય નહીં અને લઘુમતી કોમના સભ્યોને દાન આપવા માટે ધાક-ધમકીઓ આપી શકાય નહીં. અરજીમાં વધુમાં જણાવ્યું છે કે, મધ્યપ્રદેશમાં ઘણી સંસ્થાઓ રામ મંદિર નિર્માણની આડમાં લોકો પાસેથી નાણાં ઉઘરાવી રહી છે. ભંડોળની ઉઘરાણી દરમિયાન હિંસાની ઘટનાઓ બની હતી જેનાથી રાજ્યમાં કોમી અશાંતિ ફેલાઈ ગઈ છે. અરજદારે ઈન્દોર, ઉજ્જૈન અને મંદસૌર જિલ્લાની ઘટનાઓ તરફ સંકેતો આપ્યા છે, જેમાં જાણીબૂજી કોમી તંગદિલી ફેલાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ઘણા બધા શહેરોમાં રેલીઓ અને ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવી રહ્યા છે, જેનો મકસદ રાજ્યમાં અશાંતિ ફેલાવવાનો છે. અધિકારીઓ જાણતા હોવા છતાંય કોઈ પગલાં લેતા નથી.

હોસ્પિટલો માટેની મહત્તમ કિંમતમાં કોવિશિલ્ડ રૂા.૭૮૦ અને કોવેક્સિન ૧૪૧૦માં મળશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૮

કોરોનાની વેક્સિન માટે વધુ પડતા નાણા લેવાના આરોપો વચ્ચે કેન્દ્ર સરકારે પ્રાઈવેટ હોસ્પિટલોમાં કોરોનાની વેક્સિનની કિંમતો નક્કી કરી છે. તે અનુસાર કોવિશિલ્ડની કિંમત રૂા. ૭૮૦ અને કોવેક્સિનની કિંમત રૂા. ૧૪૧૦ નક્કી કરાઇ છે ઉપરાંત રશિયાની સ્પુતનિક-વી વેક્સિન પ્રાઈવેટ હોસ્પિટલમાં ૧૧૪૫ રૂપિયામાં મળશે. આમાં હોસ્પિટલો માટે વધુમાં વધુ સર્વિસ ચાર્જ ૧૫૦ રૂપિયા પણ સામેલ છે. કેન્દ્ર સરકારે રાજ્યોની પ્રાઈવેટ હોસ્પિટલોને સર્વિસ ચાર્જ ૧૫૦થી વધુ નહીં લેવાની સ્પષ્ટ સૂચના આપી છે. રાજ્ય સરકારોને સતત હોસ્પિટલોની દેખરેખ કરવા કહેવાયું છે અને જો કોઇ પ્રાઈવેટ હોસ્પિટલ વધારે ચાર્જ લે તો તેની સામે આકરા પગલાં લેવા માટે કહેવાયું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે વિશ્વ બેન્કે ભારતની GDP વિકાસ આગાહીને ઘટાડી ૮.૩ ટકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

વિશ્વ બેંકે જણાવ્યું હતું કે ભારતમાં કોરોનાની બીજી લહેર ઘણી તીવ્ર રહી હતી. જો કે નાણાંકીય વર્ષ ૨૦૨૧ના બીજા ત્રીમાસિકમાં ભારતમાં પ્રવૃત્તિઓ રિબાઉન્ડ થતાં જોવા મળી હતી. ઘણી નાણાંકીય સંસ્થાઓએ નાણાંકીય વર્ષ ૨૦૨૨ દરમ્યાન જીડીપી દર ૮.૩ ટકા રહેવાની આગાહી કરી હતી. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૩માં આ દર ધીમો રહેવાની શકયતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સમય દરમ્યાન ભારતનું અર્થતંત્ર ૭.૫ ટકાના દરે વિકાસ કરશે તેવી શકયતા વ્યક્ત કરાઈ હતી. નાણાંકીય સંસ્થાઓએ જણાવ્યું હતું કે,ભારતમાં આવેલી કોરોનાની બીજી તીવ્ર લહેરને કારણે ઘરગથ્થું, કોર્પોરેટ અને બેંકના ખર્ચા પર વ્યાપક અસર પડી હતી. જેની પ્રતિકૂળ અસર જીડીપી પર પડશે. વાપરાશકારોનો વિશ્વાસ ઘટતો જોવા મળ્યો છે. તેમજ નોકરીઓ જવાનું જોખમ પણ મોટું બન્યું છે. લોકોની આવકમાં પણ ઘટાડો થયો છે. જેની સીધી અસર ભારતના વિકાસ દર પર પડવાની આગાહી કરવામાં આવી હતી.

ગુલામનબી આઝાદને તમિલનાડુમાંથી રાજ્યસભાના ઉમેદવાર જાહેર કરવાની શક્યતા : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

રાજ્યસભાના પૂર્વ અધ્યક્ષ ગુલામનબી આઝાદ ફરીથી રાજ્યસભામાં આવી શકે છે. એમનું રાજ્યસભાનું કાર્યકાળ આ વર્ષે ૧૫મી ફેબ્રુઆરીએ પૂર્ણ થયું હતું. એમને તમિલનાડુમાંથી રાજ્યસભામાં મોકલવાની તૈયારીઓ થઈ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્યસભાની ૧૩ બેઠકો ખાલી છે જ્યાં ચૂંટણીઓ થવાની છે. હાલમાં કોવિડના ફેલાવાના લીધે ચૂંટણી પંચ ચૂંટણીઓ યોજતું નથી. જે ટૂંક સમયમાં યોજાવાની શક્યતા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ૭૨ વર્ષીય આઝાદ આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ રાજ્યસભાના ૨૮ વર્ષો સુધી સાંસદ રહ્યા છે અને લોકસભાના સાંસદ તરીકે ૧૦ વર્ષ સુધી સેવાઓ આપી છે. કોંગ્રેસે તમિલનાડુના શાસક પક્ષને એક બેઠક આઝાદ માટે ખાલી રાખવા કહ્યું હતું. તમિલનાડુમાંથી રાજ્યસભાની ૩ બેઠકો ઉપર ચૂંટણીઓ થવાની છે. તમિલનાડુમાં હાલમાં જ યોજાયેલ ચૂંટણીઓમાં કોંગ્રેસ અને ડી.એમ.કે.ના ગઠબંધનને સંપૂર્ણ બહુમતી મળી હતી. આ ગઠબંધનમાં કોંગ્રેસ પણ ભાગીદાર છે એમણે ૨૫ ઉમેદવારો ઊભા રાખ્યા હતા જેમાંથી ૧૮ સભ્યો ચૂંટાયા હતા. આ પહેલા આઝાદ જમ્મુ-કાશ્મીર વિધાનસભામાંથી રાજ્યસભામાં આવ્યા હતા પણ જમ્મુ-કાશ્મીર જેમ હવે સ્વતંત્ર રાજ્ય નથી એ માટે ત્યાં ચૂંટણીઓ યોજાવાની નથી. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં આઝાદને રાજ્યસભામાંથી વિદાય આપતી વેળાએ વડાપ્રધાન મોદી લાગણી સભર થયા હતા અને એમણે આઝાદની કામગીરીને બિરદાવી હતી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી કર સાઈટ શરૂ કરવાની માહિતી આપતા ઈન્ફોસીસ અને તેના સહ-સ્થાપક અને અધ્યક્ષ નંદન નીલેકણીને કરદાતાઓને સારી સેવા આપવા માટે વિનંતી કરી

(એજન્સી) તા.૮

સોમવારે શરૂ કરવામાં આવેલી આવકવેરા વિભાગની નવી ઈ-ફાઈલિંગ વેબસાઈટ પર વપરાશકર્તાઓ તરફથી મોટી સંખ્યામાં ફરિયાદો મળ્યા બાદ નાણામંત્રી નિર્મલા સીતારામને આજે આઈટી જાયન્ટ ઈન્ફોસીસ અને તેના સહ-સ્થાપક અને અધ્યક્ષ નંદન નીલેકણીને ટેગ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, તેમને આશા છે કે, ઈન્ફોસિસ અને શ્રી નિલેકણી ‘કરદાતાઓને સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેની ગુણવત્તા જાળવી રાખશે.' નાણામંત્રી નિર્મલા સીતારામને ટ્વિટ કરતાં માહિતી આપી હતી કે, ‘જેની બહુ રાહ જોવાઈ રહી હતી તે ઈ-ફાઈલિંગ પોર્ટલ ૨.૦ ગઈરાત્રે ૨૦:૪૫ કલાકે શરૂ કરવામાં આવ્યું છે. મને તેના ઉપયોગ વિશે અનેક ફરિયાદો મળી છે અને તેમાં અવરોધો આવી રહ્યા છે. આશા છે કે, @ ઈન્ફોસીસ અને @ નંદન નીલેકણી કરદાતાઓને આપવામાં આવતી સેવાની ગુણવત્તા કચાશ કરશે નહીં. અનુપાલનમાં સરળતા અને કરદાતા માટે સહાય એ અમારી પ્રાથમિકતા હોવી જોઈએ.' જેની બહુ રાહ જોવાઈ રહી હતી તે ઈ-ફાઈલિંગ પોર્ટલ ૨.૦ ગઈરાત્રે ૨૦:૪૫ કલાકે શરૂ કરવામાં આવ્યું છે. ઈન્ફોસિસને, ૨૦૧૯માં આવકવેરા ફાઈલિંગ સિસ્ટમ વિકસાવવા માટેનો કરાર આપવામાં આવ્યો હતો જેથી વળતર માટેના પ્રોસેસિંગ સમયને ૬૩ દિવસથી ઘટાડીને એક દિવસ કરી શકાય અને રિફંડ ઝડપથી આપવામાં આવે. બેંગ્લુરૂમાં મુખ્ય મથક ધરાવતી ઈન્ફોસીસે જીએસટી ચૂકવણી અને રિટર્ન ફાઈલિંગ માટે ઉપયોગમાં લેવાતા સરકારના જીએસટી નેટવર્ક (જીએસટીએન) પોર્ટલ પણ વિકસિત કર્યો હતો. આ વેબસાઈટ પરના અવરોધોને કારણે વર્ષ ૨૦૧૭માં સોફ્ટવેર મેનેજરને ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ટેક્સ ફાઈલિંગ વેબસાઈટના URL જે લાંબા સમયથી અસ્તિત્વમાં છે તેને incometaxindiaefiling.gov.in બદલીને નવા URL, https://www.incometaxindiaefiling.gov.in/home કરવામાં આવેલ છે. આ પ્લેટફોર્મ પર પ્રારંભથી તીવ્ર ટ્રાફિક જોવા મળ્યો હતો, અને વપરાશકર્તાઓ માટે તકનીકી મુશ્કેલીઓ ઉભી થઈ હતી. જ્યારે કેટલાક વપરાશકર્તાઓએ સોશિયલ મીડિયા પર ફરિયાદ કરી હતી કે અમુક સુવિધાઓ નવા પોર્ટલમાં લોડ થવા માટે સામાન્ય કરતા વધુ સમય લે છે, તો અન્ય લોકોએ આ નવી સુવિધાઓની પ્રશંસા કરી હતી. આ નવું પોર્ટલ કરદાતાઓને ઝડપી રિફંડ આપવા માટે ઈન્કમટેક્સ રીટર્ન (આઈટીઆર)ની તાત્કાલિક પ્રક્રિયા સાથે એકિકૃત કરે છે અને કરદાતાને ફોલોઅપ કાર્યવાહી માટે તમામ ક્રિયા-પ્રતિક્રિયાઓ અને અપલોડ્સ અથવા બાકી કાર્યવાહી એક જ ડેશબોર્ડ પર દર્શાવવામાં સહાય કરે છે.

અયોધ્યામાં રામ મંદિર માટે પાયાનું કામ ઓક્ટોબરના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે : મંદિર ટ્રસ્ટ

(એજન્સી) તા.૮

રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા મુજબ ડિસેમ્બર મહિનાથી બાંધકામના બીજા તબક્કાની કામગીરી શરૂ થશે, જેમાં આગામી ભવ્ય મંદિરની રચના બનાવવા માટે પત્થરો ફિક્સિંગ કરવાનો પણ સમાવેશ થાય છે. મંદિર ટ્રસ્ટે સોમવારે, ૭ જૂન, ૨૦૨૧ ના રોજ જણાવ્યું હતું કે અહીંના રામમંદિરમાં પથ્થર રાખવાની કામગીરી ડિસેમ્બરમાં શરૂ થશે. ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ, સુપ્રીમ કોર્ટે એક સદી કરતા પણ વધુ સમયગાળાના આ ઉગ્ર મુદ્દા પર પોતાનો નિર્ણય આપ્યો હતો અને આ વિવાદિત સ્થળે બાબરી મસ્જિદના સ્થળે ટ્રસ્ટ દ્વારા રામ મંદિરના નિર્માણને સમર્થન આપ્યું હતું. રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા મુજબ, ફાઉન્ડેશન ભરવાનું કામ ઓક્ટોબરના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને ડિસેમ્બર મહિનાથી, બાંધકામના બીજા તબક્કાની કામગીરી શરૂ થશે, જેમાં આગામી ભવ્ય મંદિરની રચના માટે પત્થરોની ફિક્સિંગ પણ શામેલ છે. રામ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં, બેઝ પરનું કામ મીરઝાપુરના ગુલાબી પથ્થરોથી શરૂ થશે અને તેના માટે રામ જન્મભૂમિના પ્રાંગણમાં પત્થરો કાપીને તેઓને યોગ્ય આકાર આપવામાં આવશે. બિલ્ડિંગ મટિરિયલના ૧૦ ઇંચ જાડા મિશ્રણનાં આશરે ૫૦ સ્તરો સાથે ૪૦૦ ફુટ લાંબી અને ૩૦૦ ફૂટ પહોળાઈનાં આશરે ૫૦ ફૂટના ઊંડા પાયા અહી નાખવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે બિલ્ડિંગ મટિરિયલ મિશ્રણના છ સ્તરો એક બીજાની ઉપર ૨.૭૭ એકરમાં ફેલાયેલ પાયાની જમીન ઉપર મૂકવામાં આવ્યા છે. શ્રી મિશ્રાએ જણાવ્યું હતું કે આ નિર્માણનું કામ ચોવીસ કલાક ચાલી રહ્યું છે અને તે ૧૨ કલાકની બે પાળીમાં કરવામાં આવી રહ્યું છે, તેમણે ઉમેર્યું હતું કે ફાઉન્ડેશન સાઈટ પરથી લગભગ ૧.૨ લાખ ઘનમીટર કાટમાળ દૂર કરવામાં આવ્યો છે.

જાહેર નોટિસ
નગર રચના યોજના નં.૩૭ (દાણીલીમડા-નોર્થ) (સેક્ટર-૩) (પ્રથમ ફેરફાર)
અંતિમ યોજના

હું નગર રચના અધિકારી, નગર રચના યોજના નં.૩૭ (દાણીલીમડા-નોર્થ) (સેક્ટર-૩) (પ્રથમ ફેરફાર) યોજના વિસ્તારના તમામ જમીન માલિકો હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને આથી જણાવું છું કે, અત્રેથી અંતિમ યોજનામાં ઉપલબ્ધ રેકર્ડના આધારે મૂળખંડની કિંમત તથા અંતિમખંડની અવિકસીત તથા વિકસીત કિંમતો નક્કી કરી કામચલાઉ મૂલ્યાંકનની દરખાસ્ત તૈયાર કરેલ છે. જે અન્વયે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં કચેરી સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાયના દિવસે દસ્તાવેજી પુરાવા સાથે નીચેના સરનામે આપશ્રી અથવા આપના પ્રતિનિધિ હાજર રહી ઉપરોકત યોજનાની કામચલાઉ મૂલ્યાંકનની દરખાસ્તની સમજણ મેળવી જવા તેમજ તે અન્વયે કોઈ રજૂઆત હોય તો આધાર-પુરાવા સહ લેખિત રજૂઆત કરવા વિનંતી કરવામાં આવે છે.

નગર રચના અધિકારી
(પ્રવર નગર નિયોજક)
અમદાવાદ નગર રચના યોજના
એકમ-૨, અમદાવાદ.

કચેરીનું હાલનું સરનામું :
પ્રવર નગર નિયોજકની કચેરી, અમદાવાદ નગર રચના યોજના એકમ-૨
ત્રીજો માળ, ઓફિસ નં.૩૧૭થી ૩૨૨, મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ, નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
-ક્રમાંક/સંમાનિ/અમદ/૨૭૦

બિલ્ડરો અને ભ્રષ્ટ અધિકારીઓના ખિસ્સા ભરાતાં અટકાવવા હોય તો પ્રજાએ જ જાગૃત થઈ સસ્તામાં ફ્લેટ ખરીદવાની લાલચ રોકવી પડશે



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નિષ્ક્રિયતા, બેદરકારી અને ભ્રષ્ટાચારને પોષવાની નીતિને કારણે ગેરકાયદે દબાણોનો રાફડો ફાટ્યો છે. ખાસ કરીને ગરીબ, પછાત અને લઘુમતી વિસ્તારોમાં મોટાભાગના બિલ્ડરો ઓછામાં ઓછો ખર્ચ કરી નાણાં બચાવવાની લ્હાયમાં એન.એ., બાંધકામ એન.ઓ.સી., ફાયર એન.ઓસી, કે બીયુ પરમિશન મેળવતા નથી પરિણામે સસ્તામાં મકાન મેળવવાની લાલચમાં લોકો કાયદેસરના કાગળો જોયા વિના કે, ચકાસણી કર્યા વિના ફ્લેટ ખરીદી લે છે. અંતે કોર્પોરેશન જ્યારે ફ્લેટ તોડવાની નોટિસ ફટકારે ત્યારે ફ્લેટ ધારકોના પગ નીચેથી જમીન સરકી જાય છે. શહેરના કોટ વિસ્તારમાં મ્યુનિસિપલ તંત્ર બહુમાળી ઈમારતને સહેલાઈથી પરમિશન આપતું નથી. આથી કેટલાક બિલ્ડરો નાની ગલીઓમાં, મોહલ્લા કે, પોળોમાં મ્યુનિસિપલ અધિકારીઓની મહેરબાનીથી પાંચથી સાત માળની ઈમારતો ઊભી કરી દે છે. ગુણવત્તા જળવાતી હોતી નથી. પરિણામે નાણાં ખર્ચીને પણ ફ્લેટધારકોના ફ્લેટ જો મ્યુનિસિપલ તંત્ર ન તોડે તો પણ મોડા વહેલા થોડા વર્ષોમાં જ ખખડી જાય છે. આથી તેઓને બંને બાજુથી નુકસાન ભોગવવાનો વારો આવે છે. આથી સૌ પ્રથમ તો પ્રજાએ જ જાગૃત થઈ સસ્તામાં ફ્લેટ મેળવવાની લાલચમાં આવા ફ્લેટ ખરીદવાથી બચવું જોઈએ તો જ આવા બિલ્ડરોની શાન ઠેકાણે આવશે. નહીં તો લોકો ફ્લેટો ખરીદતા રહી લૂંટાતા રહેશે અને બિલ્ડરો તથા ભ્રષ્ટાચારી અધિકારીઓ લૂંટતા રહેશે. આમ બિલ્ડરોના ખિસ્સા ભરાતા જશે અને ગરીબો, પછાતો, લઘુમતી આર્થિક રીતે નુકસાન પામતા રહેતા. જ્યારે આવા ફ્લેટ તંત્ર તોડી પાડશે અથવા પડી જશે ત્યારે દરેક રીતે નુકસાન માત્ર ખરીદનાર પક્ષે જ રહેશે તો ફ્લેટ ખરીદનાર દરેક આ બાબતે જાગૃત બને તો તંત્ર અને બિલ્ડર બધાની આંખ ઉઘડશે.

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના LCમાં માસ પ્રમોશન લખાશે

- ધોરણ-૧૦ના ગુણ મોકલવામાં ભૂલ કરનારા આચાર્યો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય
- આ વખતે બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરાયા બાદ ગુણ ચકાસણી કરવામાં નહીં આવે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ધો.૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન મળ્યા બાદ તેમના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ એટલે કે એલસીમાં માસ પ્રમોશનથી પાસ લખવાનો નિર્ણય લેવાયો છે. આ અંગે શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરી તેમના તાબાની સ્કૂલોને આ અંગે સૂચના આપવા માટે તાકીદ કરી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના ઓનલાઈન ગુણ મોકલવામાં બેદરકારી દાખવનાર શાળાના આચાર્ય સામે કાર્યવાહી કરવાનો પણ નિર્ણય લેવાયો છે. આ વર્ષે બોર્ડ દ્વારા ગુણ ચકાસણી કરવામાં આવનાર ન હોવાથી શાળાઓને ગુણ મોકલવામાં ખાસ તકેદારી રાખવા માટે જણાવાયું છે.

સરકારે ધો.૧૦ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી પાસ કરવાની જાહેરાત કર્યા બાદ તેમના પરિણામ તૈયાર કરવા માટેની માર્ગદર્શિકા જાહેર કરી હતી. હવે શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને માર્ક મોકલવા માટેની સૂચના જાહેર કરી છે. જે મુજબ શાળાઓએ માસ પ્રમોશનની ફોર્મ્યુલા મુજબ ગુણપત્રક તૈયાર કરી વિદ્યાર્થીના નામ, એપ્લિકેશન નંબરની સામે ૮૦+૨૦ ગુણ બોર્ડ કક્ષાના વિષયમાં દર્શાવવાના રહેશે. જ્યારે શાળા કક્ષાના વિષયમાં ૫૦+૫૦+૨૦ ગુણ અપલોડ કરવાના રહેશે.

આરએમએસએ સંચાલિત શાળાઓમાં વ્યવસાયલક્ષી વિષય ભણાવવામાં આવતો હોય તો ૩૦+૨૦ પ્રમાણે ગુણાંકન કરવાનું રહેશે અને ૮૦+૨૦ મુજબ ઓનલાઈન ભરવાનું રહેશે. ઓનલાઈન ગુણ અપલોડ કરવાની તમામ જવાબદારી શાળાના આચાર્યની રહેશે. જો કોઈ વિદ્યાર્થીના ગુણ ભરવામાં બેદરકારી ધ્યાનમાં આવશે કે પછી બેદરકારીભર્યું ગુણાંકન કરવામાં આવશે તો તેની સામે શિસ્ત વિષયક કાર્યવાહી બોર્ડ દ્વારા કરવામાં આવશે તેમ પણ જણાવાયું છે. શાળા દ્વારા ઓનલાઈન મુકવામાં આવેલા ગુણ અને ગુણપત્રકમાં પ્રિન્ટ થયેલા ગુણ બાબતે કોઈ વિસંગતતા જણાય તો શાળા દ્વારા બોર્ડમાં રજૂઆત કરવાની રહેશે. રજૂઆત કરતા ઓનલાઈન ભરેલા ગુણની પ્રિન્ટ, શાળાના ગુણાંકન સંબંધિત તમામ દસ્તાવેજો અને વિદ્યાર્થીનું ઓનલાઈન ભરાયેલા આવેદનપત્રની નકલ રજૂ કરવાની રહેશે. આ વર્ષે શાળા દ્વારા ગુણાંકન કરવામાં આવનાર હોવાથી ગુણચકાસણીની પ્રક્રિયા થવાની નથી. ચાલુ વર્ષે ધો.૧૦ના નિયમિત વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રિમાર્ક્સના ખાનામાં ધો.૧૦ની પરીક્ષા માસ પ્રમોશનથી પાસ જાહેર થયેલા છે તેમ લખવાનું રહેશે. આમ, ધો.૧૦ના માસ પ્રમોશનથી પાસ થયેલા વિદ્યાર્થીઓની માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખાય પરંતુ એલસીમાં માસ પ્રમોશન લખાઈને આવશે. ઉપરાંત પરીક્ષામાં ઉપસ્થિત થનારા વિદ્યાર્થીનું મૃત્યુ કે ઉમેદવારે શાળા છોડી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ લઈ ગયા હોય તો તે વિદ્યાર્થીનું આવેદનપત્ર રદ કરવાપાત્ર થશે. તેવા આવેદનપત્રની યાદી બનાવી તેમજ અસલ પ્રવેશિકા પર લાલ સહીથી રિમાર્ક કરી બોર્ડની કચેરીએ મોકલવાની રહેશે તેવી સૂચના પણ બોર્ડ દ્વારા આપવામાં આવી છે.

રાજ્યભરમાં નબળી પડતી કોરોનાની બીજી લહેર : નવા ૬૯૫ કેસ અને ૧૧નાં મોત

૨૧૨૨ દર્દીઓ સાજા થયા, રિકવરી રેટ ૯૬.૯૮ ટકાએ પહોંચ્યો

અમદાવાદ, તા.૮

રાજ્યમાં કોરોનાના કેસમાં છેલ્લા કેટલાક દિવસોથી ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ ઘટતા કેસો ઘટ્યા છે. જેને રાહતના સમાચાર ગણાવી શકાય છેલ્લા ૨૪ કાલકમાં કોરોનાના નવા ૬૯૫ કેસ નોંધાયા છે જ્યારે ૧૧ લોકોને કોરોના ભરખી ગયો છે. જો કે આ બધાની વચ્ચે ૨૧૨૨ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે આમ રીકવરી રેટ ૯૬.૯૮ ટકાએ પહોંચ્યો છે. આમ અત્યાર સુધી ૭,૯૩,૦૨૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જ્યારે માત્ર અમદાવાદમાં જ ત્રણ ડિઝીટમાં ૧૦૮ કોરોનાના નવા કેસ સામે આવ્યા છે. જ્યારે અન્ય તમામ સ્થળોએ બે અને માત્ર એક ડિઝીટમાં કોરોનાના કેસ નોંધાયા છે તો બોટાદ, છોટાઉદેપુર, ડાંગ અને તાપીમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો હતો.

રાજ્યમાં કોરોના કેસ સતત ઘટી રહ્યા છે અને રિકવરી રેટ પણ હવે ૯૬.૯૮ ટકાએ પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના નવા ૬૯૫ કેસ નોંધાયા છે. બીજી તરફ રાજ્યમાં કોરોનાના કારણે આજે વધુ ૧૧ દર્દીના મોત નીપજ્યા છે. ગુજરાતમાં ૨૧૨૨ દર્દી સાજા થતાં ઘરે ગયા છે.

રાજ્યના કુલ ૯૯૫૫ નાગરિકોને અત્યાર સુધી કોરોના ભરખી ગયો છે. અત્યાર સુધીમાં સંક્રમિત થયેલા કુલ દર્દીઓમાંથી ૭,૯૩,૦૨૮ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. છેલ્લી સ્થિતિ પ્રમાણે રાજ્યમાં કુલ ૧૪૭૨૪ દર્દી સારવાર હેઠળ છે. નાજુક સ્થિતિના કારણે ૩૫૧ દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યાં છે.

છેલ્લી સ્થિતિ મુજબ રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૪,૭૨૪ પહોંચી ગઈ છે. જ્યારે નાજુક સ્થિતિના કારણે કુલ ૩૫૧ દર્દીઓને હાલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવેલા છે. જ્યારે ૧૪,૩૭૩ દર્દીઓ સ્ટેબલ છે. ગુજરાતમાં રિકવરી રેટ હાલમાં ૯૬.૯૮ ટકાએ આવી ગયો છે. જ્યારે અમદાવાદમાં ૧૦૮, વડોદરામાં ૯૯, સુરતમાં ૭૯, રાજકોટમાં ૩૨, જૂનાગઢમાં ૩૦, ગીર-સોમનાથમાં ૨૩, આણંદમાં ૨૧, મહેસાણામાં ૧૯, ભરૂચમાં ૧૮, જામનગરમાં ૧૮, નવસારીમાં ૧૬, અમરેલી અને પંચમહાલમાં ૧૨, કચ્છ અને સાબરકાંઠામાં ૧૧, વલસાડમાં ૧૦ કેસ નોંધાયા છે. જ્યારે અન્ય ૧૬ શહેર-જિલ્લામાં માત્ર સિંગલ ડિઝીટમાં કોરોનાના કેસ નોંધાયા છે જ્યારે ૪ શહેર-જિલ્લામાં એકપણ કોરોનાનો કેસ નોંધાયો નથી. જ્યારે ૮ શહેર-જિલ્લામાં ૧૧ જેટલા મૃત્યુ નોંધાયા છે તો અન્ય તમામ સ્થળોએ કોરોનાથી કોઈનું પણ મૃત્યુ થયું નથી. કોરોનાની બીજી લહેર સાવ નબળી પડી ગઈ હોવાની સાબિતી છે.

ખેતી, બાગાયતી પાકો, માછીમારો, મકાનો, માળખાકીય સવલતો વગેરે મળી

ગુજરાતને તૌકતે વાવાઝોડાથી થયેલા નુકસાન પેટે કેન્દ્ર સરકાર કુલ રૂા.૧૦,૩૩૬ કરોડ ફાળવે

રાજ્ય સરકારે આવેદનપત્ર તૈયાર કરી કેન્દ્રને NDRF અને SDRF માટે સહાય આપવા વિનંતી કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં તાજેતરમાં ત્રાટકેલા તૌકતે વાવાઝોડાએ કરોડો રૂપિયાનું નુકસાન કર્યું હતું. તૌકતેથી ઊભી થયેલી પરિસ્થિતિ અને નુકસાનીમાંથી રાજ્યને પૂર્વવત કરવા પુનર્વસનના કામો, માળખાકીય સુવિધાના કામો વગેરે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ વાવાઝોડાની ભારે વિનાશક અસરોથી રાજ્યમાં થયેલ કુલ નુકસાન સામે એનડીઆરએફના ધોરણે કુલ રૂા.૯૮૩૬ કરોડની જરૂરિયાત અંગેનું આવેદનપત્ર રજૂ કરી કેન્દ્ર સરકાર સહાય કરે તેવી રજૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવોએ મુખ્ય સચિવ અનિલ મુકીમના નેતૃત્વમાં નુકશાની સામે પૂર્વવત સ્થિતી માટે આ કેન્દ્રીય સહાયની જરૂરિયાત અંગે આ આવેદનપત્રમાં વિસ્તારપૂર્વક રજુઆતો કરી છે. જેમાં જણાવ્યું છે કે, રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધી આવેલા વાવાઝોડા કરતાં આ તાઉતે વાવાઝોડું વિકરાળ અને વિનાશક વાવાઝોડું હતું. એટલું જ નહીં, ગુજરાત પર ત્રાટકેલા આ વાવાઝોડાની તિવ્રતા એટલી હતી કે, વાવાઝોડાના પાછળના ભાગે પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં મકાનો, આવશ્યક ચીજવસ્તુઓ પાણી, વીજળી, રસ્તા, મોબાઈલ નેટવર્ક જેવી માળખાકીય સુવિધાઓને પણ વ્યાપક નુકશાન પહોચાડયું છે. ૨૨૦કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન સાથેના આ તિવ્ર વાવાઝોડાએ બાગાયતી પાકોના વૃક્ષો અને ખેતી પાકોના ઝાડ-વૃક્ષ મૂળ સાથે ઉખેડી નાખ્યા છે. સમગ્ર જનજીવનને પણ અસર પહોચાડી છે. તેમ આ મેમોરેન્ડમમાં ખેતીવાડી-બાગાયતી ક્ષેત્રના નુકશાનમાંથી પૂર્વવત થવા કેન્દ્રીય સહાયની જરૂરિયાત રાજ્ય સરકારને રહેશે તેવી રજુઆત કરતાં જણાવવામાં આવ્યું છે. ગુજરાત પર ગત તા.૧૭મી મેએ ત્રાટકેલા આ વાવાઝોડાએ રાજ્યના ૨૩ જિલ્લાઓને અસર પહોચાડી છે. સમુદ્ર કિનારેથી રાજ્યમાં પ્રવેશેલું આ વિનાશક વાવાઝોડું ૨૮ કલાક સુધી ગુજરાતને ધમરોળીને ગુજરાતને ચીરીને રાજસ્થાન તરફ ફંટાયું હતું. આ વાવાઝોડાને પરિણામે માનવ હાનિ-જાનહાનિ, પશુ મૃત્યુ, મિલ્કતોને નુકસાન અને અન્ય મહત્વના ક્ષેત્રોનો કેપિટલ લોસ સૌથી વધુ અસરગ્રસ્ત એવા અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં મોટા પ્રમાણમાં થયો છે. આ અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા-જાયન્ટ કેઈન ટાવર્સ, વીજળીના થાંભલાઓ, પાકા મકાનો વગેરે મોટી સંખ્યામાં જમીનદોસ્ત થઈ ગયા છે. એટલું જ નહિ, ખેતીવાડી-બાગાયતી પાકોના વૃક્ષો ધરાશાયી થવા, મૂળમાંથી જ ઉખડી જવા જેવા વિનાશથી આ વાવાઝોડાની વિકરાળતાનો ખ્યાલ આવી જાય છે.

રાજ્યમાં હવાઈપટ્ટીઓ, વીજ, સિંચાઈ અને જળ વિતરણ સહિતના આંતરમાળખાને ભારે નુકસાન પહોંચ્યું છે. કૃષિ અને પાક વાવેતરમાં પણ મોટું નુકસાન થયું છે અને અસરગ્રસ્ત વિવિધ જિલ્લાઓમાં પશુધનની મોટાપાયે જાનહાનિ થવા પામી છે. પશુપાલન સબંધિત પ્રવૃત્તિઓને ભારે ફટકો પડ્યો છે.

કેન્દ્રીય સહાય માટે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે રજુ કરેલા આ મેમોરેન્ડમમાં જુદા-જુદા સેક્ટરમાં જે નુકસાન થયું છે તેની પણ વિસ્તૃત વિગતો આ અહેવાલમાં રજુ કરવામાં આવી છે તે અનુસાર, કૃષિ અને બાગાયતી વિભાગ, ઊર્જા વિભાગ, ઉદ્યોગ વિભાગ, મેરિટાઈમ બોર્ડ, પંચાયત, પાણી પુરવઠો, માર્ગ-મકાન, મત્સ્યોદ્યોગ, વન, શહેરી વિકાસ, શિક્ષણ વગેરે વિભાગોના નુકશાન મળીને કુલ ૯૮૩૬ કરોડ રૂપિયાની આ નુકશાનમાંથી પૂર્વવત થવા ગુજરાતને જરૂરિયાત હોવાના અંદાજો મુજબ આ સહાય ભારત સરકાર NDRFમાંથી ગુજરાતને ફાળવે તેવી વિનંતી પણ કરવામાં આવી છે.એટલું જ નહીં, રાજ્ય સરકારે SDRF માટે પણ રૂ. ૫૦૦ કરોડની વધારાની સહાયની માંગણી કરી છે.

ધોરણ-૧૦ના પરિણામ માટે હવે આધારોની ચકાસણી નહીં કરવા આદેશ

સામયિક કસોટી અને એકમ કસોટીના સંગ્રહિત પરિણામને આખરી ગણવાનો બોર્ડનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ધો.૧૦ના પરિણામ તૈયાર કરવા માટેની પ્રક્રિયામાં વિવિધ કસોટીઓ અને જીઆરની નોંધ સહિતના વિવિધ આધારોની ચકાસણી કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા ડીઈઓને સૂચના આપવામાં આવી હતી. જો કે, આ પરિપત્ર બાદ બોર્ડના પૂર્વ સભ્યોએ કચેરીમાં રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ શિક્ષણ બોર્ડ દ્વારા આધાર પૂરાવાની ચકાસણી માટેના પરિપત્રમાં ફેરફાર કરી નવો પરિપત્ર કર્યો છે, જેમાં શાળા પાસે ઉપલબ્ધ ગુણપત્રકોના આધારે જ પરિણામ તૈયાર કરવાનું રહેશે. અન્ય કોઈ આધાર પૂરાવા હાલમાં માંગવાના રહેશે નહીં તેવી સ્પષ્ટ સૂચના આપી છે, આમ બોર્ડ દ્વારા આધારની ચકાસણી માટે કરાયેલા પરિપત્રમાં વિરોધ બાદ નિર્ણયમાં ફેરબદલ કરવાની ફરજ પડી હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ના પરિણામ તૈયાર કરવા મુદે પરિપત્ર જાહેર કર્યો હતો, જેમાં જણાવાયું હતું કે, પરિણામ તૈયાર કરવામાં ઉપયોગમાં લેવામાં આવેલા આધારોનું ડીઈઓની ટીમ દ્વારા વેરિફિકેશન કરવાનું રહેશે, જેમાં શાળા દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ની જાહેર પરીક્ષા માટે મોકલેલા ઉમેદવારોના પ્રવેશ, ધો.૯, ૧૦ કે ૧૧ના પ્રમાણપત્રો અને પરિણામો સહિતની વિગતોની ચકાસણી કરવા માટે જણાવાયું હતું. ઉપરાંત એકમ કસોટી અને સામયિક કસોટીના આધારોની પણ ચકાસણી કરવા માટે જણાવાયું હતું.

આ વેરિફિકેશનની કામગીરી ૧૦ જૂન સુધીમાં પૂર્ણ કરવા માટે સૂચના અપાઈ હતી, જેને લઈને બોર્ડના સભ્યોએ રજૂઆત કરી હતી કે, એકમ કસોટીના જવાબો વિદ્યાર્થીઓ પાસે હોય છે તે સ્કૂલો કેવી રીતે મેળવે તે એક મોટો પ્રશ્ન છે. આ સિવાય જીઆરની નોંધ હોય ત્યારે જ વિદ્યાર્થીનું ફોર્મ ભરાયું હોય છે. જેથી આ રજૂઆત બાદ બોર્ડ દ્વારા વેરિફિકેશનના પરિપત્રમાં ફેરફાર કરવાનું નક્કી કર્યું હતું. જેને લઈને બોર્ડ દ્વારા ફરી નવો પરિપત્ર કરવામાં આવ્યો છે, જેમાં જણાવાયું છે કે, કોરોનાના કારણે કોઈ શાળા પાસે ઉત્તરવહી, એકમ કસોટી, સામયિક કસોટીના આધારો ઉપલબ્ધ ન હોય તો પણ સંગ્રહિત પરિણામ પત્રક આખરી ગણાશે અને તેના આધારે ચકાસણી કરી શકાશે. ઉપરાંત જનરલ રજિસ્ટર ડીઈઓએ પોતાની અનુકુળતાએ વેરિફાય કરવાના રહેશે. આ સિવાયના અન્ય કોઈપણ આધારો હાલ માંગવાના રહેશે નહીં, તેવી સૂચના આપવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસની ડોલતી નૈયાના નાવિક તરીકે અર્જુન મોઢવાડિયાનું નામ મોખરે

વિરોધપક્ષના નેતા તરીકે પૂંજાભાઈ વંશ અને પ્રભારી પદે અવિનાશ પાંડેનું નામ ચર્ચામાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત કોંગ્રેસની ડોલતી નૈયાને તારવા કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાને નાવિક બનાવાય તેવી અટકળો તેજ બની છે. ગુજરાતમાં તાજેતરના મહિનાઓમાં યોજાયેલી મહાનગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજીનામા આપી દીધા બાદ આ બંને પદ હંગામી ધોરણે ચાલી રહ્યા છે.

કોંગ્રેસના ગુજરાત પ્રદેશ પ્રમુખ માટે અર્જુન મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલના નામો પર ચર્ચા ચાલી રહી છે. આ બંને નેતાઓ આ પદ માટે સક્ષમ છે અને અગાઉ આ જવાબદારી સંભાળી ચૂક્યા છે. આ ઉપરાંત ભરતસિંહ સોલંકી પણ હાલ બે દિવસથી દિલ્હીમાં હોવાથી તેમનું નામ પણ રેસમાં છે. આ બધામાં અર્જુન મોઢવાડિયાના નામ વધારે ચર્ચામાં છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ભરતસિંહ સોલંકી હાલ પ્રમુખ પદ માટે લોબિંગ કરી રહ્યાનું ચર્ચાય છે. જ્યારે શક્તિસિંહ ગોહિલ પાસે સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તાની બેવડી જવાબદારી હોવાથી તેઓ આ પદ સ્વીકારવા તૈયાર થશે નહીં. જ્યારે ભરતસિંહ સોલંકીએ કોરોનાની લાંબી સારવાર કરી હોવાથી આ જવાબદારી નિભાવવી તેમના માટે વધુ નુકસાનકારક સાબિત થઈ શકે તેવું માની હાઈકમાન્ડનું અર્જુન મોઢવાડિયા પર પસંદગીનો કળશ ઢોળે તેવી શક્યતા છે. કારણ કે તેઓ અગાઉ કોંગ્રેસનું પ્રમુખપદ સંભાળી ચૂક્યા છે અને ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. ઉપરાંત તેઓ બોલકણા અને સ્પષ્ટ વકતા હોવાથી તેઓ હાઈકમાન્ડની પ્રથમ પસંદગી હશે. આ ઉપરાંત વિરોધપક્ષના નેતા અને ગુજરાત પ્રદેશ પ્રભારીના નામોની પણ ટૂંકમાં જ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. વિપક્ષના નેતા તરીકે પૂંજાભાઈ વંશ અને પ્રભારી તરીકે રાજસ્થાનના મુખ્યમંત્રી અને અગાઉ ગુજરાતના પ્રભારી રહી ચૂકેલા અશોક ગેહલોતના નજીકના મનાતા અવિનાશ પાંડે પર પસંદગી કરાય તેવી શક્યતા છે.

નાયબ મુખ્યમંત્રીનો નિર્ણય

કોરોનાની સ્થિતિને જોતાં 'મા કાર્ડ'ની મુદત ૩૧ જુલાઈ સુધી લંબાવાઈ

અમદાવાદ, તા.૮

રાજ્યમાં કોરોનાએ હાહાકાર મચાવતાં લોકોની સ્થિતિ કફોડી બની હતી જે બીજી લહરે નબળી પડતાં હવે સામાન્ય બની છે. ત્યારે સરકારે 'મા કાર્ડ'ની મુદત લંબાવી દર્દીઓને રાહત આપતો નિર્ણય લીધો છે. 'મા કાર્ડ'ની મુદત આગામી ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લીધો છે. ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે જણાવ્યું છે કે, કોરોનાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને રાજ્યની કચેરીઓ બંધ રહેતી હોઈ, આવકના દાખલા કઢાવવાની મુશ્કેલી ધ્યાને લઈ, નાગરિકોને આરોગ્યલક્ષી સારવાર માટે સહાય રૂપ થવા માટે મા-કાર્ડની મુદત આગામી ૩૧મી જુલાઈ, ૨૦૨૧ સુધી લંબાવવાનો આરોગ્ય વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી એ વધુમાં કહ્યું કે, જે નાગરિકોના મા-કાર્ડની મુદત તા.૩૧.૦૩.૨૦૨૧ ના રોજ પુરી થઇ છે. તેવા નાગરિકો માટે હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તથા આવકના દાખલા કઢાવવાની સાંપ્રત મુશ્કેલી ધ્યાને લઈ, મા-કાર્ડની મુદત વધુ ત્રણ મહિના એટલે કે, તા.૩૦.૦૬.૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી. કોરોનાની હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખી આ મુદત ૩૧મી જુલાઈ, ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેની રાજ્યના સર્વે નાગરિકોને નોંધ લેવા વિનંતી છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS